વાર્ષિક લવાજમ રૂા. ૧૫૦/-

વર્ષ : ૪૪મું
જુલાઈ - ૨૦૧૬
અંક : ૪૯૪



# મંગલ મંદિર

શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદનું માસિક મુખપત્ર

## કચ્છ વિશેષાંક

## આષાઢી બીજ
## જ્યું લખ લખ વધાયૂં



કચ્છડો ખેલે ખલક મેં જીં મહાસાગરમેં મચ્છ
જિત હિકડો કચ્છી વસે ઉત ડીંયાડી કચ્છ

: મુખ્ય કાર્યાલય :
શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદ
માતુશ્રી સાકરબહેન રવજી મોરારજી લાલન (કોડાય-સુવીમવાળા)
શ્રી કચ્છી જૈન ભવન
૪૩-૪૪, બ્રાહ્મણ મિત્રમંડળ સોસાયટી, પાલડી, એલિસબ્રીજ, અમદાવાદ-૩૮૦ ૦૦૬
ફોન : (079) 2657 8892, 2658 1501, 2657 9469 ફેક્સ : (079) 2658 2060
Email : kjssmangalmandir@gmail.com • website : www.kuthijainahd.org




RETAIL AND OFFICE SPACES | EASY ACCESS TO BRTS | BANK LOAN AVAILABLE

gala hub ANX
THE CENTRE OF LIFE

**Site address:** Gala HUB ANX, Next to Basant Bahar Gymkhana, Gala Gymkhana Road, Bopal, Ahmedabad 380058.

**CALL: 8141680000 | 9586134100**

Email: perfection@galainfra.com | www.galainfra.com

PR/GJ/AHMEDABAD/DASKROI/AUDA/CAA01015/131217 | gujrera.gujarat.gov.in

DEEP Industries Limited

Oil & Gas Exploration
Production & Services



- EXPLORATION AND PRODUCTION OF OIL AND GAS BLOCKS
- EXPLORATION AND PRODUCTION OF COAL BED METHANE
- NATURAL GAS COMPRESSION SERVICES
- OIL & GAS PROCESSING EQUIPMENT
- WORK OVER AND DRILLING RIGS
- HIGH PRESSURE MOBILE AIR COMPRESSION
- NATURAL GAS BASED POWER GENERATION
- GAS DEHYDRATION UNIT

• CONTACT DETAILS •

Deep Industries Limited

**Address :** 12A & 14, Abhi Shree Corporate Park,
Ambli Bopal Road, Ambli, Ahmedabad-380 058, Gujarat, INDIA.
**Phone # :** +91-2717-298510 **Fax # :** +91-2717-298520
**Website :** www.deepindustries.com **E-mail :** info@deepindustries.com



# ફેમિલી-રિલેશન વિષયક વસાવવા જેવાં પુસ્તકો



| | | |
|---|---|---|
| દીકરી મારી દોસ્ત | નીલમ દોશી | 250 |
| દીકરો વહાલનું આસમાન | નીલમ દોશી | 280 |
| માય ડિયર સન (પત્રો) | ડૉ. રેણુકા પટેલ | 165 |
| રળિયામણા રિલેશન્સ | રોહિત શાહ | 150 |
| એવરી-ડે, પેરન્ટ્સ-ડે | સંપા. રોહિત શાહ | 250 |
| પિતા-પપ્પા-ડેડી | સંપા. રતિલાલ બોરીસાગર | 250 |
| સંબંધોનું આકાશ | શરીફા વીજળીવાળા | 100 |
| સંબંધોની સૃષ્ટિમાં | ઊર્મિલાબહેન શાહ | 100 |
| પરિવારની શાંતિ, શાંતિનો પરિવાર | આચાર્ય રાજયશસૂરિ મહારાજ | 100 |
| પરિવારની પારાયણ | રાજપરમેશ્વર | 120 |
| ઘરથી ઘર સુધી | હિતેન આનંદપરા | 151 |
| પુરુષ એક સેન્ડવીચ | રીકિન શાહ | 100 |
| પિતા આત્મવિશ્વાસનો એવરેસ્ટ | ડૉ. આશિષ ચોક્સી | 80 |

## દામ્પત્યજીવન

| | | |
|---|---|---|
| લગ્નસાગર | ફાધર વાલેસ | 251 |
| નર-નારીના સંબંધો, લગ્નસંસ્થા તથા આવેગો અને લાગણીઓ | સ્વામી સચ્ચિદાનંદ | 225 |
| હૈયાંનો હસ્તમેળાપ | દિનેશ પાંચાલ | 250 |
| બેટર હાફ | શશિકલા જોષીપુરા | 175 |
| દામ્પત્યસાધના | ઊર્મિલા શાહ | 150 |
| પ્રસન્ન દામ્પત્યની સપ્તપદી | સંપા. રોહિત શાહ | 201 |
| હૃદયલિપિ | ભારતી રાણે | 400 |
| જીવનસાથી | મનહર ઓઝા | 50 |

## માતૃમહિમા

| | | |
|---|---|---|
| બાની વાતું | શરીફા વીજળીવાળા | 80 |
| શતરૂપા | સંપા. શરીફા વીજળીવાળા | 250 |
| મા એ મા | સંપા. રતિલાલ બોરીસાગર | 200 |
| પહેલો અક્ષર - મા | સંપા. હિમાંશી શેલત | 100 |
| મહાતીર્થ : મા | સંપા. મુનિ ભુવનહર્ષવિજયજી | 180 |
| મા | સંપા સુબોધભાઈ બી. શાહ | 100 |

## વૃદ્ધાવસ્થા


| | | |
|---|---|---|
| જિંદગી ના મિલેગી દોબારા (પુરસ્કૃત) | રોહિત શાહ | 150 |
| જીવનસંધ્યાનાં તિમિર અને તેજ | ઊર્મિલા શાહ | 200 |
| અકાળે અસ્ત શા માટે ? | મૃદુલા માત્રાવાડિયા, રાવજી સવાણી | 70 |
| વૃદ્ધત્વની સમસ્યા | હિતેશકુમાર પટેલ | 125 |
| ચાલો, વૃદ્ધાવસ્થાને આવકારીએ ને આનંદમય જીવનની... | દોલતભાઈ દેસાઈ | 125 |
| ઢળતી સંધ્યાનું સુખ | એ. જી. સવાણી | 70 |
| પાછલી વયે | મનહર ઓઝા | 50 |













ગૂર્જર ગ્રંથરત્ન કાર્યાલય

**ગૂર્જર સાહિત્યભવન**
રતનપોળનાકા સામે, ગાંધી માર્ગ, અમદાવાદ - 380 001
ફોન : 079-22144663.
e-mail : goorjar@yahoo.com

**ગૂર્જર સાહિત્ય પ્રકાશન**
102, લેન્ડમાર્ક બિલ્ડિંગ, ટાઇટેનિયમ સિટીસેન્ટર પાસે, સીમા હૉલની સામે,
100 ફૂટ રોડ, પ્રહ્લાદનગર, અમદાવાદ-15 ફોન : 26934340, મો. 9825268759
ઈમેલ : gurjarprakashan@gmail.com

છેલ્લા ૪૩ વર્ષથી દર મહિનાની ૫ તારીખે નિયમિતપણે પોસ્ટ કરવામાં આવતું "શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદ"નું મુખપત્ર

**"મંગલ મંદિર"**

**મુખ્ય કાર્યાલય**

**શ્રી કચ્છી જૈન ભવન,**

૪૩-૪૪, શ્રી બ્રાહ્મણ મિત્રમંડળ સોસાયટી,
પાલડી, એલિસબ્રિજ,
અમદાવાદ-૩૮૦ ૦૦૬.
ફોન : (૦૭૯) ૨૬૫૭૮૮૯૨, ૨૬૫૮૧૫૦૧
ફેક્સ : (૦૭૯) ૨૬૫૮૨૦૬૦
ઈ-મેઈલ : kutchijainamd@gmail.com
વેબ-સાઈટ : www.kutchijainahd.org

**તંત્રી**

પ્રતાપ નારાણજી દંડ

*અંકમાં પ્રસિધ્ધ થયેલ લેખો તથા અન્ય વિભાગની માહિતીઓ સાથે તંત્રીમંડળ સહમત છે તેમ માની લેવું જરૂરી નથી. રજૂ થયેલ વિચારો જે તે વ્યક્તિના હોય છે, જેની નોંધ લેવા વિનંતી.*

## લેખકોને નમ્ર વિનંતી

*'મંગલ મંદિર'માં પ્રગટ કરવા માટે વિપુલ પ્રમાણમાં લેખ સામગ્રી અમને મળતી રહે છે અને એટલે સ્વીકૃત કૃતિઓને પ્રગટ કરવાનું પણ સ્વાભાવિક રીતે વિલંબાય. મંગલ મંદિરના ધોરણને ધ્યાનમાં લઈ, પોતાની રચના મોકલતી વખતે લેખક સ્વવિવેક દાખવે તેવી વિનંતી છે.*

*એક સાથે એકથી વધુ કૃતિઓ ન મોકલવા વિનંતી.*

*ભાષાદોષ અને લાંબા લેખો અસ્વીકાર્ય બનશે તેની નોંધ લેવા વિનંતી. લેખમાં એકની એક વાતનું પુનરાવર્તન (રિપિટેશન) ટાળવું જરૂરી છે. કૃતિની હસ્તપ્રત સ્વચ્છ અને સુવાચ્ય હોવી જોઈએ. આશા છે કે, આ બાબતમાં લેખક મિત્રોનો સહકાર અમને મળી રહેશે.*

*– મુખ્યતંત્રી*

# અનુક્રમણિકા

**તંત્રી લેખ :**

- અષાઢી બીજ – કચ્છી નવું વર્ષ ..... ૭
- અગત્યના દિન : રાષ્ટ્રીય અને વિશ્વ ..... ૮
- આગામી કાર્યક્રમોની એક ઝલક ..... ૯

**દીપશીખા**

- શક્તિદાયી વિચાર : શ્રદ્ધા અને સામર્થ્ય ..... **સ્વામિ વિવેકાનંદ** ..... ૧૦

**YOUTH CLUB**

- Some Golden Rays ..... ૧૦

**લેખ વિભાગ**

**સંપુટ-૧**

**કચ્છની મીઠાશ**

- કચ્છ વિશે શેર - કાવ્ય અન્ય ● કચ્છ અઢી અખરો ● કચ્છ ..... ૧૧
- કચ્છજી હવા : **નિર્મલ રોય 'નિર્મલ'** ● અસાંજી અષાઢી બીજ : **મહેન્દ્ર મહેતા** ..... ૧૨
- મુંજે કચ્છડે તે આય મુંકે પ્યાર : **દિનેશ ગરવા 'દિપ'** ● નર્મદા નહેર : **પ્રભુલાલ સિધ્ધપુરા 'પ્રભુ'** .. ૧૨
- ખડીર જો ખમીર / કંઠી જો કેકારવ / રણોત્સવ : **પ્રભુલાલ સિધ્ધપુરા 'પ્રભુ'** ● કચ્છ જો ક્રેઝ ..... ૧૩
- કચ્છનું પાણી : **અમૃત ઘાયલ** ● અષાઢી બીજ આવઈ આય : **જગદીશ પીંગોડા** ..... ૧૪
- કચ્છી બોલી ● માદરે વતનની મમતા ..... ૧૪
- અચોં સિખોં કચ્છી (એકાક્ષરી શબ્દો) : **ડૉ. કાન્તિ ગોર 'કારણ'** ..... ૧૫
- કામણગારા કચ્છની તસવીરી એક ઝલક ..... ૧૬

**કચ્છ**

- કચ્છ : સને ૧૯૪૭થી ૨૦૧૭ ..... **સંજય પી.ઠાકર** ..... ૧૭
  ★ બંધારણ સભામાં કચ્છી સપૂતો ★ ભારતીય સંસ્કૃતિ દર્શન
  ★ એશિયાના અમીર ગામોમાં અવ્વલ : માધાપર ★ રાજકીય ક્ષેત્રે વ્યક્તિગત કીર્તિમાન
- માણસ વધારે લાંબા આયુષ્ય સાથે ક્યાં જીવી શકે? ..... **આર્યગુરુ મુકેશ** ..... ૨૭
- ભૂકંપ પછીનું કચ્છનું અર્થકારણ ..... **સી.એ. ડૉ. રાજેશ ખંડોલ** ..... ૨૯
- કચ્છી સંગીતકાર : પદ્મશ્રી આણંદજીભાઈ ..... **ખાસ મુલાકાત : રામ અંતાણી** ..... ૩૪
- દેશળજીની કલંગી ચોરાઈ! ..... **નરેશ અંતાણી** ..... ૩૬
- કેમેરાના કસબી : એલ. એમ.પોમલ ..... **ભરત'કુમાર' પ્રા. ઠાકર** ..... ૩૯
- કચ્છના ભીંત અને છતચિત્રોનું પ્રથમ વખત કચ્છી ભાષામાં દસ્તાવેજીકરણ ..... **અશ્વિન ઝિંઝુવાડિયા** ..... ૪૧

**નિબંધ**

- ડૉ. જયંત ખત્રીની વાર્તા : 'ખીચડી' ..... **ડૉ. મિહિર એમ. વોરા** ..... ૪૨

**સંપુટ-૨**

**જીવન રસ**

- સુખનું સરનામું ..... **સુનિતા એ. શાહ** ..... ૪૫
- ગણતર ..... **એમ. ડી. સોલંકી** ..... ૪૮

શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદના

**"પદાધિકારીશ્રીઓ"**

**મેનેજિંગ ટ્રસ્ટી**
શ્રી પ્રતાપ નારાણજી દંડ
ઘર : ૦૭૯- ૨૬૪૦૫૦૪૭ મો. ૯૪૨૬૭ ૨૫૬૧૯

**ઉપપ્રમુખ-૧**
શ્રી મનુભાઈ ગોવિંદલાલ શાહ
ઘર : ૨૬૪૪ ૬૪૧૩, ઓ. ૨૬૪૦ ૧૧૫૦
મો. ૯૮૨૫૦ ૩૧૫૨૮

**ઉપપ્રમુખ-૨**
શ્રી શાંતિલાલ મુળજી સાવલા
ઘર : (૦૨૭૧૭) ૨૩૪૪૫૫ મો. ૯૮૨૫૦ ૪૮૬૪૫

**માનદ્ મંત્રી**
શ્રી હસમુખ બાબુભાઈ શાહ (ખાંડવાલા)
ઘર : ૨૬૬૦૩૪૫૮, ઓ. : ૨૬૬૦૫૪૫૩
મો. ૯૮૨૫૦ ૪૦૬૬૬

**સહમંત્રી**
શ્રી પ્રદીપ સૂરજલાલ મહેતા
ઘર : ૨૬૬૧૨૦૮૯
મો. ૯૮૨૫૦ ૬૧૧૬૦

**ખજાનચી**
શ્રી ચંદ્રકાંત દામજી શાહ
ઘર : ૨૬૬૦૫૨૨૫

**સહ ખજાનચી**
શ્રી રમણિકલાલ કુંવરજી ગોસર
ઘર : ૨૬૬૫૦૨૯૯, મો. ૯૪૨૮૩ ૫૧૩૭૦

**શ્રી કચ્છી વિશ્રામ ગૃહનું સરનામું :**
શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદ સંચાલિત
શ્રી કચ્છી વિશ્રામ ગૃહ
અરિહંતનગર દેરાસરની સામે,
ગાંધી વિદ્યાલયની ગલીમાં, રચના સ્કૂલની પાછળ,
રાજસ્થાન હોસ્પિટલ પાસે, શાહીબાગ,
અમદાવાદ-૩૮૦ ૦૦૪.
ફોન : ૦૭૯-૨૨૮૮૪૫૪૭

**સેવા ભવનનું સરનામુ :**
શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદ સંચાલિત
માતુશ્રી કંકુબહેન કાનજીભાઈ રવજી (નાની ખાખરવાલા) સેવા ભવન, એસ. ટી સ્ટેન્ડ પાસે,
સત્કાર ગેસ્ટ હાઉસની સામે, રૂગનાથપુરા,
અમદાવાદ-૩૮૦ ૦૨૨. ફોન : ૦૭૯-૨૫૪૬૧૨૭૦

**'મંગલ મંદિર'ના અંકો સમાજની વેબસાઈટ**
**www.kutchijainahd.org**
**ઉપર... *ઉપરાંત*....**
**www.hellokutchis.com**
**ઉપર વાંચી શકાય છે.**


## પ્રજાતંત્ર
● જમ્મુ-કાશ્મીર રાજ્યમાં લઘુમતી કોમના મુખ્યમંત્રી ક્યારે મળશે? ........ **પ્રા. પૃથ્વી શાહ** .... ૫૦

## કાર્ય પ્રણાલી
● સફળતાની ચાવી એટલે કામનું ગૌરવ .................................... **જાદવજી કાનજી વોરા** .... ૫૨

## આરોગ્ય
● "મારો સ્વજન થોડા સમયથી બહુ જ બોલે છે, ..... **ડૉ. મણિલાલ ગડા, મનોચિકિત્સક** .... ૫૩
ના પાડવા છતાં અટકતો જ નથી" – (૩) : સારવાર **ડૉ. દિપ્તી શાહ (ગડા), મનોચિકિત્સક તથા બાળ મનોચિકિત્સક**

## પ્રીતિ
● પ્રેમ એ જ જીવન ........................................................ **પ્રવીણભાઈ જી. મેંદપરા** .... ૫૪

## દેશ સેવા
● ગાંધીજીની ૧૫૦મી જન્મ જયંતીએ ...................................... **ડૉ. સુધીર ચી. મોદી** .... ૫૫

## નારી દર્શન
● મહાત્મા ગાંધીજીની ૧૫૦મી જન્મ જયંતી નિમિત્તે :
ગાંધી અને સ્ત્રી સમાનતા ........................................................ **દામજી માણેક ગડા** .... ૫૭

## માહિતી
● માઈનોરિટી સમાજના છાત્રોને સરકારશ્રી તરફથી સ્કોલરશિપ ........................................ ૫૮
● સાધર્મિક પરિવારને આર્થિક સહાય ........................................................ ૫૮

## વૈવિધ્ય
● તપસ્યા અનેક પ્રકારની હોઈ શકે ................................................ **મગનલાલ સંઘવી** .... ૫૯
● આંજો કાગર ........................................................ ૬૦
● અન્ય સંસ્થા સમાચાર ........................................................ ૬૨
● જ્ઞાનવૃધ્ધિ ● પ્રસિધ્ધ વસ્તુ અને જગ્યાના નામ શોધો ................................................ ૬૨
● જ્ઞાન ગમ્મત ........................................................ **શ્રીમતી કિરણબેન પી. ઠક્કર** ..... ૬૩

## મનોરમ્ય
● આટલું આપ મને / આ તો હૃદય : **બીના પીયૂષ ભણશાલી** .................................... ૬૪
● હાઈકુ : **ધીરુભાઈ ભટ્ટ** ● જગત / પાપ-સંતાપ : **પ્રા. સૂર્યકાંત ભટ્ટ** .......................... ૬૪
● માણસ : **દિપકપુરી 'દર્દે દિલ'** ● મળી જાય છે : **અરવિંદ સોમૈયા** ...................................... ૬૪

## નિયમિત વિભાગો
● બાલુડેં જ્યું ગાલિયું ..................................... **સંકલન : ગુલાબચંદ ધારશી રાંભિયા** ..... ૬૫
● જાણવા જેવું ............................................... **સંકલન : રજનીકાંત પારેખ** ...... ૬૬
● *Nano Nine* શબ્દ રમત-૧૫૩ ● *Nano Nine Sudoko* (ક્રમાંક : ૧૧૧૦) **સંકલન : રજનીકાંત પારેખ** ...... ૬૭
● વલોવતન ............................................... **સંકલન : દિનેશચંદ્ર જગજીવન શાહ** ..... ૭૦
● સંસ્થા સમાચાર ........................................................ ૭૩
● ઊડતી નજરે ........................................................ ૮૦


Printed & Published by : **Mr. Pratap Dand,** For **Shri Kutchhi Jain Seva Samaj - Ahmedabad**. Printed at **Vinayak Offset,** Dudheshwar, Ahmedabad. Published at **Shri Kutchhi Jain Seva Samaj – Ahmedabad,** 43/44, Brahman Mitra Mandal Soc., Opp. Navchetan High School, Paldi, Ellisbridge, Ahmedabad-380 006. Editor : **Mr. Pratap Dand ● Yearly Subscription : Rs.150/-**

તંત્રી લેખ

# અષાઢી બીજ – કચ્છી નવું વર્ષ

*આય વલો અસાંજો વતન, મુંજી માતૃભૂમિ કે નમન....*

કચ્છવાસીઓ માટે અષાઢી બીજનું ઘણી રીતે મહત્ત્વ છે. અષાઢી બીજના દિવસે સૌ કચ્છીઓની મીટ આકાશ તરફ મંડાતી હોય છે. 'અષાઢી બીજ, કાં વાદળ કાં વીજ....' વાળી પંક્તિ મુજબ, તે દિવસે કચ્છી માડુ મેઘરાજાનો વર્તારો નક્કી કરતા હોય છે, વરસાદના એંધાણ પારખવાની કોશિશ કરતા હોય છે. વર્ષ દરમ્યાન, સમગ્ર કચ્છ પ્રદેશમાં સારો વરસાદ થશે તેવો હર્ષોલ્લાસ અગાઉથી જ એટલે કે અષાઢી બીજના દિવસે વ્યક્ત કરતા હોય છે. બીજા અર્થમાં, શ્રધ્ધા અને ઉમંગનો દિવસ એટલે અષાઢી બીજનો દિવસ.

કચ્છમાં અષાઢી બીજના દિવસે નવા વર્ષ તરીકેની ઉજવણી ક્યારથી અને કેવી રીતે થઈ હશે તે બાબતે જુદી જુદી માન્યતાઓ પ્રવર્તે છે. આ સંબંધમાં કેટલીક દંતકથાઓ પ્રચલિત છે. એક ઉલ્લેખ મુજબ, જે તે સમયના રાજાઓએ એક યા બીજી રીતે અષાઢી બીજના દિવસે સફળતા પ્રાપ્ત કરી હતી. આ કારણે અષાઢી બીજને મહત્ત્વ આપવામાં આવ્યું છે. **તે ઉપરાંત, કચ્છમાં રણ અને દરિયાના પરિણામે ચંદ્રનો ખાસ મહિમા રહેલો છે.** જેના પરિણામે કચ્છના લોકોએ અષાઢી બીજને સ્વીકારેલ છે. અષાઢ માસથી વર્ષાઋતુનો આરંભ થતો હોય છે. બીજના ચંદ્રથી તેની કળા પૂર્ણ થાય ત્યાં સુધી એકધારી ચડતી થતી હોય છે. આ કારણે અષાઢી બીજ - નૂતન વર્ષ એ શુકનવંતો અને સતત વિકાસ સૂચક છે. આ રીતે કચ્છી નવા વર્ષની શરૂઆત વર્ષાઋતુના આરંભે થાય છે જ્યારે ભારતમાં મોટાભાગના વિસ્તારમાં કારતક અથવા તો ચૈત્ર માસમાં થતી હોય છે.

કચ્છી નવા વર્ષનો એક સીધો સંબંધ દરિયાઈ વિદેશ વ્યાપાર સાથે રહેલો છે. વેપાર અર્થે કચ્છના માંડવી બંદરનો વિશ્વના ઘણા દેશો સાથે સદીઓ સુધી મહત્ત્વનો હિસ્સો હતો. તે સાથે કચ્છના અન્ય નાના બંદરો પણ વેપાર ક્ષેત્રે સક્રિય હતા. ઉલ્લેખનીય છે કે, કચ્છનો દરિયાઈ વિદેશ વેપાર રાતા સમુદ્રના દેશો સાથે વિશેષ માત્રામાં હતો. વેપારના ઉદ્દેશથી દિવસ-રાત દરિયો ખૂંદતા લોકો દરિયાની ખાસ પૂજા - અર્ચના અષાઢી બીજના દિવસે ભાવપૂર્વક કરતા હતા. ખારવા લોકો પોતાના વહાણોને શણગારીને એક ઉત્સવ મનાવતા હતા. જે પ્રથા પાછળથી પણ ચાલુ રહી હતી. અન્ય એક ઉલ્લેખ અનુસાર જે તે સમયના રાજાઓએ એક અથવા બીજી રીતે અષાઢી બીજના દિવસે સફળતા હાંસલ કરી હતી. તે કારણે પણ તે દિવસને મહત્ત્વ અપાયું છે.

રાજાશાહીના સમયમાં કચ્છના રાજદરબારમાં અષાઢી બીજની ઉજવણી ખૂબ જ ઉત્સાહભેર અને ઠાઠમાઠથી કરવામાં આવતી હતી. નાની મોટી દરેક કચેરીઓ ઝુમ્મરો, ધજા અને લાઈટોથી શણગારવામાં આવતી. રાજા પણ પ્રજાજનોનો આદર સત્કાર કરતા. સવારીનું આયોજન થતું હતું. પ્રજાજનો તેને જોઈને આનંદ માણતા. સ્કૂલ વગેરે સ્થળોએ મીઠાઈનું વિતરણ થતું અને ત્યારબાદ સ્કૂલોમાં રજા રહેતી. તે દિવસે રાજાના મહેલમાં દરબાર ભરીને રાજા અને પ્રજાનું સ્નેહ મિલન યોજાતું હતું. શુકન અર્થે નવા વર્ષે સ્થાનિક ચલણ કોરીના સિક્કા બહાર પાડવામાં આવતા હતા. રાજાશાહી જવાથી આ પ્રકારની ઘણી પ્રથાઓ લુપ્ત થઈ છે. આમ છતાં નાળિયેર અને સાકર અથવા સિક્કાને હાથમાં રાખીને ચંદ્ર દર્શન કર્યા બાદ, વડીલોને પગે લાગવાની પ્રથા થોડે ઘણે અંશે આજે પણ જળવાઈ રહી છે. મંદિરો તથા મસ્જિદોમાં પ્રાર્થના - બંદગી થતી. હંસાપીર દાદાના સ્થાને રાત્રિ દરમ્યાન ઉર્સ - મેળો ભરાતો. સમગ્ર કચ્છમાં જાહેર રજા રહેતી હતી. અષાઢી બીજની ઉજવણીનો વ્યાપ ધીરે ધીરે ઓછો થતો જાય છે. આમ છતાં આજે પણ કચ્છના અનેક સ્થળોએ લોકગીત, રાસ અને સંગીતના કાર્યક્રમો યોજાતા હોય છે.

ભૌગોલિક રીતે કચ્છ પ્રદેશ એક સીમાડે હોતાં, તેનાં અમુક ખાસ પ્રકારના પહેરવેશ, સંસ્કૃતિ વગેરેમાં આગવી છાપ ઉપસી આવે છે. કચ્છ એટલે કચ્છી માડુઓની ભાતીગળ ભૂમિ. કચ્છી માડુ ઉત્તમ કક્ષાના ખંતીલા અને હિંમતવાળા છે અને ત્યાંના હવા-પાણી દરેકને સ્વસ્થ રાખે તેવા છે. ત્યાંના લોકો મીઠી વાણી અને લાગણીમય સ્વભાવ ધરાવે છે. ભારતના અન્ય સ્થળેથી બદલી રૂપે કામચલાઉ ત્યાં ગયેલા લોકો, ત્યાં જ કાયમને માટે સ્થાયી થઈ જાય છે. આવી ભૂમિ માત્ર કચ્છ જ છે. આ રીતે, કચ્છના રણ અને ત્યાંની ધરાના દર્શન કરવા તે પણ એક અનેરો લહાવો છે.

આ પ્રકારના કચ્છી માડુઓનો નૂતન વર્ષ એટલે અષાઢી બીજ. તે દિવસે સમગ્ર કચ્છીઓનું હૈયું હેલે ચડે. ઘણાં પ્રકારની વિશિષ્ટતાઓ વચ્ચે વસતા કચ્છી લોકોને જીવનની યાતનાઓ પણ છે પરંતુ તેને નિયમના સ્વરૂપે ક્યારેય જોતા નથી. આ સ્થિતિમાં અષાઢનું મહત્ત્વ સમજીને તેને જીવનનો ઉત્સવ બનાવ્યો છે. તેની નૂતનવર્ષ તરીકે ઉજવણી કરીને હંમેશાં ભાવપૂર્વક સત્કારે છે. એટલું જ નહીં પરંતુ તેને ભાવનાત્મક રીતે લોકજીવન સાથે સાંકળી લીધેલ છે. તે દિવસે કવિ સંમેલનો અને મુશાયરા પણ યોજવામાં આવે છે. આ રીતે જોઈએ તો કચ્છનું અનુપમ ઉત્સવ એટલે અષાઢી બીજ. ‘કચ્છી નયેં વરેજી વધાઈયું.’

*‘જત હકડો કચ્છી વસે, ઉત ડિયાણી કચ્છ.’*

## મંઢો મીં

કવિ શ્રી દુલેરાય કારાણીએ કચ્છના વરસાદને લાક્ષણિક રીતે મંઢો (લંગડો) કહ્યો છે.

***કચ્છડેજી કિસ્મતેં, મંઢો મીં મંઢેલ આય,***
***મંઢો મિણી પોઆ, મંઢી ટંગ કે ફિરાયતો;***
***કાં તાં મંઢો અચે ન, ને અચે તડેં એડો ઘચે,***
***ભેરો ભાર વે, સે ભરી બધીને ફિગાયતો.***

## કચ્છીનો જુસ્સો

કચ્છમાં જન્મેલી કે કચ્છના વતની હોવાનું કહેતી કોઈ પણ વ્યક્તિમાં ત્રણ વિશિષ્ટતાઓ જોવા મળે છે. સૌ પ્રથમ તો એ પોતે ‘કચ્છી’ હોવાનું ગૌરવ, બીજી વિશેષતા કચ્છ માટે પોતાની શક્તિ અને બુધ્ધિ અનુસાર બધું જ કરી બતાવવાની અણખૂટ ઈચ્છા, **ત્રીજી એ કે મુસીબતો અને મુશ્કેલીઓ જેમ વધારે તેમ કચ્છીનો જુસ્સો અને જોમ વધતા જાય.**

*– જિતેન્દ્ર ધોળકિયા*

## ભારત : અગત્યના રાષ્ટ્રીય દિન

**માસ : જુલાઈ**

૦૧ વસંત-રજબ દિન, ડૉક્ટર દિન, SBI સ્થાપના દિન
૦૪ સ્વામી વિવેકાનંદ પુણ્યતિથિ
૧૯ બેંક રાષ્ટ્રીયકરણ દિન
૨૩ લોકમાન્ય ટિળક જન્મદિન
૨૫ પેરેન્ટ્સ ડે
૨૮ વન મહોત્સવ દિન

**માસ : ઓગસ્ટ**

૦૧ લોકમાન્ય ટિળકની પુણ્યતિથિ
૦૭ રવીન્દ્રનાથ ટાગોરની પુણ્યતિથિ
૦૮ શહીદ દિન (મહાગુજરાત આંદોલન)
૦૯ ‘હિંદ છોડો’ આંદોલન દિન
૧૫ સ્વાતંત્ર્ય દિન
૨૯ રાષ્ટ્રીય રમત દિન (મેજર ધ્યાનચંદનો જન્મ દિવસ)

## વિશ્વ : અગત્યના દિન

**માસ : જુલાઈ**

૦૪ અમેરિકા સ્વાતંત્ર્ય દિન
૦૮ વિશ્વ સિનિયર સિટીઝન્સ ડે
૧૧ વિશ્વ વસ્તી દિન
૨૫ પેરેન્ટ્સ ડે

**માસ : ઓગસ્ટ**

૦૧ માસનો પ્રથમ રવિવાર
વિશ્વ મૈત્રી દિન (ફ્રેન્ડશિપ ડે)
૦૯ વિશ્વ આદિવાસી દિન
૧૫ ભારતનો સ્વાતંત્ર દિન

*બીજાઓથી ન થઈ શકે તે કરવું એનું નામ આવડત,*
*પણ આવડતથી યે ના થઈ શકે તે કરવું એનું નામ પ્રતિભા.*

## આગામી કાર્યક્રમોની એક ઝલક....

| તારીખ – સમય | સ્થળ | કાર્યક્રમ - આયોજનકર્તા | કાર્યક્રમની વિગત |
|---|---|---|---|
| ● શનિવાર, તા. ૧૩-૦૭-૨૦૧૯<br>સાંજે ૪.૦૦ કલાકે<br>સવારે ૧૦.૦૦થી ૨.૦૦ | શ્રી કચ્છી જૈન ભવન - પાલડી | શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદ<br>વયસ્ક સમિતિ | કાંકરિયા કાર્નિવલ અને ઈન્ડિયા ટેલેન્ટમાં ભાગ લેનાર કલાકારો દ્વારા પરફોર્મન્સ |
| ● રવિવાર, તા. ૧૪-૦૭-૨૦૧૯<br>સવારે ૯.૦૦ કલાકે | શ્રી કચ્છી જૈન ભવન - પાલડી | શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદ | શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદની ૩૨મી વાર્ષિક સામાન્ય સભા. |
| ● ગુરુવાર, તા. ૧૫-૮-૨૦૧૯<br>સવારે ૯.૦૦ કલાકે | શ્રી કચ્છી જૈન ભવન - પાલડી | શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદ | સ્વાતંત્ર્ય દિન નિમિત્તે સમાજ પરિવારજનોની ઉપસ્થિતિમાં ધ્વજવંદન કાર્યક્રમ. |
| ● ઓગસ્ટ માસના<br>પ્રથમ / દ્વિતી સપ્તાહ<br>(બે દિવસનો ટુર કાર્યક્રમ) | કંડલા પોર્ટ | યુવા વિકાસ સમિતિ | એજ્યુકેશનલ ટુર કાર્યક્રમ.<br>જેમાં કંડલા પોર્ટની મુલાકાત. તે સાથે ભચાઉ ખાતે ઓર્ગેનિક ફાર્મની મુલાકાત. |
| ● રવિવાર, તા. ૧૫-૦૯-૨૦૧૯<br>સવારે ૦૯.૦૦થી ૧૦.૩૦ | ઠાકોરભાઈ દેસાઈ હૉલ<br>લૉ ગાર્ડન, અમદાવાદ. | શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદનો<br>સરસ્વતી સન્માન<br>વિદ્યાર્થી પુરસ્કાર સમિતિ | બાળ વર્ગથી પોસ્ટ ગ્રેજ્યુએશન સુધીના વિદ્યાર્થીઓનું સન્માન તથા વિશિષ્ટ સિધ્ધિઓ પ્રાપ્ત કરનારનું સન્માન |
| ● રવિવાર, તા. ૧૫-૦૯-૨૦૧૯<br>સવારે ૧૦.૩૦ કલાકથી | ઠાકોરભાઈ દેસાઈ હૉલ<br>લૉ ગાર્ડન, અમદાવાદ. | સાંસ્કૃતિક કાર્યક્રમ સમિતિ | રંગારંગ કાર્યક્રમ.<br>સભ્ય દ્વારા પોતાની કલા-કૌશલ્યસભર નૃત્ય, ગાયન, નાટક વગેરેની રજૂઆત. |
| ● રવિવાર, તા. ૧૫-૦૯-૨૦૧૯<br>સવારે ૧૦.૩૦થી શરૂ | શ્રી કચ્છી જૈન ભવન - પાલડી | શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદ | સ્નેહ મિલન સમારંભ અને સ્વામિવાત્સલ્ય જમણવાર. |
| ● દર મહિનાના બીજા રવિવારે<br>સવારે ૯ થી ૧૨ | શ્રી કચ્છી જૈન ભવન - પાલડી | શિક્ષણ તથા સર્વાંગી વિકાસ સમિતિ | કરિયર કાઉન્સેલર પ્રો. જયરાજ પંડ્યા દ્વારા વિદ્યાર્થીઓને ઉપયોગી કરિયર કાઉન્સેલિંગ |

*નોંધ : ઉપરોક્ત કાર્યક્રમોની વિગતવાર માહિતી સંસ્થા સમાચાર વિભાગમાં જે તે સમિતિના અહેવાલમાં ઉપલબ્ધ છે.*

## કચ્છી નવું વર્ષ – નૂતન વર્ષાભિનંદન

### અજ આવઇ 'અષાઢી બીજ'....!

અજ કચ્છીયેં જે નયેં વરેજી
બીજ અષાઢી આવઇ
ભાવર મિડે ભેરા થૈને,
હિકડે બ્યેંકે ડિયેં વાઇ...

**અષાઢી બીજ – કચ્છી નૂતન વર્ષે દરેક કચ્છી પરિવારજનોને**

**'નૂતન વર્ષાભિનંદન...'**

## શક્તિદાયી વિચાર : શ્રદ્ધા અને સામર્થ્ય

★ તમારા સ્નાયુઓને મજબૂત બનાવો. આપણને જરૂર છે લોખંડી માંસપેશીઓની અને પોલાદી સ્નાયુઓની. આપણે બહુ કાળ સુધી રોતા રહ્યા છીએ. હવે વધુ રડવાની જરૂર નથી. તમારા પોતાના પગ ઉપર ઊભા રહો; મર્દ બનો.

★ સૌથી પહેલી વસ્તુ એ છે કે આપણા યુવાનોએ બળવાન બનવું પડશે. ધર્મ તો પોતાની મેળે પાછળથી આવશે. મારા નવયુવાન મિત્રો! બળવાન બનો. તમને મારી આ સલાહ છે. ગીતાના અભ્યાસ કરતાં ફૂટબોલની રમત દ્વારા તમે સ્વર્ગની વધુ નજીક પહોંચી શકશો. આ શબ્દો તમને આકરા લાગશે, પરંતુ મારે તમને કહેવા જોઈએ, કારણકે તમે મને પ્રિય છો. મુશ્કેલી ક્યાં છે એ હું જાણું છું, મને થોડો અનુભવ મળ્યો છે ખરો. તમારાં બાવડાં, તમારા સ્નાયુઓ સહેજ વધુ મજબૂત હશે, તો તમે ગીતાને વધુ સારી રીતે સમજી શકશો. તમારી નસોમાં સહેજ વધુ શક્તિશાળી રક્ત વહેતું હશે તો તમે શ્રીકૃષ્ણની વિરાટ પ્રતિભાને અને પ્રચંડ શક્તિને વધુ સારી રીતે પિછાની શકશો. જ્યારે તમારો દેહ તમારા પગ ઉપર દ્રઢ રીતે ખડો રહી શકશે અને તમે મર્દાનગીનો ભાવ અનુભવશો ત્યારે તમે ઉપનિષદો અને આત્માના મહિમાને વધુ સારી રીતે જાણી શકશો.

★ **જરૂર છે મર્દોની, સાચા મર્દોની; બીજું બધું તો થઇ રહેશે. પણ ખરેખર તો બળવાન, દ્રઢ, શ્રદ્ધાવાન અને નિષ્ઠાથી ઊભરાતા નવયુવકોની જરૂર છે.** જો આવા સો નવયુવકો આવી મળે તો આ જગતની સુરત પલટાઇ જાય.

★ બીજી કોઈ પણ વસ્તુ કરતાં સંકલ્પ વધુ બળવાન છે. સંકલ્પ આગળ કોઈ પણ વસ્તુને ઝુકવું પડે કારણકે તે ઈશ્વરમાંથી અને સ્વયં ઈશ્વરમાંથી જ ઉદ્ભવે છે; શુદ્ધ અને દ્રઢ સંકલ્પ એ સર્વશક્તિમાન છે. શું તમને તેમાં શ્રદ્ધા છે?

★ હા, જેમ તેમ મારી ઉંમર વધતી જાય છે તેમ તેમ મને વધુ ને વધુ લાગે છે કે મર્દાનગીમાં જ બધું આવી જાય છે. આ મારો નવો સંદેશ છે. ભલે ખોટું કરો પણ તે મર્દની જેમ! છૂટકો ન હોય ત્યારે ભલે મોટા પાયા ઉપર દુષ્ટ બનો, પણ તે મર્દની જેમ!

★ જગતનો ઈતિહાસ એટલે જે થોડા મનુષ્યોને પોતાની જાતમાં શ્રદ્ધા હતી એવા મનુષ્યોનો ઈતિહાસ. એવી શ્રદ્ધા મનુષ્યની અંદર રહેલી દિવ્યતાને પ્રગટ કરે છે. એવી શ્રદ્ધા વડે તમે ઈચ્છો તે કરી શકો.

– *સ્વામી વિવેકાનંદ*

# YOUTH CLUB

### *SOME GOLDEN RAYS....*

Happiness comes with a price tag.
If you are Smiling,
you have already paid for it in past.

Change is never painful
and difficult but resistance
to change is painful and difficult...!!

Certain things catch your eye,
but pursue only those that
Capture the heart.

Compromise : The art of dividing
a cake in such a way that
everybody believes he got the
biggest piece.

Every struggle in your life has shaped
you into the person you are today.
Be thankful for the hard times,
they can only make you stronger.

We love ourselves even after making
so many mistakes....
Then how can we hate others
for their small mistake...??

When we educate our brain,
we should not neglect
to educate our heart.
Because, world do not require
only good ideas but also
required good souls.

It is good to sit alone
for atlease sometime everyday.
But when you seat alone
don't seat with your past,
Seat alone to design your present
and dream for your future.

# કચ્છની મીઠાશ

★ અહીં અમદાવાદ - ગાંધીનગર વિસ્તારમાં વસતા દરેક કચ્છીના દિલમાં કચ્છીયત છે, એક મીઠો આવકાર છે, જમણ ઉપર છાશ છે, કચ્છી બોલીની મીઠાશ છે, પાસેથી પસાર થતા GJ 12 નંબર જોઇને થતી હાશ છે, પોતાપણાનો અહેસાસ છે, આ જ તો કચ્છીયતની ખાસિયત છે, બાકી બધો બકવાસ છે.

★ કવિ ગૌતમ જોશીની અષાઢી બીજના આનંદ - ઉલ્લાસને વર્ણવતી કચ્છીમાં ચાર લાઇનો...

*મન તું મોભતજો મેડો ભનાય,*
*મન તું સોભતજો મેડો ભનાય,*
*મોભતજી સોભતમેં માડુ વીંટાણું ને,*
*હૈયેમેં અષાઢી મંગ રચાણું,*
*ધબકંધે ધિલકે તું ધિલથી મિલાય...*
*મન તું મોભત જો મેડો ભનાય.*

*ગુજરાતી ભાવાનુવાદ :*

*મન તું મોહબ્બતનો મેળો મનાવ*
*મન તું સોબતનો મેળો મનાવ*
*મોહબ્બતની સોબતમાં માણસ વીંટાણા ને*
*હૈયામાં અષાઢી ઉમંગ રચાયું*
*ધબકતા દિલને તું દિલથી મળાવ*
*મન તું મોહબ્બતનો મેળો મનાવ.*

★ *કચ્છ મિઠો કચ્છી મિઠો, મિઠો કચ્છજો નાં,*
*પિંઢ વડો નેં નાં નિંઢો, અઢઈ અખરજો નાં.*

– પ્રભુલાલ સિધ્ધપુરા

★ *વંકી ધરણી કચ્છજી, રણવંકી તલવાર*
*વાણી કચ્છી વંકડી, વંકા રણ-તોખાર,*
*વંકા રણડંકા અને રણવંકા સરદાર,*
*વંકા જેંજા રાજવી, વંકા રાજકુમાર,*
*વંકેજા શણગાર, ધીંગા નરવંકા જિતે.*

★ *વંકા કુંવર વિકટ ભટ, વંકા વાડીઅ વચ્છ,*
*વંકા કુંવર તડેં થિયેં, જ પિયેં પાણી કચ્છ.*

★ *હે આઈ આશાપુરા! કર તું કચ્છજો નીયા,*
*માડુ ધ્રાઈયેં માનીએં, થીએ સુથ સવા.*

★ *તળ ઊંડા જળ છીછરાં, કામન લંબે કેશ,*
*નર પટાધર નીપજે, ડોલરિયો કચ્છ દેશ.*
*શિયાળે સોરઠ ભલો, ઉનાળે ગુજરાત,*
*ચોમાસે વાગડ ભલો, કચ્છડો બારેમાસ.*

★ હોથલ પદમણીએ સદીઓ પહેલાં "કચ્છ નહીં તો કુછ નહીં"ના ભાવાર્થ સાથે કહ્યું હતું કે...

*"આવાર, બાવર બેરડી; ફૂલ, કંઢા ને કખ.*
*હલો હોથલ કચ્છડે, જિત માડુ સવા લખ!!"*

## કચ્છ અઢી અખરો

કચ્છ મેં ને કચ્છ બા'ર રોંધલ મુંજા કચ્છી 'ભાવર' તું
ગાલ ત ચોઈ આય અજ મુંકે હકડી કનમેં!!
લખી 'કચ્છ'ને દુનિયાજનો નકશો ખણો હથમેં
દેશ રાજ શહેર ગામ, ગંજાને ગરાસ ડસો.
મણી શહેરે જા ઐં સ્ટેશન સ્ટ્રીટ ને 'પરા' ડસો,
કાનેમાતર વારા 'અઢી અખરા' આંકે ઘણેં મલધા
પણ કાને માતર વગર જો હકડો મુંજો કચ્છ!!

## કચ્છ

*કચ્છ હી કીં ભૂમિ જો ટુકડો નાંય,*
*હી ત હીકડો સંસ્કૃતિજો વિરાટ પુરુષ આય...*
*કારો ડુંગર હીનજો મથો આય*
*ધીણોધર ને ભુજિયો હીનજા કંધા આય,*
*ખાવડાને ખડીર - તેંજા હથ આય*
*ભુજ હીનજી નાભિ આય*
*કંથને કોટ કોટેશ્વર હીનજા પગ આય*
*કચ્છજો અખાત અને અરબી સાગર કચ્છજા રક્ષક આય*
*કચ્છજો કંકર કંકર, પાંલાય શંકર આય*
*હેડો કચ્છ પાંજો સંસ્કૃતિ પુરુષ આય...*
*જિંધાસી ત કચ્છ લાય અને મરધાંસી પણ કચ્છ લાય.*

***દેશાવરમાં અનેક મુશ્કેલીઓનો સામનો કરી પ્રગતિનાં ઊંચા શિખર સર કર્યા છતાં 'કચ્છી માડુ' ક્યારેય માતૃભૂમિને ભૂલ્યો નથી અને આજેય તેનાં સંસ્કાર સાચવીને બેઠો છે.***

## કચ્છજી હવા

કડે ભૂલસે ઐંય કચ્છમેં અચીજા જરા,
થધી હલેતી હવા માડુ મેં આય વફા...
મોભત વસેતી હિત ખુશબુ મિટીમેં અચે,
ધરીયાજે મોંજે મેં સરગમ સુણેજી મજા અચે...
જડે થિયેતી રાત નિંધર અચેતી લાટ,
સોંણા અચેતા ખાસા સિરગ જેડી મજા...
મંધિર ને મસ્જીદમેં મિણીલા માડુ મંગેતા,
"નિર્મલ" ધુવા કડે અચીજા જરા...

*નિર્મલ રોય "નિર્મલ"*

## અસાંજી અષાઢી બીજ

આવઈ અષાઢી બીજ,
અસાંજી આવઈ અષાઢી બીજ.
વડર કરે ગજનેવીજ
અજ આવઈ અષાઢી બીજ.
મીંજા મેલ્યા એંધાણ
હાણે ખેડૂ કઈંધા ખેડાણ
જજી ખમા તોકે મેહુલા
ધરતી કરેતી તોકે સદ... અષાઢી બીજ...
માડુ રાજી ચોપા રાજી
રાજી થીયેં સજી વનરાજી
સૃષ્ટિ જી બદલે સેકલ
જાણે ચદર પથરઈ હરિયાળી... અષાઢી બીજ...
ધન-ધાન થીંધો જજો,
ને ડોકાર વેંધો ભજી
પાણીજી થીંધી રેલમછેલ
ને નદી તરાઈ મેળે છેલમછેલ... અષાઢી બીજ...
મોંઘારત કે મેલધો જાકારો
ને સોંઘારત કે આવકારો
પ્રજા થીંધી સોખી હાણે
ને મોદીજી આય સરકાર... અષાઢી બીજ...
ભા ભાવરેં કે ડીયો મુબારક
હેલી મેલી ને પાં હલો
દર વરે હિં જ મેલો વેઠા
ને સોખ ડોખજી કંઇઓ ગાલ... અષાઢી બીજ...

*મહેન્દ્ર મહેતા - અમદાવાદ*
*મો. ૯૭૨૪૫ ૧૮૮૨૧*

**પૈસા સાથે જીવન બરાબર છે, પૈસા માટે જીવન નહીં.**

## મુંજે કચ્છડે તે આય મુંકે પ્યાર

મુંજે કચ્છી ભાવરે વેટે; આંઉ કરીયાતો પ્યાર,
કચ્છ જા વતની થઈને, ઐઈ કચ્છ જી કેંજા ન્યાર,
મુંજે કચ્છડે તે આય મુકે પ્યાર...

ભૂકંપ ને વાવાઝોડા ગચ વધીવ્યા;
હણે ધરા નતી જલે ભાર,
વિનંતી કરીયાંતો હર કચ્છી કે,
ઐઈ ન કર્યો અત્યાચાર.
મુંજે કચ્છડે તે આય મુકે પ્યાર...

અનીતિ છડે નીતિ રખો, કર્યો ધર્મ જો પ્રચાર,
સચે માર્ગે પાં હલધાસી, ત કલજુગ થીંધો લાચાર,
મુંજે કચ્છડે તે આય મુકે પ્યાર...

કરીયાંતો પ્રભુ સે પ્રાર્થના, કચ્છ જો બેડો કેંજા પાર,
"દિપ" જા અખર જે સમજી સગો ત,
આંજો વડો આભાર.
મુંજે કચ્છડે તે આય મુકે પ્યાર...

*દિનેશ ગરવા "દિપ"*

## નર્મદા નહેર

વાગડ પટતેં ગયે વરે નર્મદા કેનાલ નહેર
રાપર ખેડુ રાજી થ્યા મોદી થ્યા હુઆ મેર
ખેતી થીંધી ખીંકારે કચ્છમેં લીલા લેર
ચમક આવઈ ચોબારી ભરૂડિયો ભેરા ભેર

વન વિભાગજો વેર
ગિરોણ લગો ઘડાડેંજો...

ગિરોણ લગો ઘડાડેંજો અભ્યારણ જો બાનું
માડુ મજુર મુસીભતમેં ને ઠેકેદાર રવાનું
વિચાર કરીએં વાગડ વાસી કેનાલ ભનધી ક્યાંનું
સુવઈ સરપંચ શોભા વધે ખોધકામ થ્યો છાનું

હાલે કંથકોટ જો તાનું
ધમધમાટ વ્યો યંત્રેજો...
ધમધમાટ થીએ યંત્રેંજોં ને લેન્ડ બેન્ક જી રજા
કમ હલે કોન્ટ્રાક્ટર જો ને ગામડા ગજાં-ગજાં
વાગડ પંથક વા-વા થીયે નહેર ભનેજી મજા
પાણી મિલે પીયત કે ખેડુ છડીયેં કજા

પાયમાલ થીયે ન પ્રજા
"પ્રભુ" નર્મદા નહેર જો આશરો...

*– પ્રભુલાલ સિધ્ધપુરા 'પ્રભુ'*

## ખડીર જો ખમીર

ખમીર ખડીર ટાપુજો બાજર બાકર બોર
હડપ્પન સંસ્કૃતિ હેરત જેડી કિરોડ વરેનું મોર
પંખી અચે પરદેસથી મિઠ્ઠો મચાઈયેં સોર
ભાંજડે બેટજી ભોમકાને રણ ડુંગરેંજો જોર.

ચોફેર રણ ચકોર
ખડીર પંથક કચ્છજો...

ખડીર પંથક કચ્છજો વરસાદ વિગર ન ગત
વસ્તી વાંઢ ગામડેંજી પંચાયતું પંજ સત
ફરજ બજાયું ફોજમેં ખડીર વાસીજી મત
સરહદ ડિસાજે સિમાંકન ભૂમી પાંજી ભારત

ખડીર જવાન સજ્જ
રાષ્ટ્ર સેવા રગેંમેં...

રાષ્ટ્ર સેવા રગેંમેં ખડીર રેવાસીજી ખટ
મોકો સેવા માભોમજો વાંઢ વાસીજો વટ
બોર્ડર વિંગ એસ.આર.પી. જવાન ભનેંતા જટ
ગરવા મારાજ ગઢવીને રજપૂત રેબારીજો પટ.

રાષ્ટ્ર સેવાજી રટ
"પ્રભુ" ખમીર ખડીર પંથકજો....

## કંઠી જો કેકારવ

કેકારવ કંઠીજો ખેડુ માલા માલ
ઓણ ખેતીજો આસરો સોરો આના સાલ
મંગ્યો મી મિલીવ્યો વસવસઈ થ્યો વ્હાલ
મંગરા સુનરા ઝરપરા ખેંગાર સાગર ન્યાલ

કારા ઘોઘા મેં કમાલ
તુંબડી વસ્યો તાણમેં...

તુંબડી વસ્યો તાણમેં તિલ બાજર ને જોવાર
કપા બીટી કસ કઢે મજૂર કે નાંય વાર
મોંઘી ખેતી મારે બ્યો ખાતર બિજ જો ભાર
ડિઝલ સસ્તો ડિસાજે ટ્રેક્ટર ટ્રાન્સપોર્ટ માર

ભાગ પાંતીએ પાર
બારાતુ મજુર બરૂકા...

બારાતુ મજુર બરૂકા વરી બાગાયતમેં બર
ચીકુ દાડમ પપૈયા ન્યાલ કરી નાઈવર
ખટ ન રિઈ ખારકેં મેં બોરો ગાંઢો બાવર
વેવાર વધ્યા વાહન જા રૂગા સાંગુડી ડ્રાયવર

એક્સીડનજી અસર
"પ્રભુ" ધવાખાના ધમધમેં...

## રણોત્સવ

કચ્છ ન ડિઠો ત કીં ન ડિઠો એડી સુણાજે ગાલ
કચ્છજી રણ કાંધી મથે રણોત્સવ હરસાલ
ધોરે રણ મેં ધોરડે લખું અચેંતા લાલ
ઉઠ ગાડ્યું ને ઉઠ મથે કરીયેં મોજ કમાલ.

ઘોડેંજી ડિસો રેવાલ
રણોત્સવ એડો કચ્છજો...

રણ ઉત્સવ હી કચ્છમેં વડા તંભૂ થીયેં વલા
ચારેકોર ચાંધની પથરે વિઠી જીં પલ્લા
કચ્છીયત જી કામગીરી બાંધણી રોગાણજી કલા
મોરલી પાવા જોડીયા મોરચંગ વજાઈયેં ગલા

કર્યો સાંભઈજી સલા
હલો બેલીડા કચ્છમેં...

હલો બેલીડા કચ્છમેં મેડો ભને મસ્તાન
રંગ જમીરે રણમથે રણ ઓચ્છવજી સાન
હેત થીયે હમીરસર તેં મિઠે મેરામણ માન
ગર્વ આય ગુજરાતજો ને કચ્છડેજી ઓડખાણ

રણ આય કચ્છજો પ્રાણ
"પ્રભુ" રણોત્સવ આય કચ્છજો....

*પ્રભુલાલ સિદ્ધપુરા 'પ્રભુ'*

## કચ્છ જો ક્રેઝ

વરસાદ પે કચ્છ મેં ને પેંડા ખાવાજે પરદેશ મેં
કુરો હનકેં પાણ નેં ચોં કચ્છ જો ક્રેઝ?

આફત પે કચ્છ તેં નેં છુટા છુટેં પરદેશ મેં
કુરો હનકેં પાણ નેં ચોં કચ્છ જો ક્રેઝ?

મેનત કરીને કમાઈધા પણ
ધરમ દાનને સુધારે લાય ઈ
મુડી વાપરાંધી કચ્છ મેં
કુરો હનકેં પાણ નેં ચોં કચ્છ જો ક્રેઝ?

કચ્છીને કચ્છણું વતન કે યાદ કરે કચ્છ કે સંભારે
કડેંક ગુજા ગુજા રૂણ કરીયેં પરદેશમેં
કુરો હનકેં પાણ નેં ચોં કચ્છ જો ક્રેઝ?

*સુવાસ વિનાનું પુષ્પ અને ઉદારતા વિનાની સંપત્તિ બંને બેસ્વાદરૂપ છે.*

## કચ્છનું પાણી!

*ભાંભરું તોયે ભીંજવે ભાવે,*
*વણબોલાવ્યું દોડતું આવે;*
*હોય ભલે ના આંખની ઓળખ,*
*તાણ કરીને જાય એ તાણી;*
*વાહ રે 'ઘાયલ' કચ્છનું પાણી!*

*જાય હિલોળા હરખે લેતું,*
*હેતની તાળી હેતથી દેતું;*
*હેત હરખની અસલી વાતું,*
*અસલી વાતું જાય જ નાણી.*
*વાહ રે 'ઘાયલ' કચ્છનું પાણી!*

*આગવી બોલી બોલતું જાયે,*
*પંખી જેમ કલ્લોલતું જાયે;*
*ગુંજતું જાયે ફૂલનું ગાણું,*
*વેરતું જાય રંગની વાણી,*
*વાહ રે 'ઘાયલ' કચ્છનું પાણી!*

*સ્નેહનું પાણી શૂરનું પાણી,*
*પોતાના પ્રચંડ પૂરનું પાણી;*
*હસતું રમતું રણમાં દીઠું,*
*સત અને સિન્દૂરનું પાણી,*
*વાહ રે 'ઘાયલ' કચ્છનું પાણી!*

*– અમૃત ઘાયલ*

## અષાઢી બીજ આવઈ આય

મિંણી ભાવરેં કે અષાઢી બીજ જા રામરામ,
ગાલ્યું કયું ઓછીયું ને ખાસે કમસે ગજાયું ગામ.

નઉં વરે અજ અંગણમેં અચીને ઉભો,
હિકડે બેંજો ભલો થીએ એડો ઉપાય લજો.

અજનું શરૂઆત થૈ આય મિંયડે જે ડિયેંજી,
કચ્છમેં છંઢા પેં ઈતરા જેં સેં નાય વય ધીંએજી.

મુલઈ માડુ મિડે રાજી થીએં, થીએં રાજી અબોલા,
કચ્છ જે ખૂણે ખૂણેનું બીજ ફૂટે મોર મઢે ન ચેલા.

સોન જે ભધલે મિડે પાણી થીએં રાજી આશાપુરા,
સરકાર જે ધિલમેં વસે અઃઈ જેં સે થીએ નીલી ધરા.

'જગદીશ' હિકડો માડુ નાય; કચ્છી અનેક ભાવર અંઈ,
કચ્છ જે અમન ચમનલા થીયું ભેરા; અષાઢી બીજ આવઈ આય.

*– જગદીશ પીત્રોડા "જગદીશ"*

## કચ્છી બોલી

**કચ્છી બોલીમાં જે જોમ છે, જે રણકાર છે અને જે મીઠાશ છે તેવા એક અક્ષરવાળા અને બે અક્ષરવાળા શબ્દો**

| *એક અક્ષર* | | | *બે અક્ષરવાળા શબ્દો* | | |
|---|---|---|---|---|---|
| પે | = | પિતા | અચ | = | આવો |
| મા | = | માતા | અખ | = | આંખ |
| ભા | = | ભાઈ | અઠ | = | આઠ |
| ધી | = | પુત્રી | અધ | = | અડધું |
| નોં | = | પુત્રવધૂ | કન | = | કાન |
| ભૉ | = | હા | ગચ | = | ઘણું |
| સી | = | ઠંડી | મટ | = | માટલું |
| મીં | = | વરસાદ | ચપ | = | હૉઠ |
| ડીં | = | દિવસ | ચમ | = | ચામડું |
| ડૉ | = | દશ | છટ | = | વાસ |
| ઘા | = | ફરિયાદ | લજ | = | લાજ |
| ના | = | નામ | ધજ | = | સારું |
| બાં | = | બાંય (હાથ) | નક | = | નાક |
| વા | = | પવન (હવા) | પખ | = | પાંખ |
| મોં | = | મોઢું | પટ | = | જમીન |
| ચો | = | કહેવું | | | |
| સા | = | શ્વાસ | | | |
| પ્યો | = | નીચે પડવું | | | |

*(આ બે અક્ષરોમાં ક્યાંય પણ કાનો માતર નથી તે તેમની ખૂબી છે.)*

## માદરે વતનની મમતા

હરેક મૂળભૂત કચ્છીને કચ્છની કસક છે. હરેક કચ્છીના કાળજામાં કચ્છ કોતરાયેલું છે. તેથી તો વિશ્વવિહાર બનવા છતાં કચ્છ પ્રત્યે તેનો લગાવ છે, માદરે વતન પ્રત્યેની મમતા છે. કચ્છના રાષ્ટ્રકવિ મહાત્મા નિરંજન (મુરારજી લાલજી વ્યાસ) કચ્છના લોકપ્રિય રાષ્ટ્રગીત 'વતન જી હુબ'માં વતનપ્રેમ વર્ણવે છે.

***મુંજી માતૃભૂમિ કે નમન, અય વલો અસાંજો વતન***
***કચ્છી અસાંજા કોડ મિંજા કુલભાન કરીં તન મન.***

વલા વતન કચ્છ માટે કચ્છીઓ શું કરે? એનો જવાબ રામસિંહજી રાઠોડ આ રીતે આપે છે. કચ્છનો ખડતલ ને ખુમારીવાળો માણસ કામ કરી કચ્છમાં જ્યારે આફત ઉતરે ત્યારે પોતાનાંને અને વતનને તેમાંથી પાર કરે. દુકાળ આવે, ધરતીકંપ થાય કે સરહદ ઉપર ધાડાં ઉતરે એને કચ્છનો માનવી ખમતી નજરેથી ખમી લે.

**કચ્છ એ બેમિસાલ બળૂકા બચ્ચાંઓનો બાગ છે.** અહીંના બળકટ-બહાદુર બાલુડાંની બહાર વિશે કવિ નિરંજન ઉચ્ચારે છે –

*ઈસર જેડા દાસ ઈશ્વર જા, મેંકણ જેડા મહંત*
*જગડુસા, ખેંગાર, પીતાંબર માડી જા યાજના,*
*અસીં બાલુડા બુલબુલ ઈન જા, માડી અસાંજો ચમન.*

## અચો સિખોં કચ્છી (એકાક્ષરી શબ્દો)

(કચ્છી સિખેલા આકાશવાણી ભુજ તેં પ્રસારિત થેલ પાઠ)

***શિક્ષક*** : અચો સિખોં કચ્છી કાર્યક્રમમેં આઉં ડૉ. કાન્તિ ગોર આંકે મિણીંકે ખીંકાર આંતો. 'હું ડૉ.કાન્તિ ગોર આપનો આવો કચ્છી શીખીએ કાર્યક્રમમાં આપને આવકારું છું. મારી સાથે છે બે વિદ્યાર્થીઓ શ્રેયસ અને ધૈર્યા.

***ધૈર્યા*** : નમસ્તે સર.

***શ્રેયસ*** : સાહેબ પગેં લગાંતો.
આશીર્વાદ! આંજો કચ્છીજો ભણતર કીં હલેતો?

***ધૈર્યા*** : લાટ હલેતો. મજા અચેતી.

***શ્રેયસ*** : સાહેબ, અંઇ અસાંકે પુછ્યાં આંજો કચ્છીજો ભણતર કીં હલેતો?

***શિક્ષક*** : ત કુરો થ્યો? કીં ભૂલ થિઈ?

***ધૈર્યા*** : ના.. રે.. ના. આંજે સવાલમેં હિકડો શબ્દ આયો 'કીં', હી 'કીં' શબ્દ હિકડે અખર વારો આય. ત કચ્છીમેં ઍડા હિકડે અખરવારા શબ્દ અઇં? ને અંઇ ત કિતરા અંઇ?

***શિક્ષક*** : અરે ઇં કીં ચૉવાજે! ક ઍડા કિતરા શબ્દ અંઇ? ગુંધ અઇં ઇં ચિઇ સગાં.

***શ્રેયસ*** : ત સાહેબ, અજ તાં ઍડા શબ્દ સિખણાં અઇં.

***શિક્ષક*** : ભલે સંસ્કૃતમેં જીં એકાક્ષરી શબ્દ ચિક્કાર અઇં, તીં કચ્છીમેં પ ઓછા નઇં, દાખલા તરીકે સંસ્કૃતમેં તાં હરેક અખરજો કીં અરથ વેતો, જૅડો ક; 'ક' ઈતરે પાણી, 'ખ' ઈતરે આકાશ, તીં કચ્છીમેં પ ગુંધ અખર અર્થવારા ઍં.

***ધૈર્યા*** : ત અજ અસાંકે ઍડા અખર ભણાયોં.

***શિક્ષક*** : હં... 'તો આ વાક્ય સાંભળો!' 'ત! ઇ ભરોભર ગાલ નાંય.

***ધૈર્યા*** : તો એ વાત બરોબર નથી.

***શ્રેયસ*** : કચ્છીમાં ઇ નો અર્થ 'એ' થાય. 'ઇ મિડે ઠીક' એટલે એ બધું બરોબર.

***ધૈર્યા*** : હજુ પણ ગામડામાં પત્ની પતિનું નામ લેતી નથી અને કહે છે 'ઇ' કિતે વ્યા ઍં? એટલે એક્યાં ગયા છે?

***શિક્ષક*** : ઇ નો ત્રીજો અર્થ 'એમ' થાય છે. 'ઇ નઇં હલે' એટલે કે એમ નહીં ચાલે. આમ ઇ સ્વર કચ્છીમાં તે, એ, અને એમના અર્થમાં વપરાય છે. ઍડો જ 'ખાં' એટલે મોટા જાણકાર અને બ એટલે બે મળીને છ શબ્દ યા અને હા, એમાં છ ઉમેરીએ તો સાત એકાક્ષરી શબ્દો થયા કારણ 'છ' પણ એકાક્ષરી છે.

*ડૉ. કાન્તિ ગોર 'કારણ'*

## સાચો શિક્ષક જે માનવતા શીખવે

ઈતિહાસમાં બનેલી એક સમાન બે ઘટનાના પરિણામો સાવ જુદા હતા.

સિકંદરે જ્યારે પોરસને કેદ કર્યો ત્યારે સિકંદરે પોરસને પૂછ્યું હતું, 'બોલો તમારી સાથે કેવું વર્તન કરવામાં આવે?'

પોરસે જવાબ આપ્યો હતો, 'એક રાજા બીજા રાજા સાથે જેવું વર્તન કરે એવું વર્તન તમારે મારી સાથે કરવું જોઈએ.'

સિકંદરે પોરસને કેદમાંથી મુક્ત કર્યો અને પોતાના રાજ્યનો પ્રતિનિધિ બનાવ્યો. મોહમ્મદ ઘોરીએ આવી જ રીતે પૃથ્વીરાજને કેદ કર્યો અને એણે પણ પૃથ્વીરાજને આવો જ પ્રશ્ન કર્યો, 'મારી પાસે તમારી શું અપેક્ષા છે?'

પૃથ્વીરાજે જવાબ આપેલો, 'મેં તમને અનેક વખત જવા દીધા છે. તમારે પણ મારી સાથે સન્માનપૂર્વક વર્તવું જોઈએ.'

પૃથ્વીરાજની આ માંગ બાદ મહમ્મદ ઘોરીએ એની આંખો ફોડાવી નાખીને પછી મૃત્યુદંડની સજા કરી હતી.

એક સમાન બે ઘટના, પણ જુદા પરિણામો શા માટે?

આ પ્રશ્નના જવાબ માટે સિકંદર અને મહંમદ ઘોરીના જીવનનો થોડો અભ્યાસ કરીએ ત્યારે ખ્યાલ આવે કે સિકંદરના શિક્ષક અને માર્ગદર્શક એરીસ્ટોટલ અને ડાયોજીનસ હતા અને કમનસીબે મહંમદ ઘોરીને આવી કોઈ વ્યક્તિની સંગત નહોતી.

*– શૈલેષ સગપરિયા*

# કામણગારા કચ્છની તસવીરી એક ઝલક....




પ્રાગ મહેલ





મુંદ્રા પ્રાઇવેટ પોર્ટ




કંડલા પોર્ટ




જેસલ તોરલની સમાધિ





હાજી પીર




નારાયણ સરોવર




શ્રી સ્વામિનારાયણ મંદિર




પુંઅરેશ્વર મહાદેવ





કચ્છનું નાનું રણ




પીંગળેશ્વર મહાદેવ





સફેદ રણ




ધીણોધર ડુંગર





છતરડીઓ




ક્રાંતિ તીર્થ




અંબેધામ




કાળો ડુંગર




લખપતનો કિલ્લો




કચ્છ મ્યુઝિયમ




માંડવીનો દરિયા કિનારો





વિજય વિલાસ પેલેસ




ભદ્રેશ્વર




ધોળાવીરા




છારી ઢંઢ

કચ્છ

# કચ્છ : સને ૧૯૪૭થી ૨૦૧૭



સંજય પી. ઠાકર

## બંધારણ સભામાં કચ્છી સપૂતો

એક ગૃહ તરીકે ભારતની બંધારણ સભા (કોન્સ્ટિટ્યૂઅન્ટ એસેમ્બલી)નું ગઠન ૯ ડિસેમ્બર, ૧૯૪૬ના કરાયું હતું. જેને ૨૪ જાન્યુઆરી, ૧૯૫૦ના વિખેરી નાખવામાં આવી હતી. બંધારણ સભાએ શાહી વિધાન પરિષદ (ઇમ્પિરિયલ લેજિસ્લેટીવ કાઉન્સિલ)નું સ્થાન લીધું હતું. બંધારણ સભાના વિસર્જન પછી ભારતની સંસદ રચાઈ હતી. બંધારણ સભાના કામચલાઉ સભાપતિ તરીકે કોંગ્રેસના **સચ્ચિદાનંદ સિંહા**એ કામ કર્યા પછી **ડૉ. રાજેન્દ્ર પ્રસાદ** અધ્યક્ષ વરાયા હતા. મુસદ્દા સમિતિના અધ્યક્ષ તરીકે ડૉ. બી. આર. આંબેડકરે પોતાની સેવા આપી હતી. ડિસેમ્બર ૧૯૪૬થી જૂન ૧૯૪૭ સુધી ૩૮૯ બેઠકોનું માળખું બંધારણ સભાનું હતું. જૂન ૧૯૪૭થી જાન્યુઆરી ૧૯૫૦ના આ બેઠકો ૨૯૯ હતી. તેમાં કોંગ્રેસની ૨૦૮ બેઠકો, ઓલ ઇન્ડિયા મુસ્લિમ લીગની ૭૩ અને અન્યોની ૧૫ બેઠકો હતી. ૯૩ બેઠકો રજવાડી શાસકોની હતી. સંવિધાન સભાએ બે વર્ષ, ૧૧ મહિના, ૧૮ દિવસમાં કુલ ૧૬૬ દિવસ બેઠક કરી હતી.

આ બંધારણ સભામાં કચ્છ વતી એક સભ્ય ચૂંટવાના હતા. તે વખતે કચ્છની રાજાશાહીમાં પણ કેટલાક શહેરોમાં નગરસભા હતી. ભારતની બંધારણ સભા માટેના પ્રતિનિધિ માટે આ નગરસભાના સભ્યો કચ્છમાં મતદાર બન્યા. મુંબઈમાં રહેતા, કચ્છના અબડાસા તાલુકાના ગામ તેરાના મૂળ વતની **ભવાનજી અરજણ ખીમજી** (૧૯૦૨-૧૯૭૦) આ ગૌરવવંતા સ્થાન ઉપર કચ્છ વતી બંધારણ સભામાં સભ્ય તરીકે ચૂંટાયા. ૧૯૪૯ના નવેમ્બરની ૨૬મી તારીખે દિલ્હીમાં હર્ષનાદો વચ્ચે બંધારણ પસાર થયું. એ ખરીતામાં સૌ સભ્યોની સહી થઈ. તેમાં કચ્છ વતી સહી કરનાર ભવાનજીભાઈ હતા. તેઓ ૧૯૪૭-૪૮માં મુંબઈ વિધાનસભામાં ધારાસભ્ય હતા. મુંબઇ કોંગ્રેસના પ્રમુખ તરીકે પણ ચૂંટાયા હતા. તેમણે કચ્છનું પહેલી લોકસભા (૧૯૫૨થી ૧૯૫૭) અને બીજી લોકસભા (૧૯૫૭થી ૧૯૬૨) એમ બે ટર્મ સુધી પ્રતિનિધિત્વ કર્યું હતું. બંધારણ સભામાં ૧૯૪૬થી ૧૯૫૦ સુધી કાર્યરત રહેનાર ભવાનજીભાઇ કચ્છના ધૂરંધર રાજનેતા હતા. તેઓ ૧૯૪૭થી ૧૯૫૦ કોટન એસોસિએશન ઑફ ઇન્ડિયાના ઉપપ્રમુખ રહ્યા હતા. વેપારી તરીકે જાણીતા અને ૧૯૩૦થી ભા.રા. કોંગ્રેસના સભ્ય, ઇન્ડિ. મર્ચન્ટ્સ ચેમ્બર - મુંબઈના મેને. કમિટીના સભ્ય, બોમ્બે પોર્ટ ટ્રસ્ટના ટ્રસ્ટી (૧૯૩૩-૩૪), બોમ્બે કોટન મર્ચન્ટ્સ એન્ડ મુકાદમ્સ એસો.ના પ્રમુખ (૧૯૩૫-૫૦), કચ્છ દુષ્કાળ રાહત સમિતિના ઉપપ્રમુખ (૧૯૪૦-૪૧ અને ૧૯૪૮-૪૯), ઇન્ડિ. મર્ચન્ટ્સ એસો. મુંબઇના પ્રમુખ (૧૯૪૯), એસ.આર.સી.ના ડાયરેક્ટર (૧૯૪૯), અખિલ કચ્છ વાગડ ખેડૂત સંમેલનના પ્રમુખ (૧૯૪૯), કચ્છના 'સી' સ્ટેટના વગદાર એડવાઇઝરી કાઉ.ના સભ્ય (૧૯૪૯-૫૨), કંડલા પોર્ટ એડવાઇઝરી કમિટીના સભ્ય (૧૯૪૯), બોમ્બે પ્રેસિડેન્સી ઑનરરી મેજિસ્ટ્રેટ સોસાયટીના પ્રમુખ (૧૯૫૦), માટુંગા ગુજરાતી કેળવણી મંડળના પ્રમુખ (૧૯૫૦), કચ્છ કોંગ્રેસ ધરતીકંપ રાહત સમિતિ - ભુજના પ્રમુખ અને કચ્છ કેન્દ્રિય ધરતીકંપ રાહત સમિતિ - ભુજના ઉપપ્રમુખ (૧૯૫૬), એ.આઈ.સી.સી. ગુજરાતના સભ્ય (૧૫ વર્ષ), અરજણ ખીમજી જિનિંગ એન્ડ પ્રેસિંગ કંપની લિ.ના ડાયરેક્ટર અને કચ્છ સોલ્ટ એન્ડ એલાઇડ ઇન્ડ. લિ.ના પ્રમુખ રહ્યા હતા. તેમણે ૧૯૩૧થી ૧૯૪૪ દરમિયાન સ્વાતંત્ર્ય સંગ્રામમાં પણ ભાગ લીધો હતો. ભવાનજીભાઈએ મુંબઈમાં રહીને પણ કચ્છના ઉત્કર્ષમાં ઊંડો રસ લીધો હતો. તેમણે મુંબઈ ખાતે કચ્છ વિકાસ મંડળની ડિસેમ્બર ૧૯૫૯માં સ્થાપના કરી હતી. તે ૧૯૬૨ની લોકસભા ચૂંટણીમાં સ્વતંત્ર પક્ષના **કુમાર શ્રી હિંમતસિંહજી** સામે હાર્યા હતા. **કુંદનલાલભાઇ ધોળકિયા**, ભવાનજીભાઈ વિશે લખે છે કે, તેમની પ્રતિભા, સૂઝ, સૌજન્ય એ તો કચ્છની થાપણ હતી. કંડલા બંદરની પસંદગી અને ઉત્કર્ષ, મીટરગેજ - બ્રોડગેજ રેલવે, વિઘોટીનો પ્રશ્ન હોય કે અન્ય વિકાસના પ્રશ્નો હોય ભવાનજીભાઇનું વ્યક્તિત્વ ઓર ઉપસતું... કચ્છ સદા તેમનું ઋણી રહેશે.

ભવાનજીભાઈ ઉપરાંત માંડવી (કચ્છ)ના એક સુખ્યાત સપૂત અને વિદ્વાન અર્થશાસ્ત્રી **પ્રા. ખુશાલ તલકશી (કે.ટી.)**

**શાહ** (૧૮૮૮-૧૯૫૩)ને બિહારે પોતાના પ્રતિનિધિ તરીકે બંધારણ સભામાં મૂક્યા હતા. પ્રા. શાહે સ્વાતંત્ર્ય પૂર્વે કોંગ્રેસે ૧૯૩૭માં રચેલી પં. નહેરુના વડપણ નીચેની રાષ્ટ્રીય આયોજન સમિતિમાં સભ્ય અને સચિવ તરીકે માતબર વૈચારિક ગૌરવભર્યો ફાળો આપ્યો છે. ૧૯૩૦-૩૧માં લંડનમાં ગોળમેજી પરિષદમાં જવા પહેલાં મહાત્મા ગાંધીએ બંધારણ તથા આર્થિક પ્રશ્નો વિશે. પ્રા. શાહની સારી મદદ લીધી હતી. ૧૯૧૦માં લંડન સ્કૂલ ઑફ ઈકોનોમિક્સના ડિગ્રીધારી અને પછી બેરિસ્ટર એટ લૉ ની ઉપાધિ મેળવનાર કે.ટી. શાહે પ્રથમ મૈસુરની મહારાણા યુનિ.માં પ્રોફેસર તરીકે કામ કર્યા બાદ ૧૯૨૧થી ૧૯૩૦ સુધી મુંબઈ યુનિ.ના અર્થકારણ અને સમાજશાસ્ત્રના અનુસ્નાતક વર્ગોમાં નિયામક બન્યા હતા. મુંબઈ યુનિ.ના અધ્યાપકોનું મંડળ સ્થાપવા જે સંમેલન ભરાયું હતું તેના પ્રમુખ તરીકે ખૂબ કિંમતી સેવા તેમણે બજાવી હતી.

પ્રા. શાહ દૂરંદેશી જીનિયસ તેમજ વિઝનરી હતા. પ્રા. શાહે ભારતને 'સેક્યુલર' જાહેર કરો તેવું સૂચન બંધારણ પરિષદમાં કર્યું હતું, જે નકારાયું હતું. રાષ્ટ્રપતિની સૌપ્રથમ ચૂંટણીમાં ડૉ. રાજેન્દ્ર પ્રસાદ સામે લોકશાહી પરંપરા જાળવવા ઊભા રહેલા પ્રા. શાહ ક્રાંતિકારી વિચારો ધરાવતા સાચા સમાજવાદી આયોજન નિષ્ણાત હતા. તે વખતના ડૉ. આંબેડકર, ડૉ. રાજેન્દ્ર પ્રસાદ, ડૉ. રાધાકૃષ્ણન જેવા દિગ્ગજો પ્રા. શાહના આગવા, મૌલિક અને દૂરંદેશી વિચારો અને નીડર અભિવ્યક્તિથી ચકિત હતા. **તે અરસાની બંધારણ સભાએ તેમના જે પ્રસ્તાવોને ખારીજ કર્યા હતા તે જ પછીના વર્ષોમાં ભારતના સંવિધાનમાં સામેલ કરવા પડ્યા હતા.** જે હવે પાયારૂપ અને વિશ્વવિખ્યાત લોકશાહી માટેનાં ઘરેણાં સમાન પુરવાર થયા છે. પ્રા. શાહે ભારતને સંઘીય અને સમાજવાદી એટલે કે 'સેક્યુલર, ફેડરલ અને સોશિયાલિસ્ટ' તેવી વિશેષતા બક્ષવાનો પ્રસ્તાવ મૂક્યો હતો પણ તેનો અસ્વીકાર થયો. ૧૯૭૬ના બંધારણમાં ૪૨મો સુધારો થતાં તેમાં 'સોશિયાલિસ્ટ' અને 'સેક્યુલર' શબ્દો અને તે પ્રકારની શાસન પ્રણાલીનો સ્વીકાર કરાયો હતો. પ્રા. શાહે 'બાઉન્ડ્રી કમિશન' રચવા પર ભાર મૂક્યો હતો પણ તેને નજરઅંદાજ કરાયો હતો. તેમના પ્રસ્તાવોને, બંધારણ સભાની રોજેરોજની કાર્યવાહીની મિનિટ્સમાં સારી રીતે નોંધ લેવાઈ છે. આ પ્રતિભાવાન કચ્છી અગ્રણી કચ્છી અર્થશાસ્ત્રીનું કોંગ્રેસમાં અદકેરું માન હતું. પ્રા. શાહ યુનાઈટેડ ટ્રેડ યુનિયન કોંગ્રેસના સ્થાપક પ્રમુખ હતા. એ ડાબેરી કામદાર સંગઠન એમણે ૧૯૪૯માં સ્થાપ્યું હતું.

પ્રા. શાહે અર્થશાસ્ત્ર અને સમાજવિજ્ઞાન ઉપર ૪૦થી વધારે અભ્યાસપૂર્ણ પુસ્તકો લખ્યા છે. તેમાં 'ફાઉન્ડેશન ઑફ પીસ' (૧૯૪૫) વિશેષ ઉલ્લેખનીય છે. સાહિત્યક્ષેત્રે એમણે 'સ્પ્લેન્ડર ધેટ વોઝ ઈન્ડિયા' પુસ્તક લખ્યું છે. ઉપરાંત ૩ ગુજરાતી નાટકો પણ લખ્યા છે. કચ્છી પ્રજાકીય પરિષદનું બંધારણ ઘડવામાં તેમનો મોટો ફાળો હતો અને એ પરિષદના તેઓ મંત્રી હતા. અત્રે નોંધવું રસપ્રદ થઈ રહેશે કે, બંધારણ સભાના બે કચ્છી સભ્યો સામસામે ચૂંટણી જંગમાં પણ ઊતરેલા! સ્વતંત્રતા પછીની પ્રથમ સામાન્ય ચૂંટણી જાન્યુઆરી ૧૯૫૨માં યોજાઈ હતી તેમાં પશ્ચિમ કચ્છની લોકસભા બેઠક પર ભવાનજી અ. ખીમજી (કોંગ્રેસ) સામે સ્વતંત્ર (અપક્ષ) ઉમેદવાર તરીકે પ્રા. કે.ટી. શાહ ચૂંટણી લડ્યા હતા. ભવાનજીભાઈ ૪૭,૧૪૯ મત મેળવી વિજયી થયા હતા, તો સામે પ્રા. શાહે ૧૭,૨૧૩ જેવા નોંધપાત્ર મત મેળવ્યા હતા.

## કચ્છની લોકકલા સંસ્કૃતિનું ભાતીગળ સંગ્રહાલય
## ભારતીય સંસ્કૃતિ દર્શન : કચ્છ

કચ્છની સમૃદ્ધ લોકકલા કારીગરી અને લોકસાહિત્યનું કલાત્મક રસદર્શન કરાવતા અને કચ્છના સંસ્કાર - દર્પણ ગણાયેલા સંગ્રહાલય 'ભારતીય સંસ્કૃતિ દર્શન : કચ્છ' એ એક વ્યક્તિનું વિરાટ સર્જન છે અને તેના સૃષ્ટા છે **રામસિંહજીભાઈ કાનજીભાઈ રાઠોડ** (૧૯૧૭-૧૯૯૭). 'સંસ્કૃતિ દર્શન' સંગ્રહાલય ઊભું કરીને તેના સર્જકે જાણે કચ્છ ધરાના ઉદરનો અસબાબ ઉઘાડ્યો છે. કચ્છની તળપદી સંસ્કૃતિનાં અભિજાત અંગો અને રંગોની અભિવ્યક્તિ પ્રત્યક્ષ કરવા તથા કચ્છી લોક સંસ્કૃતિની છાયા અને તેની અનેરી રંગતની તાસીર દર્શાવતું આ એથ્નોલોજિકલ મ્યુઝિયમ અને સ્ટડી સેન્ટર ઊભું થયું છે. ગુજરાતના મૂર્ધન્ય સાહિત્યકાર ઉમાશંકર જોશીએ શુભારંભ પ્રસંગે તેની ઓળખ આપતાં નોંધેલું કે, 'વિવિધતામાં એકતા કેળવવાની ભારતની યુગો જૂની સાધનાને કચ્છના ઈતિહાસ, સંસ્કૃતિ, વિજ્ઞાન, જહાજવિદ્યા, લોકકલા, સાહિત્ય આદિ દ્વારા ઓળખવા માટે આ સંસ્થાનો આરંભ થયો છે.'

કચ્છની અસ્મિતાના જ્યોતિર્ધર રામસિંહજીભાઈ ઈન્ડિયન ફોરેસ્ટ સર્વિસના અધિકારી હતા. કચ્છી કલા સંસ્કૃતિના વૈતાલિક ગણાતા આ સપૂતે 'કચ્છનું સંસ્કૃતિ દર્શન' ગ્રંથ (૧૯૫૯) માટે

કેન્દ્રીય સાહિત્ય અકાદમી પુરસ્કાર અને રણજિતરામ સુવર્ણ ચંદ્રક મેળવ્યો હતો. 'કચ્છ એન્ડ રામરાંધ' (૧૯૯૨)નું એમનું સંશોધન ખૂબ વખણાયું હતું. યુવાનીથી જીવનના છેલ્લા શ્વાસ લગી શિલ્પ - સ્થાપત્ય, લોકસાહિત્ય, લોકકલા, ઇતિહાસ, ભાષા અને ભૂસ્તરશાસ્ત્ર જેવાં કચ્છનાં વિવિધ ક્ષેત્રોમાં સંશોધન જારી રાખ્યું હતું. ૧૯૩૨ના અરસાથી તેઓએ આ સંગ્રહાલયમાં પ્રદર્શિત કચ્છ સંબંધી પ્રાચીન વસ્તુઓનું સંગ્રહ કરવાનું શરૂ કરેલું.

કચ્છનું સંસ્કૃતિ દર્શન કરાવતી આ વિપુલ સંસ્કાર સમૃદ્ધ અને સામગ્રી જીવનભરના પરિશ્રમથી એકત્રિત થઈ ત્યારે તેનો સમુચિત વિનિયોગ કરતી અને તેના ગૌરવનો પરિચય કરાવતી એક સાર્વજનિક સંસ્થા સ્થાયીભાવે ઊભી કરવાની સ્ફુરણાના ફળ સ્વરૂપે ૬ઠ્ઠી મે, ૧૯૭૭ના 'કચ્છ સંસ્કૃતિદર્શન આર.આર. ટ્રસ્ટ'ની રચના થઈ અને **ભુજમાં 'ભારતીય સંસ્કૃતિ દર્શન : કચ્છ'** નામનું ભવન સ્થાપી તેમાં સંગ્રહાલય સહ અભ્યાસ કેન્દ્ર ચાલુ કરવા તથા તે દ્વારા કચ્છની લોકકલા અને કચ્છની પ્રાચીન - અર્વાચીન અભ્યાસ સામગ્રીના અધ્યયન, સંશોધન અને નિદર્શનની પ્રવૃત્તિને વિકસાવવાનું ધ્યેય રખાયું.

ત્રણ વર્ષ બાદ ૧૨મી મે, ૧૯૮૦ અને બુધવાર (ગુરુ પંચમી)ના દિવસે ભુજમાં આ ભાતીગળ સંગ્રહાલયની સ્થાપનાના શ્રીગણેશ મંડાયા. ધીરે ધીરે તેનું સુચારુ આયોજન ઘડાતું ગયું. સામગ્રીઓ ગોઠવાતી ગઈ અને સંકુલ વિકસતું ગયું. ૧૯૯૧માં તેના 'ચોરા - ચબૂતરા - પરબ' વિભાગનું ઉદ્‌ઘાટન સંતશ્રી મોરારિબાપુના હસ્તે થયું અને ૨ જુલાઈ, ૧૯૯૨ (અષાઢી બીજ)થી તે પ્રજના પ્રદર્શનાર્થે ખૂલ્લું મૂકાયું. ૧૯૯૬માં આ મ્યુઝિયમને રામસિંહજીભાઈએ ભારતીય સંસ્કૃતિ ફાઉન્ડેશન સોસાયટીને વિધિવત્ સુપરત કર્યું હતું.

ભારતના આ વિશિષ્ટ પ્રકારના અને અનોખા આકારના લોકસંસ્કૃતિના આ અભિનવ સંગ્રહાલયમાં પાંચ હજાર વર્ષ પૂર્વેની સિંધુ સંસ્કૃતિના મોંહે જો દડોથી શરૂ કરીને આજ સુધીના કચ્છ પ્રદેશના સંસ્કૃતિ - સંસ્કારના પ્રાચીન - અર્વાચીન નમૂના અને તેની અભ્યાસ સામગ્રીનાં સાધનો અહીં સચવાયા છે. તેમાં કલા, સાહિત્ય, કારીગરી, ઇતિહાસ, ભૂશાસ્ત્ર, પુરાતત્ત્વ વગેરેનો સમાવેશ થાય છે. આ મ્યુઝિયમમાં લગભગ ૪,૫૦૦ જેટલી વસ્તુઓ અને ૩,૦૦૦ જેટલા અલભ્ય એવા ગ્રંથોનો સંચય થયેલો છે! સંપૂર્ણ સંગ્રહાલય વ્યવસ્થિત અને વૈજ્ઞાનિક ઢબે ગોઠવાયેલું છે. જેથી દેશી-વિદેશી અભ્યાસુઓ માટે એક પ્રમાણભૂત સંદર્ભ કેન્દ્રની ગરજ સારે છે. ભુજ શહેરની નૈઋત્યે જિલ્લા સેવા સદન અને દ્વિધામેશ્વર મંદિરની બાજુમાં આવેલા ભારતીય સંસ્કૃતિ દર્શન કચ્છનું સમગ્ર સંકુલ ૧,૪૯૨ ચો.મી.ના પરિસરમાં વિસ્તરેલું છે અને કચ્છીયતથી ધમધમે છે.

સંકુલમાં પ્રવેશતાં, ગ્રામ્ય પ્રદેશોનાં ઘરની જૂની રચના પ્રમાણેની 'ડેલી' આવે છે. જેમાં સંગીતના આઠ સૂરોવાળી ઘંટડીઓનો મધુર ઝંકાર પ્રવેશનારનું હાર્દિક અભિવાદન કરે છે! ડેલી વટાવી પ્રાંગણમાં પ્રવેશતાં સંસ્કૃતિ દર્શન સંકુલનું મુખ્ય મકાન નજરે પડે છે. દૂરથી જોતાં તે મકાનની બહારની ભીંતો પર મોંહે જો દડોની પ્રતીકાત્મક ચિત્રલિપિ લગાવેલી દેખાય છે. આ વિશાળ પ્રદર્શન કક્ષ લંબગોળ (ઊંધા 'યુ' અક્ષરના આકારનો) છે અને તેમાં 'પ્રવેશક'માં ત્રણ દરવાજા છે. અહીં પ્રવેશતાં ગણેશજીના વિવિધ આકાર - પ્રકારના લોકકલા શૈલીમાં કપડા પર આલેખાયેલાં ભરત-ચિત્રો છે. એક વિભાગમાં (ઘરેણાં, ધન કે અગત્યના દસ્તાવેજો સાચવવાના) જુદા જુદા આકારના ત્રાંબાનાં પાત્રો રખાયાં છે. તો વળી બીજા એક વિભાગમાં ભૂસ્તરવિદ્યા, ભૂગોળ, પુરાતત્ત્વ, પ્રાગૈતિહાસ અને ઇતિહાસ જેવા ક્ષેત્રીય વિભાગોના નમૂના રખાયા છે. **અહીં ૧૮૭૩ની સાલના કચ્છના જૂના નકશા પણ નિહાળવા મળે છે.** અન્ય એક વિભાગમાં પ્રાચીન લેખન સામગ્રીના નમૂના રખાયા છે. પ્રદર્શન કક્ષમાં ગોઠવણી એવી રીતે કરવામાં આવી છે કે સામસામી ભીંતોના ઉપરના કાચના શો-કેસમાં વસ્તુઓ પ્રદર્શિત થઈ છે, જ્યારે તેની નીચેના સળંગ ભાગમાં પ્રાચીન પુસ્તકોનો ભંડાર ભર્યો છે. કચ્છની સંસ્કૃતિની ઝલક અને ઝાંખી કરાવતા પ્રાચીન સ્થળો અને પુરાવશેષોની શ્રી રાઠોડની સુંદર તસવીરો અને એલ.સી. સોનીનાં તૈલચિત્રોનું પ્રદર્શન પણ મૂકાયું છે. આગળ ચાલતાં, ધાતુ-પાત્રોની બનેલી વિવિધ કલાત્મક પૂજન-સામગ્રીઓ ગોઠવાયેલી છે. તો એ પછી સંગીતનાં વિવિધ કાષ્ઠ-સાધનો મૂકાયેલા છે. એ પછીના વિભાગમાં ભાતીગળ સામગ્રીનાં દર્શન થાય છે.

સામેના મધ્યસ્થ ખંડમાં પ્રવેશતાં અહીં લાગેલા કચ્છના વિવિધ મહાનુભાવોના સુંદર તૈલચિત્રો ખાસ ધ્યાન ખેંચે છે. અહીં પણ મૂલ્યવાન પુસ્તકોનો ખજાનો ભર્યો છે. ગુજરાતના કલાગુરુ રવિશંકર રાવળે દોરેલાં મૂળ ચિત્રો અહીં પ્રદર્શિત થયા છે. સંસ્કૃતિ દર્શન સંકુલનો બીજો નાનો ઉપવિભાગ બાજુમાં આવેલો છે. સંસ્કૃતિ દર્શનની બહાર નીકળ્યા પછી વચ્ચેનો રસ્તો ઓળંગી સામેના 'ચોરો-ચબૂતરો-પરબ'ના નામે ઓળખાતા આ ખુલ્લા વિભાગમાં જઈ શકાય છે. ગ્રામ્ય લોક સંસ્કૃતિની તાસીર અને તસવીરોને તાદશ કરતા અહીંના ભાતીગળ માહોલમાં કેસર-ચોરો, તુલસી-પરબ, ચબૂતરો, અષ્ટકોણીય હોજ, વિશાળ પારણું, લોકજાતિઓના ભૂંગાઓના હૂબહૂ મોડેલ ઊભા કરાયા છે. ભારતીય સંસ્કૃતિ દર્શનનું આ 'ઓપન એર મ્યુઝિયમ' કહી શકાય! અહીં કચ્છની જ જુદી જુદી વનસ્પતિઓ વાવી ઉછેરવામાં આવી છે. અહીંના 'કમ્મઠાણ' (હવે કચ્છનું સંસ્કૃતિ દર્શન, આર.આર. ટ્રસ્ટ)માં સમયાંતરે કચ્છી લોકકલાકારોને આમંત્રી, એમની બેનમૂન કલા કસબની કારીગરીનું પ્રત્યક્ષ નિદર્શન પણ ગોઠવવામાં આવે છે. અહીં તાજેતરમાં કચ્છના રણનું દશ્ય ખડું

કરાયું છે. રાજ્ય સરકાર તરફથી મળેલા અનુદાન થકી સંકુલનું મરમ્મત અને રંગકામ હાલમાં પૂરું કરાયું છે પણ આ સાંસ્કૃતિક તીર્થના વિકાસ અને જતન માટે કાયમી ફંડની તાતી જરૂરત વરતાય છે.

કચ્છ યુનિ. અને ભારતીય સંસ્કૃતિ દર્શન : કચ્છ વચ્ચે કચ્છી ચેર માટે ૨૦૧૧-૧૩ના બે વર્ષ માટે એમ.ઓ.યુ. થયા હતા. ૭મી એપ્રિલ, ૨૦૧૨ના સંસ્કૃતિ વિભાગ માટે આ **સંસ્થાનું કચ્છી ચેર દ્વારા 'કચ્છ રત્ન' એવોર્ડથી સન્માન પણ થયેલું છે.** પ્રસંગોપાત અહીં મેળાવડા, પરિસંવાદો અને સમારંભો પણ ગોઠવાતા રહે છે. કચ્છી ભાષા, હસ્તકલા, કમાંગરી કલા, રાગ અને લોક સાહિત્યના અપ્રાપ્ય એવા નમૂના તથા અભ્યાસ સામગ્રીનો લાભ વિદ્યાર્થીઓ, અભ્યાસીઓ, સંશોધકો, રસજ્ઞો લઈ શકે તે માટે કેન્દ્ર રવિવાર સિવાય દરરોજ સવારે ૧૦.૩૦થી ૧.૧૫ અને સાંજે ૪ થી ૬ વાગ્યા સુધી ખુલ્લું રહે છે. સંપર્ક : નીતાબેન કે. જોશી - વ્યવસ્થાપક. ફોન : (૦૨૮૩) ૨૨૪૫૮૦, મો. ૮૧૪૦૨ ૯૪૪૩૧

# એશિયાના અમીર ગામોમાં અવ્વલ : માધાપર

એશિયાના સૌથી ધનવાન ગામ તરીકે ભુજની ભાગોળે આવેલા માધાપર ગામને અનોખું ગૌરવ મળ્યું છે. જ્યાં કરોડો નહીં, બલકે અબજો રૂપિયાની સમૃદ્ધિની ચમકદમક દેખાય છે. ભુજથી ૬ કિ.મી.ના અંતરે આવેલું આ ગામ શહેરો જેવી જ, બલકે તેને પણ આંટી મારે એવી આર્થિક સંપન્નતા અને માળખાકીય સુવિધા ધરાવે છે. મુખ્યત્વે લેઉઆ પટેલોની વસતી ધરાવતું **માધાપર ગામ એશિયાના 'કુબેરના ગામ' તરીકે જાણીતું છે.** જુદી જુદી વેબસાઈટ્સ અને પ્રાદેશિક તથા રાષ્ટ્રીય ટી.વી. ચેનલ્સ પર એશિયાના ૧૦ સમૃદ્ધ ગામોમાં ભુજ તાલુકાના માધાપર અને બળદિયાની વિગતો મૂકવામાં આવે છે. તાજેતરના એક અહેવાલ મુજબ માધાપર ગામ પાસે ૩૪૭૭ કરોડની બેંક અને પોસ્ટ ડિપોઝિટ છે. આ ગામમાં મુખ્યત્વે બિનનિવાસી ભારતીયો (એન.આર.આઈ.) દર વર્ષે કરોડો રૂપિયા ડિપોઝિટ કરાવે છે. આ ગામમાં ૧૯થી પણ વધુ બેંકો આવેલી છે અને ૨૦ જેટલા એ.ટી.એમ. આવેલા છે. બે કે ત્રણ બેંકો અહીં આવવાની તૈયારીમાં છે. તો બેંક ઓફ બરોડા અને સ્ટેટ બેંક ઓફ ઈન્ડિયાની તો બે-બે શાખાઓ છે! સમજો કે, અહીં દરેક શેરીમાં બેંક છે અને દરેક ચોવટા પર એ.ટી.એમ. છે! આપણે નામેય સાંભળ્યું ન હોય એવી બેંકોની શાખાઓ ખૂલતી જાય છે. માલેતુજાર માધાપરમાં રાષ્ટ્રીયકૃત, ખાનગી અને સહકારી બેંકોનો જમાવડો છે. અહીંની બેન્કિંગ સુવિધા શહેરની બેન્કિંગ સુવિધાને પણ ટક્કર મારે તેવી છે. કોઈ એક ગામમાં આટલી બધી બેંકો હોય તેવું માધાપર, કદાચ એશિયામાં એકમાત્ર ગામ હશે. મનીલેન્ડ માધાપર પાસે કેન્દ્રશાસિત રાજ્યનું બજેટ પણ પાછું પડે છે. છેલ્લા સર્વે મુજબ હાલ માધાપર ગામની તમામ બેંકો - પોસ્ટ ઓફિસની ડિપોઝિટ ૩૪૭૭ કરોડની થાપણો ધરાવે છે. કુલ થાપણ પૈકી ૮૦ ટકા રોકાણ વિદેશ વસતા માધાપરવાસીઓનું છે. દર વર્ષે દસેક ટકા જેટલો વધારો થાપણમાં થતો રહે છે. આટલી બધી માતબર ડિપોઝિટના કારણે આ ગામ ભારતમાં જ નહીં પરંતુ સમગ્ર એશિયામાં સૌથી આર્થિક સમૃદ્ધ - સધ્ધર ગામ તરીકે ઉપસી આવ્યું છે.

૨૦૧૧ની વસ્તી ગણતરી પ્રમાણે માધાપરની વસતી ૩૨,૨૯૩ છે અને ૭,૬૩૦ ઘર છે. સાક્ષરતાનું પ્રમાણ ૮૫.૫૨ ટકા જેટલું ઊંચું છે. બે ગ્રામ પંચાયતો (નવાવાસ અને જૂનાવાસ) ધરાવતા માધાપરનો વિસ્તાર ૨૬.૬૭ ચો.કિ.મી. છે. તેની અધધધ... થાપણો જોતાં દરેક વ્યક્તિ લખપતિ છે. માથાદીઠ ૧ લાખ કરતાંયે વધુનું રોકાણ છે અને ઘરદીઠ સરેરાશ ૪૫ લાખ ૫૦ હજાર કરતાંયે વધુની પુંજી બેંકોમાં થાપણરૂપે મૂકેલી છે. અહીં સુઘડ અને લાઈનબંધ શેરીઓ, પાણી, સિમેન્ટ રસ્તા, ગટર વ્યવસ્થા, રોડલાઈટ, બાગ બગીચા, પ્લે ગ્રાઉન્ડ, ખેલકૂદ સંકુલ, સરકારી તેમજ ખાનગી શાળાઓ, હોસ્પિટલ, અદ્યતન પુસ્તકાલય, સુસજ્જ સમાજવાડીઓ, હોટલ, રિસોર્ટ, શોપિંગ મૉલ જેવી સુવિધાઓ ઉત્તમ છે. ગામના ભવ્ય પ્રવેશદ્વાર અને રોનકદાર બંગલાઓ સૌ કોઈનું ધ્યાન ખેંચે છે.

આ ગામની આટલી મબલક સમૃદ્ધિ પાછળનું કારણ વિદેશ વસતા કણબી પટેલો અને ભારતના અનેક રાજ્યોમાં ધંધાનો પથારો ધરાવતા ગૂર્જર ક્ષત્રિય (મિસ્ત્રી) સમાજના માધાપરવાસીઓ છે. માધાપર ગામના લગભગ પાંચેક હજારથી પણ વધુ લોકો વિદેશમાં વસવાટ કરે છે. જેમાં મુખ્યત્વે આફ્રિકાના દેશ મુખ્ય છે. મધ્ય આફ્રિકામાં બાંધકામ વ્યવસાયમાં ગુજરાતીઓનો દબદબો છે, જેમાં માધાપરવાસીઓ પણ મોટા પ્રમાણમાં છે. ત્યારબાદ ઈંગ્લેન્ડ, ઓસ્ટ્રેલિયા, અમેરિકા, ન્યુઝીલેન્ડ, કેનેડામાં પણ ઘણા લોકો શ્રીસુખ પામ્યા છે. છેલ્લા કેટલાક વર્ષોથી અખાતી દેશો તરફ માધાપરવાસીઓએ રોજગાર માટે એન્ટ્રી મારી છે. આ રીતે વિદેશોમાં કમાઈને પોતાના વતનમાં મોટી સંખ્યામાં નાણું ડિપોઝિટ થતું હોવાથી આ ગામ

એન.આર.આઈ.નું સૌથી વધારે પૈસાદાર ગામ છે. માધાપર ગામની અને કચ્છની સુખાકારી માટે બિનનિવાસી કચ્છીઓ પાછા પડતા નથી અને પોતાનું ઉમદા યોગદાન આપતા રહે છે. બીજી એક લાક્ષણિકતા નોંધવા લાયક છે કે, તેઓ પોતાના પૂર્વજોના ગામની માટીની મહેક ભૂલતા નથી. તેઓ માધાપરના નાના મોટા સેવાકાર્યો અને જનસુવિધાઓ માટે હંમેશાં તત્પર રહે છે. એ રીતે માધાપર અન્ય શ્રીમંત ગામો માટે પ્રેરણારૂપ છે. આટઆટલું તવંગર ગામ હોવા છતાં ખેતી અને બાંધકામ જેવા શ્રમવાળા વ્યવસાયમાં મહિલાઓ સહિત 'માધાપરિયાઓ' જોડાયેલા રહેવાની પ્રકૃતિ ધરાવે છે. એને લીધે સ્થાનિક લોકોનું પણ આર્થિક ઉપાર્જન વધારે રહેતું હોય છે.

આ એક વિકસિત અને સમૃદ્ધિથી તરબતર પટેલ ચોવીસી પૈકીનું એક ગામ છે. એની પાછળ છે ગ્રામવાસીઓની મહેનત, સાહસ અને દિમાગનું સાયુજ્ય! સાક્ષાત લક્ષ્મીજીનો વાસ માધાપરમાં છે. અહીંના રહેવાસીઓ પર કોઈ કરજ નથી. અહીં બેંકો સતત ધમધમતી હોય છે, ખાસ કરીને મોટી રકમ ડિપોઝિટ કરાવવા! માધાપરમાં દર દોઢ હજારની વસતી દીઠ એક બેંક આવેલી છે જે એક આશ્ચર્ય પમાડે એવી ઘટના છે. બેંકોને અહીં પોતાનો શ્રેષ્ઠ ધંધો કરવાની મોકળાશ મળે છે. કરોડોનો કારોબાર કરતી બેંકોએ આ વિસ્તારમાં સામાજિક ઉત્તરદાયિત્વ નિભાવવા વધુને વધુ આગળ આવવું જોઈએ એવું માનનારા ઘણાં છે. અહીં દરેક પ્રકારની સુખસુવિધા મોજૂદ છે. વિકાસની રાહ પર આ ગામ ઘણું આગળ વધેલું છે. તેથી જ મહાનગરોને તે મહાત આપે છે.

**માધાપર જેવી જ શાનોશૌકત ભુજ તાલુકાનું બળદિયા ગામ ધરાવે છે.** આ ધનાઢ્ય ગામમાં પણ અબજોની બેંક / પોસ્ટ ડિપોઝિટ છે અને બેંકોના આકર્ષણનું કેન્દ્ર છે. લક્ષ્મીજીનીકૃપા મેળવવામાં ભાગ્યશાળી બનનાર માધાપર અને બળદિયા જેવા ગામો સપનાનાં તાજ તો છે જ સાથે નવતર પ્રકારનું સીમાચિહ્ન સ્થાપનાર મની પાવર ધરાવતા મોડર્ન વિલેજ પણ છે!

*(વિશેષ સહયોગ : નરેશભાઈ પી. અંતાણી - માધાપર)*

## રાજકીય ક્ષેત્રે વ્યક્તિગત કીર્તિમાન

આઝાદી મળ્યા પછી કચ્છ ભારત સંઘમાં **જૂન ૧૯૪૮**ના ભળ્યું. કચ્છ પ્રદેશ 'સી' સ્ટેટના દરજ્જા પછી દ્વિભાષી મુંબઈ રાજ્યમાં વિલીન થયું અને છેવટે ગુજરાત રાજ્યનો એક જિલ્લો બન્યું. આ સમયગાળામાં કચ્છી અગ્રણીઓએ, રાજકીય નેતાઓએ વ્યક્તિગત સીમાચિહ્ન સ્થાપી મહત્ત્વના પદ હાંસલ કર્યા અને નીતનવા રાજકીય કીર્તિમાનો સ્થાપ્યા. જોઈએ, એ ગૌરવશાળી પ્રતિભાઓને.

સંવિધાનના નિષ્ણાત, માનવતાવાદી ન્યાયવિદ્, શિક્ષણશાસ્ત્રી અને મુત્સદ્દી રાજનેતા **મહમદ કરીમ (એમ.સી.) ચાગલા** (ઇ.સ. ૧૯૦૦-૧૯૮૧)નું મૂળ વતન કચ્છ હોવાના નાતે એક કચ્છી પ્રતિભા રાજ્યપાલ અને કેન્દ્રીય મંત્રીપદે રહ્યાની ગૌરવપૂર્ણ નોંધ લેવી ઘટે. બહુઆયામી વ્યક્તિત્વના સ્વામી એમ.સી. ચાગલા ૧૯૬૩માં કોંગ્રેસી નહીં હોવા છતાં કેન્દ્રીય પ્રધાનમંડળમાં શિક્ષણ પ્રધાન બન્યા હતા. ૧૯૬૫માં તે યુનેસ્કોમાં ભારતના પ્રતિનિધિ તરીકે ગયા હતા. ૧૯૬૬માં ઇંદિરા ગાંધીના પ્રધાન મંડળમાં ચાગલા વિદેશ ખાતાના પ્રધાન બન્યા હતા. ૧૯૬૭માં નીતિવિષયક મતભેદોને કારણે તેમણે પ્રધાન મંડળમાંથી રાજીનામું આપ્યું અને સર્વોચ્ચ અદાલતમાં વકીલાત શરૂ કરી. ૧૯૪૭થી ૧૯૫૮ સુધી મુંબઈ હાઈકોર્ટમાં મુખ્ય ન્યાયાધીશપદે રહ્યા પછી તે દ્વિભાષી મુંબઈ યુનિવર્સિટીના ઉપકુલપતિ, હેગ સ્થિત આંતરરાષ્ટ્રીય અદાલતમાં ન્યાયાધીશ, અમેરિકામાં ભારતના રાજદૂત તથા બ્રિટનમાં ઉચ્ચાયુક્ત તરીકે પણ રહ્યા હતા. ૧૯૩૪માં તેમણે કચ્છ પ્રજા માટે પ્રજાકીય રાજ્ય બંધારણનો મુસદ્દો, કચ્છી પ્રજાકીય પરિષદની વિનંતીથી બહાર પાડ્યો હતો.

મૂળ માંડવી તાલુકાના બિદડા ગામના વતની એવા **દિનેશભાઈ હીરાલાલ ત્રિવેદી** (જન્મ ૧૯૫૦) યુ.પી.એ.ની ડૉ. મનમોહનસિંહની સરકાર વખતે ૨૨મી મે, ૨૦૧૦થી ૧૩ જુલાઈ, ૨૦૧૧ દરમિયાન આરોગ્ય અને પરિવાર કલ્યાણ ખાતાના કેન્દ્રીય રાજ્યમંત્રી રહ્યા હતા. ૧૨ જુલાઈ, ૨૦૧૧થી ૧૮ માર્ચ, ૨૦૧૨ સુધી કેન્દ્રીય રેલવેમંત્રીના મોભાદાર અને જવાબદારીવાળા પદે રહ્યા હતા. તેઓ લોકસભામાં સાંસદ તરીકે ૨૦૦૯માં બરાકપોર (પશ્ચિમ બંગાળ)થી તૃણમૂલ કોંગ્રેસ પક્ષ તરફથી ચૂંટાયા હતા. એ અગાઉ રાજ્યસભાના સભ્ય તરીકે ગુજરાતમાંથી જનતા દળ તરફથી ૧૯૯૦થી ૧૯૯૬ સુધી અને પશ્ચિમ બંગાળમાંથી તૃણમૂલ કોંગ્રેસ તરફથી ૨૦૦૨થી ૨૦૦૮ સુધી, એમ બે ટર્મ રહ્યા હતા. વ્યવસાય પાઇલટ અને ઉદ્યોગપતિ એવા દિનેશભાઈએ એમ.બી.એ.ની પદવી ટેક્સાસ યુનિ. (ઓસ્ટીન) ખાતેતી મેળવી છે. સીતાર વાદન અને અભિનયમાં રસરૂચિ ધરાવતા દિનેશભાઇ ઇન્ડો-યુરોપિયન યુનિયન પાર્લામેન્ટરી ફોરમના ચેરમેન રહી ચૂક્યા છે. રેલવેમંત્રીનું પદ સંભાળ્યા પછી તેમણે માદરે વતન કચ્છની

અવારનવાર મુલાકાત લીધી હતી અને ભુજને મોડેલ સ્ટેશન બનાવવાની જાહેરાત કરી હતી. રેલવે બજેટમાં કચ્છમાં રેલવે કોચ ફેક્ટરી સ્થાપવા સાથે ત્રણ ટ્રેન (ભુજ - બાંદ્રા, ગાંધીધામ - બાંદ્રા અને ભુજ - શાલીમાર)ની ભેટ આપી હતી. કચ્છી રેલવેમંત્રી દિનેશભાઈને બજેટ અકસ્માત નડ્યો અને ભાડાં વધારાથી નારાજ તૃણમૂલ વડા મમતા બેનરજીએ રાજીનામું માંગી લીધું હતું. રેલ ભાડાં વધારાના વિખવાદમાં આખરે દિનેશભાઈએ ૧૮ માર્ચ, ૨૦૧૨ના રાજીનામું આપ્યું હતું.

૧૯૭૫માં જનસંઘના ધારાસભ્ય તરીકે જનતા મોરચાના એક ઘટક પક્ષના પ્રતિનિધિ તરીકે **સુરેશચંદ્ર રૂપશંકર મહેતા** (જન્મ ૧૯૪૭)એ ગુજરાત વિધાનસભામાં પ્રવેશ કર્યા પછી તેઓ વિપક્ષી નેતા, દંડક, કેબિનેટ મંત્રી વરાયા હતા. એમનો રાજકીય પ્રભાવ તથા વર્ચસ્વનો આ તબક્કો હતો. સુરેશભાઈ ૧૨મી માર્ચ, ૧૯૯૦થી ૨૬મી ઓક્ટોબર, ૧૯૯૦ સુધી ચીમનભાઈ પટેલના મંત્રીમંડળમાં અને ૧૯મી માર્ચ, ૧૯૯૫થી ૨૦મી ઓક્ટોબર, ૧૯૯૫ સુધી કેશુભાઈ પટેલના પ્રધાન મંડળમાં કેબિનેટ મંત્રી રહ્યા હતા. ૧૯૯૫માં કેશુભાઈ સરકારમાં નાણાં અને ઉદ્યોગ પ્રધાન તરીકે મંત્રીમંડળમાં તેઓ દ્વિતીય ક્રમનું મોભાભર્યું સ્થાન ધરાવતા હતા. **૨૧મી ઓક્ટોબર, ૧૯૯૫ના ગુજરાતના પંદરમા મુખ્યમંત્રી તરીકે પ્રથમ કચ્છી માડુ - માંડવીના ધારાસભ્ય સુરેશભાઈએ ધનતેરસના સપરમા દિને શપથ લીધા હતા.** સુરેશભાઈ ગુજરાતના નાથ બનતાં કચ્છના ઇતિહાસની સુવર્ણ પળે કચ્છભરમાં આનંદ છવાયો હતો. રાજ્યના સર્વોચ્ચ આસને સુરેશભાઈ પદારૂઢ થયા તે કચ્છની રાજકીય તવારીખની અવિસ્મરણીય પળ હતી! કચ્છને જાણે સમય અને સંજોગોએ ન્યાય અપાવ્યો હોય તેમ કચ્છના એક પ્રતિનિધિના શિરે ગુજરાતના મહાઅમાત્યનો તાજ મૂક્યો હતો. એ ઘટના ગુજરાતના રાજકારણમાં કચ્છના આત્મગૌરવની સ્થાપના ગણીને કચ્છીઓ આ આનંદમાં સહભાગી થયા હતા. પ્રથમ કચ્છી મુખ્યમંત્રી સુરેશભાઈનું ભુજ ખાતે ૨૫મી નવેમ્બર, ૧૯૯૫ના અભૂતપૂર્વ રાજકીય સન્માન કરાયું. કચ્છ ગૌરવ દિનની શાનદાર ઉજવણી પ્રસંગે તેમણે ૨૫૦ કરોડના ખર્ચે મુંદ્રા બંદરના વિકાસ અને ૪૦૦ કરોડના ખર્ચે તરતા વીજમથકની બે મહત્ત્વાકાંક્ષી યોજના જાહેર કરી હતી. ઓગસ્ટ ૧૯૯૬ના અંત ભાગમાં ભાજપમાં શંકરસિંહ વાઘેલાએ કરેલા બળવાના પગલે સર્જાયેલી સ્થિતિમાં ૧૮ સપ્ટેમ્બરે ધાંધલ-ધમાલ વચ્ચે વિપક્ષોની ગેરહાજરીમાં સુરેશભાઈની સરકારે વિશ્વાસનો મત સંપાદન તો કર્યો પણ પછી બીજા દિવસે કેન્દ્રીય મંત્રીમંડળે રાષ્ટ્રપતિ શાસન લાદીને રાજ્ય વિધાનસભાને મૂર્છિત રાખવાનો વિવાદાસ્પદ નિર્ણય લેતાં કચ્છમાં આઘાતની લાગણી ફેલાઈ હતી.

કચ્છના રાજકીય આગેવાનોએ સ્થાપેલા મહત્ત્વના સીમાચિહ્નોમાં આપણે પ્રથમ કચ્છી રાજ્યપાલ અને કેન્દ્રીય મંત્રી એમ.સી. ચાગલા, કેન્દ્રીય કેબિનેટ મંત્રી દિનેશભાઈ ત્રિવેદી અને ગુજરાતના સર્વપ્રથમ કચ્છી મુખ્યમંત્રી સુરેશભાઈ મહેતા વિશેની વિગતો જોઈ ગયા પછી બીજા વધુ રાજકીય પ્રતિમાનો રચનાર કચ્છી રાજનેતાઓ વિશે વાત કરીએ.

કચ્છ માટે ગૌરવાનંદ જગાડે એવું સ્થાન સંસ્થા કોંગ્રેસના સિદ્ધાંતનિષ્ઠ આગેવાન, સ્વાતંત્ર્ય સેનાની, **કુંદનલાલભાઈ જશવંતલાલ ધોળકિયા** (૧૯૨૦-૨૦૧૧)એ મેળવ્યું હતું. તેઓ ૨૮મી જૂન, ૧૯૭૫ના પાંચમી ગુજરાત વિધાનસભાના અધ્યક્ષપદે સર્વાનુમતે ચૂંટાયા હતા. કચ્છમાંથી આવું બહુમાન મેળવનાર તેઓ પ્રથમ હતા. કુંદનભાઈ ૨૮મી જૂન, ૧૯૭૫થી ૨૦મી જૂન, ૧૯૮૦ સુધી (૨૮મી માર્ચ, ૧૯૭૭થી ૨૧મી એપ્રિલ, ૧૯૭૭ના ૨૪ દિવસના ગાળાને બાદ કરતાં) સ્પીકરપદે રહ્યા હતા. તેમણે ૨૮મી માર્ચ, ૧૯૭૭ના રોજ રાજીનામું આપ્યું હતું અને ગુજરાત વિધાનસભાના ઇતિહાસમાં રાજીનામું આપનાર તેઓ પ્રથમ અધ્યક્ષ હતા! તે પછી તેમનું પદ થોડા સમય માટે ઉપાધ્યક્ષ મનુભાઈ પાલખીવાળાએ સંભાળ્યું હતું. ત્યારબાદ એક મહિનાની અંદર જ કુંદનભાઈ ફરી વિધાનસભાના અધ્યક્ષપદે ચૂંટાયા હતા અને તેમણે ૨૦ જૂન, ૧૯૮૦ સુધી જવાબદારીવાળી કામગીરી, સિદ્ધાંતોમાં ચલિત થયા વગર એક ધર્મ સમજીને સફળ રીતે સંભાળી હતી. વિધાનસભાના એક શ્રેષ્ઠ સ્પીકર તરીકે ગુજરાતભરમાં આજે પણ તેમની ગણના થાય છે. આ ગાંધીવાદી અગ્રણી વિધાનસભાના કુશળ વાલી તરીકે સુખ્યાત છે. કચ્છની ૧૯૯૫ સુધીની રાજકીય તવારીખમાં સૌથી મોટું પદ 'વિધાનસભાના અધ્યક્ષ' તરીકે ૧૯૭૫માં કુંદનલાલભાઈને મળ્યું હતું. સંસદીય લોકશાહીના પ્રહરી તરીકે સ્પીકરની ગણના થાય છે અને તેની ગરિમા કુંદનભાઈએ સફળતાપૂર્વક નિભાવી હતી. જનતા મોરચાની બાબુભાઈ જ. પટેલની સરકાર વખતે લાંબા સમય પછી રાજ્યકક્ષાએ કચ્છને મોભાદાર સ્થાન મળ્યું હતું. ગુજરાતનો રાજકીય ઇતિહાસ આલેખતા એમના ત્રણ પુસ્તકો ખૂબ આવકાર પામ્યા છે. એમનું 'શ્રુતિ અને સ્મૃતિ : કચ્છ' (૧૯૮૦) પુસ્તક એક મહત્ત્વના સંદર્ભગ્રંથની ગરજ સારે છે.

વિધાનસભાની તવારીખમાં ૨૩ વર્ષ પછી કચ્છને બીજીવાર મહત્ત્વનું સ્થાન મળ્યું હતું. ધારાસભ્ય તરીકે પહેલી જ વાર ચૂંટાઈને આવીને દસમી ગુજરાત વિધાનસભાના મોભાદાર તેમજ જવાબદારીભર્યા અધ્યક્ષપદે ૧૯મી માર્ચ, ૧૯૯૮ના સર્વાનુમતે ચૂંટાઈ આવનાર રાપર મત વિભાગના જનપ્રતિનિધિ **ધીરજભાઈ (ધીરુભાઈ) સ્વરુપચંદ શાહ** (૧૯૫૨-૨૦૦૮) અધ્યક્ષોની તવારીખના સળંગ ક્રમમાં

સત્તરમા, નિયમિત અધ્યક્ષોના ક્રમમાં તેરમા અને કચ્છી અધ્યક્ષોના ક્રમમાં બીજા અધ્યક્ષ બન્યા હતા! સૌથી નાની વયે અધ્યક્ષપદ સંભાળવાનો ફતેહઅલી પાલેજવાલાનો વિક્રમ ધીરુભાઈ શાહે તોડ્યો હતો! તેઓએ ૪૫ વર્ષની વયે આ પદ સંભાળ્યું હતું. તેઓ આ પદ પર ૨૭ ડિસેમ્બર, ૨૦૦૨ સુધી રહ્યા હતા.

કચ્છના સર્વમાન્ય નેતા, સ્વાતંત્ર્ય સેનાની, લોકપ્રિય જનનાયક **પ્રેમજીભાઈ ભવાનજી ઠક્કર** (૧૯૧૦-૧૯૭૬) એ સર્વપ્રથમ કચ્છી મંત્રી તરીકે શપથ લીધા હતા. તેઓ ૧૯૫૬માં મુંબઈના મહાદ્વિભાષી રાજ્યમાં જાહેર બાંધકામ, રસ્તા અને મકાન વિભાગ તથા બંદર ખાતાના નાયબ પ્રધાન નિમાયા હતા. કોંગ્રેસના પ્રેમજીભાઈ મુંબઈ રાજયમાં નાયબ પ્રધાનપદ તથા ગુજરાત રાજયમાં પ્રથમ નાયબ પ્રધાનપદ તથા બાદમાં કેબિનેટ મંત્રીપદે રહી સેવા આપી હતી. ૧૯૫૬થી ૧૯૬૦ મુંબઈમાં અને ૧૯૬૦થી ૧૯૬૨ ગુજરાતમાં નાયબ પ્રધાન તરીકે રહ્યા હતા. પ્રેમજીભાઈ ૪થી માર્ચ, ૧૯૬૭થી ૧૩મી મે, ૧૯૭૧ સુધી ગુજરાતના (હિતેન્દ્રભાઈ દેસાઈના) પ્રધાન મંડળમાં મહેસૂલ, કાયદો, ન્યાયતંત્ર, બંદરો, વસવાટ નિયંત્રણ, મુદ્રણ અને લેખનસામગ્રી, સુવર્ણ નિયંત્રણ વગેરે ખાતાના કેબિનેટ મંત્રી રહ્યા હતા.

૨૦૦૪ના વર્ષમાં કચ્છના રાજકીય વ્યક્તિ વિશેષોમાં સાંસદ **પુષ્પદાનભાઈ ગઢવી** (જન્મ ૧૯૪૦)એ એક અનોખો કીર્તિમાન સ્થાપ્યો હતો. તે વર્ષે ૧૩મી મે ના દિવસે ચૌદમી લોકસભા માટે કચ્છની બેઠક પર ભાજપના પુષ્પદાનભાઈએ વિજય મેળવીને તે પદ પર સતત ચોથીવાર ચૂંટાવાનો નવો વિક્રમ રચ્યો હતો! સળંગ ચાર ટર્મ સુધી સંસદસભ્ય તરીકે ચૂંટાનાર પી.એસ. ગઢવીએ નવો ઇતિહાસ સર્જ્યો હતો. પુષ્પદાનભાઈ ૧૯૯૬, ૧૯૯૮, ૧૯૯૯ અને ૨૦૦૪ – એમ સળંગ ચાર વખત લોકસભા ચૂંટણી જીત્યા હતા. એમનો કાર્યકાળ ૧૧થી ૧૪મી લોકસભાનો રહ્યો હતો.

ગુજરાત રાજયમાં કચ્છી મહિલા પ્રધાન નથી બન્યા પણ મહારાષ્ટ્રમાં ૧૯૮૬માં કચ્છી પ્રધાન બન્યા મૂળ બારોઈ તા. મુંદ્રાના **કુ. ચંદ્રિકા પ્રેમજી મુલજી કેનિયા** (જૈન) (જન્મ : ૧૯૫૧). પ્રારંભિક કારકિર્દીમાં કોંગ્રેસી એવા ચંદ્રિકાબેન ઉચ્ચ શિક્ષણ મેળવેલા અને ક્રિકેટર તથા સમાજસેવિકા તરીકે જાણીતા છે. તેમને એસ.બી. ચવાણના મંત્રીમંડળમાં રાજયકક્ષાના શિક્ષણ મંત્રી તરીકેનું પદ મળ્યું હતું. તેઓ પ્રધાનપદે ૧૯૮૬થી ૧૯૮૮ સુધી રહ્યા હતા. તેઓ શિવસેના તરફથી ૧૯૯૦થી ૧૯૯૬માં રાજયસભામાં ચૂંટાયા હતા અને રાજયસભામાં પહોંચનાર તે પ્રથમ કચ્છી મહિલા પણ બન્યા હતા. કચ્છના પ્રથમ મહિલા સાંસદ તરીકે તુણા ગામના **ઉષાબેન રાઘવજી ઠક્કર** (આઠમી લોકસભા, ૧૯૮૪-૮૯) એ પોતાનું નામ અંકિત કર્યું છે. કચ્છ જિલ્લા પંચાયતના સર્વપ્રથમ મહિલા પ્રમુખ તરીકે **જાગૃતિબેન બાબુભાઈ મેઘજી શાહ** (લાકડિયા)એ પોતાનું નામ દર્જ કરાવ્યું છે. તેઓ ફતેહગઢ બેઠક પરથી જિલ્લા પંચાયતમાં ચૂંટાયા હતા. તેમણે ૬ઠ્ઠી ઓક્ટોબર, ૨૦૦૦થી ૧૨મી મે, ૨૦૦૫ સુધી પદભાર સંભાળ્યો હતો. કચ્છના પ્રથમ મહિલા ધારાસભ્ય તરીકે મૂળ ભુજના **ત્રિલોચનાબેન ઉષાકાંત ધોળકિયા**એ પહેલું ક્રાંતિકારી કદમ ભર્યું હતું. તેઓ મુંબઈ વિધાનસભામાં વાગડ મતક્ષેત્રમાંથી કોંગ્રેસના ઉમેદવાર તરીકે માર્ચ ૧૯૫૭માં જીત્યા હતા.

*(કચ્છ : ૭૦ દાયકાનાં સીમાચિહ્ન)*

*બી-૧, પ્લોટ નં. ૫૭૨, ઓધવ વિલા,*
*આઈયા નગર, મુંદ્રા રોડ, ભુજ, કચ્છ-૩૭૦ ૦૦૧.*
*મો. ૯૪૨૮૮ ૧૯૪૫૩*

## કોઈની ઇર્ષ્યા કરશો નહીં

ઈર્ષ્યા ઘણીવાર માનસિક શાંતિમાં ખલેલ પહોંચાડે છે. તમે કોઈની પણ ઈર્ષ્યા કરો છો? ઈર્ષ્યા એ તો મોઢામાં પડેલું ચાંદુ છે. 'અ' એ તમારી કચેરીમાં બઢતી રોકી રાખી છે, કે 'બ' એ તમારા ધંધામાં તમારી હરીફાઇ કરીને તમને બરબાદ કરી મૂક્યા છે, એ માનવું ભૂલભરેલું છે. એટલું ધ્યાનમાં રાખો કે કોઈ પણ તમારી કારકિર્દી બનાવી કે બગાડી શકતું નથી. તમારી કારકિર્દી અને તમારું જીવન તમારા પૂર્વજન્મોનાં કર્મથી જ ઘડાયેલા હોય છે. જો જીવનમાં તમે ઊંચે આવવાના હશો તો દુનિયાની કોઈ પણ તાકાત તમને રોકી શકવાની નથી અને જો તમારું નસીબ તમને ઊંચે આવવા દેવાનું ન હોય તો દુનિયાની કોઈ પણ તાકાત તમને ઊંચે લાવી શકવાની નથી. **દરેક મનુષ્યના જીવન પર તેના પ્રારબ્ધની જ સત્તા ચાલે છે.** દરેક મનુષ્યોનાં જીવન સ્વતંત્ર અવલંબિત (અરસપરસ સંકળાયેલા) જણાય છે. આ બરાબર યાદ રાખો. આ મુદ્દો ફરીથી બરાબર સમજી લો. કદી પણ કોઈની ઈર્ષ્યા કરશો નહીં. તમારી કમનસીબી માટે બીજા ઉપર દોષનો ટોપલો ઢોળશો નહીં. આજે કોઈપણ પોતાની ભૂલ સ્વીકારવા તૈયાર નથી. પોતાની નિષ્ફળતા માટે ઘણાં કારણો આપતો હોય પણ એમ ક્યારે પણ નહીં વિચારે કે અમુક કારણસર મને નિષ્ફળતા મળી. આ માનવ જીવનની એક વિડંબના છે.

*સંકલન : ચંદ્રકાંત દામજી શાહ (કે.ડી. શાહ) - અમદાવાદ*

કચ્છ

# માણસ વધારે લાંબા આયુષ્ય સાથે ક્યાં જીવી શકે?

આર્યગુરુ મુકેશ

## બી.બી.સી.એ એક સર્વેમાં જણાવ્યું છે કે કચ્છના લોકો લાંબુ અને સારું આયુષ્ય ભોગવે છે

લાંબા આયુષ્યવાળા લોકો કચ્છ, હિમાલય અને રશિયાનાં અઝરબેઝાનમાં ઘણાં છે. પાકિસ્તાનનાં હૂંઝા પ્રદેશમાં પણ સો વર્ષ કરતા વધારે ઉંમરનું આયુષ્ય ભોગવનારાં અનેક ખેડૂતો છે. હિમાલયની અંદર એવા અનેક ગામો છે જેમાં રહેલાં અનેક લોકોની ઉંમર ૧૦૦થી ૧૨૦ વર્ષ સુધીની છે. એનાં મૂળ કારણોમાં :

૧. ત્યાંની હવા મલાઈદાર છે કારણકે એની અંદર પ્રદૂષણનું પ્રમાણ ઓછું હોય છે.

૨. હિમાલયનાં પાણીની અંદર ખનીજ એટલે કે મિનરલ્સનું પ્રમાણ વધારે છે જે માણસનાં હાડકાંને શરીરને અને મગજને વધારાની તાકાત આપે છે.

૩. અહીંયા કોઈ જાતનો મોટો ઉદ્યોગ નથી. કોઈ ખાસ મોટો બિઝનેસ નથી થતો. એટલે વ્યક્તિ પાસે બે ઑપ્શન છે. ધોરણ દસ સુધી ભણી અને ડ્રાઈવરની નોકરીએ લાગી જવું અથવા લશ્કરમાં જોડાવું. ત્રીજો વિકલ્પ છે ઘર છોડી, રાજ્ય બહાર જઈને કામ શોધવું અને ચોથો વિકલ્પ જે ઘણાં કરે છેઃ બેસી રહેવું...!

પરંતુ જેને કહેવાય કે એકદમ સાદું જીવન, વધારે લાલચ નહીં, સરળતા અને સતત કામ કરવાની તૈયારી અને સાથે કુદરત તરફથી સારો ઑક્સિજન, સારું પાણી અને પાચનશક્તિ જે પહાડ પર સતત ચડ-ઉતર કરવાને કારણે મળે છે. આ બધાં કારણોથી ત્યાંનાં લોકોનું પેટ અંદર રહે છે. રોગપ્રતિકારક શક્તિ બરાબર રહે છે. આ લોકોથી બીમારી દૂર ભાગે છે.

આવો જ છે પાકિસ્તાનનો બીજો એક પ્રદેશ, હુંઝા પ્રદેશ. જેમ ગુજરાતમાં ઉંઝા છે એમ અહીંયા છે હુંઝા. અહીંનો ખેડૂત ૧૧૫-૧૨૦ વર્ષની ઉંમરે પણ સવારે ખેતરે કામ કરવા જવા માટે નીકળી પડે છે. એટલે ત્યાંની જમીનમાં, પાણીમાં એવા તત્ત્વો છે જે માણસને સ્ફૂર્તિ, ઉત્સાહ અને આરોગ્ય આપે છે. સાથે સાથે એ લોકો સવારનાં નાસ્તામાં ખૂબ સારી ગુણવત્તાવાળા જરદાળુનો નાસ્તો કરે છે. પરંતુ કેવળ, જરદાળુથી જ આયુષ્ય ન વધે...!

માણસનાં લાંબા આયુષ્ય માટે એની DNAની ચેઇન, વાતાવરણ, ખડતલ જીવનશૈલી, પાણી અને ખનીજતત્ત્વો ખૂબ મોટો ભાગ ભજવે છે.

રશિયામાં અઝરબેઝાન નામનો પ્રદેશ છે. જ્યાંનાં લોકોની એક અદ્‌ભુત આધ્યાત્મિક સિધ્ધિ છે. હું માનું છું કે વર્તમાન ક્ષણમાં જીવવા માટેની પાયાની શરતને આ લોકોએ પાળી બતાવી છે. દરરોજ, તાજું બનાવીને ખાવાનું અને ગમે તેટલું સારું ખાવાનું હોય પરંતુ સાંજે જમી લીધા પછી બાકીનું પોતાનાં પાલતું ઢોરને ખવડાવી દેવાનું...!

બીજા દિવસે કોઈએ વાશી ખવાનું નહીં, એમનાં પ્રાણીઓને પણ નહીં...! છે ને અદ્‌ભુત વાત. એટલે એ લોકો પોતે તો લાંબુ જીવે પરંતુ સાથે એમનાં પ્રાણીઓ પણ તાજો આહાર ખાઇને સારું અને લાંબું જીવે છે.

અને આપણી વૃત્તિ જુઓ. આપણાંમાંથી અનેક ઘરોમાં બા કે દાદી ખોરાક વાસી થાય પછી પોતાને ત્યાં કામ કરનાર સર્વન્ટને આપતાં હોય છે. અનેક દાદીઓ, બા મંદિરે ગયા પછી પણ બદલાઈ શકતા નથી. **મંદિરની ભક્તિ એમની વૃત્તિને બદલી શકતી નથી. પરંતુ અઝહરબેઝાનનો ખેડૂત મંદિર, મસ્જિદ કે ચર્ચમાં ગયા વગર જ કુદરતી રીતે અદ્‌ભુત સાત્ત્વિક વૃત્તિ સાથે જીવે છે.**

અઝહરબેઝાનમાં રસ્તાઓની બહુ સગવડ નથી. વાહનો ઘણાં ઓછા છે. ત્યાં મોબાઈલ ટાવર ઘણાં ઓછા કે નહિંવત હશે; ડૉક્ટરો પણ ઘણાં ઓછાં. દૂર દૂરથી કોઈ એકાદ જણ બીમાર પડે ત્યારે ડૉક્ટર ત્યાં આવે કઈ રીતે? એટલે હવે તો એવું થયું છે કે ભાગ્યે જ કોઈ વ્યક્તિ બીમાર પડે છે. અને ધારો કે બીમાર પડે તો એ વ્યક્તિ જાતે જ સાજી થઈ જાય છે કારણકે એને ખબર જ છે કે અહીંયા એને સાજા કરવા માટે કોઈ આવવાનું નથી...!

કુદરતની આ જ થિઅરી પર જંગલનાં પ્રાણીઓ પણ જાતે જ સાજા થઈ જાય છે. પૃથ્વી ઉપરનાં દરેક જીવની અંદર, બીમાર પડ્યા પછી જાતે જ સાજા થવાની કુદરતી શક્તિ રહેલી

છે. શરીર પોતે જ બીમારીને દૂર કરે છે, સાજું થાય છે.

આવી જ કાંઈક વાત છે કચ્છની. બી.બી.સી.એ એક સર્વે કર્યો કે **કચ્છની જમીનમાં, તેની આબોહવામાં અને પાણીમાં કાંઈક એવા તત્ત્વો છે જેને કારણે અનેક લોકો સો વર્ષથી પણ વધુ લાંબું અને સારું આયુષ્ય ભોગવે છે. અહીંની જમીનમાં રહેલાં ખનીજો શરીરને વૃદ્ધ થતું અટકાવે છે અને મનુષ્યને વર્ષો સુધી યુવાન રાખે છે.** એનાં હાડકાં અને ફેફસાંને મજબૂત રાખે છે, લોહીને પ્રમાણસર પાતળું રાખે છે.

**કચ્છનાં અબડાસા નામનાં પ્રદેશમાં,** ત્યાંની જમીન અને હવામાં, પાણીમાં પ્રદૂષણ નહિંવત હોવાને કારણે પણ આવો ગુણ છે. ત્યાં બે માસ રહેવાથી દવા વિના જ દર્દીનો ટી.બી. અને અસ્થમાં પણ મટી શકે છે. આ બધું જાણ્યા બાદ હવે અહીં રહેવા માટે ઘણાં વિદેશીઓ બુકિંગ કરાવે છે.

*માત્ર કચ્છમાં રહેવાથી જ પાકું આરોગ્ય ન મળે...! ૧૪૯૭માં વાસ્કો-ડી-ગામાને ભારતનો રસ્તો બતાવનાર* ***કાનજી માલમ*** *કચ્છી હતા...! સદીઓથી દરિયાઈ માર્ગે મુસાફરી કરનાર, મહેનતથી રૂપિયો કમાનાર કચ્છી વ્યક્તિનાં ડી.એન.એ.માં જ પરિશ્રમ, ખંત અને ધીરજ રહેલાં છે.*

*કચ્છમાં રહેવાથી ત્યાંના હવા, પાણી જરૂર મદદ કરશે પરંતુ ઘેર પાછા ગયા બાદ જીવનપદ્ધતિને પણ મહેનતુ બનાવવી પડશે. કચ્છી લોકો ગામડામાં જેવું મહેનતવાળું અને સાદું જીવન જીવે છે એવું જીવન જો જીવવાનું શરૂ કરાય તો જરૂર આરોગ્ય આપની સાથે જ રહેશે.*

*આપણાં શરીરને ટકવા માટે સારા હવા, પાણીની અને શુદ્ધ તેમજ પોષક આહારની જરૂર છે.*

*પરંતુ હવા, પાણી અને આહારને પચાવવા માટે રોજેરોજ મહેનત અને વ્યાયામ જરૂરી છે. મનમાં પરમાત્મા ઉપરનો વિશ્વાસ જરૂરી છે. કારણકે આપણે એટલે શરીર, મન અને આત્મા.*

ગયા વર્ષે આપણને આશ્ચર્ય થાય એવો આંકડો કે પચ્ચીસ લાખ જેટલા વિદેશીઓ કચ્છનાં અબડાસામાં રહેવા આવ્યા હતા. તેઓ ત્રણ-ચાર માસ ત્યાં રહ્યાં અને કોઈ મુસાફરી કે પ્રવાસ કર્યા વગર માત્ર એક સ્થળે જ રહેલાં અને આરામ કરીને પાછા પોતાનાં વતન ચાલ્યા ગયા.

અહીં રહેવાથી માણસને પાયાનું આરોગ્ય પ્રાપ્ત થાય છે અને જીવનમાં આરોગ્યમય વર્ષો ઉમેરાય છે. કચ્છનાં ગ્રામીણ વિસ્તારનાં લોકોની જીવનશૈલીની પણ એક વાત જોઈ લઈએ. એ લોકો ઘઉંનો જાડો લોટ અને ગોળ ભેગાં કરી, પાણીમાં બાફી, એમાં ઘી ભેગું કરીને પછી એનો લાડુ બનાવીને ખાય છે, જે આપણાં હાડકાં માટે અને શરીરને યુવાન રાખવા માટે ખૂબ સારું કામ કરે છે.

એવી જ બીજી એક ચાવી સમજવા જેવી છે. જુવાર, ઘઉં, તલ, મગ અને બાજરી — આ પાંચેયને અધકચરા ખાંડી, પાણીમાં પલાળી દેવાના. થોડાંક પાણીમાં બે-એક કલાક આ બધું પલળે પછી એની અંદર છાશ ભેગી કરીને એમાં જ એને રાંધવાનું. આ રીતે છાશમાં જ પાંચ અનાજને ભેગા કરી, રાંધીને રાત્રે ભોજનમાં લેવાય તો શરીરની અંદર શક્તિનો જાણે કે ફૂવારો છૂટે છે.

પરંતુ, માત્ર આરોગ્યમય આબોહવામાં રહેવાથી, આહારમાં પરિવર્તન કરવાથી કે સારું પાણી પીવાથી જ લાંબું જીવન ન મળે. અબડાસા, હિમાલય કે રશિયાનાં આ બધાં જ લોકો વધુ ચાલે છે. એ લોકો જ્યારે ભોજન કરે છે ત્યારે પેટને જરા ખાલી રાખીને જૈન ધર્મનાં ઊણોદરી વ્રતનું પાલન કરે છે. અને આમ થવાને કારણે એમનું પેટ પણ અંદર હોય છે, પગ પણ મજબૂત હોય છે અને ફેફસાં તેમજ હૃદય પણ ખૂબ જ સારી રીતે કામ કરે છે.

અને સૌથી મોટી વાત : આમાંથી લગભગ લોકોને આવતીકાલનું ભેગું કરવાની લાલચ નથી, ચિંતા નથી. કારણકે એમને પરમાત્મા પર પાકો ભરોસો છે. એ લોકો મેડિટેશન સાથે જીવે છે. આપણે પરમાત્માની વાતો કરીને ધ્યાન કરીએ છીએ તો ખરા પરંતુ ન પરમાત્મા પર ભરોસો છે, ન મેડિટેશનને જીવીએ છીએ. મિત્રો, જો ધ્યાનથી જીવવાનું શરૂ કરશો અને પરમાત્માને હૃદયની અંદર રાખશો તો ન મંદિરે જવાની જરૂર પડશે, ન બંધ આંખોને વધુ સમય ધ્યાન કરવાની જરૂર પડશે.

પ્રભુ આપને લાંબા જીવનનું સાચું રહસ્ય સમજવા અને અમલ કરવાની શક્તિ આપે એવી પ્રાર્થના. ■

## ગાંધી અને સ્ત્રી સમાનતા

(અનુસંધાન : પાના નં.-૫૭ ઉપરથી ચાલુ)

સત્તાવાદના અમલમાં સ્ટાલિન અને માઉત્સે તુંગ જેવા માર્કસવાદીઓ કોઈ મહારાજ કે મૌલાના કરતાં સહેજેય ઓછા ન હતા.

**બોલ્શેવિક ક્રાંતિ કે ચીનની લોંગ માર્ચમાં સામેલ થનાર સ્ત્રીઓની સંખ્યા કરતાં ભારતની આઝાદીની લડતમાં જોડાનાર અને તેને નેતાગીરી પૂરી પાડનાર સ્ત્રીઓની સંખ્યા ઘણી મોટી હતી.** તેની પાછળનું એક પરિબળ ગાંધીનો સ્ત્રીઓ વિશે મોટા પાયે બદલાયેલો દૃષ્ટિકોણ હતું. ગાંધીનું એ સદ્ભાગ્ય હતું કે તેમને મિલી પોલેક, સોન્જાશ્લેસિન અને કમલાદેવી ચટ્ટોપાધ્યાય જેવી મહિલાઓ સાથે વિવાદ કરાવવાની કે સંવાદ સાધવાની તક મળી હતી.■

કચ્છ

# ભૂકંપ પછીનું કચ્છનું અર્થકારણ

સી.એ. ડૉ. રાજેશ ખંડોલ

● **પ્રાસ્તાવિક :**

કચ્છ એ ગુજરાતનો ક્ષેત્રફળની દૃષ્ટિએ સૌથી મોટો જિલ્લો છે. ગુજરાતના કુલ ક્ષેત્રફળનો ૨૩.૨૦ ટકા હિસ્સો ધરાવે છે. કુલ ૪૫,૬૧૨ ચો.કિ.મી.નું વિશાળ ક્ષેત્રફળ ધરાવતા આ જિલ્લામાં આડેસરથી નારાયણ સરોવર વચ્ચે પૂર્વથી પશ્ચિમ તરફ જતા છેડાઓને પસાર કરતાં લગભગ ૩૫૦ કિ.મી. જેટલું અંતર કાપવું પડે છે.

કચ્છમાં ૨૬ જાન્યુઆરી, ૨૦૦૧ના આવેલ વિનાશક ભૂકંપમાં ૧૫,૦૦૦થી વધારે વ્યક્તિઓએ જાન ગુમાવ્યા અને ૧,૬૭,૦૦૦થી પણ વધારે લોકો ઘાયલ થયા. અસંખ્ય શાળાઓ, રહેણાકનાં મકાનો, અન્ય બિલ્ડિંગો અને માલ મિલ્કતને નુકસાન થયું. ભૂકંપ પછીના થોડા દિવસો તો એવું લાગતું હતું કે કચ્છ હવે ક્યારેય ઊભું નહીં થઈ શકે. અહીં ભૂકંપની ભયાનકતા વિશે વાત નથી કરવી, પણ ચર્ચા એ કરવી છે કે એ ભયાનકતા કેવી રીતે ભૂતકાળમાં ફેરવાઈ ગઈ. માત્ર ૧૫ વર્ષના ટૂંકા ગાળામાં એક ફિનીક્સ પક્ષીની માફક કચ્છ બેઠું જ ન થયું, પણ ક્યાંય ન થયો હોય તેવો વિકાસ અહીં થયો છે. કેટલીય સરકારી સંસ્થાઓ, જ્ઞાતિઓનાં ટ્રસ્ટો અને સ્વૈચ્છિક સંસ્થાઓ મદદે આવ્યાં અને મદદ કરી પણ ખરી. પણ કચ્છની ખમીરવંતી પ્રજાએ એ સાબિત કરી દીધું કે વિકટ પરિસ્થિતિમાં મળતી મદદ એ માત્ર આંગળી પકડીને રાહ બતાવવા પૂરતું જ કામ કરી શકે છે, પણ મંજિલ તો પોતે જ ચાલીને પાર કરવી પડે છે. દેશમાં ઘણી જગ્યાઓએ ભૂતકાળમાં ભૂકંપ આવ્યા છે અને સરકારી સહાયો પણ મળી છે પરંતુ કચ્છના ભૂકંપ પછી જે વિકાસ થયો છે તે સરકાર માટે પણ ઉદાહરણ સ્વરુપ છે. કુદરતી આફતોમાં સરકારી નીતિ કેવી હોવી જોઈએ એ માટે તે માર્ગદર્શક થઈ શકે તેમ છે. હંમેશાં સહાય આપવી એ ઉકેલ નથી, પણ આફતનો ભોગ બનેલા પ્રદેશની કુદરતી લાક્ષણિકતાઓ ધ્યાનમાં રાખીને નીતિ - પોલિસી ઘડવાથી હંગામી ઉકેલના બદલે કાયમી ઉકેલ મળી શકે તેમ છે.

દેશમાં મેટ્રો સીટીઓમાં વધારો થયા જ કરે છે અને ગામડાંઓ અને મધ્યમ કક્ષાનાં શહેરો તૂટી રહ્યાં છે. વસ્તી વધારાની સરખામણીમાં મેટ્રો સીટી માળખાકીય સગવડો પૂરી પાડી શકતાં નથી અને મધ્યમ કક્ષામાં રહેલી માળખાકીય સુવિધાઓનો પૂરો ઉપયોગ થઈ શકતો નથી. સમગ્ર દેશના વિકાસ માટે નાના નાના શહેરો (ટાઉન)નો વિકાસ ખૂબ જરૂરી છે એ એક નિર્વિવાદ હકીકત છે. કચ્છનો આર્થિક વિકાસ એ દેશના સમગ્ર વિકાસને સાચી દિશામાં માર્ગદર્શન આપતું એક જીવંત ઉદાહરણ છે.

દુબઈ જેવા રણ પ્રદેશમાં કુદરતે ખાસ કંઈ આપ્યું ન હોવા છતાં જો આત્યંતિક વિકાસ થઈ શકે, તો કચ્છને તો કુદરતે કેટલાય ખનીજો, કુદરતી બંદરો અને પુષ્કળ પ્રમાણમાં ખેતીલાયક જમીન આપી છે. જો સાચી દિશામાં આ બધાં સંસાધનોનો ઉપયોગ થાય, તો હજી પણ ઘણો વિકાસ સાધી શકાય તેમ છે.

‘કચ્છી માડુ’ આમ પણ સાહસિક કહેવાય છે. વર્ષો પહેલાં કચ્છમાં ધંધા રોજગારની તકો ન હોવાના કારણે આપણા કચ્છીઓ આફ્રિકા અને ગલ્ફના દેશોમાં અને મુંબઈ વગેરે જઈ વેપારના ક્ષેત્રમાં પોતાનું નામ કાઢ્યું છે. પણ હવે સમય બદલાઈ રહ્યો છે. હવે ધંધા રોજગારની તકો કચ્છમાં પણ સર્જાઈ રહી છે. ઈન્ટરનેટના માધ્યમથી સમગ્ર વિશ્વ સાથે જોડાણ થઈ શકે તેમ છે. સાચી દિશામાં પ્રયાસોથી ઘણું કરી શકાય તેમ છે.

કચ્છનો જે વિકાસ થયો છે તે મહદ્ અંશે ૨૦૧૩ સુધી જ થયો છે. ત્યારબાદ ઔદ્યોગિક ક્ષેત્રમાં ઉત્પાદનમાં ઘટાડો નોંધાયો છે. વિશ્વની સ્પર્ધાત્મક ઝડપ અને સરકારી અમલદારોની ભ્રષ્ટ અને ધીમું કામ કરવાની વૃત્તિ — એ બંનેનો તાલમેલ મેળવીને વિકાસને જાળવી રાખવો લગભગ મુશ્કેલ થતું જાય છે. છેલ્લા ત્રણ વર્ષથી ચિત્ર થોડી ચિંતા પેદા કરે તેવું થઈ ગયું છે.

અહીં એવા કેટલાક પરિબળોની ચર્ચા કરીએ જેના કારણે આર્થિક વિકાસ સાધી શક્યા છીએ. ત્યારબાદ આર્થિક વિકાસને આંકડાકીય માહિતી દ્વારા દર્શાવતા કેટલાંક કોમન બેરોમીટર વિશે ચર્ચા કરીશું. ત્યારબાદ કચ્છમાં આર્થિક વિકાસ જે મુખ્ય પાંચ ઉદ્યોગોમાં થયો છે તે વિશે ચર્ચા કરીશું અને સાથે વધારે સારી રીતે વિકાસ સાધી શકવા માટે શું સુધારાની જરૂર છે અને હજી કયા ક્ષેત્રોમાં વધુ તકો રહેલી છે તે વિશે માહિતી મેળવીશું.

## કચ્છના વિકાસમાં ભાગ ભજવનાર મુખ્ય પરિબળો

**(૧) સરકાર દ્વારા ભૂકંપગ્રસ્ત જિલ્લા માટે 'વેટ' અને 'એક્સાઇઝ માફી'ની જાહેર કરેલ યોજના :**

સરકારે જાહેર કરેલી પાંચ વર્ષની એક્સાઈઝ માફી અને અમુક શરતોને આધીન એવી સ્કીમના કારણે સારા એવા ઉદ્યોગો કચ્છ તરફ આકર્ષાયા છે. આજના આ સ્પર્ધાત્મક વ્યાપારમાં કરવેરાની બચત એ એક નિર્ણાયક પરિબળ સાબિત થાય છે. અને તેનો લાભ લેવા માટે કેટલાય ઉદ્યોગો ભૂકંપ પછી કચ્છમાં આવ્યા છે. તેના કારણે કચ્છમાં ઔદ્યોગિકીકરણને વેગ સાંપડ્યો છે.

**(૨) કચ્છમાં રહેલા બંદરોનો વિકાસ :**

સમગ્ર કચ્છ દરિયા કિનારે વસેલો પ્રદેશ છે. કચ્છમાં કંડલા, મુંદ્રા, જખૌ અને માંડવી – એમ મુખ્ય ચાર બંદરો આવેલ છે. તેમાં કંડલા અને મુંદ્રા કુદરતી બંદરો છે અને ઉચ્ચકક્ષાની માળખાકીય સુવિધાઓની ઉપલબ્ધતા કરાવે છે. ખાસ કરીને મુંદ્રા બંદર તો અદાણી ગ્રુપના હસ્તક વર્ષોવર્ષ માળખાકીય સુવિધાઓમાં વધારો કરી રહ્યું છે.

કચ્છનાં બંદરો ભૌગોલિક રીતે અખાતી દેશો જેવા કે દુબઇ સાથે ખૂબ જ ઓછું અંતર ધરાવે છે. તે ઉપરાંત ભારતના જ મધ્ય પ્રદેશ, ઉત્તર પ્રદેશ, પંજાબ, દિલ્હી, હરિયાણા, રાજસ્થાન જેવાં રાજ્યોમાં કોઈ પણ બંદર જેવી વ્યવસ્થા ન હોવાથી તેમના માટે ભૌગોલિક રીતે કચ્છનાં બંદરો જ વધારે અનુકૂળ આવે છે. મોટાભાગના ઉદ્યોગો આયાત અથવા નિકાસ પર આધારિત હોય છે. તેમને બંદર નજીકનાં સ્થળોમાં સ્થાપવાથી માલ પરિવહન ખર્ચ (Handling and transport)માં મહત્ત્વનો કાપ મૂકી શકાય છે.

**(3) કચ્છમાં ખેતીનો વિકાસ :**

કુદરતની મહેરબાનીથી કચ્છમાં સરેરાશ ૨૭૦ મિ.મિ. જેટલો વરસાદ પડતો હતો. જે લગભગ ૨૦૦૨થી ૨૦૧૫ સુધીમાં બમણો થઈ ગયો. (છેલ્લા ત્રણ વર્ષમાં સરેરાશ ખૂબ જ ઓછો વરસાદ થયો છે, જે એક ચિંતાનો વિષય છે) અને વિસ્તારની દૃષ્ટિએ તો હજી પણ ઘણી જ ખેતીલાયક જમીન બાકી છે. બાગાયતી પાકો જેવા કે ખારેક, કેરી, દાડમ વગેરેનું છેલ્લા દાયકામાં ખૂબ જ વાવેતર થયું અને ખેત પ્રવૃત્તિઓને વેગ સાંપડ્યો છે.

## ભૂકંપ બાદ કચ્છમાં થયેલ આર્થિક વિકાસને સાબિત કરતી માહિતી

**(૧) અસામાન્ય વસતી વધારો :**

સામાન્ય રીતે જે સ્થળોએ આર્થિક વિકાસ અને રોજગારીની તકો હોય એ વિસ્તારોમાં જ લોકોનું સ્થળાંતર થતું હોય છે. છેલ્લે ૨૦૧૧માં થયેલ વસ્તી ગણતરીના આંકડાઓ મુજબ કચ્છની કુલ વસ્તી ૨૦,૯૦,૩૧૩ છે જે ૨૦૦૧ની કુલ વસ્તીની સરખામણીમાં ૩૨.૦૩ ટકાનો વધારો સૂચવે છે.

**(૨) બેંકોની સંખ્યા, તેની કુલ થાપણો અને કુલ ધીરાણો :**

આર્થિક ઉદારીકરણની નીતિ બાદ મોટાભાગની બેંકોમાં જનતાનો હિસ્સો દાખલ થયો છે અને મહદ્ અંશે દરેક બેંકો તેમની શાખાઓનું નેટવર્ક કેમ વિસ્તારવું તેનો નિર્ણય, એ જે તે વિસ્તારમાં વસાવાયેલ ધંધાની તકો કેટલી રહેલી છે તેના પર સંપૂર્ણ વ્યવસાયિક રીતે વિચાર કરીને લે છે. કચ્છમાં વધી રહેલી બેંકોની શાખાઓની સંખ્યા જ દર્શાવે છે કે અહીં આર્થિક વિકાસ થયો છે. ભૂકંપ સમયે અંદાજિત ૧૫૦ આસપાસ બેંકોની શાખા ધરાવતું કચ્છ ૨૦૧૭માં ૪૧૫ જેટલી શાખાઓ ધરાવે છે.

ધંધાના કયા ક્ષેત્રમાં મુખ્ય વિકાસ થયો છે એ વિશે જો વિસ્તૃત ચર્ચા કરીએ તો કચ્છમાં આર્થિક વિકાસ અહીં જણાવેલ પાંચ ક્ષેત્રના કારણે થયો છે એમ કહી શકાય. બીજા ઘણાં ક્ષેત્રો હશે જેમાં પણ આર્થિક વિકાસ થયો હશે, પણ એમના આંકડા કુલ અર્થતંત્રની સરખામણીમાં મહત્ત્વના ન હોવાથી આપણે એવા ક્ષેત્રનો ઉલ્લેખ નહીં કરીએ.

**(૧) ખેતી ક્ષેત્ર :**

ભારત ખેતીપ્રધાન દેશ છે. સમય, મનુષ્યની જરૂરિયાતો, રહેણીકરણી વગરે સતત બદલાતા રહે છે, પણ અન્નની જરૂરિયાત આજથી હજારો વર્ષો પહેલાં પણ મનુષ્યને હતી, આજે પણ છે અને આવતાં હજારો વર્ષો પછી પણ આ જરૂરિયાત રહેવાની જ છે. આજે આ એક જ એવું ક્ષેત્ર કે ઉદ્યોગ છે જેમાં ૧૦ ટકા કાચો માલ નાખીને ૧૦૦ ટકા પાકો માલ મેળવી શકાય છે.

બીજા ઉદ્યોગોમાં રહેલી માળખાકીય સુવિધાઓ અથવા તો કુદરતી ખનીજ કે સંપત્તિનો ઉપયોગ કરવાથી તેનો નાશ થાય છે, જે ભવિષ્યમાં આવનાર પેઢીઓ માટે જોખમકારક છે. પણ ખેતી એક એવો ઉદ્યોગ છે જેમાં ભવિષ્યમાં આવનાર પેઢીને કે પર્યાવરણને કોઈ નુકસાન નથી. છેલ્લા દોઢ દાયકામાં ખેતીના ક્ષેત્રે કચ્છનો વિકાસ હરણફાળ સમાન ગણાવી શકાય. સિંચાઈ માટેના ડેમો, કૂવા અને અન્ય વ્યવસ્થામાં નોંધપાત્ર વધારો થયો છે. કચ્છે મુખ્યત્વે તો બાગાયતી પાકોમાં સારું એવું નામ કાઢ્યું છે.

● **ખારેક :**

કચ્છની ખારેકની ગુણવત્તામાં વર્ષોવર્ષ સુધારો થતો જોવા મળે છે. આજે વિદેશમાં ૫૦૦થી ૬૦૦ રૂપિયે કિલોગ્રામ વેચી

શકાય તેવી ગુણવત્તા કચ્છની ખારેકમાં છે. ભારતમાં ૨૦૦થી ૩૦૦ રૂપિયે કિલોગ્રામ જ વેચાય છે. ખારેક માટે સૂકી હવા, ખૂબ તાપ અને ઓછું પાણી — આ મુખ્ય જરૂરિયાતો છે, જે કુદરતી રીતે કચ્છની આબોહવાને સુસંગત છે. કચ્છમાં ખારેકનું વાવેતર વર્ષોવર્ષ વધતું જાય છે. ૨૦૧૫-૧૬ના ખારેક ઉત્પાદનના આંકડા તપાસીએ તો માલૂમ પડશે કે કુલ ઉત્પાદન ૧,૬૫,૬૩૪ મેટ્રિક ટન થયું છે. સરેરાશ ૭૦ રૂપિયાના ભાવના આધારે રૂપિયા ૧૦૦૦ કરોડથી પણ વધારેની ઉપજ છે.

● **કચ્છી કેસર કેરી :**

ખારેકની માફક કેસર કેરીને પણ માફક આવે તેવી કચ્છની આબોહવા છે. કચ્છની કેસર કેરીની ગુણવત્તાએ છેલ્લા થોડાં વર્ષોમાં ગીરની કેરીને પણ પાછળ પાડી દીધી છે. ૨૦૧૪-૧૫ની આંકડાકીય માહિતી મુજબ કચ્છમાં કુલ ૮૫૨૩૯ મેટ્રિક ટન જેટલું ઉત્પાદન થયું છે. સરાસરી ૫૦ રૂા. પ્રતિ કિલોના આધારે અંદાજિત ૪૦૦ કરોડનું કચ્છી કેરીનું માર્કેટ છે.

● **દાડમ :**

કેરી અને ખારેકની માફક દાડમ પણ વાવેતર બાદ બેથી ત્રણ વર્ષ પછી થાય છે. કચ્છમાં દાડમની ખેતી નોંધપાત્ર રીતે વધી રહી છે. ૨૦૧૫-૧૬ની આંકડાકીય માહિતી મુજબ કચ્છમાં દાડમનું કુલ ૭૨,૪૯૩ મેટ્રિક ટન જેટલું ઉત્પાદન થયું છે. સરેરાશ ૫૦ રૂા.ના ભાવના આધારે અંદાજિત ૩૫૦ કરોડનું માર્કેટ છે. બાગાયતી પાકો ઉપરાંત કચ્છમાં કેટલાક મહત્ત્વના પાકમાં પણ નોંધપાત્ર વધારો જોવા મળે છે.

**(૨) બંદર અને પરિવહન ક્ષેત્ર :**

કુદરતે કચ્છને ચાર બંદર આપેલ છે. જેમાં બે તો કુદરતી બંદર હોવાથી સમગ્ર વર્ષ પરિવહન થઈ શકે છે. બંદરમાં માલ પરિવહન માટે ભારતમાં ઉત્તમ કહી શકાય તેવી સુવિધાઓ કંડલા અને મુંદ્રા બંદરે ઉપલબ્ધ છે.

કચ્છનાં બંદરોને કચ્છના ભૌગોલિક ફાયદાઓના કારણે અખાતી દેશો અને ભારતનાં મુખ્ય પાંચથી છ રાજ્યોનો આયાત-નિકાસ પરિવહનનો ધંધો મળે છે.

કચ્છનાં બંદરો હાલમાં ભારતની કુલ આયાત-નિકાસના ૨૩ ટકા જેટલા માલનું પરિવહન કર છે, જે ઉચ્ચ કક્ષાની માળખાકીય સુવિધાઓને આધારે નજીકના પાંચ વર્ષોમાં વધીને ૩૦ ટકા સુધી જવાની અપેક્ષા રાખી શકાય તેમ છે.

માલ પરિવહનના વધારા સાથે ટ્રાન્સપોર્ટ ઉદ્યોગ, ગોડાઉન, ક્લિયરીંગ અને ફોરવર્ડિંગ ઉદ્યોગ, શીપીંગ ઉદ્યોગ જેવા આનુસાંગીક ઉદ્યોગોનો પણ વિકાસ થાય છે.

**(૩) ખાણ-ખનીજ ક્ષેત્ર**

કચ્છ નોન-મેટલીક ખનીજ માટે ખૂબ જ સમૃધ્ધ મુલક જણાય છે. કચ્છ પાસે ઉચ્ચ ગુણવત્તા ધરાવતા બેન્ટોનાઈટ, લાઈમ સ્ટોન, બોક્સાઈટ, સીલીકા અને ચાઈના ક્લે જેવા ખનીજો પુષ્કળ પ્રમાણમાં ઉપલબ્ધ છે. લાઈમ સ્ટોનનો રિઝર્વ કચ્છમાં જેટલો વિપુલ પ્રમાણમાં છે, એ હિસાબે નજીકના પચાસ વર્ષમાં સમગ્ર ભારતમાં સિમેન્ટ ઉદ્યોગને કચ્છ લાઈમ સ્ટોન પૂરું પાડી શકે તેમ છે. ગુજરાત રાજ્યના ખાણ ખનીજ ખાતાના અંદાજ મુજબ કચ્છમાં ૨૦૪.૨૭ કરોડ ટન જેટલું લાઈમ સ્ટોન રિઝર્વ છે.

આ ઉપરાંત કચ્છના બેન્ટોનાઈટની ગુણવત્તા પણ બીજા રાજ્યોમાંથી નીકળતાં બેન્ટોનાઈટ કરતાં ખૂબ જ ઉત્તમ છે. એટલે જ તો આશાપુરા માઈનકેમ, ટ્રાટમેક્સ, જીમપેક્ષ જેવી આ ક્ષેત્રોની મોટી કંપનીઓએ કચ્છમાં વિસ્તરણ કર્યું છે. ગુજરાત રાજ્યના ખાણ ખનીજ ખાતાના એક અંદાજ મુજબ કચ્છમાં ૧૦.૫ કરોડ ટન જેટલું બેન્ટોનાઈટનું રિઝર્વ છે. આ સાથે કચ્છમાંથી ઉત્પન્ન થતાં લીગ્નાઈટની ગુણવત્તા બીજા રાજ્યોનાં લીગ્નાઈટ કરતા ઉત્તમ છે.

● **ઓદ્યોગિક વિકાસ :**

કેન્દ્ર અને રાજ્ય સરકારે ભૂકંપગ્રસ્ત વિસ્તાર માટે જાહેર કરેલ કર માફીની યોજનાને કારણે ૨૦૦૧ પછી કચ્છમાં ઘણા નવા ઉદ્યોગોની સ્થાપના થઈ છે. ઉદ્યોગોના માલ આયાત-નિકાસ માટે જરૂરી એવાં યોગ્ય બંદર પણ નજીકમાં હોવાથી અને બળતણ માટે લીગ્નાઈટ પણ કચ્છમાંથી જ ઉપલબ્ધ થતો હોવાથી સારા એવા ઉદ્યોગોની સ્થાપના છેલ્લા દાયકામાં થઈ છે. ઔદ્યોગિક વિકાસના કારણે તેમની આસપાસની જમીનોના ભાવ જે બજારના હિસાબે એકરના ભાવમાં હતી એ દસથી પંદર લાખ રૂપિયે એકર સુધી પહોંચી ગઇ છે. તેનો સીધો લાભ નાના ખેડૂતો અને જમીન માલિકોને થયો છે. જો કે છેલ્લાં ત્રણ વર્ષથી ચિત્ર ફરી મંદીનું થઈ ગયું છે, પણ જેમણે જમીનો વેચી તેમના રૂપિયાને કારણે અર્થતંત્રને વેગ સાંપડ્યો છે.

ભારતમાં જંગલો કાપવાનો મનાઈ હુકમ આવ્યા બાદ લાકડું મહદ્ અંશે આયાત થાય છે. તે પણ દેશનો મોટા ભાગનો હિસ્સો કંડલા અને મુંદ્રા બંદરેથી જ આયાત થાય છે. કંડલા - ગાંધીધામ - ભચાઉના ૪૦ કિ.મી.ના પરિસરમાં હાલે નાની-મોટી મળીને અંદાજિત ૧૦૦૦ ટીમ્બરની ફેક્ટરીઓ કાર્યરત છે.

કચ્છે મીઠાનાં ઉત્પાદન અને નિકાસ માટે હરણફાળ ભરી છે. મીઠાંની નિકાસ કંડલા, મુંદ્રા અને જખૌ એમ ત્રણ બંદરોએથી થઈ રહી છે. કચ્છમાંથી અંદાજિત દર વર્ષે ૫૦થી

૬૦ લાખ મેટ્રિક ટન જેટલાં મીઠાંની નિકાસ થાય છે.

એક અંદાજ મુજબ ધરતીકંપ પછી કચ્છમાં કુલ ૩૦,૦૦૦ કરોડથી પણ વધારે રૂપિયાનું રોકાણ ઉદ્યોગો દ્વારા કરવામાં આવેલ છે. આ રોકાણ મહદ્ અંશે ૨૦૧૦ સુધી જ થયું છે.

- **પ્રવાસન ઉદ્યોગ :**

ભારતના મિલેનિયમ સ્ટાર અમિતાભ બચ્ચન જ્યારથી ગુજરાત ટુરીઝમના બ્રાન્ડ એમ્બેસેડર થયા છે ત્યારથી લોકોના મુખે 'કચ્છ નહીં દેખા, તો કુછ નહીં દેખા' સાંભળવા મળે છે. છેલ્લાં થોડાં વર્ષોથી "રણોત્સવ"નું આયોજન થઈ રહ્યું છે. જેના આયોજનમાં વર્ષોવર્ષ સુધારો થતો જોવા મળે છે.

'રણોત્સવ'ના બે મહિના દરમ્યાન ભુજની લગભગ તમામ હોટેલોમાં બધા જ રૂમો ભરાઈ જાય છે. આટલી મોટી સંખ્યામાં પ્રવાસીઓની આવનજાવનના કારણે ટ્રેન, બસ, ટિકિટ બુકિંગ, હોટેલ, રેસ્ટોરાં, હસ્તકળા જેવા આનુવાંશિક ઉદ્યોગોને પણ સારા પ્રમાણમાં ધંધો મળે છે.

ઉપરોક્ત પાંચ મુખ્ય ક્ષેત્રોમાં કચ્છનો વિકાસ થયો છે.

નવી સદીના વ્યાપારનું સ્વરૂપ ખૂબ જ ઝડપથી બદલાઈ રહ્યું છે. એ ઝડપ સાથે તાલ મિલાવવા કેટલાંક સૂચનો છે જેની વ્યવસ્થિત ચર્ચા કરીને હકારાત્મક રીતે અમલ થાય તો હજી પણ વધારે ઉત્તમ આર્થિક વિકાસની શક્યતાઓ છે.

- **ખેતી ક્ષેત્રનાં સૂચનો :**

★ કચ્છના કુલ ક્ષેત્રનો માત્ર ૧૫ ટકા જેટલો જ વિસ્તાર ખેતીના ઉપયોગમાં લેવાય છે. અંદાજિત હજી પણ ૩૮ ટકા જેટલો વિસ્તાર એવો છે જ્યાં સિંચાઈની યોગ્ય વ્યવસ્થા થાય અને જો યોગ્ય રાજકીય નિર્ણયો લેવાય, તો ખેત ઉત્પાદન બમણું થવાની શક્યતાઓ જોઈ શકાય છે.

★ કચ્છની મોટાભાગની જમીન રાસાયણિક ખાતરનો ખૂબ જ ઓછો ઉપયોગ કરે છે. એટલે ઓર્ગેનિક સીરીયલ અને કઠોળના ઉત્પાદનને વધારી શકાય અને કચ્છને ઓર્ગેનિક ઉત્પાદનના 'હબ' તરીકે પ્રોત્સાહન આપી શકાય.

★ કચ્છમાં એવા પ્રોસેસીંગ યુનિટ્સ નાખવાની જરૂર છે જેમાં ખેત પેદાશોનું પ્રોસેસીંગ કરી "વેલ્યુ એડેડ પ્રોડક્ટ"માં રૂપાંતર કરી શકાય અને સારી કિંમત મેળવી શકાય. ઉદાહરણ તરીકે ટમેટાં, કેરી, ખારેક કે દાડમ જેવાં ફળોની કુદરતી લાઈફ બેથી ત્રણ દિવસની જ હોય છે. પણ જો કોઈ પ્રોસેસ દ્વારા તેમનો મહત્તમ ઉપયોગ થઈ શકે તો હજી પણ ખેડૂતોને વધારે સારી કિંમત મળી શકે.

★ કેરી, ખારેક જેવા બાગાયતી પાકોની નિકાસ માટે કેટલીક સરકારી અને માન્ય સંસ્થાઓનાં પ્રમાણપત્ર મેળવવા પડે તેમજ કેટલીક પ્રયોગશાળાઓમાં ટેસ્ટીંગ કરાવવું પડે. આ ઉપલબ્ધતા કચ્છમાં ન હોવાથી નિકાસમાં રૂકાવટ આવે છે. આવી માળખાકીય સુવિધાઓ જો કચ્છમાં વિકસાવવામાં આવે, તો હજી પણ વધારે નિકાસ થઈ શકે તેમ છે.

- **બંદર અને માલ પરિવહનનાં સૂચનો :**

★ કચ્છનાં બંદરો ગલ્ફ અને પૂર્વના દેશોને જોડતાં બંદરો છે. દુનિયાની મોટી કંપનીઓ (મલ્ટીનેશનલ કંપનીઓ) જેવી કે સોની, જનરલ મોટર્સ, કોડાક, કેટર પીલર જેવી કંપનીઓને કચ્છમાં તેમનું દુનિયાનું ડિસ્ટ્રીબ્યુશન સેન્ટર (વિતરણ કેન્દ્ર) સ્થાપવા માટે આકર્ષી શકાય. તે માટે સંયુક્ત પ્રયાસો કરીને જરૂરી માળખાંકીય સુવિધાઓ ઉપલબ્ધ કરવી જરૂરી છે.

★ બંદર અને ગોડાઉનો વચ્ચે જોઈએ તેવી રેલ અને રોડની સુવિધા નથી. જેથી આયાત-નિકાસમાં રૂકાવટ આવે છે.

★ બંદરની આસપાસનાં ગોડાઉનોમાં દેશી ઢબે માલનું સ્ટોરેજ થાય છે. જો સ્ટોરેજ ક્ષેત્રમાં આધુનિકરણ થાય, તો કાર્યક્ષમતામાં વધારો થતાં કુલ ખર્ચ ઘટી જાય અને આયાત-નિકાસની પ્રવૃત્તિને વધારે ફાયદો થાય.

★ **ખાણ - ખનીજ ક્ષેત્રમાં સૂચનો :**

અતિ પુરાણી ઢબે થતા ચાઈના ક્લે, સિલિકા અને બેન્ટોનાઈટના ઉત્પાદનના કારણે ખૂબ જ ઓછી રીકવરી મળે છે. માલનો બગાડ પણ ખૂબ થાય છે. જો આધુનિક ટેકનોલોજીનો સમજપૂર્વક ઉપયોગ થાય, તો કાર્યક્ષમતામાં વધારો થાય અને એ જ કિંમતમાં વધારે ઉત્પાદન મળવાની શક્યતા રહેલી છે.

★ હાલમાં ઉચ્ચકક્ષાની લેબ ટેસ્ટીંગ માટે કચ્છમાં જરૂરી સુવિધા ઉપલબ્ધ નથી. જો જી.એમ.ડી.સી. જેવી સંસ્થા ન નફો, ન નુકસાનના ધોરણે આવી સુવિધા પૂરી પાડે તો આ ઉદ્યોગોને ખૂબ ફાયદો થાય તેમ છે.

★ પાનન્ધ્રો અને અકરી મોટી પાવર પ્રોજેક્ટમાંથી નીકળતી ફલાય એશ પર્યાવરણના નુકસાનકર્તા છે. પણ તેનો ઉપયોગ ટાઈલ્સ, ઈંટો, બ્લોક વગેરે બનાવવામાં થઈ શકે તેમ છે. સરકારી ધોરણે આવા ઉદ્યોગોને પ્રોત્સાહન આપવાની જરૂર છે.

- **ઔદ્યોગિક ઉત્પાદન :**

★ ઔદ્યોગિક જમીનની ફાળવણી તેમજ ઉદ્યોગોને લગતા જરૂરી પરવાનાઓ મેળવવામાં થતી બિનજરૂરી ઢીલ અને

સરકારી કર્મચારીઓની કનડગતના કારણે ફેક્ટરી ચલાવવી એક માથાના દુઃખાવા સમાન બની જાય છે. સરકારી અને રાજકારણીઓની નીતિ, વૃત્તિ અને કામ કરવાની મંદ ગતિ – આ ત્રણે બાબતના ખરાબ સંયોજન અને વિશ્વની સ્પર્ધાત્મક ઝડપ એ બધા સાથે તાલ મેળવીને પરિણામ લાવવું લગભગ અશક્ય બનતું જાય છે. સરકારી નીતિઓમાં વિદેશની માફક "વન વિન્ડો ક્લિયરન્સ" પધ્ધતિ અપનાવવાની જરૂર છે.

★ ખાણ, ખનીજ અને મીઠાંના ઉદ્યોગો અંદરના ગામડાઓમાં સ્થપાયેલ છે. ત્યાંથી બંદર જવા માટે યોગ્ય રસ્તા કે રેલ માર્ગની સુવિધાઓમાં જો વધારો કરવામાં આવે, તો અર્થતંત્ર વધારે વેગવંતુ બની શકે તેમ છે.

★ પર્યાવરણને નુકસાનકર્તા ન હોય તેવા ઉદ્યોગો માટે વીજદરમાં ખાસ રાહત આપી શકાય.

● **પર્યટન ક્ષેત્રના સૂચનો :**

★ ભુજ વિમાની સેવા માટે સીધું મુંબઈ સાથે જ જોડાયેલ છે. ભુજથી રાજકોટ અથવા તો અમદાવાદ સાથે જોડતી એક પણ ફ્લાઈટ નથી.

★ ભુજનું સૌરાષ્ટ્ર સાથે કોઈ જ કનેક્શન નથી. એટલે જ તો ધંધાકીય દૃષ્ટિએ જેટલું અમદાવાદ અને મુંબઈથી જોડાણ છે, તેની સરખામણીમાં સૌરાષ્ટ્ર સાથે જોડાણ નહિંવત્ છે.

★ ભુજથી મુંબઈની ત્રણ ટ્રેન છે. તે મોટાભાગે ફુલ જ હોય છે. તે જ પ્રમાણે રોજ ત્રણ ફ્લાઈટ છે, તે પણ મોટાભાગે ફુલ હોય છે. વળી તેની ટિકીટ રૂા. ૪૦૦૦/-થી નીચે મળતી નથી. રણોત્સવ, લગ્નગાળો અને વેકેશનમાં આ સુવિધાઓમાં ધરખમ વધારો કરવાની જરૂર છે.

★ કચ્છના સફેદ રણની સફારીનો અનુભવ એ કદાચ દુનિયાના પ્રવાસીઓ માટે અલગ અને વિશિષ્ટ કહી શકાય તેવો અનુભવ છે. પણ એ કક્ષાના માર્કેટિંગનો અભાવ છે. વિશ્વના પ્રવાસીઓને આકર્ષી શકે તેવું સ્થળ હોવા છતાં જોઈએ તેવી જાહેરાત અને પ્રવાસીઓની તમામ સગવડ સાચવી લે એવી માળખાકીય સુવિધાઓમાં વધારે સુધારાની જરૂર છે.

★ રણોત્સવના કારણે પ્રવાસીઓની સંખ્યામાં વધારો થવા છતાં પણ જરૂરી સલાહ સૂચનો મળી શકે એવી વ્યવસ્થાનો દેખીતો અભાવ છે. કચ્છની ભૌગૌલિક પરિસ્થિતિથી અજાણ પ્રવાસી માટે સરકાર કે કોઈ ખાનગી સંસ્થા દ્વારા જરૂરી માર્ગદર્શન આજના સમય પ્રમાણે મળી રહે એનો પણ સ્પષ્ટ અભાવ છે. તેની સીધી અસર આવનાર પ્રવાસીઓ પર પડે છે. ખાનગી સંસ્થાઓ અથવા તો સરકારે આ બાબતને ગંભીરતાથી લઈને રાજસ્થાન સરકારના ટુરિઝમ ખાતાની લગતી સેવાઓમાંથી ઘણું અનુકરણ કરવાની જરૂર છે.

● **સમાપન :**

ઉપરોક્ત પાંચે ક્ષેત્રમાં જણાવેલ સૂચનો મારી સમજ પ્રમાણેનાં છે. એટલે વ્યવહારિક રીતે અમલમાં મૂકી શકાય કે કેમ તે પ્રશ્ન જરૂર ઉદ્‌ભવે, પણ જો નિખાલસ અને ખુલ્લી ચર્ચાઓ કરી હકારાત્મક રીતે થોડા ફેરફારો સાથે પણ જો અમલમાં મૂકવા માટેનાં નક્કર પગલા ભરવામાં આવે તો કચ્છને ચોક્કસ ફાયદો થાય.

કોઈ પણ મહત્ત્વના આર્થિક નિર્ણયો સાચા આંકડાઓને ધ્યાનમાં રાખીને લેવામાં આવે તો જ સફળ થવાની શક્યતાઓ વધી જાય છે. કચ્છ વિશેની મોટાભાગની આંકડાકીય માહિતીઓ ઉપલબ્ધ હોવાથી કચ્છની ભૌગોલિક પરિસ્થિતિનો લાભ લઈ જો કેટલાક મહત્ત્વના નિર્ણયો લેવાય તો આવનારા વર્ષોમાં કચ્છ ન તો માત્ર વિસ્તારની દૃષ્ટિએ સૌથી મોટો જિલ્લો બની રહે, પણ વિકાસની દૃષ્ટિએ પણ ભારતનો નંબર એક જિલ્લો બને એવી આશા રાખી શકાય. ■

## કચ્છી સંગીતકાર : પદ્મશ્રી આણંદજીભાઈ

**(અનુસંધાન : પાના નં.-૩૫ ઉપરથી ચાલુ)**

ઉત્પન્ન કરવામાં ખેડૂતને કેટલી મુશ્કેલી પડી હશે એ તને તો જ સમજાશે, જો દરેક દાણો સાચવીને ઉપાડીશ. આ ઘટનાએ મને મહેનતનું મહત્ત્વ સમજાવ્યું.

પણ આજે કચ્છ બદલાઈ ગયું છે. આજે એકના દસ કરવાની લાલચ જાગી ગઈ છે.

***પ્રશ્ન :*** હવે લોકસભા ચૂંટણી નજીક છે, તમને દેશનો મૂડ કેવો લાગે છે?

***આણંદજીભાઈ :*** અરે, દેશનો મૂડ નહીં પણ મારો મૂડ કહું તો નરેન્દ્ર મોદી ફરીવાર વડાપ્રધાન થવા જોઈએ. તેમણે દેશનો માઈન્ડ સેટ બદલાવ્યો છે. ઘણા લાંબાગાળાના પ્રોજેક્ટ શરૂ કર્યા છે તે પૂરા કરવા માટે ફરી તક મળવી જ જોઈએ.

આથી પહેલા આણંદજીભાઈ વંદે માતરમ્ મ્યુઝિયમની મુલાકાતે ગયા હતા.

માણસ ગમે તેટલી ઊંચાઈએ પહોંચે પણ જો વાણી, વર્તનમાં સરળતા હશે તો સૌ કોઈનો ગમતીલો બની રહેશે. સૌ તેના આપોઆપ પ્રશંસક બની જ રહે.

*('કચ્છમિત્ર' માટે રામ અંતાણી દ્વારા ખાસ મુલાકાત.)*

કચ્છ

# કચ્છી સંગીતકાર : પદ્મશ્રી આણંદજીભાઈ

● ખાસ મુલાકાત ●
રામ અંતાણી

પુલવામામાં ૪૦ જવાનોની શહીદીથી સમગ્ર દેશવાસીઓમાં દુઃખની લાગણી ફેલાઈ છે તો આપણને શાંતિ અને સમૃદ્ધિ આપવા માટે ફના થઈ જનારા સૈનિકોની જિંદાદિલી પર ગર્વ પણ અનુભવાય છે. પુલવામા અને સૈનિકોના સમાચાર અને જાનફેસાંની સાંભળી-વાંચીને મનોમન તેમને બિરદાવતું ગીત મનમાં રણઝણતું હતું. 'મેરે દેશ કી ધરતી સોના ઉગલે, ઉગલે હીરે મોતી.' કૃષિકારો અને સૈનિકોની દેશભક્તિના ઓવારણા લેતું આ ગીત ભાગ્યે જ કોઈ ભારતીય ભૂલ્યો હશે. આ ગીતના રૂંવાડા ઊભા કરી દેતી તર્જ આપણા કચ્છી સંગીતકાર બેલડી **કલ્યાણજી - આણંદજી**ની દેન છે. હજુ આ ગીત મનમાં ગણગણાતું હતું ત્યાં જ ખબર આવ્યા કે 'આણંદજીભાઈ અચેંતા...' મન ચોંકી ઉઠ્યું. આ અને આવા અસંખ્ય સુમધુર ગીતોના સર્જક સાચે જ ભુજ આવી પહોંચ્યા.

કીં અયો? કુરો હલેતો... મજા આય ન? એવા તળપદા કચ્છી શબ્દો સાથે આવકાર આપતા સંગીતકારની છટા, તેમની તંદુરસ્તી અને ખુશમિજાજી સ્વભાવ જોઈ સ્વાભાવિકપણે જ લાગ્યું કે કલ્યાણજીભાઈ સાથે રિધમ એક્શન સંભાળનારા આણંદજીભાઈએ જીવનનો લય અને તાલ પણ એકદમ ફિટ રાખ્યો છે.

પત્ની **શાંતાબેન** સાથે આવેલા આણંદજીભાઈએ બેઠક જમાવી. હાજરજવાબી અને રમૂજી સ્વભાવ માટે જાણીતા આણંદજીભાઈના ચહેરા પર વાતચીત દરમિયાન ક્યાંય કોઈ આડંબર નહોતો. બલ્કે એક કચ્છીને છાજે તેવી નિખાલસતા અને બેબાકીપણું સાફ વર્તાતા હતા.

***<u>પ્રશ્ન</u>* :** તમારા જમાનાનું સંગીત આટલું સુમધુર શા માટે હતું?

***<u>આણંદજીભાઈ</u>* :** (સ્મિત સાથે) ગ્રાહક હંમેશાં સાચો જ હોય એ ટેકનિકથી કામ થતું. દિગ્દર્શકને શું જોઈએ છે તેની માહિતી સંગીત બનાવતાં પહેલાં મેળવી લેતા અને અભિનેત્રી શરમાળ છે કે નટખટ, ગીતમાં સાડી પહેરે છે કે જીન્સ કે ડ્રેસ એ જાણ્યા પછી જ સંગીત કમ્પોઝ થતું. જો નટખટ હોય તો સંગીત પણ નખરાળું રહેતું. હા, એ જમાનામાં સંગીતના જાણકાર દિગ્દર્શકો હતા, લેખકો અને કલાકારો પણ સ્ટ્રોંગ હતા. એટલું જ નહીં સંગીત રિલીઝ કરનારી કંપનીઓ પણ બહુ જ મજબૂત હતી. ગાયકો તો ખરા જ. પરિણામે જે સંગીત બનતું એ પણ સ્ટ્રોંગ જ રહેતું.

અરે, નવા દિગ્દર્શકો બનેલા મનમોહન દેસાઈ, પ્રકાશ મહેરા, ફિરોઝખાન, ચંદા બારોટ, અર્જુન હિંગોરાણી, ગોવિંદ સરૈયાની પહેલી વહેલી ફિલ્મમાં અમે સંગીત આપ્યું હતું અને એ બધી સુપરહિટ ગઈ હતી. **કેમકે ત્યારે શબ્દોના આધારે સંગીત નીપજતું હતું.**

***<u>પ્રશ્ન</u>* :** આણંદજીભાઈ, આજે રેકોર્ડિંગની સ્ટાઈલ બદલાઈ છે. નવા વાદ્યોએ આખો સિનારિયો બદલી નાખ્યો છે. અધૂરામાં પૂરું હવે જૂના ગીતોને રિક્રિએટ કરવામાં આવે છે. એ અટકવું જોઈએ કે નહીં?

***<u>આણંદજીભાઈ</u>* :** અરે, અટકવું જ જોઈએ. હું તો ત્યાં સુધી કહું છું કે, કોપી કરો તો પણ સારી રીતે કરતા તો શીખો.

***<u>પ્રશ્ન</u>* :** (અધવચ્ચે) તમે તો ડોન-૨ વખતે વિરોધ કર્યો હતો ને?

***<u>આણંદજીભાઈ</u>* :** હા, કર્યો હતો ને? પણ શું થાય. આજે પણ એ કેસ બોર્ડ પર નથી આવ્યો. વળી દર વખતે વકીલની ફી તો ખરી જ.

***<u>પ્રશ્ન</u>* :** આવું થવાનું કારણ?

***<u>આણંદજીભાઈ</u>* :** અરે ભાઈ, પહેલાં કોપીરાઈટ નહોતા. બધું જ ભરોસા પર ચાલતું હતું. એટલે આવું થશે એ મગજમાં જ નહોતું.

***<u>પ્રશ્ન</u>* :** ડોનનું તમારું ગીત યે મેરા દિલ... સાંભળીએ અને ડોન-૨ નું એ જ રિક્રિએટ વર્ઝન સાંભળીએ.

***<u>આણંદજીભાઈ</u>* :** (સ્મિત કરતાં) ઓલ્ડ ઈઝ ગોલ્ડ એટલે જ કહેવાય છે ને!

***<u>પ્રશ્ન</u>* :** તમે કિશોરકુમાર જેવા મૂડી અને ધૂની ગાયકને કઈ રીતે સાચવતા? તેમણે તો તમારી સાથે ઘણા સ્ટેજ શો પણ કર્યા છે.

***<u>આણંદજીભાઈ</u>* :** (ખડખડાટ હસતાં) અમે ત્રણે મજાકિયા સ્વભાવના. કિશોરકુમારને પૈસો બહુ ગમતો. અમે તેને કહ્યું કે એક ગીતના પાંચ હજાર મળે છે પણ એક સ્ટેજ શોના ૨૫,૦૦૦

મળશે. તો તરત જ હા પાડી દીધી. જોકે, સાથે એક શરત પણ રાખી કે હું હાર્મોનિયમ લઇને સ્ટેજ પર નહીં બેસું. પણ સાથે નાચીશ કૂદીશ. અમે સંમત થયા તે પછી તો તમે જાણો જ છો.

**ભુજમાં ૧૯૮૪માં યોજાયેલી નાઇટ યાદ છે ને?**

***પ્રશ્ન*** : પણ અમિતકુમારને કેમ પડખે રાખી દેવાયા?

***આણંદજીભાઈ*** : કિશોરકુમાર સાથે પારિવારિક સંબંધો ખરા. પણ એક જનરેશન ગેપ પણ કામ કરતું હોય છે. અમિતકુમાર સાથે આવું જ થયું હશે.

***પ્રશ્ન*** : તમે સંગીતમાં કેવી રીતે પ્રવેશ્યા અને કલ્યાણજીભાઈ સાથે જોડી જમાવી. ભારતીય સંગીત ઇતિહાસમાં સંગીતકાર બેલડી તરીકે તમે પ્રથમ છો.

***આણંદજીભાઈ*** : કલ્યાણજીભાઈને જોઈ, મને સંગીત શીખવાનું મન થયું. પણ ઘરમાંથી વિરોધ થયો કે વાણિયાનો દીકરો આવું કંઇ ન કરે! ત્યારે એક સંગીતના તજજ્ઞ પાસે જવા લાગ્યો (હસતા હસતા). એ સમયે મોંઘી કહેવાય તેવી ફી આપતો પણ તેઓ મારી પાસે લોટનો કણક બંધાવતા. થોડા મહિના તો આ ચાલ્યું. પછી થયું, આ તો મારી પાસે સંગીત શીખવવાને બદલે ઘરકામ કરાવતા લાગે છે. એટલે પૂછી નાખ્યું કે મને તબલા શીખવાડશો કે લોટ બંધાવશો? ત્યારે તેમણે ફોડ પાડ્યો કે લોટ બાંધતા આવડી ગયું છે તો હવે તબલા પર થાપી આપી શકાશે અને કલ્યાણજીભાઈ સાથે જોડી જમાવવાની વાત છે તો હું તેમના મદદનીશ તરીકે સાથે કામ કરતો. એ સમયે કલ્યાણજીભાઈનું નાગીનની બીન પછી નામ થઈ ગયું હતું અને કલ્યાણજી વીરજી શાહના નામે સંગીત આપતા. તેમની પાસે છલિયા ફિલ્મ સંગીત માટે આવી. મનમોહન દેસાઇની દિગ્દર્શક તરીકેની એ પહેલી ફિલ્મ. નિર્માતા સુભાષ દેસાઇએ અમને બંને ભાઈને કહ્યું કે તમે બંનેના નામે સંગીત આપો કલ્યાણજી - આણંદજી. બસ, ત્યારથી અમારી જોડી બની.

***પ્રશ્ન*** : લક્ષ્મીકાંત - પ્યારેલાલ તો તમારા આસિસ્ટન્ટ હતા.

***આણંદજીભાઈ*** : (હવામાં હાથને લહેકો કરતાં) હા, હતા પણ તેમને સ્વતંત્ર સંગીતકાર તરીકે ફિલ્મ મળી. કલ્યાણજીભાઈ એવું માનતા હતા કે નસીબમાં લખેલું ક્યારેય ક્યાંય નહીં જાય. તેઓ ખુદ ભલામણ કરતા કે યે લડકે અચ્છા કામ કર રહે હૈં... અમે પણ સફળ રહ્યા તો લક્ષ્મીકાંત-પ્યારેલાલ પણ સફળ બન્યા.

***પ્રશ્ન*** : કલ્યાણજી - આણંદજીને ભારતીય સંગીત જગતમાં પાયોનિયર કહેવાય છે.

***આણંદજીભાઈ*** : (પ્રશ્ન વચ્ચેથી અટકાવી દેતા) અરે, અમારા ત્રણે ભાઈઓએ ભારતીય સંગીતને કંઈક અલગ જ આપ્યું છે. મારી વાત કરું તો ચેરિટી શો કરવા એ મારી ઇચ્છા હતી અને ફિલ્મના ગીતો અલગ જ ઢબે સ્ટેજ પર આવવા લાગ્યા. કલ્યાણજીભાઈ ભારતીય સિનેમા સંગીતમાં ઇલેકટ્રિક વાદ્યોનો ઉપયોગ કરનારા પહેલા વ્યક્તિ હતા. તેમણે જ ઇલેકટ્રિક ઓર્ગન પર ધૂનો બનાવી અને અમારો ત્રીજો ભાઈ બાબલા રિધમમાં પશ્ચિમી વાદ્યોનો ઉપયોગ કરનાર પ્રથમ સંગીતકાર છે. આજે ફિલ્મોમાં અને સ્ટેજ પર રોટોડ્રમ વાગે છે તેનો પ્રારંભ બાબલાએ જ કર્યો હતો.

***પ્રશ્ન*** : કલ્યાણજીભાઈના પુત્ર વીજુ શાહ વિશે તો બધા જાણે છે પણ તમારા સંતાનો શું કરે છે?

***આણંદજીભાઈ*** : મારો દીકરો દીપક પણ સંગીતના ફિલ્ડમાં છે તો બાબલાના બંને દીકરા પણ સંગીતના ઇન્સ્ટ્રુમેન્ટ વગાડે છે.

***પ્રશ્ન*** : આણંદજીભાઈ, તમે એક નવી પેઢી આખી તૈયાર કરીને ભારતીય સંગીતમાં મોટું યોગદાન આપ્યું છે.

***આણંદજીભાઈ*** : તમે લીડલ વન્ડર્સની વાત કરો છો ને? એમાં એવું થયું કે એકવાર કલ્યાણજીભાઈએ મને બોલાવ્યો અને કહ્યું કે, સંગીતમાં ઘણું કર્યું, હવે કાંઈક નવું કરીએ. મેં પૂછ્યું, શું કરશું? તો તેમણે જવાબ આપ્યો, નવા નવા લોકોને સંગીતમાં લાવીએ, એ પણ બાળકો હોય તો વધુ સારું. બસ, આ વિચારમાંથી લિટલ વન્ડર્સનો જન્મ થયો. અલકા યાજ્ઞિકથી માંડી પલક મૂછાલ સુધી ત્રણ પેઢી આજે સંગીતમાં યોગદાન આપી રહી છે.

અને તમને નહીં ખબર હોય, આ લિટલ વન્ડર્સની સફળતા જોયા પછી ઝી ટી.વી.ના ગજેન્દ્રસિંહને આવો કોઈ રિયાલિટી શો શરૂ કરવાની સલાહ આપી. તેમણે સારેગામા પા લિટલ ચેમ્પસથી શરૂઆત કરી. સાથે અલગ અલગ રિયાલિટી સો પણ ચાલુ થયા છે. તેથી ઘણા નવા કલાકારો બોલીવુડને મળ્યા છે.

***પ્રશ્ન*** :આણંદજીભાઈ, તમે કચ્છી છો, કચ્છનું ગૌરવ છો, તમારી આટલી લાંબી કારકિર્દીમાં કચ્છ ક્યાં ક્યાં જોડાયેલું રહ્યું અને આજે કચ્છને જોઈને શું અનુભવો છો?

***આણંદજીભાઈ*** : અરે, કચ્છ તો અમારામાં વણાઇ ગયું છે. પહેલા નાના હતા ત્યારે દુકાને બેસતા. એ સમયે પાંચ રૂપિયા વાપરવા મળતા. તેમાંથી ઘણું બધું ખરીદી શકાતું. તો એ વપરાઇ જાય તો પગે ત્રણ માઇલ પાછા આવતા પણ ગલ્લામાંથી વધુ પૈસા કાઢતા નહીં. આ એ સમયે અમારું જ નહીં, કચ્છનું પણ મોરલ હતું. ત્યારે સંયુક્ત કુટુંબપ્રથા હતી, એ પણ સંતાનોના ઉછેરમાં મહત્ત્વની રહેતી અને શિક્ષણની વાત કરું તો એકવાર મારા શિક્ષકે સજારૂપે કોઠાર સાફ કરવાનું કહ્યું. મેં કર્યો પણ ખરો. ત્યાં ચાર-પાંચ દાણા સાફ ન થઈ શક્યા. એ જોઇ શિક્ષકે ઠપકો આપ્યો કે આ ચાર-પાંચ દાણા

**(અનુસંધાન : જુઓ પાના નં.-૩૩ ઉપર)**

કચ્છ

# દેશળજીની કલંગી ચોરાઈ!



નરેશ અંતાણી

કચ્છના રાવ દેશળજી બીજા (ઇ.સ. ૧૮૧૯-૧૮૬૧)ના સમયમાં કચ્છમાં ઠીક ઠીક પ્રમાણમાં શાંતિ સ્થપાઈ હતી. તેમની અને તેમના અમાત્ય મંડળની કામગીરી પણ સંતોષજનક રહી હતી. પરિણામે એમના સમયમાં કચ્છનો વિકાસ પણ સારો થયો હતો. પરંતુ આવી શાંત પરિસ્થિતિમાં પણ કોઈ એક એવી ઘટના બનતી હોય છે કે દેખાતી શાંતિ માત્ર ઉપરછલ્લી જ ભાસતી હોય છે. રાવ દેશળજીના સમયમાં એક એવી ઘટના બની કે દેખાતી શાંતિ સામે સવાલો ઊભા થવા લાગ્યા. આ ઘટના કચ્છના ઇતિહાસમાં નોંધાઈ નથી પણ કચ્છના રાજકવિ શંભુદાનભાઈ ગઢવીને પોતાના રાજ્ય સાથેના સંપર્કોને કારણે અંતરંગ વર્તુળોમાંથી જાણવા મળી હતી, તે તેમણે પોતાના ગ્રંથમાં નોંધી છે.

રાવ દેશળજી ઘણી વખત કચ્છના વિવિધ વિસ્તારોના ગામડાંઓની હાલત જોવા તથા પ્રજાના સુખ-દુઃખ સાંભળવા રાજ્યનો વ્યાપક પ્રવાસ પણ કરતા. છેક લખપતથી વાગડ અને બન્નીથી દરિયા કિનારાના તમામ વિસ્તારોનો પ્રવાસ કરતા. આવો પ્રવાસ તેમનો પાંચથી પંદર દિવસ સુધીનો લાંબો રહેતો. પ્રવાસ દરમિયાન તેમનો જ્યાં મુકામ હોય ત્યાં ડેરા, તંબુઓ, રસોડા વગેરે તમામ પ્રકારની સુવિધાઓનો બંદોબસ્ત આગળથી કરી લેવામાં આવતો. તેમનો આવો જ એક પ્રવાસ વાગડ તરફનો ગોઠવવામાં આવ્યો હતો. આગળથી તમામ સુચનાઓ મુજબ રસ્તામાં રહેવા માટેની તમામ સગવડો વાગડ વિસ્તારના શિકારપુરમાં કરી લેવામાં આવી હતી.

શિકારપુર પહોંચ્યા પછી રાત્રિના રાવટીમાં આરામ કરવા દેશળજી ગયા. એ સમયે ઉનાળો હોઈ રાવટીમાં ગરમી પડતી હોવાથી બહાર ખુલ્લામાં પોતાનો ઢોલીયો પાથરવાની સૂચના આપી. પોતે તેમાં આરામ કરવા સૂતા. તેમના મુકામની આજુબાજુ સખ્ત ચોકીપહેરો ગોઠવવામાં આવ્યો. મહારાવ પોતાના મુલક કચ્છમાં જ છે તેથી તેમના મુકામમાં પ્રવેશવાની હિંમત કોણ કરી શકે એવી ગફલતમાં રહેલા ચોકિયાતો પણ રાત્રિના સમયે સૂઈ ગયા.

વહેલી સવારે નિત્યક્રમ પૂરો કરી દેશળજી પોતાનો પોશાક પહેરવા તંબુમાં ગયા અને પોતાની પાઘડી પહેરવા ગયા ત્યાં પાઘડી પર નજર પડતાં જ તેના પરની કિંમતી નંગ જડેલી કલંગી ગૂમ થયેલી જણાઈ. તેમણે તાત્કાલિક પોતાના અંગત માણસોને બોલાવી કલંગી અંગે પૂછપરછ કરી, કલંગી ગૂમ થવાની વાત કરી. પ્રવાસના તમામ સાથીદારો, કામદારો અને રક્ષકોને બોલાવવામાં આવ્યા અને કલંગી અંગે કડક પૂછપરછ કરવામાં આવી. આખા કેમ્પસમાં તપાસ કર્યા પછી અંતે કલંગી ચોરાઈ ગઈ હોવાનું જ જણાયું.

આ ઘટના પછી તાત્કાલિક સાથેના પગીઓને બોલાવવામાં આવ્યા. પગીઓએ છાવણીની ચારે તરફ દિશામાં તપાસ કરતાં પૂર્વ દિશા બાજુથી કોઈ નવો પગ આવતો અને પરત જતો દેખાયો. આ પગના સઘડ મેળવી અને પગની દિશામાં પગીઓ અને સિપાઈઓ આગળ વધ્યા તો આ પણ રણ રસ્તે ચોરાડ પ્રદેશ તરફ જતો જણાયો. આ કલંગીના ચોર રાત્રિ દરમિયાન જ રણ પાર કરી સામે કાંઠે નીકળી ગયા હોવાનું જણાયું.

આ હકીકતથી દેશળજીને પણ વાકેફ કરવામાં આવ્યા અને હવે સામે કાંઠે તપાસ કરવા માટે પગીઓ અને સિપાઈઓને મોકલવા હોય તો બંને પ્રદેશના બ્રિટીશ સરકારના રાજકીય પ્રતિનિધિઓની પરવાનગી મેળવવી પડે અને આમ કરવા જાય તો ખુદ મહારાવના તંબુમાંથી ચોરી થયાની વાત દેશ-પરદેશમાં ફેલાઈ જાય અને આથી કચ્છ રાજ્યનું નાક પણ કપાય ને ખરાબ પણ લાગે અને વળી જે પ્રદેશના રાજવી ખુદ સલામત નથી તેની પ્રજાની હાલત કેવી હશે? આ પ્રકારની વાતો બધા પ્રદેશોમાં થાય. એવું વિચારી દેશળજીએ આ ઘટનાને ત્યાં જ બંધ કરવાનું મુનાસિબ માન્યું. આમ છતાં દેશળજીના મનમાં એ વાતનો ખટકો તો રહી જ ગયો કે, ખુદ મારા જ તંબુમાં આવીને મારી જ કલંગી કોઈ ચોરી ગયું! તેમના અંગત માણસો તો જાણી જ ગયા હતા કે મહારાવની કલંગી ચોરાઈ છે.

આ ઘટનાના છ સાત મહિના પછી પલાંસવાના એક ચારણ પોતે કવિ હોવાથી કચ્છ ઉપરાંત ચોરાડ પ્રદેશમાં પણ પોતાના સગા સંબંધીઓ હોવાથી આવતા જતા રહેતા અને રાધનપુરના એ સમયના નવાબ જોરાવરખાનના દરબારમાં પણ તે જતા આવતા અને નાયબની પ્રશસ્તિ કરતા. એક વખતે તે રાધનપુરના નવાબના દરબારમાં ગયા હતા ત્યારે તેમના

માથા પરની પાઘડીમાં રાવ દેશળજીની ખોવાયેલી કલંગી જ લગાવેલી તે જોઈ ગયા.

દેશળજી પાસે પણ તેમનો આવરો જાવરો રહેતો. તેથી તે કલંગીને તરત જ ઓળખી ગયા. આ કલંગી રાવ દેશળજીની જ છે તેની પૂરી ખાતરી કર્યા પછી તે તુરંત જ રાધનપુરથી વાગડ થઈ ભુજ આવ્યા અને દેશળજીને ખાનગીમાં મળી તેમની કલંગી રાધનપુરના નવાબ પાસે પહોંચી ગઈ હોવાની અને પોતાની સગી આંખે તે નવાબની પાઘડીમાં જોઈ હોવાની વાત કરી.

દેશળજી આ સાંભળી મુંઝવણમાં મૂકાયા. સામે પણ રજવાડું હોઇ તાત્કાલિક તેઓ કશું કરી શકે તેમ નહોતા. ઘરેણાં ઘણાં એકસરખાય હોઈ શકે. તેથી કોઈ આધાર વગર આ કલંગી તેમની જ છે એવી સીધી વાત એક રાજાને કરી પણ કેમ શકાય?

આથી તેમણે પોતાના ખાસ અંગત માણસોને બોલાવી પોતાની મુંઝવણ જણાવી અને આ કલંગી જે રીતે પોતાની પાસેથી રાધનપુર પહોંચી છે તેવી જ રીતે ત્યાંથી પરત મેળવી શકાય કે કેમ? અને જો થઈ શકે તો કેમ? તેની વિચારણા કરવા જણાવ્યું. કોઈ કુશળ માણસ શોધી કલંગી પરત મેળવવા તજવીજ કરવા જણાવ્યું.

કચ્છના રાવ દેશળજી બીજાની પાઘડીમાંથી કલંગીની ચોરી થઈ. હવે આ ઘટનાની જાણ જો દેશમાં કે પરદેશમાં બધે થાય તો કચ્છ રાજ્ય માટે શરમજનક કહેવાય. માટે આ વાતને અહીં જ પૂરી કરી અને જે રીતે કલંગી ચોરાઇ એ જ રીતે તેને પાછી મેળવવા રાવ પ્રયત્નો કરવા લાગ્યા અને આ માટે એમણે પોતાના સાવ અંગત અને વિશ્વાસુ માણસોને આ કામ સોંપ્યું.

આ સમયે નખત્રાણાના જતાવીરા ગામના સોમેલ માંડો અને થરાવડા (ભડલી)નો આસો નામના ચોર આખાય કચ્છ ઉપરાંત સિંધ અને ચોરાડમાં કુખ્યાત હતા. તેઓ બને તાકાતવાન અને હિંમતબાજ માણસો હતા. તેઓ ચોરી કે લૂંટ એટલી કુશળતાથી કરતા કે તેમને પકડવા કે પુરવાર કરવાનું ભારે પડી જતું. તે એક દિવસ કચ્છમાં ચોરી કે લૂંટ કરતા, તો બીજે દિવસે સિંધ કે ચોરાડમાં પોતાની લૂંટ દ્વારા હાજરી પુરાવતા. આટલી ઝડપ અને કુશળતાથી પોતાનું કામ કરતા. તેમને પકડવા માટે પોલીસને ભારે મહેનત પછી પણ નિષ્ફળતા જ મળતી.

રાવની કલંગી પરત મેળવવા માટે રાવના વિશ્વાસુ માણસોને આ બંને ચોરો યાદ આવ્યા અને તેમણે રાવ પાસે આ વાત મૂકી અને વિશ્વાસ અપાવ્યો કે 'કલંગી ચોરી જનારા કરતા પણ સવાયા આ માણસો છે. જો એમને કહેવામાં આવે તો આખે આખા રાધનપુરના નવાબને પણ આપણી સમક્ષ હાજર કરી આપે તેવા છે.' જો રાવ રજા આપે તો તેમનો સંપર્ક કરી રાધનપુર નવાબ પાસે રહેલી કલંગી જે રીતે ગઈ છે તે જ રીતે પરત મેળવી શકાય એમ છે.

દેશળજીએ આ બંને લૂંટારાઓની હોંશિયારીની વાત સાંભળી, કોઈનેય આમાં કચ્છ રાજ્યનો હાથ છે એ વાતની ગંધ ન આવે તે રીતે કામ પાર પાડવા રજા આપી. આમ, રાવની પરવાનગી મેળવી રાવના વિશ્વાસુ માણસોએ માંડા અને આસાનો ખાનગી સંપર્ક કર્યો અને આખી વાત સમજાવી અને જેઓ આ કામ પાર પાડે તો રાજ તેમને કેવો બદલો આપશે તેથી પણ વાકેફ કરી ખૂબ જ હોંશિયારીથી અને કોઈનેય ગંધ ન આવે તે રીતે કામ પાર પાડવા કહ્યું.

કચ્છના રાવે પોતાના પર આટલો વિશ્વાસ મૂક્યો છે એ વાત સાંભળી આસો અને માંડો ખૂબ જ ખુશ થયા અને આકાશ પાતાળ તોડી, તે કામ પૂર્ણ કરવા ઉતાવળા થયા. અને તે કેવી રીતે પાર પાડવું તેની વિચારણામાં પડ્યા. સામે પણ રજવાડું હતું. જો પકડાયા તો શું થાય તેની પણ તેઓને કલ્પના હતી. આથી ખૂબ જ કુશળતા અને ધીરજથી આગળ વધવાનું નક્કી કર્યું.

રાજે કામ સોંપ્યું એટલે પહેલું એ જ પૂરું કરવું એમ વિચારી તુરંત તેઓ કચ્છના સામે કાંઠે ચોરાડના રાધનપુર પહોંચી ગયા અને રાધનપુરના જંગલોમાં ભરાઈ રહ્યા કેમકે તેઓ ચોરાડના પણ ગુનેગાર હતા. એથી ખુલ્લેઆમ તો ફરી શકે તેમ નહોતા.

કેટલાક દિવસો આ રીતે પસાર કરી, એક દિવસ લાગ જોઈ નવાબના મહેલ પર ચડી જવાનો તેમણે નિશ્ચય કર્યો અને જીવ પર આવી પોતાનું કામ આજે જ પૂર્ણ કરવાનું નક્કી કર્યું. નવાબના મહેલની ઝીણી ઝીણી વિગતો એમણે અગાઉથી મેળવી લીધી હતી. નવાબના મહેલની પાછળના ભાગની દીવાલમાં વરસાદી પાણીના નિકાલના બાકોરામાં ભરાવેલા પથ્થરો હટાવી તેઓ સૂતે સૂતે અંદર દાખલ થઈ ગયા.

નવાબના મહેલની ઉપરની મેડીએ પાછળના ભાગે ખુલ્લા ગોખ હતા. ત્યાં આવી માંડાએ ઉપરથી જે વસ્તુ હાથમાં આવે તે નીચે ફેંકવાની અને આસાએ તે લઈ ભાગી છૂટવું. એ પછી એકબીજાની રાહ પણ ન જોવી એવું નક્કી કરી માંડો ચંદનઘોને ઘા કરી તેના શરીરે બાંધેલા દોરડાના સહારે નવાબના ખુલ્લા ચોક સુધી પહોંચી ગયો. ગોખમાંથી અંદર નજર કરી તો પલંગ પર નવાબ અને તેની બેગમ ઘસઘસાટ સૂતા છે અને બાજુના ટેબલ પર નવાબની પાઘડી કચ્છના રાવની કલંગી

સહિતની પડી હતી. તેની બાજુમાં સોનેરી જમૈયો, બેગમના કિંમતી કપડાં અને દાગીના ભરેલી પેટી પડી હતી. એટલે તુરંત અંદર ઘૂસી આ બધી વસ્તુઓ ચોરી પોટલી બાંધી નીચે સેરવી નાખી. આથી આ વસ્તુઓ લઇ આસો તો નાસી છુટ્યો. આ બાજુ માંડાને આમ આસાનીથી વસ્તુ મળી જવાનો આનંદ ન આવ્યો. આથી પોતાની બહાદુરીની જાણ કરવા નવાબના પગનો અંગુઠો દબાવ્યો. આથી ઝબકીને જાગેલા નવાબે પૂછ્યું, 'કૌન હૈ?' માંડાએ 'તેરા બાપ' એવો જવાબ આપી નાસી છૂટ્યો. નવાબે પોતાના મહેલમાં આ રીતે માણસને ઘૂસેલો જોઈ બૂમો પાડી. આથી નવાબના સિપાઇઓ અને નોકરો એકઠા થઇ ગયા. બધાએ જોયું તો નવાબની પાઘડી, કિંમતી કપડા, ઝવેરાત સહિત કોઈ નાસી છૂટ્યું હતું. આથી પગેરું દાબવામાં આવ્યું.

આ બાજુ આસો અને માંડો મુઠ્ઠી વાળી કચ્છ તરફ નાસવા લાગ્યા. પણ તેમને જાણ હતી જ કે નવાબના માણસો તેમનું પગેરું જરૂર દબાવશે. એથી રસ્તામાં જરાય રોકાયા વગર સીધા ભુજ પહોંચી, સીધા જે અમલદારે તેમને કામ સોંપ્યું હતું તેમને સોંપી દીધી અને નવાબના માણસો તેમનું પગેરું દબાવતા કચ્છ આવે છે તેની પણ વાત કરી. અમલદારે તુરત તેમને જમાડી રાવ દેશળજી પાસે કલંગી સહિતની તમામ સામગ્રી સોંપી આસા અને માંડાનું પગેરું દબાવતા નવાબના માણસો કચ્છ આવે છે તેની પણ જાણ કરી.

એ સમયે રજવાડાઓ વચ્ચે એવી સમજુતી હતી કે જો એક રાજ્યનો ગુનેગાર બીજા રાજ્યમાં પકડાય તો તે રાજ્યને સોંપી દેવો પડે. આથી તુરંત દેશળજીએ આવું બને અને નવાબના માણસો કચ્છમાં આવે તે પહેલાં દેશળજીએ સૂચના આપી કે આસો અને માંડાના પગ કચ્છમાંથી દરિયા તરફ જતા બતાવી, કોઈ વહાણમાં બેસાડી, પાછા કચ્છના કોઈ અખાતની ખાડીમાં ઉતારી, પાછા કચ્છમાં લઇ આવો. પણ નવાબના માણસોને એમ જ લાગવું જોઈએ કે ગુનેગારો કચ્છના દરિયા માર્ગે નાસી છૂટ્યા છે. આથી તુરત દેશળજીના હુકમ મુજબ માંડવીના રસ્તે આસો અને માંડોને મોકલી અપાયા. આ બાજું નવાબનું લશ્કર કચ્છમાં આવ્યું અને દેશળજી અને પોલિટિકલ એજન્ટને ફરિયાદ કરી કે નવાબની કિંમતી વસ્તુઓનો ચોર કચ્છમાં આવ્યા છે. આથી તુરત કચ્છ તથા બ્રિટીશ સરકારે નવાબના લશ્કરને મદદ કરી ગુનેગારોનું પગેરું શોધવા મદદ કરી. પગેરું દબાવતા પગીઓ સહિતનું લશ્કર માંડવી પહોંચ્યું અને ત્યાં તપાસ કરતા જાણવા મળ્યું કે બે માણસો આવ્યા હતા અને અફઘાનિસ્તાનના જતાં વહાણમાં ચડી ગયા છે. આથી રાધનપુરનું લશ્કર નિરાશ થઈ ખાલી હાથે પરત ફરી ગયું.

આમ, કચ્છના રાવની પાઘડીની કલંગી પરત આવી ગઇ અને રાવની લાજ રહી ગઈ. આ ઘટના પછી આસો અને માંડાએ ક્યારેય કચ્છમાં ચોરી લૂંટ નહીં કરવાનું વચન આપ્યું અને કચ્છમાં શાંતિથી વખત ગાળવા લાગ્યા.

*'ભૂમા નિકેતન', ૨૨/બી, શિવમ્ પાર્ક,*
*નાના યક્ષ મંદિર પાસે, માધાપર રિંગ રોડ,*
*ભુજ, કચ્છ-૩૭૦ ૦૦૧.*
*ફોન : (૦૨૮૩૨) ૨૪૩૨૪૨, મો. ૯૯૯૮૨ ૨૦૪૭૮*

## પ્રેમ એ જ જીવન

**(અનુસંધાન : પાના નં.-૫૪ ઉપરથી ચાલુ)**

લેતા પહેલાં જ નિરાશ થઈને હારી જાય છે. તેઓ મનના વિચારોના ભારણ હેઠળ દબાયેલા હોય છે. તેના નેગેટીવ વિચારો એમને કામ આગળ ધપાવવા દેતા નથી. સાથે સફળતાથી પાર પાડવાની ઇચ્છા રાખે છે પરંતુ મનના વિચારોથી નિરાશ થઈને તે નિષ્ફળ જાય છે. પરંતુ તમે કોઈપણ કાર્યને પ્રેમથી કરશો તો તે કાર્ય ભારરૂપ નહીં લાગે અને મનના વિચારોનો હ્રાસ થઇ જશે. પ્રેમ નામનું તત્ત્વ તેમને પ્રફુલ્લિત અને ખુશમિજાજ રાખશે. કોઈપણ મનુષ્યના હૃદયમાં પ્રેમનું ખળખળ રૂપે ઝરણું વહેતું હશે તે કદી નિરાશ બનતો નથી. એ સદાય આનંદિત રહે છે. જેમ સૂર્ય સમગ્ર પૃથ્વીને પ્રકાશિત કરે છે, તેમ પ્રેમ નામનું તત્ત્વ તમારા જીવનને પ્રકાશિત કરે છે.

આધ્યાત્મિક ધર્મની વાત કરીએ તો પરબ્રહ્મ પરમાત્મા આનંદ રસાત્મક પ્રેમ સ્વરૂપ છે. એ પ્રેમ સ્વરૂપને હૃદયના શુધ્ધ પ્રેમથી રીઝવીને ભગવાનને પામી શકાય છે અને જગતના દરેક ધર્મોએ પ્રેમનો મહિમા મોટો ગાયો છે અને દરેક ધર્મ પ્રેમના માર્ગ ઉપર જ ચાલવાનું કહે છે. દરેક ધર્મો હંમેશાં નિર્ગુણ પ્રેમના પાઠ શીખવાડે છે. નિઃસ્વાર્થ પ્રેમમાં મોહ, માયા, મદ, મત્સર વગેરે તત્ત્વો ઓગળીને વિલીન થઈને ભસ્મ થઈ જાય છે અને પ્રેમ સ્વરુપ ભગવાનને સૌથી પ્રિય પોતાના ભક્તોનો પ્રેમ છે. એટલે ગોપીઓના નિર્ગુણ પ્રેમ આગળ વાટકી છાશ માટે ઠુમક ઠુમક નાચ્યા હતાં. એટલે તો કહેવાય છે, સંસારમાં સૌથી શક્તિશાળી વસ્તુ છે પ્રેમ.

જ્યાં શ્રદ્ધા હોય ત્યાં બુધ્ધિ લાગે છે અને જ્યાં પ્રેમ હોય છે ત્યાં મન લાગે છે. જીવનમાં સફળ થવું હોય તો કોઈપણ માણસ પ્રેમથી વાત કરતો હોય તો તેને બુધ્ધિથી જવાબ ન દેવો. પ્રેમશક્તિ જેવી અદ્‌ભુત ચીજ એકેય નથી.

પ્રેમ એ જ જીવન છે આ વાત મનુષ્યે સદા યાદ રાખવી.

*C/o. કનૈયા પ્રોવિઝન સ્ટોર,*
*બાગ દરવાજા, શાક માર્કેટ રોડ,*
*માણાવદર-૩૬૨ ૬૩૦. મો. ૯૯૨૫૯ ૩૨૧૬૬*

કચ્છ

છબીકળા દ્વારા કચ્છના સૌંદર્યને વિશ્વફલક પર મૂકનાર

# કેમેરાના કસબી : એલ. એમ. પોમલ



ભરત'કુમાર' પ્રા. ઠાકર

'લાલજીભાઈ માધવજી પોમલ' — નામ તમને કદાચ અજાણ્યું લાગશે; પણ 'એલ. એમ. પોમલ' કહીએ તો બીજી કશી ઓળખ આપવી ન પડે એટલી હદે આ ટૂંકાક્ષરી નામ સ્થાપિત થઈ ચૂક્યું હતું. આપણે ત્યાં જામ રણજી (૧૮૭૨-૧૯૩૩), 'ક્રિકેટના જાદુગર' તરીકે અને મેજર ધ્યાનચંદ (૧૯૦૫-૭૯) 'હોકીના જાદુગર' તરીકે પ્રસિદ્ધિ પામ્યા છે, તેમ કચ્છ માટે એલ.એમ. પોમલ (૧૯૯૯-૨૦૦૦) 'કેમેરાના જાદુગર' (ધ કેમેરા વિઝાર્ડ) હતા!

## ● ત્રણ કલાપ્રકારોનું શિક્ષણ :

કચ્છની છબીકળાની વાત આવે એટલે પોમલ સાહેબનું નામ પહેલું લેવું પડે. તેઓ આપણા આંતરરાષ્ટ્રીય ખ્યાતિપ્રાપ્ત તસવીરકાર હતા. પ્રારંભે ચિત્રકળા અને પશ્ચાતે છબીકળાને એમણે પોતાનું કાયમી કાર્યક્ષેત્ર બનાવ્યું હતું. ખાસ કરીને કચ્છની લોકસંસ્કૃતિ, સ્થાપત્ય - પુરાતત્ત્વ અને વન્યજીવન એમના પ્રિય વિષયો રહ્યા હતા.

યોગાનુયોગ ભુજની એક જ હુન્નરશાળા અને એક જ કલાગુરુ (દેવજી કલ્યાણજી ગુજ્જર) પાસે તાલીમ પામેલા બે સહપાઠી 'લાલજીભાઈઓ' આગળ જતાં ચિત્રકળામાં એલ. સી. સોની (૧૯૧૭-૧૯૯૨) તથા છબીકળામાં એલ. એમ. પોમલ તરીકે સુખ્યાત કલાકારો બન્યા હતા!

છબીકળા ક્ષેત્રે કચ્છનું નામ વૈશ્વિક સ્તરે ઉપસાવનાર લાલજીભાઈ પોમલનો જન્મ આજથી બરાબર એક સદી પહેલાં ૧૮મી ઑગસ્ટ, ૧૯૧૯ના ભુજ ખાતે કંસારા સોની પરિવારમાં થયો હતો. કળાશાળામાં ચિત્રકામ, મીનાકારી અને છબીકળા પણ શીખેલા. થોડાં વર્ષો (૧૯૩૭-૧૯૪૮) મુંબઈ - ભુજ - કરાંચીમાં ગાળી ધંધાકીય છબીકળાની તાલીમ અને અનુભવ મેળવ્યા હતા.

## ● મુંબઈ : કારકિર્દીનો પૂર્વાર્ધ

ભાગલા પછી તેઓ ફરી મુંબઈ આવ્યા અને પિક્ટોરિયલ ફોટોગ્રાફીની શરૂઆત કરી. મુંબઈમાં સોળ વર્ષનો નિવાસ (૧૯૪૯-૧૯૬૫) એમનો ઉદયમાન સુવર્ણકાળ ગણી શકાય. અહીં જ તેઓ સર્જનશીલ અને મુક્ત તસવીરકાર (ફ્રીલાન્સર) તરીકેની ઓળખ પામ્યા.

કારકિર્દીના પ્રારંભે તેઓ સારા કાર્ટુનિસ્ટ અને ગ્રાફિક આર્ટિસ્ટ પણ હતા. મુંબઈમાં ત્યારે અઠવાડિયે ત્રણ દિવસ પ્રસિદ્ધ થતાં 'કચ્છમિત્ર'ના વિવિધ વિભાગોની હેડ ડિઝાઈનો બનાવેલી અને તેમાં 'અવળી આંખે' શિર્ષક તળે વ્યંગચિત્રો પણ આપતા. ત્યાં એમની છબીઓ ચિત્રલેખા-બીજ-જી, ધર્મયુગ, ઇલસ્ટ્રેટેડ વિક્લી, મુંબઈ સમાચાર, ટાઇમ્સ ઑફ ઇન્ડિયા, સ્પાન જેવા અખબારો - સામયિકોમાં છપાતી હતી.

'ચિત્રલેખા'ના તેઓ પેનલ ફોટોગ્રાફર હતા. રંગીન છબીકળા હજુ આવી ન હતી. પણ ચિત્રલેકા-બીજ-જી નાં રંગીન મુખપૃષ્ઠો માટે જળરંગોનો ઉપયોગ કરી પીંછી વડે શ્વેત-શ્યામ તસવીરોને બહુરંગી ઑપ આપતા. વજુ કોટક (૧૯૧૫-૧૯૫૯) અને હરકિશન મહેતાના પુસ્તકોના આવરણો પણ તૈયાર કરેલાં. મુંબઈમાં અમુક ચલચિત્રોનું સ્થિર છબીકામ સ્ટીલ ફોટોગ્રાફી) પણ કરેલી.

## ● કચ્છમાં કાયમી વસવાટ :

૧૯૬૫માં મુંબઈ છોડી એમણે કચ્છને કાયમી કર્મભૂમિ બનાવી અને ભુજમાં સ્ટુડિયો ખોલ્યો, જે પોતાની આજીવિકા સાથે નવોદિતો માટે તાલીમશાળા પણ બન્યો. ડિજિટલ તો ઠીક, સાદા કેમેરા પણ હજુ આધુનિક સ્વરૂપ નહોતા પામ્યા એવા સમયે પોમલભાઈએ જે તસવીરો ઝડપી છે, તેણે જ એમને કુશળ લેન્સમેન તરીકે પ્રતિષ્ઠા અપાવી છે.

અહીં એમણે કચ્છ ક્લબ, મલય, રંગ જેવી સંસ્થાઓની સ્થાપનામાં સક્રિય ભાગ ભજવ્યો. જિલ્લા હોમગાર્ડ્સમાં પણ કાર્યરત હતા. ભુજમાં એમના નિવાસસ્થાન 'સાવન' (વિજય નગર) અને 'સ્ટુડિયો એલેમ' (દરબારગઢ ચોક) ખાતે સાહિત્યસર્જકો અને કલાકારોની અવારનવાર બેઠકો યોજાતી.

કચ્છનાં ઐતિહાસિક વારસા રૂપ સ્થળોની એમણે પાડેલી તસવીરો સિત્તેરના દાયકાના પ્રારંભે 'કચ્છમિત્ર'માં દર સોમવારે છેલ્લા પાને 'કચ્છડો કામણગારો' શિર્ષકે પ્રગટ થતી હતી, જે વાચકોમાં ખાસ્સી લોકપ્રિય પણ રહેલી. અખબારમાં આવી નિયમિત તસવીર - શ્રેણી પ્રગટ થવાનો સંભવતઃ તે પ્રથમ બનાવ હતો. ત્યારે તસવીરો છાપવા બ્લોક બનાવવા પડતા. છતાં 'કચ્છમિત્રે' આ તસવીરો ત્રણ કોલમના કદમાં છાપી હતી.

● **કચ્છના વારસાનું શાશ્વતીકરણ :**

કચ્છના રણમાં સુરખાબ અને ઘુડખરની તથા કચ્છના અખાતમાં પિરોટન ટાપુની ફોટોગ્રાફીએ એમનું અને કચ્છનું નામ વિશ્વસ્તરે ગાજતું કર્યું હતું. ઓક્ટોબર ૧૯૭૦માં ઊંટસવારી દ્વારા રણમાં પહોંચી ચાર દિવસીય પ્રવાસ પછી સુરખાબો (ફ્લેમિંગો)ની અત્યંત નયનરમ્ય તસવીરો લીધી હતી. જેનું 'ચિત્રલેખા' રજત જયંતી પ્રસંગે મે, ૧૯૭૫માં મુંબઈ મધ્યે પ્રદર્શન પણ યોજાયેલું. તો પિરોટનની અદ્‌ભુત તસવીરો નિહાળી વડાપ્રધાન ઇંદીરા ગાંધી ખૂબ પ્રભાવિત થયેલા. પરિણામે ત્યાં સામુદ્રિક રાષ્ટ્રીય ઉદ્યાન સ્થપાયું.

છેલ્લા બે - ત્રણ દાયકાથી કચ્છનો અસલ પરિવેશ પલટાઈ ગયો છે પણ કચ્છના અસલ ભાતીગળ વારસાને એમણે સમયે સમયે કચકડામાં મઢી લીધો છે. યોગ્ય પળ અને સ્થળને ઝડપવાની પોમલભાઈની 'કલાકાર તરીકેની ત્રીજી આંખ' અહીં અ-છતી રહેતી નથી. અડધી સદી પૂર્વે લેવાયેલી એ 'કાળા-ધોળા જાદુ' જેવી બ્લેક એન્ડ વ્હાઈટ તસવીરો કચ્છની એ ભવ્ય ક્ષણોને જાણે સાકૃત અને સજીવ કરે છે!

એમની બહુધા તસવીરો ગ્રામીણ કચ્છની વાસ્તવિક્તા સાથે દર્શકોને ભાવુક પણ બનાવે છે. તેમાં નિર્દોષતા અને આશાવાદ ડોકાય છે. વળી, કૃષ્ણ-ધવલ છબીકળા પર નિપુણતા એમની વિશેષતા રહી છે. તેથી જ એમની તસવીરો માત્ર તેની શ્રેષ્ઠતાને કારણે જ નહીં, પરંતુ ઐતિહાસિક મૂલ્યના દસ્તાવેજી સંગ્રહ તરીકે પણ કળાચાહકોને આજે પણ એટલી જ આકર્ષે છે.

● **સન્માન અને સ્મૃતિ :**

પ્રેસ ફોટોગ્રાફી ઉપરાંત એમણે બન્નીનું લોકજીવન, ૧૯૭૧માં ભારતના કબજાગ્રસ્ત પાકિસ્તાની પ્રદેશ, ચંબલના ડાકુઓ, પંખીની લાક્ષણિકતાઓ, પુષ્પોની કુમાશ અને કાંટાળા કેકટસ (થોર)ની પણ ફોટોગ્રાફી કરી છે. એમણે અનેક સુંદર જળરંગી - તૈલરંગી ચિત્રો પણ સર્જ્યા છે. એંસીના દાયકાના આરંભથી શરૂ થયેલી રંગીન છબીકળાને પણ અપનાવી શોખ પ્રવૃત્તિ જીવંત રાખેલા.

એમની કળાકદર રૂપે એમને ૧૯૪૫-૧૯૯૩ દરમિયાન સ્થાનિકથી માંડી આંતરરાષ્ટ્રીય સંસ્થાઓ દ્વારા પચાસ જેટલા ઈનામો - પારિતોષિક - પ્રશસ્તિપત્રો પ્રાપ્ત થયા હતા. લલિતકલા અકાદમી પુરસ્કાર (૧૯૯૩) દ્વારા રાજ્ય સરકારે પણ એમની સિદ્ધિઓને બિરદાવી હતી. આ બધાં માન-સન્માનો થકી એમણે વિશ્વના પ્રવાસન અને છબીકળા ક્ષેત્રે કચ્છને ગૌરવ અપાવ્યું છે.

૧૯૯૩માં પોમલભાઈનો અમૃતપર્વમાં પ્રવેશ અને 'રંગ'ની રજત જયંતીની સંયુક્ત ઉજવણી પ્રસંગે શરદબાગમાં મુશાયરો અને 'સાવન'માં એમના અભિવાદનના કાર્યક્રમો યોજાયા હતા. ફોટોગ્રાફીને 'કળા'ની કક્ષાએ પહોંચાડનાર એલ. એમ. પોમલે ૧લી ઓક્ટોબર, ૨૦૦૦ના આખરી વિદાય લીધી. એમની સ્મૃતિમાં ભુજના વિજયરાજજી પુસ્તકાલયમાં આર્ટ ગેલેરી (૨૦૧૦) પણ સ્થપાઈ છે. જન્મ શતાબ્દીએ આપણી યાદાંજલિ....

*'શિવમ્' ૪૦, વૃંદાવન નગર-૧,*
*ખડિયા તળાવ સામે, વૈશાલી સિનેમા રોડ,*
*અંજાર, કચ્છ-૩૭૦ ૧૧૦.*
*ફોન : (૦૨૮૩૬) ૨૪૦૧૩૯, મો. ૯૪૨૭૨ ૨૩૧૫૦*

## સફળતાની ચાવી એટલે કામનું ગૌરવ

**(અનુસંધાન : પાના નં.-૫૨ ઉપરથી ચાલુ)**

જેવી લાગશે કે સૂરજ આજે આ કઈ બાજુ ઉગ્યો? પણ આ મને પોતાને થયેલો એક જાતઅનુભવ છે! જો કે હાલમાં કેટલાક વરસોથી આ રીક્ષાવાળો નજરે ચડ્યો નથી. મને તેણે પોતાના ઘરના ટેલિફોન નંબર પણ આપેલા. તે ગ્રેજ્યુએટ થયેલો હતો. સંજોગોવશાત કદાચ રીક્ષા ચલાવતો હશે. પ્રગતિની રાહ પર તેણે હવે અન્ય કોઈ મનગમતો વ્યવસાય સ્વીકારી લીધો હશે. આવો અનુભવ આપણી ફક્ત સવાર જ નહીં, પણ આખો દિવસ સુધારી દેતો હોય છે.

મિત્રો, સફળતા મેળવવાના બે જ રસ્તા છે. જો ભાગ્યશાળી હસો તો મનગમતું કામ - વ્યવસાય તરીકે મેળવી શકશો અથવા બીજો રસ્તો એ છે કે જે પણ કામ કરતા હો તેને જ મનગમતું કામ બનાવી દો. Love your Job! કામને પ્રેમ કરો. જીવનમાં સફળતા હાંસલ કરવા હંમેશાં ધ્યાનમા રાખજો કે કોઈ પણ કામ નાનું નથી. દરેક કામનું એક મહત્ત્વ હોય છે. તમને કદાચ કોઈક કામ નાનું કે ઓછું મહત્ત્વનું લાગતું હોય પણ એ કામ પણ જો દિલ રેડીને કરવામાં આવે તો એ કામ નિખરી ઉઠે છે. તેની સૌરભ સર્વત્ર પ્રસરી જાય છે અને ચિત્તને એક આહ્લાદક અનુભવ કરાવી જાય છે.

હાથમાં લીધેલા કામમાં જો મશગુલ થઇ જવાતું હોય તો... તો... એ કામ સફળતાને વરશે... વરશે... અને વરશે જ! Love your job. Feel proud for your job. The goddess of success will bow down to you. તમારા કામને પ્રેમ કરો. તમારા કામ વિશે ગર્વ અનુભવો. સફળતાની દેવી તમારા કદમો ચૂમશે. Wish you all the best. તમે સફળ થાવ એવી શુભેચ્છાઓ.

*૨૦૪, બીપીએસ પ્લાઝા, દેવીદયાલ રોડ,*
*મુલુંડ (વેસ્ટ), મુંબઈ-૪૦૦ ૦૮૦.*
*મો. ૯૮૬૯૨ ૦૦૦૪૬*

અવસર

# કચ્છનાં ભીંત અને છતચિત્રોનું પ્રથમ વખત કચ્છી ભાષામાં દસ્તાવેજીકરણ

અશ્વિન ઝિંઝુવાડિયા

રાજાશાહી યુગથી કચ્છના મુખ્ય નગરો ઉપરાંત ગ્રામ્ય વિસ્તારમાં મકાન - ઘરને સુશોભિત કરવા ભીંત ઉપર અને છત ઉપર ચિત્રકામ કરવાની પરંપરા રહી હતી. ભીંતચિત્રોના એ સમયના ચિત્રકારોએ પોતાની આગવી કોઠાસૂઝથી ઘરની અંદર અને બહારના ભાગમાં સુંદર નમૂનેદાર ચિત્રકામ કર્યું. મોટાભાગે જળરંગો તો ક્યાંક તેલરંગોનો ઉપયોગ કરી ધાર્મિક તેમજ રોજબરોજના પ્રસંગોનું અદ્‌ભુત નિરૂપણ કર્યું.

સમયના પ્રવાહમાં આવા ભીંત અને છતચિત્રો ઘસાતા ગયા. ચિત્રકલાના આ વૈભવી વારસાને બચાવવો મુશ્કેલ બન્યો. જિજ્ઞાસુઓએ તેની તસવીર ખેંચી સમયાંતરે તેનું નાનું-મોટું દસ્તાવેજીકરણ કર્યું, જે છુટક છુટક રીતે જોવા મળે છે.

પરંતુ તાજેતરમાં કચ્છી ભાષાના સાહિત્યકાર અને કચ્છી સામયિક ‘વાધોડ’ના તંત્રી મણિલાલ ગાલાએ **કચ્છનાં ભીંતચિત્રો અને છતચિત્રોનું ઐતિહાસિક દસ્તાવેજીકરણ કર્યું છે** અને મહત્ત્વની નોંધપાત્ર ઘટના એ છે કે સમગ્ર દસ્તાવેજીકરણ કચ્છી ભાષામાં કર્યું છે. કચ્છી ભાષામાં સાહિત્ય સંબંધિત ઘણું લખાયું છે, પ્રસિદ્ધ થયું છે પરંતુ સંશોધનાત્મક પીએચ.ડી. કક્ષાનું દસ્તાવેજીકરણ કચ્છી ભાષામાં સંભવતઃ પ્રથમ વખત થયું છે.

વાધોડજી પધરાઈ - કચ્છજા ભીંત - છાજ ચિતરના નામ સાથે ઈબુક-કોમ્પ્યુટર વિન્ડોઝ બેઝ ડી.વી.ડી.માં કચ્છના વિવિધ વિસ્તારોના ૧૩૫૦થી વધુ ફોટાનો સમાવેશ થાય છે. ડી.વી.ડી.નું પ્રિન્ટ આઉટ કરાવીએ તો ટેબ્લોઈડ સાઈઝના ૪૯૦ પાના થાય. ૧૭થી વધુ તસવીરકારોની તસવીરોને દસ્તાવેજીકરણમાં આવરી લેવામાં આવી છે. આ જ વિષય ઉપર કામ કરી ચૂકેલા પ્રદીપભાઈ ઝવેરીના અપ્રગટ સંગ્રહનાં ચિત્રોને પણ શ્રી ગાલાએ આવરી લીધા છે. દાદ માંગી લેતી મહેનત તો એ છે કે દરેક સ્થળે સ્થળ સાથેની વિવેચનની નોંધ નકશા અને ડેટા સાથે કચ્છી ભાષામાં સમાવી લેવામાં આવી છે.

પોતાનાં કામને સંપૂર્ણપણે સમર્પિત એવા મણિલાલની થકવી નાખતી દોઢ વર્ષની જહેમતનું પરિણામ એ આવ્યું કે કચ્છના વિવિધ ગામો જેવા કે લાલા, તેરા, કેરા (ગુલમાલી પીર), મેકમર્ડોની મેડી, બિબ્બર રામમંદિર વગેરેનું સંપૂર્ણ દસ્તાવેજીકરણ કરવામાં આવ્યું છે. **૧૫ પ્રકારની ચિત્રશૈલીની સાથે ૪૭ ગામના ૯૧ સ્થળોનું દસ્તાવેજીકરણ કચ્છી ભાષામાં સચિત્ર કરવામાં આવ્યું છે.** અબડાસા, માકપટ, કંઠી, ભુજ, અંજાર, વાગડ, પ્રાંથળના ભીંત - છત ચિત્રોને પોતાના અભ્યાસમાં શ્રી ગાલાએ આવરી લીધા છે.

શ્રી ગાલાના જણાવ્યા અનુસાર કચ્છી ભાટિયા અને ઓસવાળ જૈન જ્ઞાતિમાં આ પ્રકારની ચિત્રકળાને વધુ પ્રોત્સાહન મળ્યું છે. અબડાસા અને કંઠીપટમાં વધારે સ્થળોએ પેઈન્ટિંગ જોવા મળે છે અને ભીંત-છત ચિત્રોની પરંપરા મજબૂત થયેલી જોવા મળે છે.

કમાંગર ઉપરાંત પઢિયાર, સોલંકી સહિતની વિવિધ જ્ઞાતિના ચિત્રકારોએ જે ચિત્રો તૈયાર કર્યા છે એ બેનમૂન છે. કચ્છની આગવી ચિત્રકલાનો આ વારસો અસ્તાચળે છે. શ્રી ગાલાએ કરેલા દસ્તાવેજીકરણમાં છત ઉપરના ૯૭ ચિત્રો જ્યારે બાકીનાં ભીંતચિત્રોનો સમાવેશ થાય છે. ભૂકંપમાં સંખ્યાબંધ ઘરો ધરાશાઈ થઈ ગયા, ઉપરાંત સમયની થપાટોમાં ચિત્રકારીનો વારસો ક્રમશઃ નાશ પામતો ગયો. દસ્તાવેજીકરણ તો પૂરી સમર્પિતતા સાથે થયું છે. જે આવનારી પેઢીને પણ અભ્યાસની તકો પૂરી પાડશે.

કોમ્પ્યુટર કે લેપટોપમાં ડી.વી.ડી. સેટ કરવાથી સમગ્ર દસ્તાવેજીકરણ જોઈ શકાશે. ડી.વી.ડી.ની કિંમત રૂા. ૨૫૦/- અને પ્રાપ્તિ સ્થાન : ધર્મેન્દ્ર શાહ, પ્રેમ પુસ્તક ભંડાર, જાદવજી નગર, ભુજ અને અશોક ચૌધરી, સ્પંદન સ્ટુડિયો, એસ.ટી. રોડ, મુંદ્રા છે.

જ્યારે મણિલાલ ગાલાના પુત્ર પર્જન્ય ગાલાએ પણ અન્ય એક નોંધપાત્ર કહી શકાય એવું કામ કર્યું છે. તેમણે એક એન્ડ્રોઈડ ઍપ સ્માર્ટ ફોન માટે તૈયાર કરી છે. **જેમાં અંગ્રેજી શબ્દ ટાઈપ કરવાથી તેનો કચ્છી અનુવાદ જોઈ - વાંચી શકાશે.** એટલે કે અંગ્રેજી ટુ કચ્છી એપ... આ બંનેના ‘પબ્લિશર્સ’ ‘વાધોડજી પધરાઈ’ છે.


ભીંત અને છતચિત્રોનું ડી.વી.ડી. ફોરમેટનું અને અંગ્રેજી કચ્છી શબ્દોની ઍપનું લોન્ચિંગ - ઉદ્‌ઘાટન તા. ૯-૬-૨૦૧૮ના રોજ મુંદ્રા મધ્યે કરવામાં આવ્યું. આ પ્રસંગે કચ્છના જાણીતા પુરાતત્ત્વવિદ્‌ દિલીપભાઈ વૈદ્ય ઉપરાંત ભુજના એ.એ. વઝીર, પ્રદીપભાઈ ઝવેરી, અશ્વિન ઝિંઝુવાડિયાએ પ્રસંગને અનુરૂપ વક્તવ્યો આપેલ. જાણીતા લેન્સમેન અશોકભાઈ ચૌધરી સહયોગમાં રહેલ.

શ્રી ગાલાએ પાવર પ્રેઝન્ટેશનથી તેમણે તૈયાર કરેલો અભ્યાસ - અહેવાલ ફોટોગ્રાફ્સ અને ચિત્રોની ખૂબી-ખાસિયતો, સ્થળનો તુલનાત્મક અભ્યાસ જાહેર જનતા સમક્ષ રજૂ કરેલ. આ પ્રસંગે મુંદ્રા અને કચ્છના અન્ય જીજ્ઞાસુઓ પણ ઉપસ્થિત રહ્યા હતા.

*સાભાર : “કચ્છમિત્ર”*

નિબંધ

# ડૉ. જયંત ખત્રીની વાર્તા : 'ખીચડી'



ડૉ. મિહિર એમ. વોરા

સૌપ્રથમ તો દેશ વિદેશમાં વસતા સૌ કચ્છી ભાઈ-બહેનોને અષાઢી બીજની ખૂબ ખૂબ શુભેચ્છાઓ. આશા રાખીએ કે આ વખતે આપણું પ્રાણપ્રિય હમીરસર તળાવ આખું ભરાઈ જાય અને કચ્છ, ગુજરાત અને આખું ભારત દુષ્કાળ મુક્ત બની જાય.

ડૉ. જયંત હીરજી ખત્રી (૨૪-૯-૧૯૦૯, ૬-૬-૧૯૬૮) વાર્તાકાર. મુંદ્રા (કચ્છમાં) જન્મ. પ્રાથમિક શિક્ષણ ભુજમાં. માધ્યમિક શિક્ષણ મુંબઈની ન્યુ ભરડા હાઈસ્કૂલમાં. ૧૯૨૮માં મેટ્રિક. ૧૯૩૫માં મુંબઇ નેશનલ મેડિકલ કૉલેજમાંથી એલ.સી.પી.એસ. થઇ પહેલાં ત્યાં, ને પછી માંડવી (કચ્છ)માં દાક્તરી વ્યવસાય. ભુજમાં અને મુંબઈમાં શ્રમજીવીઓની વચ્ચેની વસવાટના કારણે તે વર્ગના જીવનની વિષમતાઓનો પ્રત્યક્ષ અનુભવ થયો. બકુલેશાદિ મિત્રોની સાથે સામ્યવાદી વિચારસરણીના ઘનિષ્ઠ પ્રભાવ હેઠળ આવ્યા. નાવિક મંડળ, કચ્છ-માંડવી તથા માંડવી નગર પાલિકાના પ્રમુખ ઉમા સ્નેહરશ્મિ પારિતોષિક વિજેતા. કેન્સરથી માંડવીમાં અવસાન. 'ફોરાં' (૧૯૪૪), 'વહેતા ઝરણાં' (૧૯૫૨) અને 'ખરા બપોર' (મરણોત્તર ૧૯૬૮) સંગ્રહોમાં એમની એકતાલીસ વાર્તાઓ છે. જુદા જુદા સામયિકોમાં પ્રગટ થયેલી આઠ વાર્તાઓ અગ્રંથસ્થ છે. 'લોહીનું ટીપું', 'આનંદનું મોત', 'ખીચડી', 'હું', 'ગંગી અને અમે બધા', 'સિબિલ' વગેરે વાર્તાઓ વાસ્તવલક્ષી અભિગમને લીધે, તો 'અમે બુદ્ધિમાનો', 'યાદ અને હું', 'અમે', 'પ્રતાપ, ઓ પ્રતાપ!', 'ડેડ એન્ડ', 'ખલાસ', 'જળ' વાર્તાઓ વિશિષ્ટ નિરૂપણની રીતે તેમજ પ્રયોગાત્મક વલણને કારણે ધ્યાન ખેંચે છે. 'પતંગનું મોત', 'માટીનો ઘડો', 'નાગ'માં રહસ્યને કલાત્મક રીતે વ્યંજિત કરવામાં પ્રતીકો અને કલ્પનોનો વિનિયોગ થયો છે. તો 'ધાડ', 'ખરા બપોર' અને 'માટીનો ઘડો'માં પ્રદેશ વિશેષનું જીવંત તાદ્રશ ચિત્રણ વાર્તા સાથે આંતરસંબંધ પણ ધરાવે છે. સ્વરુપની દૃષ્ટિએ આ બધી વાર્તાઓ ઘટનાપ્રધાન છે. સ્થૂળ અને આકસ્મિક ઘટનાઓનો આધાર પણ લેવાયો છે. પરંતુ દૃષ્ટિક્ષેપ પાત્રોના ભીતરી વ્યાપારો પર જ હોય છે. એ ભીતરી વ્યાપારોથી પ્રેરિત પ્રતિક્રિયા ફરી કોઈ ગમખ્વાર ઘટના સર્જે છે. માનવમનની ગૂઢ સંકુલતાઓને વાર્તાકાર એવી રીતે આલેખે છે કે એમાંથી ઘણીવાર કલાપોષક સંદિગ્ધતા જન્મે છે. **'તેજ ગતિ અને ધ્વનિ'** આ દૃષ્ટિએ નોંધપાત્ર રચના છે.

**ફોરા** (૧૯૪૪) : જયંત ખત્રીનો પ્રથમ વાર્તા સંગ્રહ. એમાંની ચૌદ વાર્તાઓ જુદા જુદા સ્તરની છે. 'યાદ અને હું', 'અમે' અને 'વરસાદની વાદળી'માં અભિગમ ઉર્મિશીલ છે. તો 'આનંદનું મોત' અને 'બે આની' વાસ્તવલક્ષી અભિગમવાળી વાર્તાઓ છે. 'લોહીનું ટીપું' એમની યશોદાયી કૃતિ છે. એમાં અને 'દામો અરજણ', 'કાળો માલમ', 'હીરો ખૂંટ', 'બંધ બારણા પાછળ', 'અવાજ અજવાળા', 'શેર માટીની ભૂખ'માં જાતીય વૃત્તિ અને વ્યવહારનું વિભિન્ન દૃષ્ટિકોણથી આલેખન છે. 'અમે બુદ્ધિમાનો' ક્રાંતિ માટે ઉત્સાહી બુદ્ધિમાનોના વ્યવહારમાં રહેલી વાસ્તવ દૃષ્ટિને ઉણપને, તો 'એક મહાન મૈત્રી' સર્જકની સમગ્ર વાર્તા સૃષ્ટિમાં વિરલ હાસ્ય રસને નિરૂપે છે.

**ખરા બપોર** (૧૯૬૮) : જયંત ખત્રીનો ત્રીજો (છેલ્લો) મરણોત્તર પ્રકાશિત વાર્તાસંગ્રહ. 'ધાડ' અને 'ખરા બપોર' જેવી વાર્તાઓમાં કથ્ય અને પરિવેશને અભિન્ન રાખીને, તો 'માટીનો ઘડો' અને 'નાગ'માં પ્રતીક કલ્પનની સાદ્યંત ગૂંથણી કરીને વાર્તાકારે પોતાના કલા કસબનો હિસાબ આપ્યો છે. 'ડેડ એન્ડ'માં વેશ્યાજીવન જીવતી બે સ્ત્રીઓના વૃત્તાંતની ધ્વનિવ્યંજક સહોપસ્થિતિ છે. તો 'સિબિલ'માં સમયનું સૂક્ષ્મ સંયોજન છે. 'ખલાસ'માં પુરુષપાત્રના વિચ્છિન્ન ચિત્ત વ્યાપારોનું નિરૂપણ છે, તો 'જળ', 'મુક્તિ' તથા 'ઇશ્વર છે?' અન્યોક્તિ લેખે ધ્યાન ખેંચે છે. નિરૂપણ રીતિના આટલા વૈવિધ્ય સાથે આ કૃતિઓમાં માનવ જીવનની સંકુલતા સાથેનું, તેના આવેગો અને વિષમતાઓનું કરુણ ગર્ભ આલેખન થયું છે.

**લોહીનું ટીપું** : જયંત ખત્રીની આ ટૂંકી વાર્તામાં વંશાનુગત મળેલા સંસ્કારની કેદનું સૂક્ષ્મ વ્યંજનાથી નિરૂપણ થયું છે. તેજ ગતિ અને ધ્વનિ : જયંત ખત્રીની ટૂંકી વાર્તા. અહીં પિતા વીરસિંહ, જમીનદાર પ્રસાદજી અને પતિ નરપતિની પ્રતિક્રિયાઓ વચ્ચે કસ્તૂરીના સંવેગોનું અને સૌંદર્યનું ઊઘડતું જગત વાસ્તવ અને તરંગના આકર્ષક સંમિશ્રણ રૂપે પ્રતીત થાય છે.

જયંત ખત્રીની અત્યંત જાણીતી વાર્તાઓમાં 'ખીચડી' વાર્તા આગવું સ્થાન ધરાવે છે. ખત્રીની અન્ય વાર્તાઓની જેમ અહીં પણ વાર્તાનો મર્મ સ્પષ્ટ અથવા કથયિતવ્ય ભાષાના સંકેતોમાં નિહિત છે. કેટલીક વાર્તાઓમાં ખત્રી અર્થસંદિગ્ધતાનો આશરો લે છે. પરિણામે તેમની વાર્તાઓ વાર્તાકલાની સૂક્ષ્મ આંટીઘૂંટી સર્જે છે. સામાન્ય ભાવક આ કારણે વાર્તાની ઘટના, પાત્રો કે વાર્તાના અંતથી આગળ જઈ શકતો નથી. જ્યારે વાસ્તવિક્તા

એ છે કે ખત્રીના વાર્તાઓમાં ઘટના, પાત્રો, અંત, પરિસ્થિતિ આદિ કરતાં તેમણે રચેલા સંકેતોમાં છૂપાયેલું રહસ્ય જ મહત્ત્વનું હોય છે. 'ખીચડી' વાર્તામાં પણ આ સંકેતો અનુભૂતિની પીઠિકા રચી આપે છે. વાર્તામાં પ્રબળ જાતીય આવેગોનું નિરૂપણ થયેલું જોવા મળે છે. છતાં ખત્રીની અન્ય વાર્તાઓમાં જાતીયતાનાં જે વર્ણનો આવે છે એવાં કોઈ વિસ્તૃત વર્ણનો આ વાર્તામાં નથી. અહીં તો ગરીબી, મોંઘવારી અને ભૂખમરાની આખી ભૂમિકા ખત્રીએ રચી છે, ને તેમાંથી લાચારીવશ લખડી જેવા પાત્રને શારીરિક રીતે શોષાવું પડે છે. પરંતુ જીવનમાં કેટલીક વખત એવી પરિસ્થિતિ આવે છે, જેમાં અનિષ્ટ કરવું પણ ગમે છે. વાર્તાનું કેન્દ્રસ્થ પાત્ર 'લખડી' પણ વિચારપૂર્વક આ અનિષ્ટ તરફ ધકેલાઇ જતી જોવા મળે છે. લખડીનો બળાત્કાર થયો છે એમ ન કહી શકાય, છતાં લખડીનું શોષણ થયું છે, તેમ કહી શકાય. બંને પરિસ્થિતિની વચ્ચેની સ્થિતિમાં લખડી જીવે છે. જીવનમાં ક્યારેક પોતાના શરીર પ્રત્યે સભાન ન રહેનાર લખડીના જીવનમાં લાચારીવશ શરીર સોંપવાનો પ્રસંગ આવે છે ત્યારે તેને શરીર સુખનો અનુભવ થાય છે. પરંતુ ભૂખમરાનું દુ:ખ અને જીવનમાં અનુભવાતો આ પ્રથમ આનંદ પણ નષ્ટ થઈ જાય છે, કારણકે ત્યાં ભૂખ સામે આવીને ઊભી છે. વાર્તામાં પાંચ પાત્રો છે. મુખ્ય પાત્ર લખડીનું છે. લખડીના ઘરમાં તેના વૃદ્ધ મા-બાપ અને વંઠેલ ભાઈ છે. બાપ 'અપાહિજ' છે. એટલે ઘરની તમામ જવાબદારી લખડીનાં શિરે છે. સોળેક વર્ષની લખડી પોતાના કુટુંબના ભરણપોષણ માટે આખા ગામમાં લોકોનાં કામ કરે છે, ને તેમાંથી જે મળે તેમાં ઘરનું ગુજરાન ચાલે છે. મા-બાપ અને ભાઈ પ્રત્યેની અસીમ મમતા તેને આ ઢસરડો કરાવે છે. એક દિવસ તે જ્યાં કામ કરે છે, ત્યાંથી પૈસા મળતા નથી. તેથી તે ગામના શાહુકાર શંકર શેઠ પાસે ઉધાર પૈસા માંગવા જાય છે ત્યારે શેઠ તેને લાલસાથી જોઈ રહે છે અને પૈસા આપવામાં બહાનું કાઢે છે. બીજી બાજુ ઘરમાં ભૂખ્યા મા-બાપ ભૂખથી વલવલે છે. તે દિવસે ઘરનાં તમામ કામ પતાવી લખડી સરસ તૈયાર થઈ ભાઈની રાહ જોઈ રહી છે. ત્યારે તેનો બાપ લખડીને બોલાવી સાંકેતિક ભાષામાં કહે છે કે, 'તારે માટે તો ખીચડી કમાવી અઘરી નથી' અને છેવટે લખડી શંકરશેઠની મેડીએ જાય છે. ત્યાં એ પોતાની જાતને શેઠને સમર્પિત કરી દે છે. એ પછી તો લખડી આ માર્ગ સ્વીકારી લે છે. તે પછી લખડીના ઘરમાં ક્યારેય ખીચડીની ખોટ વર્તાતી નથી. 'ખીચડી' વાર્તામાં જાતીયતાની વાત તો વાર્તાકાર કરે છે, પણ સાથે સાથે વાસ્તવિક્તા અને સામાજિક અસમાનતાની ભૂમિકા પણ રચી આપે છે. એટલે જ વાર્તામાં લખડીનું અધ:પતન ભૂખને કારણે થયું એમ કહી શકાય. કેમકે લખડીનું કુટુંબ દારૂણ ગરીબી ભોગવી રહ્યું છે. ખીચડી કમાવવાની સંપૂર્ણ જવાબદારી લખડીની જ છે. શેઠ પૈસા તો નથી આપતા પણ તેની લખડી પ્રત્યેની દૃષ્ટિ લાલસાભરી છે. તેથી જ લખડી પોતાના હાથમાંની રૂપાની બંગડીઓ કાઢી ભાઈને આપે છે. પણ તે દારૂમાં બધું ગુમાવી દે છે ને લખડી સામે જે દૃશ્ય ખડું થાય છે તે આ છે. 'મેડી ઉપર ગોખનું બારણું ખખડ્યું અને થોડીવારમાં તો બે લંગડા પગો દાદરની બાજુમાં લટકી રહ્યા. લખડીએ એ જોયું. અને એ પણ એણે જોયું કે જે પગોમાં અત્યાર સુધી તાકાત નહોતી એ પગોમાંથી હવે પ્રાણ પણ ચાલ્યા જવાની ઉતાવળ કરતા હતા...' આ દૃશ્ય જોઈ લખડી મુંઝાઈ રહી છે. ત્યાં એનો બાપ એને બોલાવે છે. 'ઉપર તો આવ લખી!' લખડી ફાંસીના માંચડે ચડતી હોય એમ ઉપર ચડી, એના બાપના લંગડા પગોની પાસે બેસી ગઈ — ફસડાઈ પડી! પોતાની જવાબદારી પોતે નિભાવી નથી શકી તેની વેદનાથી લખડી દુ:ખી છે. લખડી પોતાની જાત પ્રત્યે સભાન નથી. પોતે શું છે? ને શું શું કરી શકે છે; તેની એને ખબર નથી. એટલે જ લખડીનો બાપ તેને પોતાની બાજુમાં બેસાડી કહે છે, 'લખડી મારી સામે બેસ... તો આજે તું ખીચડી ન જ કમાવી શકી? આમ કેટલાક દહાડા ચલાવ્યા કરશું?...' બુઢ્ઢાનું મોઢું ખૂલી ગયું. એની આંખો થંભી ગઈ. એ આંખો હળવે રહીને નીચે ઊતરી - લખડીની હાંફતી છાતી પર ફરી પાછી થંભી ગઈ. 'લખી, તારે હજીય ખીચડી કમાવવાની છે. એ આંખો હદ ઉપરાંત ભરાઈ જતી, એક ઝડપનું મટકું મારી ગઈ. તારા જેવીને ખીચડી કમાવી એ રમત વાત છે... બહુ જ સહેલું છે, સમજી? સમજે છે?...' પોતાનો બાપ જ એને દેહનો વેપાર કરવાનું સૂચવે છે. લખડીના જીવનની એ જ કરુણતા છે કે, ઘરના તમામ સભ્યો પોતાના પેટની ભૂખ માટે થઇને લખડીને ઉપયોગ કરવા માંગે છે. લખડી શું ઇચ્છે છે તેની કોઇને દરકાર નથી. આજ સુધી તેને પોતાના જીવનની એક જ ઉપયોગીતાનો ખ્યાલ હતો 'ખીચડી કમાઉં, ખીચડી રાંધુ અને ખીચડી પીરસું.' પણ આજે એને સ્ત્રી હોવાનું અને સુંદર ને જુવાન હોવાનું આહ્લાદજનક ભાન થયું છે. એટલે જ લેખક નોંધે છે : 'બેપરવાહ અને બેફામ જુવાની વિશે લખડીને કશું ભાન નહોતું પણ પિતા દ્વારા મળેલ સંકેતથી લખડી સભાન બને છે.' ખીચડી કમાવવાની નવી રીત માટે એ તૈયાર થઇને નીકળે છે. ત્યારે એના મનમાં આ રીત માટે આનાકાની તો છે જ. એટલે જ બાપ પાસેથી ખીચડી કમાવવા અંગેની શિખામણ લઈ દાદરો ઉતરે છે, ત્યારે તેનો બાપ ફરી બોલાવે છે, ત્યારે લખડી કહે છે, 'હજી — હવે શું છે?...' — આ વિધાનમાં લખડીની ક્ષણિક આનાકાની જોઈ શકાય છે, પણ બુઢ્ઢી આંખોમાં આવેલા આંસુ જોઈ લખડી વિચાર કરતી થઈ જાય છે. સમગ્ર વાર્તામાં 'લખડી' ખીચડીના પ્રતીક તરીકે રજૂ થઈ છે. બાપ, ભાઈ અને મા જેવા અંતરંગ સંબંધો પણ તેને ઉપભોગની વસ્તુ જ સમજે છે. શંકરશેઠ જે રીતે લખડીના દેહનો ઉપભોગ કરે છે, એ તો ખરો જ! પણ લખડીનો બાપ જ ખીચડી કમાવવાનો કીમિયો બતાવે છે એ મોટી સામાજિક કરુણતા છે. તો બીજી તરફ શંકર શેઠની કામ પ્રબળતા લખડીની લાચારીનો લાભ ઉઠાવે છે. લખડીને પણ જીવનમાં પહેલ-વહેલો મળેલો જાતીય આનંદ ગમે છે પરંતુ તેનું દુ:ખ અને તેની ફરજ તેને આનંદથી વંચિત કરી દે છે. 'લખડી નીચે ઉતરી ગઈ, પણ રસોડાની વચમાં પાણીનાં ભરેલા ટોપિયા અને માટલા અને

ખીચડીના ખાલી હાંડલા વચ્ચે ઊભી રહી. એને વિચાર કરવાની ટેવ નહોતી. પણ અત્યારે એ વિચારોના લશ્કરી ઘેરામાંથી છટકવાનો કોઈ રસ્તો નહોતો...' એની નજર ખીચડીના હાંડલા પર પડી. એણે નિશ્ચય કરી લીધો. લખડી બહાર નીકળી પડી ખીચડી કમાવા! લખડીના પતનની ક્ષણોને વાર્તાકારે પ્રતીતિકર બનાવી છે. લખડી ઘર તરફ ખાલી હાથે પાછી ફરી રહી છે ને મનમાં ખીચડીનું શું? વિચારી રહી છે. ત્યાં શંકર શેઠની મેડીની લાઈટ 'ટપ' દઈને થાય છે, ને લખડીને બોલાવતાં લખડી ઉપર ચડી જાય છે. મેડી સાફ કરતી લખડી પાસે આવી શંકર શેઠ તેની ફાટેલી ઘાઘરીમાં આંગળી ભેરવી વધારે ફાડે છે અને શંકર શેઠની કામુકતા પ્રબળપણે પ્રગટતી દેખાય છે. આવી પ્રબળ કામુકતાને જાતીયતાના પાશવીરૂપે પણ જોઈ શકાય. તે સંદર્ભે વાર્તામાં જાતીયતાનું પાશવીરૂપ પણ જોવા મળે છે. ને લખડી કાંઈક વિચારે તે પહેલાં તો 'ટપ' દઈને બત્તી ઓલવાઈ જાય છે. 'ટપ' દઈને ઓલવાતી ઝબકતી લાઈટ પણ સૂચક છે. લખડી પોતે કાંઈ વિચારે તે પહેલાં જ બધી ઘટનાઓ ઘટવા માંડે છે. બત્તી ઓલવાતા જ લખડીને હાશ થાય છે 'કેવું સરસ અંધારું!...' જાતીય આવેગાનો ઉપભોગરૂપે આવેલો આ અંધકાર વ્યંજનાસભર બને છે. લખડીને સુંદર અને જુવાન હોવાનું આહ્લાદજનક ભાન થાય છે. લખડી આ અંધકારમાં નીતિ અને અનીતિથી પર જઈને શરીરસુખનો આનંદ પ્રાપ્ત કરી રહી છે. એક સ્ત્રી તરીકે એના જીવનમાં આવેલો આ પ્રથમ પ્રસંગ છે. જે પ્રસંગ માટે લખડીનો અધિકાર છે પણ ઘટના સાવ જુદી જ રીતે ખત્રીએ ઊભી કરી છે. કેમકે લખડી અહીં માત્ર શરીર સુખ માણવા માટે નથી આવી પણ ખીચડી કમાવવા માટે આવી છે. એ જ લખડીના જીવનની સૌથી મોટી કરુણતા છે. ને એ જ ક્ષણે લખડીને એ વાતનું ભાન થાય છે. જેમ દરેક સ્ત્રીના, તેમ લખડીના જીવનમાં આ પ્રસંગ પ્રથમવાર આવ્યો હતો. એણે પોતાની જાતને એ પ્રસંગની મધુરતામાં તણાવા દીધી. આખરે એ સ્ત્રી હતી, જુવાન અને તંદુરસ્ત! દુનિયાએ એને બચપણથી જ એવા ઢલસરડામાં રોકી રાખી હતી. જીવનમાં સારું-નરશું, નીતિ-અનીતિ કે ધર્મ-અધર્મના ખ્યાલો બાંધવાની એને હજી ફુરસદ નહોતી. અત્યાર સુધી એને પોતાના જીવનની એક જ ઉપયોગીતાનો ખ્યાલ હતો – ખીચડી કમાઉં, ખીચડી રાંધુ અને ખીચડી પીરસું! આજે એને સ્ત્રી હોવાનું અને જુવાન હોવાનું, આહ્લાદજનક ભાન થયું. જીવનમાં પહેલી જ વાર એણે પુરુષનો સ્પર્શ અનુભવ્યો. એણે જીવન ધન્ય માન્યું હોત! પણ બીજી જ પળે એને ખીચડીનું ભાન થયું. એ દાદર નીચે લટકતા બે લંગડા પગો, એ ધીમી તાલબદ્ધ અને ખોખરી વાગતી એની માંની ખાંસીની ઘૂઘરીઓ... એના જાતીય આવેગના સાક્ષાત્કારની ધન્ય ક્ષણોને અભડાવવા દોડી આવે છે અને વાસ્તવિક્તા એના આનંદને આઘાતમાં ફેરવી નાખે છે ને એને લાગે છે, 'એ પલંગ એક મોટું હાંડલું હતું. અને પોતે મહી ખીચડી બની રંધાઈ રહી હતી. લખડી પોતેય ખીચડી જેવી છે – નહીં બા? એના ભાઈના શબ્દોનો એના કાને પ્રતિઘોષ થયો. હવે તે શંકર શેઠને લાત મારી હેઠા પાડે છે. ભૂખ વિવેક નથી ધરાવતી. શંકર શેઠને લખડીનો બાપ બંને ભૂખ્યા છે એવી જ રીતે લખડી પણ ભૂખી છે. પરંતુ તેની ભૂખ તરફ કોઈનું ધ્યાન નથી. એ સ્વયં પણ જીવનની હાડમારીમાં એવી રીતે જોતરાઈ ગઈ છે કે પોતાને પણ એક સંવેદન છે. પોતાની પણ કશીક દૈહિક જરૂરિયાતો છે એ તરફ લખડી બેધ્યાન છે. જ્યારે શંકરશેઠ તેને સ્પર્શે છે, ત્યારે તેની આ પ્રચ્છન્ન અનુભૂતિ બળવત્તર બની જાય છે. એક ક્ષણ લખુડી ભરપૂર જીવન જીવી લે છે. પણ ટૂંકી વાર્તા એટલે તો ક્ષણાર્ધનો ક્ષેત્ર વિસ્તાર, તણખો. ખત્રી તરત જ એક કુશળ વાર્તાકારની અદાથી લખડીના આનંદના સ્ત્રોતને અટકાવી દે છે. પુનઃ પેલી સામાજિક જવાબદારીનું ભાન થતાં લખડી પોતાના જીવનની ધન્યતાની એ પળોને વિસરાવી દે છે. એક સ્ત્રી માટે જાતીય આનંદની પ્રથમ અનુભૂતિમાં આવતો આ અવરોધ અત્યંત પીડાદાયક હોઈ શકે છે. લખડીની આ કથાનું મર્મસ્થાન પણ અહીં જ છે. વાર્તા ભલે વિશ્વયુદ્ધના પ્રતિઘોષ જેવી લાગે પરંતુ અહીં વ્યક્તિની ચેતનાનો પરામર્શ પણ ઓછો નથી. શંકર શેઠ અને લંગડો બાપ બંનેની ભૂખ સંતોષાતા આનંદ અનુભવે છે, છુટકારો અનુભવે છે. પણ લખડી તો એ આનંદને અનુભવી શકતી નથી. સામાજિકતાને કારણે પોતાની વૈયક્તિક સંવેદનાઓની આહૂતિ આપનાર નાયિકાના અત્યંત ગોપનીય આવેગોની આ કથાને ખત્રીએ બહુ જ સાંકેતિક રીતે રચી છે. 'ખીચડી' પેટની ભૂખમાથી દેહની ભૂખમાં શી રીતે પરિણમે છે એની કથા બની રહે છે. એમાં 'ખીચડી' નિમિત્ત બને છે. પેટની ભૂષ સંતોષાય પછી જ દેહની ભૂખ ઉઘડે છે અને લખડી ભૂખી છે. લખડીનો પરિવાર ભૂખ્યો છે. કુટુંબ પ્રત્યેની લખડીની સંવેદના અને પોતાના પેટની ભૂખ લખડીને જાતીયસુખ માણવા માટે બાધારૂપ બને છે. લખડીના શરીરનો ઉપભોગ કરતો શંકર શેઠ લખડીની આ લાચારીનો લાભ લે છે. એ અર્થમાં વાર્તા શંકર શેઠની પ્રબળ જાતીય આવેગોની વાર્તા તરીકે ઉઘડે છે. શંકર શેઠ જેવા કામી પુરુષ દ્વારા લખડી જેવી કેટલીય છોકરીઓ લાચારીનો ભોગ બનતી હોય છે તેનું નિરૂપણ 'લખડી'ના પાત્ર દ્વારા સમજાય છે. 'ખીચડી' જેવી લખડીને તેના જ પરિવારજનો શોષણને માર્ગે ધકેલી રોજબરોજ ફોલી ખાય છે. એ વાત જ વાર્તાને ઘેરા કારુણ્યમાં ધકેલી દે છે. પેટની ભૂખ અને શરીરની ભૂખમાં લખડીની જાતીય ભૂખ કરતાં પેટની ભૂખ ઉપર છે. પણ લખડી બેમાંથી એકેય ભૂખની પરિતૃપ્તિનો આનંદ પામી શકતી નથી. લખડીની આ સ્થિતિ વાર્તાંતે ભાવકને અકળાવી મૂકે છે. સાંકેતિક ભાષા પ્રયોગો દ્વારા કેટલાક ભાવ સંવેદનો ગોપીત રીતે પ્રગટ કરવામાં જ વાર્તાકાર ખત્રીની કલાસિદ્ધિ વર્તાય છે. આમ, ખરેખર જયંત ખત્રીના નારી પાત્રો સદાય અમર રહેવાના છે અને રહેશે તેવું મારું માનવું છે.

*સંદર્ભ : વિવિધ નવલકથાઓ જયંત ખત્રીની*

*'ખીચડી' – જયંત ખત્રી – ડૉ. વી.એલ. પટેલ, શામળદાસ કૉલેજ, ભાવનગર. ૧૨-૦૭-૨૦૧૨*

"મંગલ મંદિર" જુલાઈ-૨૦૧૯ : કચ્છ વિશેષાંક

# સંપુટ-૨

જીવન રસ

## સુખનું સરનામું



સુનિતા એ. શાહ

આજે અષાઢ સુદ બીજ હતી. આજે રથયાત્રાનો દિવસ હતો. આજનો દિવસ શુભ હોવાથી રવિએ પોતાની ઑફિસનું ઉદ્‌ઘાટન રાખ્યું હતું. થોડા જ વર્ષોની અંદર તેણે પોતાની આ ત્રીજી નવી ઑફિસ ઊભી કરી હતી. તેના પિતાએ તેને ખૂબ જ સરસ તાલીમ તથા સાથ-સહકાર આપ્યા હતા. તેના કારણે જ તે આ મુકામ પર પહોંચ્યો હતો. આજનો દિવસ બીજી એક રીતે પણ તેના માટે ખાસ હતો. નવી ઑફિસની પોતાની કેબિનની ખુરશી ઉપર બેસીને એ વિચારતો હતો કે ઘણી વખત જિંદગી તમારા બ્લેક એન્ડ વ્હાઈટ જીવનમાં મેઘધનુષી રંગ પૂરી દે છે તો અચાનક જ અગણિત રંગોથી ભરેલી જિંદગીને સાવ જ રંગવિહોણી બનાવી દે છે. પોતાની જિંદગી પણ આવી જ કોઈક ઘટમાળમાંથી પસાર થઈ હતી ને...

અને એ ભૂતકાળની યાદોમાં સરી પડ્યો.

એની જિંદગીના વીસ વરસ જાણે કે ઓગળી ગયા અને તે દસ વરસનો માસુમ બાળક બની ગયો. એને એ દિવસ બરાબર યાદ હતો. એ રથયાત્રાનો જ દિવસ હતો.

ફૂલછાબ અનાથાલયના બધા બાળકો તેમના મેડમ સરિતાબેન સાથે આજે રથયાત્રા જોવા જવાના હતા. આ બધા બાળકોમાં રવિ પણ હતો. બધા જ બાળકો ખૂબ જ ઉત્સાહિત હતા. આગલા દિવસે જ મેડમે બધા બાળકોને સમજાવતા કીધું હતું કે આ દિવસે ભગવાન રથમાં સવાર થઈને નગરની યાત્રા કરવા નીકળે છે. લોકોને સામેથી મળવા આવે છે. તેમના દર્શન આપવા આવે છે અને જ્યાં જ્યાંથી તેમનો રથ પસાર થાય છે ત્યાં લોકો તેમનું સ્વાગત કરવા ઊભા રહે છે.

નાનકડા રવિના મનમાં કોણ જાણે કેટલાય સવાલોની હારમાળા શરૂ થઈ ગઈ હતી. એ વિચારતો હતો કે આજે જ્યારે ભગવાનને મળીશ ત્યારે તેમને એક સવાલ તો જરૂરથી પૂછીશ કે, 'હે ભગવાન! મારા માતા-પિતા ક્યાં છે? શા માટે હું તેમનાથી છૂટો પડી ગયો છું? શા માટે મને આ અન્યાય થયો છએ? હું કે માતા-પિતાના વહાલથી વંચિત રહી ગયો છું?'

અને આ વિચારોને કારણે જ એ રથયાત્રામાં જવા અને ભગવાનને મળવા આતુર હતો. બધા બાળકો નવા કપડા પહેરી તૈયાર થઈને રથયાત્રા જોવા ઉપડી ગયા. રસ્તા ઉપર તો જાણે માનવ મહેરામણ ઉમટ્યો હતો. મેડમે બધાને કડક સૂચના આપી હતી કે, 'એકબીજાનો હાથ પકડીને જ ચાલજો. કોઈ એકબીજાથી છૂટા પડતા નહીં.' બધા બાળકોએ જોરથી એકબીજાના હાથ પકડી રાખ્યા હતા. એક સાંકળ બનાવી દીધી હતી. બાળકોને રથયાત્રા જોવાની ખૂબ મજા આવી. કેટલા બધા ખટારા, કસરતના દાવપેચ, શણગારેલા હાથી – આ બધું બાળકો નવાઈભરી નજરે જોઈ રહ્યા હતા. એટલામાં તો ભગવાનના રથનું આગમન થયું. ભગવાનના દર્શન કરવા માટે લોકોનો ધસારો વધવા માંડ્યો. રવિ તો આજે મનમાં નક્કી કરીને જ આવ્યો હતો કે આજે તો ભગવાન સમક્ષ જઈને પૂછવું જ છે. એટલે તે (પણ) બીજા બાળકોનો હાથ છોડાવીને લોકો સાથે રથ ભણી પહોંચવાની કોશિશ કરવા લાગ્યો અને લોકોની ભીડ વચ્ચેથી જગ્યા કરીને રથ સુધી પહોંચી ગયો. ભગવાન સામે જોઈને તેણે તેના મનમાં રહેલા સવાલોની ઝડી વરસાવી દીધી. મંદ મંદ મુસ્કુરાતા ભગવાનનો રથ ધીમે ધીમે આગળ વધી ગયો અને રવિ લોકોની ભીડ વચ્ચે ત્યાં જ રહી ગયો.

હવે તેને સમજાયું કે તે તેના બીજા મિત્રોથી છૂટો પડી ગયો છે. હવે તે ગભરાઈ ગયો. એને ખબર ના પડી કે એ કઈ બાજુ જાય. ભીડની વચ્ચે ધક્કા ખાતો એ આમથી તેમ અથડાવા લાગ્યો. એ જોર જોરથી એના મિત્રોના નામની બૂમો પાડવા લાગ્યો. પરંતુ ક્યાંયથી પણ જવાબ મળ્યો નહીં. હવે

તેની હિંમત ખૂટી ગઈ હતી. તે જોરજોરથી રડવા લાગ્યો. પરંતુ આટલા બધા માનવ મહેરામણમાં તેમને શોધવા મુશ્કેલ હતા. ધીમે ધીમે રથયાત્રા આગળ વધી ગઈ એમ લોકોની ભીડ વિખરાવા લાગી. તે એક ઓટલા ઉપર બેસી ગયો અને બે પગ વચ્ચે માથું મૂકીને ધ્રૂસકે ધ્રૂસકે રડવા લાગ્યો.

થોડીવાર પછી રડતા રડતા એને એવું મહેસુસ થયું કે એની સામે આવીને કોઈ ઊભું છે. તેણે માથું ઊંચું કરીને જોયું તો તેનાથી બે-એક વરસ નાનો બાળક તેની સામે ઊભો હતો. એ બાળકે ધીમું ધીમું હસતા રવિને પૂછ્યું, 'તું કેમ રડે છે? તારી મમ્મી-પપ્પા ક્યાં છે?' ત્યારે રવિએ પોતે કેવી રીતે બધાથી છૂટો પડી ગયો એ જણાવ્યું. પેલા બાળકે એને કહ્યું, 'તું જરા પણ ચિંતા ના કર. તું મારી સાથે મારા ઘરે ચાલ. આપણે તારા મિત્રોને શોધી લઈએ ત્યાં સુધી તું મારી સાથે મારા ઘરે રહેજે. મારા મમ્મી-પપ્પા બહુ સારા છે. તને જરા પણ નહીં વઢે. આજથી આપણે બંને દોસ્ત છીએ. મારું નામ આદિત્ય છે. તારું નામ શું છે?' 'મારું નામ રવિ છે' રવિએ જવાબ આપ્યો.

આદિત્ય એક ખૂબ જ પૈસાદાર ઘરનો પુત્ર હતો. એ આજે જીદ કરીને રથયાત્રા જોવા આવ્યો હતો. તેમનો ડ્રાઇવર તેને લઇને આવ્યો હતો. તે રથયાત્રા જોઈને પરત ફરી રહ્યો હતો ત્યારે રવિ પર તેની નજર પડી હતી. અત્યારે તો રવિ માટે જાણે કે ભગવાન જ આદિત્યનું રૂપ લઇને આવ્યા હોય તેવું જણાયું. આદિત્ય રવિને લઇને તેના ઘરે પહોંચ્યો. અને તેની મમ્મીને બધી વિગત જણાવી. આદિત્યની મમ્મી વૈભવીએ રવિને દૂધ અને નાસ્તો આપ્યા અને વહાલથી પોતાની પાસે બેસાડીને તેના વિશે જણાવવા કહ્યું. રવિએ કહ્યું કે તે અનાથાલયમાં રહે છે. તેનું આ દુનિયામાં કોઈ નથી. વૈભવીએ પૂછ્યું, 'એ અનાથાશ્રમનું નામ શું છે અને તે કયા વિસ્તારમાં છે? ત્યાંના મેડમનું નામ શું છે?' રવિએ જ્યારે અનાથાશ્રમનું નામ અને એના વિસ્તારનું નામ જણાવ્યું ત્યારે વૈભવીના ધબકારા જાણે કે વધી ગયા. તેમ છતાં તે સ્વસ્થ રહીને રવિ વિશે વધારે જાણવાની કોશિશ કરવા લાગી. હવે તેનું ધ્યાન રવિની વાતોને બદલે રવિને નિરખવામાં લાગી ગયું. તેણે રવિને શર્ટ ઉતારવા જણાવ્યું. રવિને કંઈ સમજ ના પડી કે આન્ટી આવું કેમ કહે છે? રવિ કંઈ સમજે તે પહેલા વૈભવીએ જાતે જ બટન ખોલીને તેનું શર્ટ કાઢી નાખ્યું અને એની પીઠ ઉપર નજર કરી તો તેની નજર રવિના પીઠ ઉપરના લાલ રંગના એક નિશાન ઉપર ચોંટી ગઈ.

અને એની નજર સામે દસ વર્ષ પહેલાની એ ઘટના આવીને ઊભી રહી કે જ્યારે એક લાચાર માં પોતાના નવા જન્મેલા બાળકને ફૂલછાબ અનાથાલયના દરવાજે મજબૂરીમાં મૂકીને આવી હતી. પોતે કેટલું કઠણ કાળજુ કરીને કાળજાના કટકાને પોતાનાથી દૂર કર્યો હતો. એક માં ના દિલ પર શું વીતી હશે કે જેણે નવ મહિના પોતાના ઉદરમાં ઉછેરીને જેને એક નવું જીવન આપ્યું હોય, આ સૃષ્ટિમાં જેને આંખો ખોલવાનું અહોભાગ્ય આપ્યું હોય એવા પોતાના જ એક અંશને પોતાનાથી જુદા કરવાની અસહનીય વેળા આવે... એ અંદરની વેદના સમજવા માટે દુનિયાની કોઈ પણ એ વ્યક્તિ અસમર્થ છે કે જે આ વેદનામાંથી પસાર થઇ ના હોય...

વૈભવી વિચારી રહી કે એ જ અનાથાશ્રમ, એ જ લાલ રંગનું નિશાન, દસ વર્ષનો બાળક અને એ જ મોઢાનો અણસાર... વૈભવીને ખાત્રી થઈ ચૂકી હતી કે આ રવિ એ પોતાનો જ દીકરો છે, જેને તે દસ વર્ષ પહેલાં અનાથાશ્રમના દરવાજા પર મૂકીને આવી હતી.

એણે રવિને થોડા દિવસ પોતાના ઘેર રહેવાનો આગ્રહ કર્યો. એણે અનાથાશ્રમમાં જઇને જાણ કરી અને રવિને પોતાના ઘેર રાખવાની અનુમતિ માંગી. પહેલા તો અનાથાશ્રમમાંથી પરવાનગી આપવાની ના પાડી પરંતુ રવિની પણ ઇચ્છા હતી અને વૈભવીએ એક મોટી રકમ અનાથાશ્રમ માટે આપવા જણાવી, એટલે વૈભવીના ઘરની બધી ખાત્રી કરી લીધા પછી તેમણે પરવાનગી આપી દીધી. વૈભવીનો પતિ માનવ બિઝનેસના કામથી ફોરેન ટ્રીપ પર ગયો હતો. આદિત્યને રવિ સાથે ખૂબ ફાવી ગયું હતું. એને તો જાણે પોતાનો એક દોસ્ત મળી ગયો હતો. થોડા દિવસ પછી માનવ પરત ફર્યો ત્યારે વૈભવીએ એને એટલું જ જણાવ્યું કે આદિત્ય એને (રવિને) લઇને આવ્યો હતો અને એ થોડા દિવસ આપણા ઘરે રહ્યો છે. રવિ પોતાનો જ દીકરો હોવાની વાત એણે માનવથી છુપાવી હતી.

પરંતુ અનાયાસે આટલા વર્ષો પછી મળેલા પોતાના દીકરાને હવે એ પાછી ખોવા તૈયાર ન હતી. એણે રવિને દત્તક લેવાનું મનોમન નક્કી કર્યું. પરંતુ એના માટે માનવને કેવી રીતે મનાવવો એ એની સમજમાં આવતું ન હતું.

એક દિવસ મોકો જોઇને વૈભવીએ માનવ સમક્ષ આ વાત કરી જ દીધી. ત્યારે આદિત્ય અને રવિ બંગલાની વિશાળ લોનમાં રમી રહ્યા હતા. બંને બહુ જ ખુશ જણાતા હતા અને પોતાના દીકરાને ખુશ જોઈને માનવ પણ ખૂબ ખુશ હતો. ત્યારે જ વૈભવીએ વાત મૂકી કે, 'આપણે રવિને દત્તક લઇએ તો કેવું? આદિત્યને સાથીદાર મળી જશે અને કોઈ એક ગરીબ છોકરાની જિંદગી સુધરી જશે.' અચાનક આવી વાત એકદમ તો માનવના મનમાં ન ઉતરી. એ વિચારવા લાગ્યો કે કોણ છોકરો છે? કેવા પરિવારનો હશે? એના માતા-પિતા વિશે પણ આપણે કંઈ જાણતા નથી. એને કેવી રીતે ઘરમાં રખાય?

પરંતુ વૈભવીની અદમ્ય ઇચ્છા અને જીદની સામે તે ઝુકી ગયો. એ વૈભવીને ખૂબ પ્રેમ કરતો હતો. અને એ પોતે પણ આધુનિક જમાનાના ઉચ્ચ વિચાર ધરાવતો હતો. અને કોઈ બાળકનું ભવિષ્ય સુધારવામાં અને કંઈ ખોટું જણાતું ન હતું.

અનાથાશ્રમમાં જઈને જરૂરી કાર્યવાહી કરીને રવિને એમણે દત્તક લઈ લીધો. હવે રવિ પણ આદિત્યની સાથે સારી શાળામાં ભણવા લાગ્યો. તે ભણવામાં ખૂબ હોંશિયાર હતો. કહે છે ને કે ફૂલના છોડને સારા ખાતર પાણી મળે તો તે ખીલી ઊઠે છે. એમ રહેણીકરણી બદલાતા જ રવિના રૂપરંગ પણ બદલાઈ ગયા. હવે એ અને આદિત્ય સાથે જ રહેતા, હરતા-ફરતા... બંને જણાને ખૂબ સારું ગોઠતું હતું. વૈભવી પણ પોતાના દીકરાને નજર સામે મોટો થતા જોઈને સંતુષ્ટ હતી.

આમ ને આમ વર્ષો નીકળી ગયા. આદિત્ય આગળ અભ્યાસ માટે ફોરેન ગયો. માનવ અને વૈભવીએ રવિને પણ મોકલવાનો વિચાર કર્યો હતો પરંતુ રવિએ સ્પષ્ટ ના પાડી હતી. એ એમને છોડીને જવા તૈયાર ન હતો. આદિત્ય ફોરેનમાં ભણીને ત્યાં જ સેટલ થઈ ગયો. જ્યારે રવિ અભ્યાસ પૂરો કરીને માનવને બિઝનેસમાં મદદરૂપ થવા લાગ્યો. ધીમે ધીમે તેણે બિઝનેસનો બધો ભાર પોતાના ઉપર લઈ લીધો. માનવને હવે ગણી જ રાહત લાગતી હતી.

અને આ શહેરમાં આજે તેમની ત્રીજી નવી ઑફિસનું ઉદ્ઘાટન હતું. ઉદ્ઘાટન સમારોહ સમાપ્ત થતાં ધીમે ધીમે આમંત્રિતો વિખરાઈ ગયા. રવિ પોતાની ચેમ્બરમાં બેસીને વિચારતો હતો કે વરસો પહેલા રથયાત્રાના દિવસે જ એને આ પરિવારનો ભેટો થયો હતો અને એની જિંદગી બદલાઈ ગઈ હતી. એ દિવસે ભગવાને જાણે કે નગરયાત્રા કરતાં કરતાં તેના દુ:ખ દર્દને દૂર કરી દીધા હતા.

તે ઑફિસેથી ઘેર પહોંચ્યો. ત્યારે બપોરના ત્રણ વાગવા આવ્યા હતા. વૈભવી ઘરમાં એકલી જ હતી. રવિ ઘરમાં આવી ચૂક્યો છે તેની તેને બિલકુલ જાણ ન હતી. એ તો ટી.વી.માં રથયાત્રા જોઈ રહી હતી અને ભગવાનના દર્શન કરી રહી હતી. અને અશ્રુભીની આંખે ભગવાનનો આભાર માનતા બોલી રહી હતી કે, "હે ભગવાન! આજથી વીસ વર્ષ પહેલાં મારો દીકરો મને પાછો આપીને તેં મારા ઉપર બહુ મોટો ઉપકાર કર્યો છે. તું નગરની યાત્રા કરતા કરતા કેટલાય લોકોના દુ:ખ દર્દ દૂર કરે છે. તારી નજરથી કંઈ છૂપાતું નથી. ભક્તો તો તારા મંદિરે આવે જ છે પરંતુ પ્રભુ, તું પણ સામે ચાલીને ભક્તો પાસે આવીને તેમની પીડાને દૂર કરે છે. હે પ્રભુ! મને માફ કરજે. રવિ મારો જ પુત્ર છે એ વાત મેં મારા પતિ અને મારા પુત્રો આદિત્ય અને રવિથી છૂપાવી છે. પણ હું મજબૂર છું. આ વાત જાણ્યા પછી મારા પતિ અને મારા પુત્રો મારાથી નફરત કરવા લાગે તો એ હું સહન નહી કરી શકું. મારો દીકરો રવિ મારા આ પગલા માટે મને ક્યારે પણ માફ ન કરે અને 'મને કેમ તરછોડ્યો હતો?' ના સવાલનો જવાબ માંગે તો હું શું જવાબ આપીશ? હું એની ગુનેગાર છું અને અત્યાર સુધી આ વાત છુપાવીને વધારે ગુનેગાર બની ગઈ છું. એની જનેતા એની સાથે જ હતી છતાં એ વાતથી એ અજાણ છે. હું કેવી કમનસીબ મા છું કે દીકરાને સચ્ચાઇ જણાવી શકતી નથી.' આમ જાણે વૈભવી કંઈ કેટલુંય બોલતી રહી અને એને ખ્યાલ પણ ન હતો કે રવિ પાછળ આવીને ઊભો છે અને એની બધી વાતો સાંભળી રહ્યો છે.

જ્યારે વૈભવી આંસુથી ખરડાયેલું એનું મુખ ધોવા માટે ઊભી થઈ તો પાછળ રવિને ઊભેલો જોઈને ગભરાઈ ગઈ. તેને થયું રવિએ બધું સાંભળી તો નહીં લીધું હોય ને? હવે એ મારાથી નફરત કરશે. મારી પાસે જવાબ માંગશે... વૈભવીની આંખમાં ફરી એકવાર રવિને ખોવાનો ભય દેખાઈ રહ્યો હતો. વૈભવી લાચાર અને ભયભીત નજરે રવિ સામે જોઈ રહી.

રવિ ધીમે ધીમે વૈભવીની પાસે આવ્યો. એણે કહ્યું, 'મેં બધું સાંભળી લીધું છે. મને સત્ય હકીકતની જાણ થઈ ગઈ છે. હવે મને ખબર પડી કે તમે મને કેમ દત્તક લીધો હતો અને સાચી હકીકત અમારા બધાથી છૂપાવી.' વૈભવી દુ:ખી હૃદય સાથે જમીન પર ફસડાઈ પડી. રવિએ એને બે હાથે પકડીને ઊભા કરતા કહ્યું, 'મા, મારે તમને કોઈ સવાલ નથી પૂછવા. મારે નથી જાણવું કે તમે મને કેમ અનાથાશ્રમમાં મૂકી આવ્યા હતા. એક માની મજબૂરી શું હશે તે સમજવા જેટલો સમજદાર તો હું થઈ જ ગયો છું. મારા માટે તો તમે જ મારી જીવન આપનાર જનની છો એ જ બહુ મોટી વાત છે. આજે મારા આનંદનો પાર નથી. મારા માટે તો જન્મ આપનાર માતા અને પાલક માતા દેવકી અને યશોદા બંને એક જ મા છે એથી મોટી ખુશી બીજી કઈ હોઈ શકે? કેટલાય વરસોથી મારા મનમાં ચાલતા સવાલનો જવાબ આજે મને મળી ગયો છે. તમારા જેવી માતાને પામીને હું ખૂબ ખુશ છું. આજે મને જાણે બીજી વખત જન્મ મળ્યો હોય એટલી પ્રસન્નતા મારા હૃદયમાં છે અને તમે ચિંતા ના કરતા. આ વાત આપણા બે વચ્ચે જ રહેશે. પપ્પા અને ભાઈને જણાવીને હું આ સ્વર્ગ સમાન ઘરમાં કલેશને સ્થાન ક્યારે પણ નહીં આપું. તમારો સુખી સંસાર આમ જ ચાલ્યા કરશે. પરિસ્થિતિમાં કોઈ ફરક નહીં પડે અને એ વરસોથી પોતાની જન્મદાત્રી માં ની મમતાથી વંચિત રહેલો એની માંને એવી રીતે વળગી પડ્યો જાણે અત્યાર સુધીની બધી જ મમતા આ એક ક્ષણમાં મેળવી લેવી હોય અને વૈભવી પણ પોતાના દીકરાને ગળે લગાડીને લાગણીની પ્રેમ નીતરતી ઝડીઓમાં ભીંજવી રહી.

આજે ફરી એકવાર રથયાત્રાનો દિવસ રવિ માટે જિંદગીનો એક સુખત મોડ લઈને આવ્યો હતો.

સુખ દરેક માણસના નસીબમાં હોય જ છે પણ સુખનું સમય પત્રક આપણા જીવનને અનુરૂપ ના હોય એટલે સુખી થવા માટે લોકો વગર કારણે દુ:ખી થતા હોય છે. બાકી ઈશ્વરના શેડ્યુઅલ મુજબ સુખને જીવનમાં આવવું જ પડે છે.

*૭, દર્શન એપાર્ટમેન્ટ, કૈલાસ સોસાયટી,*
*મહાલક્ષ્મી પાંચ રસ્તા, પાલડી, અમદાવાદ-૭. મો. ૯૮૨૫૧ ૫૫૫૧૩*

જીવન રસ

# ગણતર



એમ. ડી. સોલંકી

'અલી મેના? પે...લા... કંકુમાના મનોરની વઉ ચંપા પિયરથી હાહરે નાસી આઈ એ વાત હાચી?' ગામેરુ કૂવામાંથી ઘડા વડે પાણી ખેંચીને દેગડામાં રેડતા રેડતા અજવાળી બોલી.

'હોવઅ બૂન. કાલ હવારે તો કંકુમાના ઘેર આખુંય ફળિયું ભેગું થઈ ગયું'તું. હુંય મારા નાનકાને તેડીને ત્યાં ગઈ'તી.' વાતમાં ટાપસી પૂરતા મેનાએ કહ્યું.

'પણ, લોક વાતુ કરે સે કે કંકુમાના મનોરની વઉ ચંપાના તો બે દિ'પહેલા જ સૂટાસેડા થઇ ગયા સે ને? એ વાતનું શું?'

'અજવાળી, એ વાત જ હમજાતી નથી. મલક આખાયમાં આવી સોડી આજ લગી જોઈ નો'તી કે જે સૂટાસેડા થઇ ગયા પસી પણ બાપનું ઘર છોડીને હાહરે આવતી રે! આ હળાહળ કળજગ નઇ તો બીજું શું?'

'મનોરની વઉ ચંપા સૂટાસેડા થયા પછી પણ પિયરથી હાહસે નાસી આઇ તી કાંઇ ઇમને ઇમ નઇ આઈ હોય! નક્કી દાળમાં કંઇક કાળું હશે!' જમાનાના ખાધેલ ગલાલ ડોશીએ ગંભીર બનીને કહ્યું.

'એટલે? કાંક હમજણ પડે એવું બોલોને?'

'તુંય મારી બઈ! મેના, તેં આટલા વરહ પાણીમાં જ કાઢ્યા ને? હમજી જાને! કાંક આડો અવળો પગ...' ગલાલ ડોશી ધીમા સાદે બોલ્યા.

'હા, હોં. એવું જ કાંક કારણ હશે. નઈતર નેહાળમાં નોકરી કરતી સોડી સૂટાસેડા થયા પછીય બાપનું ઘર મેલીને હાહરે આવતી ના રે! તમે માનો ના માનો પણ વાતમાં કાંક તો ગરબડ હશે જ.' મોં મચકોડીને સમુ સુપાણી બોલી.

કંકુમાના મનોરની વહુ ચંપાની આ વાત ગામ આખાયમાં પવનની પાંખે ચડીને ઘેર ઘેર પહોંચી ગઈ હતી. સૌના મનમાં બસ એક જ સવાલ ઊભો થતો હતો. નોકરી કરતી ચંપા છૂટાછેડા થયા પછી પણ પીયર છોડીને સાસરે મનોરના ઘેર કેમ આવતી રહી હશે? ગામલોક પોતપોતાની સમજણ પ્રમાણે અનુમાનો કરતા હતા.

મનોરનું સગપણ પાંચેક વર્ષ પહેલાં પડખેના ગામમાં રહેતા ફતાજીની દીકરી ચંપા સાથે થયું હતું. મનોર ત્યારે કૉલેજના બીજા વર્ષમાં ભણતો હતો. ચંપા પી.ટી.સી.ના અભ્યાસક્રમમાં જોડાઈ હતી.

અભ્યાસ પૂરો થયા પછી મનોરે નોકરી માટે ઘણાંય પ્રયત્નો કર્યા પરંતુ નોકરી ના મળી. બીજી બાજુ એના પિતા જટાશંકર સ્વર્ગે સિધાવ્યા. ઘરની તમામ જવાબદારી મનોરના માથે આવી પડી. લાગલગાટ માઠાં વરસોને કારણે ખેતીના ધંધામાં ખોટ જ આવી. ખેતીનો ધંધો જાણે કે લાખના બાર હજાર જેવો થતો રહ્યો. મનોરનું ઘર આર્થિક રીતે ઘસાઈ ગયું. સદ્‌ભાગ્યે ખારા સમંદરમાં મીઠી વીરડીની જેમ ચંપાને પ્રાથમિક શિક્ષિકાની નોકરી મળી ગઈ અને એટલે મનોરના મનમાં કંઈક રાહત જેવું લાગ્યું.

ચંપાને શિક્ષિકાની નોકરી મળ્યાના એકાદ વર્ષ પછી કંકુમાએ ચંપાના પિતા ફતાજીની આગળ ચંપાને સાસરે તેડી જવાની વાત કરી. ફતાજીએ શરૂઆતમાં મહિના - બે મહિનાના વાયદા કર્યા. ત્યાર પછી આંબા-આંબલી બતાવ્યા અને આખરે ફતાજી વેવાઈ માટીપગો નીકળ્યો! ચંપાને સાસરે મોકલવાની વાતમાં એ પાણીમાં બેસી ગયો! ફતાજી વેવાઈએ કહ્યું, 'મારી ચંપા સરકારી નોકરી કરે છે. તમારા મનોરને સરકારી નોકરી મળે ત્યાર પછી ચંપાને સાસરે લઈ જવા આવજો.'

ફતાજી વેવાઈની વાત સાંભળી કંકુમા ડઘાઈ ગયા! એમણે ઊંડો નિસાસો નાખ્યો. વેવાઈને મનાવીને ચંપાને સાસરે તેડી લાવવા એમણે સગા-વહાલાઓ મારફતે પણ પ્રયત્નો કરી જોયા. અરે! છેલ્લે એમણે ચંપાને તેડવા મનોરને મોકલ્યો પણ ફતાજી જેનું નામ! વેવાઇ ધરાર નામક્કર ગયો. એ એકનો બે ના થયો. ચંપાને સાસરે મોકલી જ નહીં.

અને પછી તો ચંપા-મનોરની વાત આખાય બાવન ગામના સમાજમાં ચર્ચાનો વિષય બની બેઠી. સમાજના વ્યવહારુ માણસોએ પણ સમાધાન માટે પોતાનાથી બનતા પ્રયત્નો કર્યા, પણ વ્યર્થ! ફતાજી વેવાઇની હઠ આગળ કોઇનુંય ચાલ્યું નહીં.

ચંપા-મનોરની ચર્ચાતી વાતનો નીવેડો લાવવા ફતાજીએ પોતાના મળતિયા એવા સમાજના કેટલાક આગેવાનોને પોતાના ઘેર બોલાવ્યા. એ બધાને 'પાક્કુ જમણ' જમાડી પોતાની દીકરી ચંપાને મનોર સાથેના સગપણથી છૂટી કરવાની વાત મૂકી. સમાજના એ કહેવાતા આગેવાનોએ કહેવા પૂરતી ચંપાની

પૂછપરછ કરી. તેમની સામે ચંપા કાંઈ બોલી શકી નહીં. ચંપાના મૌનને એની છૂટાછેડા માટેની સંમતિ માની લઈ એ આગેવાનોએ ચંપા - મનોરના લગ્નજીવનના છૂટાછેડા કરી નાખ્યા. છૂટાછેડાના લખાણનો એક કાગળ ચંપાને આપ્યો અને બીજો કાગળ મનોરને.

મનોર અને કંકુમા એ ચંપા સાથેના છૂટાછેડાની વાતનો ઘણોય વિરોધ કર્યો પણ એમના વિરોધની વાત કોઈએ ગણકારી નહીં. મોટા નગારાના અવાજમાં નાની તતૂડીનો અવાજ સંભળાય નહીં, તેમ!

છૂટાછેડા થવાની રાતે એકલી પડેલી ચંપા એના ઘરના એક ઢાળિયામાં સૂતા સૂતા વિચારોના વમળમાં અટવાઈ પડી. આજ એની આંખોમાં નિંદર જ નહોતી. રહી રહીને એની નજર સમક્ષ ભલો-ભોળો મનોર તરવરતો હતો. અને ચંપાના મનમાં સવાલો ઊગી નીકળ્યા. 'મનોરને નોકરી ના મળી એમાં એમનો શું વાંક? એય મારા કરતા તો વધુ ભણ્યા છે. કદાચ મનોરને નોકરી મળી હોત અને મને નોકરી ના મળી હોત તો? અને એવા સમયે મનોર મને તરછોડે તો મારી દશા કેવી થાય? આવી ભીષણ મોંઘવારીમાં એકલા હાથે ઘર - ખેતીનું કામકાજ એ કઈ રીતે સંભાળતા હશે? મારા સાસુ તો ખર્યું પાન કહેવાય! ખરેકર હું ભણી, પણ ગણી નહીં! અને વગર વિચાર્યે બાપની હા માં હા કરે રાખી. જેથી સરવાળે છૂટાછેડાની નોબત આવી. ખરેખર ભૂલ તો મારી જ ગણાય. મનોર મારા પતિ હતા. એમની મુશ્કેલીના સમયે મારે એમને ટેકો અને હિંમત આપવા જોઈએ અને એ એમની પત્ની તરીકે મારી ફરજ હતી. હું જ મારી ફરજ ચૂકી ગઈ છું. ના, ના, હવે તો મારા હાથે થઈ ગયેલી ભૂલને સુધારી લેવામાં જ શાણપણ છે.

માગશરની મધરાત દબે પગે વહી રહી હતી. જીવમાત્ર મીઠી નીંદર દેવીને ખોળે પોઢી ગયા હતા. આવા સમયે પોતાના મનમાં ઉમટી રહેલા અજંપાના ઘોડાપુર વચ્ચે એક ઢાળિયામાં સૂતેલી ચંપાએ મનોમન કોઈક મક્કમ નિર્ણય કરી લીધો!

અને બીજા દિવસે વહેલી સવારે ભળભાંખરામાં ગામલોક જાગીને સમું-મનું થાય એ પહેલાં જ ચંપા ત્રણેક કિલોમીટરના અંતરે આવેલા એની સાસરીના ગામે મનોરના ઘેર પહોંચી ગઈ. મનોરના ઘેર પહોંચેલી ચંપા ઘડીભર ઓસરીમાં જ ઊભી રહી. કંકુમા ખાટલામાં ઊંઘતા હતા. ત્યાં એની નજર ઘરના પાછલે બારણે પડી. ત્યાં ઝાંખું ઝાંખું અજવાળું હતું અને ચંપા પાછલે બારણે પહોંચી. જોયું તો રાંધણિયામાં ધૂમાડાના ગૂંચળા વચ્ચે બેઠેલો મનોર ચૂલો સળગાવવા મથતો હતો. મનોર પાસે જઈને ચંપાએ કહ્યું, 'તમે ઊભા થાવ, તમને ચૂલો સળગાવતા નહીં ફાવે. હું જ આપણાં ઘરનો ચૂલો સળગાવી દઉં.'

વહેલી સવારે ભળભાંખરામાં અચાનક ચંપાને રાંધણિયામાં આવેલી જોઈ અચરજ પામતો મનોર ચૂલા સામેથી ઊભો થઈ કાંઈ સમજે એ પહેલા જ ચંપાએ પોતાના હાથમાં રહેલો છૂટાછેડાના લખાણવાળો કાગળ ચૂલામાં મૂકી દીધો! અને ચૂલો સળગી ગયો! એકાએક સળગી ઊઠેલા ચૂલાના અજવાળા સામે જોઈ રહેલા મનોરના ખભે હાથ મૂકી ચંપા હસતા હસતા બોલી, 'જોયું ને મનોર? ચૂલો આવી રીતે સળગાવાય! હવે તમે જરાય મૂંઝાશો નહીં. તમારા ઘરનો ચૂલો સળગાવવા ચંપા આવી ગઈ છે. હવેથી આપણા ઘરના રાંધણિયામાં કાયમ હું જ ચૂલો સળગાવીશ. આપણે સૌ સાથે રહીશું.' બોલતા બોલતા ચંપાની આંખમાં ઝળઝળિયાં આવી ગયા. ત્યારે મનોરની આંખની પાંપણ પણ ભીની થઈ ગઈ.

★

એકાદ રવિવારે ગામના ધોબીઘાટે કપડાં ધોવા ગયેલી ચંપાને ગામનાતે નણંદ થનાર ગોપીએ પૂછ્યું, 'ચંપાભાભી, એક વાત પૂછું? મનોરભાઈ સાથે તમારા લગ્નના છૂટાછેડા થઈ ગયા પછી પણ સાસરીમાં તેમના જ ઘેર પાછા આવતા તમારા મનમાં જરાય ઉચાટ નહોતો થયો?'

'એમાં વળી ઉચાટ કેવો ને વાત કેવી? ગોપીબેન, હું તો મારા જ ઘરે આવી છું ને! જીવનમાં ક્યારેક આપણી ભૂલ થઈ જાય અને એ ભૂલ થયાનો અહેસાસ આપણને થઈ જાય તો પછી આપણા હાથે થયેલી ભૂલને આપણે સુધારી લેવાની. ભૂલ્યા ત્યાંથી ફરી ગણાય! ગોપીબેન, મેં મારા હાથે થયેલી ભૂલને સુધારી લીધી છે.'

'પ...ણ....'

'એમાં પછી પણ આવે જ નહીં, મારા લાડકવાયા નણંદ! જીવનમાં જેટલું મહત્ત્વ ભણતરનું છે એટલું જ મહત્ત્વ ગણતરનું છે. ભણતર અને ગણતર તો એક જ સિક્કાની બે બાજુ ગણાય. ગમે તેટલું ભણતર ભણ્યા હો પણ એ ભણતર સાથે ગણતરનો સરવાળો ના થાય તો મારા જેવી ભૂલ થઈ જાય અને જીવનમાં કંઈક અધૂરાશ રહી ગઈ હોય એવું લાગે. બાકી જીવનમાં ભણતર અને ગણતરનો સમન્વય સધાય તો સંસાર જીવનનો બાગ મીઠી સુગંધથી મઘમઘી ઉઠે. એકલા ભણતરથી તો આપણું જીવન સાકર વગરના શીરા જેવું ફિક્કું લાગે. સમજ્યાને ગોપીબેન!'

ચંપા ભાભીની વ્યવહારુ વાત સાંભળીને ગોપી મરક મરક હસી પડી.

*૨૮, ઇન્દ્રપ્રસ્થ સોસાયટી, કલિકુંડ,*
*ધોળકા, જિ. અમદાવાદ. મો. ૯૦૯૯૯ ૪૧૨૪૦*

**એવી શક્તિ આપ પ્રભુ, અસ્ત સુધી વ્યસ્ત રહીએ,**
**મસ્ત રહીએ અને જબરદસ્ત રહીએ.**

પ્રજાતંત્ર

# જમ્મુ - કાશ્મીર રાજ્યમાં લઘુમતી કોમના મુખ્યમંત્રી ક્યારે મળશે?

પ્રા. પૃથ્વી શાહ

દેશનું કાશ્મીર રાજ્ય તેના તળાવ, ઝરણા, ડુંગર, પવિત્ર યાત્રાધામ, બગીચાઓ, કુદરતી સૌંદર્યને લીધે પ્રાચીન સમયથી વિશ્વમાં જાણીતું છે. આ સ્થળો, મુલાકાત લેનારના શ્વાસમાં - ધબકારમાં સતત ગૂંજે છે. પરંતુ આજે કાશ્મીર રાજ્યમાં – આવા ગુલાબી ઉપવનમાં લાવા પ્રસરી રહેલ છે. સામાજિક, આર્થિક, નૈતિક અને રાજકીય રીતે દુર્દશા તરફ ધકેલાતી આ પ્રક્રિયા હોવાથી આ રાજ્ય અંગે ચિંતન જરૂરી છે.

ભૌગોલિક રીતે જમ્મુ-કાશ્મીર રાજ્યના મુખ્ય ત્રણ વિભાગ ગણાય : (અ) જમ્મુ વિસ્તાર, (બ) કાશ્મીર ખીણ વિસ્તાર, (ક) લડાખ વિસ્તાર.

રાજ્યના ત્રણ મુખ્ય વિભાગની રીતે જોઈએ તો જમ્મુ વિસ્તાર ૨૬,૩૯૫ ચો.કિ.મી., કાશ્મીર ખીણ ૧૫,૯૪૮ ચો.કિ.મી. અને લડાખ વિસ્તાર ૯૫,૭૮૧ ચો.કિ.મી. ભૌગોલિક વિસ્તારમાં પથરાયેલ છે.

સંસ્કૃતિની રીતે જોઈએ તો પણ આ રાજ્ય મુખ્ય ત્રણ વિભાગમાં વિભાજિત થઈ શકે. જમ્મુ વિસ્તારમાં બહુમતી વસતિ હિંદુઓની છે. કાશ્મીર ખીણ વિસ્તારમાં મુસ્લિમ બહુમતી છે. અલબત્ત તેમના મૂળ હિંદુ સંસ્કૃતિથી રંગાયેલા છે જ્યારે લડાખ વિસ્તારમાં તિબેટી વંશના બૌધ્ધ ધર્મમાં માનનારા બહુમતીમાં છે. અત્રે નોંધવું રહ્યું કે ૧૯૮૬થી ૧૯૯૦ના ચાર વરસ દરમિયાન અને તેમાંય ૧૯૮૯ દરમિયાન વિશેષરૂપે થયેલ અમાનુષી અત્યાચારને લીધે દોઢેક લાખ શિક્ષિત વસતિ જેમાં હિંદુ કાશ્મીરી પંડિતોનું પ્રમાણ અતિશય હતું, તેઓ કાશ્મીર ખીણ વિસ્તારમાંથી સ્થળાંતર કરી જમ્મુ અથવા અન્યત્ર સલામતી માટે ચાલ્યા ગયા. આ માત્ર કાશ્મીરી પંડિતો અને બુધ્ધિજીવીઓની હકાલપટ્ટી ન હતી પણ એક ગૌરવની હકાલપટ્ટી હતી. કાશ્મીરી પંડિતો વગર વાંકે વતન વિમુખ થઈ રઝળતા સજા ભોગવી - યાતના ભોગવી રહ્યા હતા ત્યારે તેમના રક્ષણ, સુખાકારી અને વતન વાપસી અંગે ભાગ્યે જ કંઈક થયું. તેમને રેશન અને મર્યાદિત રોકડ જેવી નજીવી સહાય ચૂકવાઈ. એક સંસ્કૃતિના - શૈવ અને સુફી સંસ્કૃતિ માટે આ વિનાશક પગલાંને અટકાવવા નવી રીતે વિચારવાની સમયની માંગ છે.

૨૦૧૧ની વસતિ ગણતરી અનુસાર રાજ્યની વસતિ આશરે ૧.૨૫ કરોડ છે. સમગ્ર કાશ્મીર રાજ્યની રીતે જોઈએ તો ધર્મ આધારિત ૬૫ ટકા મુસ્લિમો છે, ૩૦ ટકા હિંદુ છે. ૩ ટકા બૌધ્ધ ધર્મી છે. ૨ ટકા શીખ વસતિ છે. આ પૈકી કાશ્મીર ખીણ વિસ્તારમાં ૯૫ ટકાથી વધુ મુસ્લિમ વસતિ છે. જમ્મુ વિસ્તારમાં મિશ્ર વસતિ છે. અહીં ૬૮ ટકા હિંદુ, ૨૬ ટકા મુસ્લિમ અને પાંચ ટકા શીખ છે. લડાખ વિસ્તારમાં બૌધ્ધ ધર્મમાં માનનારા બહુમતિમાં છે અને બાકીના મુસ્લિમ છે.

આપણો દેશ બિનસાંપ્રદાયિકતા અને ધર્મનિરપેક્ષતાને વરેલો છે. **સમગ્ર દેશમાં મહત્ત્વના પદ પર લઘુમતિ કોમનો માનવી આવે ત્યારે આપણે ગર્વ લઈએ છીએ, સમાનતાના ગુણગાન ગાઈએ છીએ.** પરંતુ જમ્મુ - કાશ્મીર રાજ્યમાં વસતિની રીતે લઘુમતિનો દરજ્જો ધરાવનાર કોમને મુખ્યમંત્રીની ખુરશી મેળવવામાં અન્યાય સહન કરવાની છાપ ઉપસે છે. આ રાજ્યમાં કોઈપણ પક્ષની સરકાર આવે, ઉપમુખ્યપ્રધાનની ખુરશી લઘુમતિ કોમને ફાળવવામાં આવે છે અને તેને કોઈ વિશેષ સત્તા હોતી નથી. ક્યારેક તે પક્ષીય સમાધાનમાં ઉપમુખ્યમંત્રીનું સૌપ્રથમ રાજીનામું માંગી, ભોગ માટે આગળ ધરાય એવું વલણ જોવા મળે છે.

વિધાનસભા વિસ્તાર અને સીટોમાં પણ જમ્મુ વિસ્તારને અન્યાય થઈ રહ્યાનું જણાય છે. ૧૯૫૧માં વિધાનસભા સીટ કેટલા મતદારે આપવી તે નક્કી થયું ત્યારે ચાલીસ હજારની વસતિએ એક સીટનું ધોરણ અપનાવાયું હતું. વસતિના સ્થળાંતર સાથે પ્રમાણ જળવાયું નથી. જમ્મુ - કાશ્મીર રાજ્ય મુખ્ય ત્રણ ભૌગોલિક વિભાગમાં વહેંચાયેલું છે. **એ ત્રણે વિભાગ વચ્ચે મતદાતા દીઠ સીટ ફાળવણીમાં સંકલન અથવા એકસુત્રતા જળવાઈ નથી.**

એક અહેવાલ મુજબ ૨૦૦૨ની ચૂંટણી વખતે કાશ્મીર ખીણ વિસ્તારમાં ૨૫.૫ લાખ મતદાર હતા. એ માટે વિધાનસભાની ૪૬ સીટ ફાળવવામાં આવેલ. જમ્મુ વિસ્તારમાં ૨૯ લાખ મતદાર હતા. તેમના માટે વિધાનસભાની ૩૭ સીટ ફાળવવામાં આવેલ. જ્યારે લડાખ વિસ્તારમાં દોઢ લાખ મતદાતા માટે ચાર સીટ ફાળવવામાં આવેલી. આમ,

વિધાનસભાનું કુલ ૮૭ સીટનું સંખ્યાબળ હતું. આ દૃષ્ટિએ જોઈએ તો કાશ્મીર વિસ્તારમાં ૫૫,૪૩૪ લોકોએ વિધાનસભાની એક સીટ, જમ્મુ વિસ્તારમાં ૭૮,૩૭૮ લોકોએ એક સીટ અને લડાખ વિસ્તારમાં ૩૭,૫૦૦ની વસતિએ એક સીટનું પ્રતિનિધિત્વ જોવા મળ્યું હતું. **આ પ્રમાણ દેખીતી રીતે લઘુમતિ ક્ષેત્રના લોકો માટે અન્યાયકારી હતું.**

૨૦૦૮ની યોજાયેલ ચૂંટણીમાં મતદારોની સંખ્યામાં મોટા પાયે ફેરફાર થયાનું જણાય છે. કાશ્મીર ખીણ વિસ્તારમાં ૨૦૦૮માં ૩૨.૬ લાખ મતદાર નોંધાયા હતા. છ વરસમાં મતદારની સંખ્યામાં લગભગ સાત લાખનો વધારો થયો. વસતિ વધારાને લીધે, મતદાતા જાગૃતિને લીધે યા અગમ્ય કારણોસર એમાં પ્રશ્નાર્થ છે. જ્યારે આ ગાળામાં જમ્મુ વિસ્તારમાં માત્ર એક લાખ મતદારોનો વધારો થયો, જ્યારે લડાખ વિસ્તારમાં ૧.૫ લાખ મતદારોનું પ્રમાણ યથાવત જળવાઈ રહ્યું.

જ્યારે ૨૦૧૯ની લોકસભાની ચૂંટણીમાં જોઈએ તો લડાખ વિસ્તારમાં ૧.૬૬ લાખ મતદાતા હતા અને જમ્મુ વિસ્તારમાં ૩૩.૩ લાખ મતદાતા હતા. આમ જોઈએ તો કાશ્મીર ખીણ વિસ્તારમાં હાલમાં એંસી હજારે એક સીટ વિધાનસભાની અને જમ્મુ વિસ્તારમાં નેવું હજારે એક સીટનું પ્રમાણ થાય છે. જ્યારે લડાખ વિસ્તારમાં એકતાલીસ હજારે એક સીટ જોવા મળે છે. સામાન્ય ગણતરી માંડીએ તો પણ જમ્મુ વિસ્તારને પાંચેક વિધાનસભા સીટ વધુ મળવાપાત્ર થઈ શકે.

જમ્મુ - કાશ્મીર સિવાયના ભારતમાં ચૂંટણી માટે નવું સીમાંકન ૨૦૦૮માં તૈયાર કરવામાં આવ્યું. જ્યારે ૨૦૦૨માં કરવામાં આવેલ ઠરાવ અનુસાર આ રાજ્યમાં ૨૦૨૬ સુધી સીમાંકનમાં ફેરફાર નહીં કરવાનો વિધાનસભામાં થયેલ ઠરાવ, એ વખતની દેશની સરકારે માન્ય રાખેલ. આ ઠરાવને લીધે જમ્મુ - કાશ્મીર રાજ્યમાં લઘુમતિમાં રહેલ જનતાને પોતાનો પ્રતિનિધિ મુખ્ય પ્રધાનની ખુરશી પર બેસી શકે એ જોવું સ્વપ્નવત્ બની રહેશે. બિનસાંપ્રદાયિકતા, સમાનતા, ઉજળા ભવિષ્યની રીતે આ પ્રશ્નને નવેસરથી જોવાની જરૂર છે.

એક માહિતી મુજબ સીમાંકનમાં ફેરફાર વિચારવા દેશના મુખ્ય ચૂંટણી કમિશનર, સુપ્રીમ કોર્ટના નિવૃત્ત જજ, રાજ્યના મુખ્ય ચૂંટણી અધિકારી ઉપરાંત પાંચ વિધાનસભ્યો અને પાંચ લોકસભાના સભ્યોની કમિટી બનાવવી પડે. હાલ વિધાનસભા અસ્તિત્વમાં નથી અને દેશની સત્તાધારી પક્ષની ત્યાં લોકસભાના સદસ્યમાં બહુમતિ નથી. તેથી દેશમાં સીમાંકન અંગે ગાજતો અવાજ પણ અમલી બનાવવો મુશ્કેલ જણાય છે. છતાં દેશની સરકાર અહીં લઘુમતિમાં રહેલ કોમને ન્યાય મળે એ દિશામાં કંઈક રસ્તો કાઢશે એવી સૌને અપેક્ષા છે. ■

## 'મારો સ્વજન થોડા સમયથી બહુ જ બોલે છે : સારવાર – (૩)

**(અનુસંધાન : પાના નં.-૫૩ ઉપરથી ચાલુ)**

સારવાર વધુ અસરકારક થાય એ માટેના નીચેના સલાહ સૂચનો અમલમાં મૂકવા જરૂરી છે.

૧. દવાઓ નિયમિત લેવી જોઈએ. મનોચિકિત્સકની સૂચનાઓ ધ્યાનપૂર્વક સાંભળો અને અમલમાં મૂકો.

૨. દવાની અસર તરત જ થશે એવું નથી. દવાઓ લીધા પછી આશરે બે અઠવાડિયા પછી તેની અસરનો ખ્યાલ આવશે. લક્ષણોની તીવ્રતા પહેલા ઓછી થશે. પછી જ લક્ષણો નાબૂદ થશે.

૩. મનોચિકિત્સકની સલાહ વગર, પોતાની જાતે કે સગાવહાલાની સલાહથી દવાઓમાં ઘટાડો કે વધારો કરવો નહીં. આનાથી સારવારમાં અવરોધ થાય છે તથા સુધારણા થવામાં સમય વધારે લાગે છે.

૪. દવાની આડઅસર (જે નહિંવત હોય છે તથા થોડા સમય માટે જ હોય છે) તે દવા પર આધાર રાખે છે. તેમજ એક જ દવાની આડઅસર વ્યક્તિએ વ્યક્તિએ અલગ અલગ હોય છે. દર્દીને જણાતી દવાની આડઅસર વિશે મનોચિકિત્સક જોડે ચર્ચા કરો. દર્દીને જણાતી દવાની આડઅસર બીમારીનું લક્ષણ છે કે નહીં એ બાબત મનોચિકિત્સકને નક્કી કરવા દો. જરૂરત હશે ત્યારે મનોચિકિત્સક ચોક્કસ દવામાં યોગ્ય ફેરફારો કરશે.

૫. દર્દીને સારું લાગવા માંડે તો પણ મનોચિકિત્સકની સલાહ પ્રમાણેનો કોર્સ પૂરો કરવો જરૂરી છે. અધવચ્ચેથી દવા છોડશો નહીં. બીમારીનો ઉથલો થવાના સંજોગો આથી વધી જાય છે. ફરીથી નવેસરથી સારવાર ચાલુ કરવી પડે છે. પહેલા કરેલી સારવાર ભૂલી જવી પડે છે.

ઉન્માદ મેનિયાની બીમારીની સારવારમાં દવાઓની સારવાર મુખ્ય મહત્ત્વની છે. દવાઓને પ્રાધાન્ય આપવામાં આવે છે. પૂરક ચિકિત્સા તરીકે મનોવિશ્લેષણ / કાઉન્સેલિંગ તથા કુટુંબીજનોનો સમણજપૂર્વકનો સાથ સહકાર અન્ય ઘટકો છે.

### (૨) મનોવિશ્લેષણ / કાઉન્સેલિંગ દ્વારા સારવાર :

પ્રથમ ઉન્માદ મેનિયાની બીમારીના દર્દીના મગજના જ્ઞાનતંતુમાં થયેલા ન્યુરોટ્રાન્સમિટર્સના ફેરફારોને દવાઓ દ્વારા નોર્મલ કરાય છે. ત્યારબાદ મનોવિશ્લેષણ કાઉન્સેલિંગ દ્વારા ઉન્માદ મેનિયા તરફ ધકેલનાર ખામીયુક્ત તથા સામાજિક પરિબળો બદલવાની કોશિશ કરાય છે. આ વિશે આવતા અંકમાં જાણકારી મેળવશું.

*(ક્રમશઃ)*

કાર્ય પ્રણાલી

# સફળતાની ચાવી એટલે કામનું ગૌરવ



જાદવજી કાનજી વોરા

ઈન્ફોસિસના ચેરમેન શ્રી કે. વી. કામથે ઈશા ફાઉન્ડેશનના સ્થાપક અને સુપ્રસિધ્ધ આધ્યાત્મિક ગુરુ શ્રી જગ્ગી વાસુદેવ સાથે કરેલા સત્સંગ દરમિયાન સર્જનાત્મક વિચારો ધરાવતા આ ગુરુએ કહ્યું હતું કે, 'તમારો કાર્ય પ્રત્યેનો લગાવ પ્રિયતમ પ્રત્યેના પ્રેમ જેવો હોવો જોઈએ. તમારો કાર્ય પ્રત્યેનો અભિગમ આનંદદાયક હોવો જોઈએ. કદાચ પ્રેમ પ્રકરણ જેવો હોવો જોઈએ. અન્યથા તમે કાર્યનો આનંદ ના લઈ શકો.'

આપણે જે પણ કામ કરતા હોઈએ તેમાં એક પ્રકારના ગૌરવનો અનુભવ થતો હોવો જોઈએ. કામ કરતી વખતે જો ગૌરવ અનુભવાતું હોય તો તે કામમાં ક્યારેય પણ થકાવટ કે કંટાળો આવતો નથી. એ કામ સફળતાને જ વરે છે. પણ જો એ જ કામ રસ લીધા વગર વેઠ ઉતારતા હોઈએ એમ કરાતું હોય તો તેમાં ચોક્કસપણે થકાવટ લાગશે અને કંટાળો પણ આવશે જ. અનિચ્છાએ થતા કામમાં ક્યારેય પણ Job Satisfaction – કાર્ય પરિપૂર્ણ થયાનો આત્મસંતોષ પ્રાપ્ત થતો નથી.

ઈ.સ. પૂર્વે ૩૫૦ વરસ પહેલાં ડહાપણ અને જ્ઞાનનો ભંડાર ગણાતા તક્ષશિલા વિદ્યાપીઠના પ્રાધ્યાપક ચાણક્યએ કહ્યું હતું કે, 'જીવનમાં સફળતા મેળવવા માટે કોઈ પણ કામ શરૂ કરતાં પહેલાં પોતાની જાતને ત્રણ પ્રશ્ન કરો : હું આ કામ શા માટે કરી રહ્યો છું? આ કામનું પરિણામ શું આવશે? અને આ કામમાં હું સફળ થઈ શકીશ ખરો? આ સવાલો ઉપર ઊંડાણપૂર્વક વિચાર્યા બાદ સંતોષકારક જવાબ મળી જાય, તે પછી જ આગળ વધો!'

હાલમાં આપણે જેમની ૧૫૦મી જન્મજયંતી ઉજવી રહ્યા છીએ એવા યુવાપેઢીના પથદર્શક સ્વામી વિવેકાનંદે લખ્યું છે કે, "Work is worship. Every duty is holy and devotion to duty is the highest form of the worship of God. When you are doing any work, do not think of anything beyond. Do it as worship, as the highest worship and devote your whole life to it for the time being." કામ એ જ પ્રાર્થના છે. દરેક ફરજ પવિત્ર છે અને ફરજ પ્રત્યેનો અનુરાગ એ સર્જનહાર પ્રત્યેની નિષ્ઠાનો સર્વોચ્ચ કક્ષાનો ભક્તિભાવ છે. જ્યારે તમે કોઈ પણ કાર્ય કરતા હો, ત્યારે એ સિવાય કાંઈ જ ન વિચારો. તમારા કાર્યને તમે પ્રાર્થનાની જેમ કરો. સર્વોચ્ચ કક્ષાની પ્રાર્થના. તમારું સંપૂર્ણ જીવન તમારા કાર્ય માટે સમર્પિત કરી દો!'

મને યાદ આવે છે અમારી યુરોપની મુલાકાત વખતે લંડનમાં થયેલો એક અનુભવ. અમારી બસ ઊભી રહી કે તરત જ અમારી આગળ ઊભેલી એક ચકચકિત લાંબી કારમાંથી ઉતરીને એક ભવ્ય વ્યક્તિત્વ ધરાવતો સુટ પહેરેલો, આશરે છ-સવા છ ફૂટ ઊંચાઈવાળો માણસ અમારી સામે આવીને ઊભો રહી ગયો. અમને જોઈને તરત જ બોલ્યો, "How is the street?" "આ ગલી કેવી લાગી?" આ પ્રશ્નનો હેતુ અમને ખાસ કંઈ ખ્યાલ ન આવ્યો પણ અમે ધીમેથી કહ્યું. "Fine! સરસ!" તેણે આભારવશ ચહેરે કહ્યું, "Thank you very much. I am in charge of the street!" "આપનો ખૂબ જ આભાર. આ ગલીની દેખરેખ માટે હું જવાબદાર છું!" અમે વિચારતા હતા ત્યાં અમારી Tour conductor – પ્રવાસ વ્યવસ્થાપકે આવીને ખુલાસો કર્યો કે આ ભાઈ આ ગલીના સફાઈ કામદારોના વડા છે. સાદી ભાષામાં કહીએ તો એ ભાઈ એ ગલીના સફાઈ કામદારો ઉપર દેખરેખ રાખનાર હતા. અમે આશ્ચર્ય ચકિત થઈ ગયા. એક સફાઈ કામદારને પોતાના કામનું આટલું ગૌરવ! ખરેખર કોઈ જ કામ નીચું હોતું નથી! જ્યારે કોઈ પણ કામ પૂરી નિષ્ઠા અને ગૌરવથી કરાતું હોય ત્યારે એ કામની ફળશ્રુતિ શ્રેષ્ઠ હોય એમાં શંકાને કોઈ સ્થાન હોઈ શકે ખરું?'

મને હજી યાદ આવે છે કેટલાક વર્ષો પહેલાનો મુલુંડનો એક રીક્ષાવાળો. સાફ સુથરા સફેદ પેન્ટ શર્ટ પહેરેલો એ રીક્ષાવાળો સવારના જો તમને મળી જાય તો તો સમજો કે તમારો આખો દિવસ જ સુધરી ગયો! રીક્ષામાં બેસો કે હસીને આવકારે, "Good morning Sir. Have a seat." "નમસ્તે સાહેબ, સ્થાન ગ્રહણ કરો." ચારેક છાપાઓ બતાવતા કહે, "Which newspaper would you like to read?" "આપને કયું છાપું વાંચવું ગમશે?" એની રીક્ષામાં બેસતાં જ મન પ્રસન્ન થઇ જાય. તમને આ વાત એક જોક - મજાક

**(અનુસંધાન : જુઓ પાના નં.-૪૦ ઉપર)**

આરોગ્ય

# "મારો સ્વજન થોડા સમયથી બહુ જ બોલે છે, ના પાડવા છતાં અટકતો જ નથી" – (૩) : સારવાર



ડૉ. મણિલાલ ગડા
(મનોચિકિત્સક)


ડૉ. દીપ્તિ શાહ (ગડા)
(મનોચિકિત્સક તથા બાળ મનોચિકિત્સક)


આગળના લેખમાં આપણે જાણ્યું કે જો કોઈ વ્યક્તિ પોતાના સ્વભાવ કે વ્યક્તિત્વ કરતા –

૧. વધારે બોલતો હોય.
૨. વધારે પડતો આત્મવિશ્વાસ હોય.
૩. ઊંઘ ઓછી થઈ હોય.
૪. સ્ફૂર્તિ વધારે રહેતી હોય.
૫. બહાર ફરવાનું વધી ગયું હોય.
૬. પૈસા ખર્ચવાનું, ખરીદી કરવાનું વધી ગયું હોય

તો ઉન્માદ - મેનિયાની બીમારી થવાની શક્યતા છે. મનોચિકિત્સકનો અભિપ્રાય લેવો અગત્યનું છે.

આ લેખમાં સારવાર વિશે માહિતી મેળવીએ.

- **સારવાર :**

સતત થતા વૈજ્ઞાનિક અને તબીબી સંશોધનને પરિણામે અનેક રોગોની સારવારમાં નવીનતમ તથા ઝડપ આવી છે. જેમ કે ડાયાબિટીસ, બ્લડ પ્રેશર, હૃદયરોગ, કેન્સર વગેરેની સારવારમાં નવીન પદ્ધતિઓ તથા આધુનિક ઔષધો આવી છે. તદ્ અનુસાર ઉન્માદ મેનિયાની બીમારીની સારવારમાં પણ પ્રગતિશીલ નોંધપાત્ર ફેરફારો નોંધાયા છે.

**ઉન્માદ મેનિયાની બીમારીમાં દર્દીની વ્યક્તિગત રીતે સારવાર કરવી જરૂરી છે.** દરેક દર્દીમાં અલગ અલગ પરિબળો કામ કરતા હોય છે. ઉન્માદ મેનિયાની બીમારી (અ) શારીરિક લક્ષણો (આનુવંશિક, મગજમાં આવેલા મનના અવયવોની કદ, રચના તથા ખાસ કરીને ન્યુરોટ્રાન્સમિટર્સ ઉત્પાદન કરવાની ક્ષમતા), (બ) મનોવૈજ્ઞાનિક પરિબળો (ખાસ કરીને વ્યક્તિત્વ, સંવેદનશીલતા, સહનશીલતા, નકારાત્મક લાગણીઓ વ્યક્ત કરવાને બદલે મનમાં દબાવી દેવાની વૃત્તિ વગેરે.) (ક) સામાજિક ઘટનાઓ (નકારાત્મક બનાવો વ્યક્તિના મન પર દબાણ લાવી ન્યુરોટ્રાન્સમિટર્સના ઉત્પાદનમાં રૂકાવટ બને છે. જેના લીધે મનના કાર્યો પર નકારાત્મક અસર થાય છે) આ ત્રિવિધ પ્રકારની પ્રક્રિયાનું પરિણામ છે.

આમાંના કયા પરિબળો : (૧) કારણભૂત છે, (૨) બીમારી વધારે છે, (૩) બીમારી ચાલુ રાખે છે, (૪) બીમારી પર કાંઈ અસર થતી નથી એ બાબત ઉંડાણમાં તપાસ કરી યોગ્ય સારવાર કરવી જરૂરી છે. જેને લીધે યોગ્ય સારવાર કરી શકાય તથા અપેક્ષિત પરિણામો મળે. ઉન્માદ બીમારીના બીજા દર્દીઓ જોડે આથી સરખામણી ન કરી શકાય.

નીચેની પધ્ધતિઓ દ્વારા ઉન્માદ મેનિયાની બીમારીની આધુનિક સારવાર કરવામાં આવે છે :

૧. મેનિક પ્રતિરોધક દવાઓ (Antimanic Medication)
૨. મનોવિશ્લેષણ / કાઉન્સેલિંગ (Psychotherapy / Counselling)
૩. કુટુંબીજનો તથા સ્વજનોનો સાથ સહકાર (Family Therapy)

સારવારમાં જરૂરત પ્રમાણે એકથી વધારે પધ્ધતિઓનો એકસાથે ઉપયોગ કરાય છે.

**(૧) દવાઓ દ્વારા સારવાર**

મેનિક પ્રતિરોધક દવાઓ ગુણકારક દવાઓ છે. વિવિધ પ્રકારની દવાઓ ઉપલબ્ધ છે. જેવી કે –

(અ) લિથિયમ (Lithium)
(બ) વાલપ્રોએટ (Valproate)
(ક) ન્યુરોલેપ્ટિક (Neuropeltics)

આ દવાઓ યોગ્ય પ્રમાણમાં રોગના લક્ષણો અનુસાર આપવામાં આવે છે. દર્દી માટે કઇ દવા યોગ્ય છે તથા કેટલી માત્રામાં આપવાની છે એનું સંપૂર્ણ તથા વિશિષ્ટ જ્ઞાન મનોચિકિત્સક પાસે હોય છે. આ દવાઓ ઉન્માદ - મેનિકની બીમારી દરમિયાન મગજના જ્ઞાનતંતુમાં થયેલા ન્યુરોટ્રાન્સમિટર્સના ફેરફારોને પૂર્વવત નોર્મલ કરે છે તથા મેનિકની બીમારીને કાબૂમાં લાવે છે.

આ દવાઓ ઊંઘની દવાઓ નથી. બજારમાં મળતી ઊંઘની દવાઓ કરતાં આ મેનિક પ્રતિરોધક દવાઓ તદ્દન જુદી જ છે. મેનિક પ્રતિરોધક દવાઓ દર્દીને બંધાણી બનાવતી નથી. આ દવાઓ સલામત અને સામાન્ય રીતે હાનિરહિત છે.

(અનુસંધાન : જુઓ પાના નં.-૫૧ ઉપર)

પ્રીતિ

# પ્રેમ એ જ જીવન



પ્રવીણભાઈ જી. મેંદપરા

પ્રેમ એક મનોવાંછિત ગુણ પ્રગટ કરતી એક મહાન શક્તિ છે અને પ્રેમ સ્વરુપે ભગવાને પોતાની પ્રેમ શક્તિ મનુષ્યને આપેલી એક અણમોલ ભેટ છે અને પ્રેમની શક્તિ મનુષ્યને ઉર્ધ્વગતિ તરફ લઈ જાય છે. પ્રેમ શક્તિથી મનુષ્ય ભગવાનને રીઝવી શકે છે, જગતને જીતી શકે છે અને વશ કરી શકે છે.

પ્રેમના સાધનથી મનુષ્ય પશુ જીવનમાંથી માનવ જીવન તરફ લઇ જઇને નરમાંથી નારાયણ સુધી પહોંચાડે છે. વિચાર શક્તિ, ક્રિયા શક્તિ અને ઇચ્છા શક્તિ – આ ત્રણેય ભાગ્યની દેવી ગણાય છે પરંતુ પ્રેમ શક્તિ એ ભગવાનની કૃપા શક્તિ છે. જો આ પ્રેમ શક્તિને મનુષ્ય જીવનમાં અપનાવે તો અસંભવને સંભવ કરી શકે છે અને પોતાનું અને સામેના માણસનું જીવન પણ બદલી શકે છે.

મનુષ્ય નિઃસ્વાર્થ પ્રેમની દઢતાથી સફળતા પ્રાપ્ત કરી શકે છે. પ્રેમથી સંસ્કાર ઉત્પન્ન થાય છે અને મોહથી વિકાર ઉત્પન્ન થાય છે. મનની શક્તિ કરતા પ્રેમની શક્તિ ઊંચી છે. કામથી શરીર થાકી ગયું હોય તો મન શરીર પાસેથી કામ લઇ શકતું નથી. પરંતુ જો પ્રેમની શક્તિ હોય તો પ્રેમની ઉર્જાથી મનુષ્ય થાકેલ શરીર પાસેથી પણ કામ લઇ શકે છે અને પ્રેમમાં ફના થવાની તાકાત છે.

મનુષ્ય પ્રેમની શક્તિથી કોઈપણ માણસ, પશુ, પક્ષી કે જંગલી જાનવરને વશ કરી શકે છે. આનાથી કોઈ મોટો વશીકરણ મંત્ર નથી. પ્રેમની ભૂખ તો હર કોઈ જીવને હોય છે. નિઃસ્વાર્થ પ્રેમની ભૂખમાં કંઈપણ મેળવવાની ઇચ્છા હોતી નથી. આપવાની ભાવના હોય છે. ધન દોલતની જેમ પ્રેમમાં કંઈપણ પામવાની ઇચ્છા ક્યારેય થતી નથી. તેમાં પોતાના સુખ કરતા સામાના સુખનો વિચાર હોય છે.

*શાયરે કહ્યું છે કે :*

***સચ્ચા પ્યાર ચાહે દો પલ કે લિયે હી હો,***
***મગર અહેસાસ જિંદગીભર કે લિયે જે દાતા હૈ.***

પ્રેમની સુંદરતાને આત્માનું સૌંદર્ય પણ કહે છે. પ્રેમથી દુનિયાને ચાહો અને તેની સુંદરતા માણો. પ્રેમાળ શબ્દોના બે ટીપા, સંબંધને પોલિયો થતો અટકાવે છે. પ્રેમથી બોલેલા બે શબ્દોથી સામેના માણસના ચિત્તમાં આનંદ છવાઈ જાય છે. એટલે જીવનરૂપી બાગને સુંદર બનાવવા નિઃસ્વાર્થ પ્રેમના પથ પર ચાલવું જોઈએ. નિષ્કામ પ્રેમ અજવાળું ફેલાવે છે અને સ્વાર્થી પ્રેમ બાળીને રાખ ફેલાવે છે. જો મનુષ્યમાં પ્રેમના નામનો સંવેદનાનો સ્રોત એમની અંદર સૂકાઈ જાય તો તે એક જીવતી લાશ સમાન જ છે.

જીવનમાં સફળ થવું હોય તો પ્રેમ જેવી અદ્‌ભુત ચીજ કોઈ નથી. ગમે તેવા ખરાબ કે ગંભીર વાતાવરણમાં તમારું પ્રેમાળ હાસ્ય મોટો પ્રભાવ પાડે છે અને તમે શત્રુઓને પણ પ્રેમની તાકાતથી તે તમારી સામે બોલવાની હિંમત કરશે નહીં અને જો તમે પ્રેમાળ હશો તો અનેક માણસો તમને મદદ કરવા આવશે. પ્રેમ આપવાથી સામેનો માણસ પોતાના દુઃખદર્દો ભૂલી જાય છે. દરેકને પ્રેમથી જુઓ અને પ્રેમથી દરેકનું કામ કરો તો તમારા તરફ બધા પ્રેમ બતાવશે.

*શાયરે કહ્યું છે કે :*

***વક્ત કા ક્યા હૈ, વો તો ગુજર હી જાયેગા;***
***જો રહ જાયેગા, વો સિર્ફ સત્ય ઔર પ્રેમ હૈ.***


એક મોટી પેઢીનો માલિક વેપારમાં બહુ ઘડાયેલો માણસ હતો. તે તેના એક નોકરનો સ્વભાવ બરાબર સમજતો હતો. તે નોકરને પોતાના દીકરાની જેમ પ્રેમથી રાખતો હતો અને તેની સાથે કામ લેવામાં તે સફળ થતો. તે એ જાણતો હતો એટલે તેની સાથે પ્રેમાળ સ્વભાવથી કામ લેવામાં સફળ થતો. આ જ તેની પેઢીની સફળતાનું રહસ્ય હતું. એક દિવસ પેઢીનો માલિક મૃત્યુ પામ્યો. પછી તેનો વહીવટ એના દીકરાના હાથમાં આવ્યો. તે જુવાન હતો. તેને પૈસાનું અને પોતે કંઈક છે તેવું તેનામાં અભિમાન આવી ગયું હતું. તે નાની નાની વાતમાં અવિશ્વાસ કરીને નોકરને દબાવ્યા કરતો. આથી નોકરને તેનામાં વિશ્વાસ રહ્યો નહીં. તે મનમાં મેલ રાખીને કામ કરવા લાગ્યો. આથી થોડા વખતમાં પેઢી ખોટના ખાડામાં આવી પડી. એટલે જ કહેવાય છે કે પ્રેમથી કોઈપણ માણસ પાસેથી કામ લઈ શકાય છે.

કોઈપણ માણસ ઉપર ગમે તેટલું કામનું ભારણ હોય પરંતુ તે કાર્યને પ્રેમથી કરશો તો તે કાર્ય અઘરું નહીં લાગે અને પૂર્ણ થશે. પરંતુ કેટલાક માણસો એવા હોય છે કે કાર્ય હાથ પર

**(અનુસંધાન : જુઓ પાના નં.-૩૮ ઉપર)**

દેશ સેવા

# ગાંધીજીની ૧૫૦મી જન્મ જયંતીએ



ડૉ. સુધીર ચી. મોદી

શિયાળાની મોસમ છે. હાડ થીજાવતી ઠંડી હમણાં જ પસાર થઈ ગઈ છે. સવારના પાંચ વાગ્યાનો સમય છે. હેમંત ઈન્કમટેક્ષ ચાર રસ્તા પાસે ચાલતો પસાર થઈ રહ્યો છે. ત્યાં અચાનક સ્ટેચ્યુ પરથી ઉતરીને ગાંધીજીએ હેમંત આગળ લાકડી આડી કરી દીધી અને હેમંતને ઊભો રાખ્યો.

*હેમંત* : અરે, ગાંધીજી આપ? નમસ્તે, નમસ્તે, પ્રણામ કરું છું.

*ગાંધીજી* : જયહિંદ! જય ભારત!

*હેમંત* : મને કેમ ઊભો રાખ્યો?

*ગાંધીજી* : મારે તારી સાથે થોડી વાતો કરવી છે.

*હેમંત* : સરસ! ચાલો, આપણે રિવરફ્રન્ટ પર શાંતિથી બેસીને વાતો કરીએ.

*ગાંધીજી* : આ રિવરફ્રન્ટ વળી શું છે?

*હેમંત* : તમે રિવરફ્રન્ટ નથી જાણતા?

*ગાંધીજી* : ના. નામ આજે જ સાંભળ્યું.

*હેમંત* : ચાલો, ત્યાં જઈએ એટલે જાણવા મળશે.

*ગાંધીજી* : સારું ત્યારે, મને તો ચાલીને યાત્રા કરવાની ટેવ છે અને પસંદ પણ છે.

*હેમંત* : લો, આપણે ચાલતા ચાલતા રિવરફ્રન્ટ આવી ગયા.

*ગાંધીજી* : અરે! આ તો સાબરમતી નદીનો ઓવારો છે, એમ કહેને.

*હેમંત* : ઓવારો ના કહેવાય બાપુજી! રિવરફ્રન્ટ કેવું સરસ નામ છે!

*ગાંધીજી* : પરંતુ અંગ્રેજી નામ રાખવાની શું જરૂર?

*હેમંત* : હવે આવા શબ્દો તો રોજના વ્યવહારમાં વણાઈ ગયા છે જેવા કે રિવરફ્રન્ટ, ગુડ મોર્નિંગ, હેપ્પી બર્થ ડે, બાય બાય વગેરે.

*ગાંધીજી* : એમ?

*હેમંત* : હવે તો બાળકોને પણ અંગ્રેજી મીડિઅમમાં ભણાવવામાં આવે છે.

*ગાંધીજી* : બાળકોને શિક્ષણ તો માતૃભાષામાં જ શરૂ કરાવવું જોઈએ.

*હેમંત* : તો બાળકો સ્માર્ટ ના લાગે.

*ગાંધીજી* : અંગ્રેજીમાં ભણાવવાથી જ સ્માર્ટ દેખાય?

*હેમંત* : એવું મનાઈ રહ્યું છે.

*ગાંધીજી* : જવા દે આ બધી વાતો. મને અત્યારે ભારત દેશની સામાન્ય જનતાની વાતો કર. તેની વાતો જાણવી છે. ભારત દેશમાં નાગરિકો કેવી જાતનું જીવન જીવી રહ્યા છે?

*હેમંત* : બોલો, આપને શું જાણવું છે?

*ગાંધીજી* : લોકો ચરખો ચલાવીને ખાદીના કપડાં પહેરી રહ્યા છે?

*હેમંત* : અરે, એ તો તમારા જૂના જમાનાની વાતો થઈ કહેવાય. અત્યારે તો જીન્સનો જમાનો ચાલે છે, જીન્સનો!

*ગાંધીજી* : અને સફેદ ગાંધી ટોપી?

*હેમંત* : તે તો શોધવા જવી પડે.

*ગાંધીજી* : અને દારૂબંધી?

*હેમંત* : કાગળ પર જ કહેવાય.

*ગાંધીજી* : તું શું બોલે છે?

*હેમંત* : હા, આ જ સાચી હકીકત છે, બાપુજી.

*ગાંધીજી* : દેશ ક્યાં જઈ રહ્યો છે?

*હેમંત* : તોય દેશ પ્રગતિ તો કરી રહ્યો છે.

*ગાંધીજી* : કેવી પ્રગતિ?

*હેમંત* : દેશમાં દરેક ગામડાં સુધી રસ્તાઓ થઈ ગયા છે. ગામડાંઓના ઘરોમાં વીજળી આવી ગઈ છે. બળદગાડા અને હળને બદલે બાઈક અને ટ્રેક્ટર ફરી રહ્યા છે. બુલેટ ટ્રેન લાવવાની વાત બની રહી છે. કોમ્પ્યુટર આવી ગયા છે.

*ગાંધીજી* : આ કોમ્પ્યુટર વળી શું છે?

*હેમંત* : કોમ્પ્યુટરે તો ક્રાંતિ કરી દીધી છે. પત્રો લખવાના, હિસાબોના ચોપડા રાખવાના દિવસો ગયા. તેમજ કોમ્પ્યુટરમાં ગૂગલ અને યુ-ટ્યુબ પર કોઈપણ જાતની માહિતી મળી શકે વગેરે વગેરે. પેપરલેસ જમાનો થઈ રહ્યો છે.

*ગાંધીજી* : તો તો, મારે કોમ્પ્યુટર જોવું પડશે. આ બધા શબ્દો મને નવા નવા લાગે છે.

*હેમંત* : અને મોબાઈલ ફોન વાપરતા શીખવું પડશે.

*ગાંધીજી* : આ નવો મોબાઈલ ફોન શું છે?

*હેમંત* : ફોન હાથમાં લઈને ફરો, દુનિયામાં ગમે ત્યાં વાત કરી શકો, ફોટાઓ જોઈ શકો, ઘણું બધું તેનાથી થઈ શકે.

*ગાંધીજી* : વિજ્ઞાનની આ નવી નવી શોધોએ તો કમાલ કરી લાગે છે. સારું, હવે મને કહે, ખેડૂતોની સ્થિતિ કેવી છે?

*હેમંત* : ખેડૂતો પણ ખેતરમાં નવી પધ્ધતિઓ વાપરે છે. ટપક પધ્ધતિથી સિંચાઈ કરે છે, ખાતરો વાપરે છે, બેંકોમાંથી લોન લે છે. થોડાં વર્ષો બાદ ઘણી સરકારો તેમના દેવા માફ કરી દે છે.

*ગાંધીજી* : પ્રજાના સેવકો, નેતાઓ શું કરે છે?

*હેમંત* : વાહ બાપુજી! તમે નેતાઓ અને સેવકો શબ્દો વાપર્યા. નેતાઓ એ.સી. ગાડીઓમાં ફરે છે, વચનો આપે છે, ભાષણો કરે છે, ચૂંટણીઓ બેફામ રીતે લડે છે, તમારા નામથી ખુરશીઓ મેળવે છે. ટી.વી.માં રોજ દેખાયા કરે છે.

*ગાંધીજી* : આ ટી.વી. શું છે?

*હેમંત* : તમને નથી ખબર?

*ગાંધીજી* : મારા સમયમાં ફક્ત રેડિયો જ હતો.

*હેમંત* : ટી.વી. એટલે નાના પડદા પર ઘરમાં બેઠા બેઠા દુનિયાભરની સારીખોટી વાતો સાંભળી શકો, જોઈ શકો.

*ગાંધીજી* : તે તો ઘણું સારું કહેવાય.

*હેમંત* : દુનિયાભરમાં સાયન્સની નવી નવી શોધોનો લાભ લઈ જગત નાનું બની ગયું છે. અત્યારે આપની ૧૫૦મી જન્મજયંતીનું વર્ષ ઉજવાઈ રહ્યું છે. તેના કાર્યક્રમો પણ ટી.વી. પર આવે છે.

*ગાંધીજી* : મને બતાવીશ?

*હેમંત* : જરૂર, જરૂર!

*ગાંધીજી* : અને હા, કોંગ્રેસના શું ખબર છે?

*હેમંત* : આઝાદી બાદ કોંગ્રેસમાં એક જ કુટુંબનું ચલણ ચાલી રહ્યું છે.

*ગાંધીજી* : મેં તો આઝાદી બાદ તુરત જ કોંગ્રેસને વિખેરી નાખવાનું કહ્યું હતું. ગાદી મળતાં કોઈએ મારી વાત સાંભળી જ નહીં.

*હેમંત* : એ તો આઝાદી મેળવવા સુધી જ તમારી જરૂર હતી, બાપુજી.

*ગાંધીજી* : આઝાદી બાદ હું ઘણો દુઃખી હતો. આઝાદી મળ્યા બાદ દેશસેવા બધાએ કરવી જ જોઈએ.

*હેમંત* : દેશસેવા તો ઠીક, નેતાઓ દેશસેવાને નામે સત્તાની ખુરશીઓ મેળવે છે. નાતજાતના ધર્મના કોમના વિખવાદો ઊભા કરી ગાદી સાચવે છે. ધન અને સત્તા વધારવામાં જ રસ હોય છે.

*ગાંધીજી* : દેશનું શું થશે?

*હેમંત* : અને બાપુજી, રૂપિયાની નોટોમાં તમારા ફોટા મૂક્યા છે. તમારા ફોટાવાળી ટપાલ ટિકિટો બહાર પાડી છે. દરેક ગામ - શહેરમાં તમારા પૂતળા મૂક્યા છે. દરેક શહેરમાં રસ્તાને તમારા નામ આપ્યા છે. અરે, ઘણું બધું તમારા નામે બનાવી દીધું છે.

*ગાંધીજી* : મારે એવી કોઈ જરૂર જ નથી. હું તો સાદગીનો, સત્યનો, શાંતિનો અને શ્રીરામ પર શ્રધ્ધા રાખનારો સામાન્ય જનતાનો સામાન્ય માનવી છું. મારે તો દેશની સામાન્ય જનતા સુખી બનતી જોવાની મહેચ્છા હતી. રામરાજ્ય સ્થપાવું જોઈએ.

*હેમંત* : તમે રામરાજ્યની વાત કરી અને મને રામ મંદિર યાદ આવ્યું!

*ગાંધીજી* : કેમ?

*હેમંત* : રામ મંદિરના નામે તો અત્યારે નેતાઓ રાજકારણમાં તરે છે અને વાતો ચગાવે છે.

*ગાંધીજી* : એટલે?

*હેમંત* : રામ મંદિર બનાવવાની વાત જબરી ઉપાડી છે અને ચર્ચાએ ચડાવી દીધી છે.

*ગાંધીજી* : હે રામ!

*હેમંત* : એમ નિરાશ ના થાઓ. દુઃખી થવાની જરૂર નથી. સમય પ્રમાણે સમાજ, લોકમાનસ, દેશના સંજોગો વગેરે બદલાતા રહે છે અને તે મુજબ દેશમાં બનતું રહે છે, ખરું ને. જુઓ, બીજી સારી વાતો કહું?

*ગાંધીજી* : બોલ.

*હેમંત* : માનવી ચંદ્ર પર પહોંચી શક્યો છે. વિજ્ઞાન ખૂબ નવી શોધો કરી રહ્યું છે.

*ગાંધીજી* : શું વાત કરે છે?

*હેમંત* : અને માનવો મંગળના ગ્રહ પર યાન મોકલી રહ્યા છે.

*ગાંધીજી* : સરસ! ક્યાં પૃથ્વી અને ક્યાં મંગળ ગ્રહ! સાયન્સની પ્રગતિ અને પરિવર્તન સ્વીકારવા જ રહ્યા.

*હેમંત* : નવી પેઢી આગળ આવી રહી છે. ભારતમાં આપના ચશ્માવાળા ફોટા સાથે સ્વચ્છ ભારતની ઝુંબેશ, મેઈક ઈન ઈન્ડિયાનો પ્રચાર, પેપરલેસ વ્યવહાર, સારા રસ્તાઓ, આરોગ્યની સગવડો, નદી પરના બંધો, સ્કૂલો - કૉલેજો વધી રહ્યા છે. વિજ્ઞાનની મદદ લઈ દેશને આગળ લઈ જવા પ્રયત્નો થઈ રહ્યા છે.

**(અનુસંધાન : જુઓ પાના નં.-૫૮ ઉપર)**

નારી દર્શન

## મહાત્મા ગાંધીજીના ૧૫૦ વર્ષની જન્મ જયંતી નિમિત્તે

# ગાંધી અને સ્ત્રી સમાનતા

દામજી માણેક ગડા

નારાયણભાઈએ કસ્તુરબાના કરેલા - કરાવેલા નાટ્યાત્મક દર્શનના સમાંતરે એક લેખ વાંચવા મળ્યો. જેમાં પણ ગાંધીજીના સ્ત્રીઓ તરફના અભિગમની ચર્ચા હતી. જાણીતા અભ્યાસી રામચંદ્ર ગુહાનો આ લેખ દિલ્હીમાં નિર્ભયા / દામિનીના બલિદાન પછી મોહન ભાગવત, આશારામ, પુરીના શંકરાચાર્ય અને કેરળના અબુબકર મુદલિયારે કરેલા નિરર્થક ઉલ્લેખથી શરૂ થાય છે. ત્યારબાદ ભારતમાં બંધારણ થકી અને તે પહેલાં નારી સ્વાતંત્ર્ય માટે જે કામ થયા તેની સમાલોચના છે. રાજા રામ મનોહર રાયથી લઈને અરુણા અસફઅલી સુધીના કર્મશીલોએ ચલાવેલી નારી અધિકાર માટેની ચળવળની વાત થઈ છે.

**મહિલા અધિકાર માટેની ચળવળને પ્રોત્સાહન આપનારામાં ગાંધી પણ હતા.** તેમનો ઉછેર એક સનાતની હિંદુ પરિવારમાં થયો હોવાથી શરૂઆતમાં એ પણ પુરુષસત્તાક સમાજ વ્યવસ્થાના સમર્થક હતા. પણ પછી તેમનામાં બહુ મોટો બદલાવ આવ્યો. ૧૯૩૪ના જુલાઈમાં લાહોર ખાતે વિદ્યાર્થીઓની એક સભામાં એમણે કહ્યું, 'હું દક્ષિણ આફ્રિકામાં હતો ત્યારે મને સમજાયું કે સ્ત્રીઓની પ્રગતિ માટે હું કંઈ ન કરી શકું તો મારું કાર્ય અધૂરું ગણાય.'

એમ લાગે છે કે ગાંધીજી કસ્તુરબા સાથે દક્ષિણ આફ્રિકા ગયા. ત્યારબાદ સ્ત્રીઓ વિશેની તેમની સંવેદના વધવા લાગી. એમને ત્યાં હેનિ પોલોક અને મિલી પોલોક દંપતી રહેતું હતું. મિલી પોલોક કટ્ટર નારીવાદી હતા. મિલી અને કસ્તુરબા વચ્ચેનું એક રસપ્રદ દૃશ્ય નાટકમાં છે. એમણે જ કસ્તુરબાને ગાંધીજીની બાબતે ઠીકઠાક તૈયાર કર્યા. મિલી ગાંધીજીને તેમની રૂઢીચુસ્ત નારી વિરોધી વૃત્તિ - પ્રવૃત્તિ વિશે સંભળાવતા રહેતા. તેમની દ્રઢ માન્યતા હતી કે જિંદગીની બધી સમસ્યાઓ સ્ત્રીઓને જ ગ્રસતી (ઘેરતી). તેમણે એમ પણ નોંધ્યું છે કે હજારો વર્ષથી સ્ત્રીઓ અને તેમની કુદરતી ઉદાત્તતાનો પુરુષોએ એવો લાભ લીધો છે કે તેને કારણે સ્ત્રીઓનું હિત સધાયું નથી પણ તેમને ભારે નુકસાન થયું છે.

ગાંધી દંપતી સાથેના સંભારણાનું મિલી પોલેક દ્વારા ૧૯૩૧માં પુસ્તક બહાર પડ્યું છે. એમાં પૂર્વના દેશોએ સ્ત્રીઓને પશ્ચિમના દેશો કરતા વધુ માન આપ્યું છે એવા ગાંધીજીના વિધાનનો જવાબ આપ્યો છે. મિલી કહે છે કે, "આ વિધાન ખોટું છે. હકીકત એ છે કે તમે પુરુષોએ સ્ત્રીઓને પોતાના ઉપભોગનું સાધન બનાવ્યું અને સ્ત્રીઓને એમની પોતાની જિંદગી રહેવા જ દીધી નહીં." **ગાંધીજીએ સામે કહ્યું કે, "અમે પૂર્વના લોકોએ સ્ત્રીઓને પૂજનીય ગણી છે, તેને દેવતા ગણી છે."** પોતાની દલીલના સમર્થનમાં સાવિત્રી કથા ટાંકી. મિલીએ પ્રતિવાદ કર્યા કે ભારતીય પુરાણ કથાઓમાં સ્ત્રી પુરુષની સેવા માટે જ હોય છે. એના પ્રાણ માટે એ યમ સાથે પણ લડે છે. ગાંધીજી કસ્તુરબા સાથે કેવી રીતે વર્તતા હતા એ મિલી જોતાં જ હતા. એ ભારતીય પુરુષોને મન સ્ત્રીની કિંમત નથી તે ગાંધીજીને ઠસાવતા હતા.

મિલી સાથે વારંવાર થતી ચર્ચાઓએ ગાંધીજીને ફેર વિચારણા કરવા માટે મજબૂર કર્યા. તેમના પૂર્વગ્રહો દૂર થતા ગયા અને મન વધુ ખૂલ્લું થતું ગયું. ગાંધીના આ વૈચારિક પરિવર્તનમાં બીજી અનેક મહિલાઓએ પણ ભાગ ભજવ્યો. જેમાં તેમના સેક્રેટરી સોન્જાશ્લેસિન પણ હતા. સ્વતંત્ર વિચાર અને કંઈક આક્રમક વૃત્તિ ધરાવતા શ્લેસિન ગાંધીને એમના ભૂલભર્યા વિચાર કે વર્તન અંગે સાફ વાત કરવામાં પાછી પાની ન કરતા.

ગાંધી ૧૯૦૬ અને ૧૯૦૯માં ઈંગ્લેન્ડ ગયા ત્યારે એમણે સેફ્રેજટ ચળવળનું ઉગ્ર સ્વરુપ જોયું. મહિલાઓ મતાધિકાર માટે જે રીતે લડત આપી રહી હતી, માર ખાતી અને ધરપકડ વહોરતી હતી, તેનાથી ગાંધી બહુ જ પ્રભાવિત થયા. દક્ષિણ આફ્રિકાના સત્યાગ્રહમાં જોડાવા માટે હરીફાઈ કરતી તમિળ મહિલાઓને જોઈને તે ભાવવિભોર થઈ ગયા. સત્યાગ્રહના છેલ્લા તબક્કામાં ૧૯૧૩માં તમિળ મહિલાઓ સાથે કસ્તુરબાએ પણ ધરપકડ વહોરી લીધી. એ દિવસોમાં ભારતમાં મહિલાઓને રાષ્ટ્રીય ચળવળોથી દૂર રાખવામાં આવતી હતી.

કેટલાક પૂર્વ ઈકોનોમિક એન્ડ પોલિટિક્સ વીકલિનાં એક લેખમાં મધુ કિશ્વરે કહ્યું હતું કે બીજા કોઈ પણ રાજકારણી કરતાં ગાંધીજીએ સ્ત્રીઓને રાજકારણમાં ભાગ લેવા માટે પ્રોત્સાહિત કરી. કેટલીય મહિલાઓ ગાંધીજીના ભાષણો વાંચીને અથવા સાંભળીને આઝાદીની લડતમાં હાડમારી વેઠવા આવી. માર્કસવાદી જાહેરનામામાં સ્ત્રી-પુરુષ સમાનતાને સ્થાન જ છે પણ પુરુષ

(અનુસંધાન : જુઓ પાના નં.-૨૮ ઉપર)

**માહિતી**

## માઇનોરિટી સમાજના છાત્રોને સરકારશ્રી તરફથી સ્કોલરશિપ આ માટે જરૂરી ફોર્મ ભરી આપવા અમદાવાદનું જૈન મહાસંઘ મદદ કરે છે

ગુજરાત સરકાર અને ભારત સરકાર દ્વારા માઈનોરિટી સમાજના ઓછી આવક ધરાવતા (રૂા. ૨,૦૦,૦૦૦/- વાર્ષિક આવક) પરિવારના ભણતા છોકરા-છોકરીઓને સરકારશ્રી તરફથી સ્કોલરશિપ આપવામાં આવે છે.

અમદાવાદના જૈન મહાસંઘ તરફથી દરેક વર્ષે ૧૫ જૂન પછી ઓનલાઇન ફોર્મ ફરી આપવાની મદદ કરી આપે છે. ગત વર્ષે ૧૪૦૦ વિદ્યાર્થીઓને સ્કોલરશિપ મળેલ છે.

આ વર્ષે પણ આ વ્યવસ્થા શ્રી મહાસંઘ તરફથી કરવામાં આવી છે.

***સંપર્ક : મો. ૭૯૯૮૫ ૪૧૬૦૫ ● સોમથી શનિ : સવારે ૧૦.૩૦થી સાંજે ૬.૦૦***

ફોર્મ ભરાવવા આવો ત્યારે ફોન કરીને જ આવવું કારણકે ઓનલાઈન ફોર્મ ભરવાનું હોય છે. સરકારી વેબસાઈટ, ઈન્ટરનેટ ઉપર આધાર રાખવાનો છે.

**ફોર્મ ભરતી વખતે લાવવાના પુરાવા લિસ્ટ :**

(૧) વિદ્યાર્થીનું આધાર કાર્ડ
(૨) બેંક એકાઉન્ટની વિગત.
(૩) ગયા વર્ષની માર્કશીટ
(૪) ચાલુ વર્ષની ફી ભર્યાની પહોંચ
(૫) આવકનો દાખલો.
(૬) ધાર્મિક લઘુમતીનો દાખલો
(૭) શાળાનો ડાયસ નંબર (શાળાનો રજિસ્ટ્રેશન નંબર) (૧૧ આંકડાનો આવશે.)

***સરનામું :*** ૧૨૯૫, ડૉ. હેમંતભાઈ પરીખનું દવાખાનું, હરકિશનદાસ શેઠની પોળ, માંડવીની પોળ, સમેત શિખરની પોળ પાસે, આસ્ટોડિયા, અમદાવાદ.

***આ બાબતે વધુ વિગત માટે ઉપરોક્ત સ્થળે સંપર્ક કરવા, મંત્રીશ્રી, જૈન મહાસંઘ - અમદાવાદની એક યાદીમાં જણાવાયું છે.***

**માહિતી**

## સાધર્મિક પરિવારને આર્થિક સહાય

જે સાધર્મિક પરિવારને સહાયની જરૂરત હોય તેમણે દર વર્ષે પરિવાર દીઠ રૂા. ૧,૦૦,૦૦૦/- સુધીની સહાય, પરિસ્થિતિની અનુકૂળતા મુજબ આપવામાં આવે છે. તે માટે જૈન એજ્યુકેશન એન્ડ એમ્પાવરમેન્ટ ટ્રસ્ટ : ૬૦૨, વેસ્ટર્ન ઑઝ-૧, વેસ્ટર્ન એક્સપ્રેસ હાઈવે, બોરીવલી (ઈસ્ટ), મુંબઈ-૪૦૦ ૦૬૬. મો. ૯૩૨૪૯ ૭૭૧૮૫, ૯૩૨૧૯ ૫૨૧૦૦, ૭૦૪૫૩ ૩૯૯૪૪ પર સંપર્ક કરવાથી વધુ માહિતી મેળવી શકાશે.

***તેમજ E-mail : jeet@jeetindia.org, Website : www.jeetindia.org***

દ્વારા જરૂરી વિગત પ્રાપ્ત થઈ શકશે, તેમ ત્યાંની એક યાદીમાં જણાવાયું છે.

## ગાંધીજીની ૧૫૦મી જન્મ જયંતીએ

**(અનુસંધાન : પાના નં.-૫૬ ઉપરથી ચાલુ)**

*ગાંધીજી :* તો તો સારું કહેવાય. મારા તમને આશિર્વાદ છે.

*હેમંત :* બાપુજી, આશિર્વાદને બદલે ભારત દેશે હવે બીજું શું કરવું જોઈએ તેનું માર્ગદર્શન આપોને.

*ગાંધીજી :* હું હવે માર્ગદર્શન ના આપી શકું. પરંતુ મારી મહેચ્છા જણાવી શકું. “ભારતનો દરેક નાગરિક દેશભક્તિ અને દેશપ્રેમની ભાવના સાથે સ્વચ્છ ભારતને શ્રેષ્ઠ ભારત બનાવે તો મને ખૂબ જ ગમશે. યુવાશક્તિ આગળ આવીને “મેરા ભારત દેશ મહાન” બનાવવામાં લાગી જાય.

જય હિંદ! જય ભારત!

હું હવે પાછો મારા સ્થળ પર ઊભો રહેવા પાછો જાઉં છું.

★

ફરી પાછા મહાત્મા ગાંધી સ્ટેચ્યુ બની ઊભા રહી ગયા. હેમંત ગાંધીજીની વાતો વિચારતો વિચરાતો આગળ ચાલ્યો.

***૩, સમૃધ્ધ કેપિટલ, આર્યવૃંદ ફ્લેટ પાસે, પાણીની ટાંકીવાળો રોડ, સાયન્સ સિટી રોડ, સોલા, અમદાવાદ-૩૮૦ ૦૬૦. મો. ૯૮૯૮૬ ૧૨૬૮૫***

## તપસ્યા અનેક પ્રકારની હોઈ શકે

થોડા દિવસો પહેલાં જ અક્ષય તૃતિયાના દિવસે જૈન તપસ્વીઓએ કરેલ વરસીતપના પારણા થયા. યથા શક્તિ તે પ્રસંગની ઉજવણીઓ પણ થઈ. તે પહેલાં ચૈત્ર માસમાં આયંબિલની ઓળી ગઈ. ત્યારબાદ પર્યુષણ આવશે ત્યારે તો તપસ્યાનું ઘોડાપૂર આવશે. ફરી આયંબિલ. એમ વર્ષમાં અમુક સમયે વિવિધ તપસ્યાઓ થતી હોય છે.

મુળભૂત રીતે જોઈએ તો આ તપસ્યાઓ જ નહીં, પણ સમગ્ર જૈન આહાર પધ્ધતિનું મુખ્ય લક્ષ્ય વ્યક્તિનું શારીરિક અને માનસિક આરોગ્યનું જ છે. ઋતુઓના ફેરફાર અનુસાર તપસ્યાઓ નક્કી કરવામાં આવી છે. જેથી ઋતુઓના સંધિકાળે અમુક વસ્તુઓનો ત્યાગ અથવા ઉપવાસો કરીને આરોગ્ય જાળવી શકાય. દા.ત. ચોમાસા દરમિયાન આવતા પર્યુષણ તથા ભાદરવામાં આયંબિલ.

સવાલ એ છે કે હાલ જૈન સમાજમાં ખાસ કરીને પર્યુષણ દરમિયાન થઈ રહેલી તપસ્યાઓમાં આરોગ્યનો હેતુ જળવાય છે ખરો? લાંબી તપસ્યાઓ મુખ્યત્વે ભૂખ્યા રહેવાની – જાણે હરીફાઈ થઈ રહી છે. અને એને ધર્મ સાથે જોડી દેવામાં આવેલ છે. પરિણામે ઘણીવાર આરોગ્યને હાનિ થઈ રહી છે, ખાસ કરીને બાળકોની. ૮-૧૦ કે ૧૨ વર્ષના બાળકને ૮ દિવસ ભૂખ્યા રાખવામાં જૈન શાસનની શું ઉન્નતિ થાય છે? તેઓના આરોગ્યની તો હાનિ જ થાય છે.

ઉપવાસ તપને ઉતારી પાડવાનો જરાય હેતુ નથી, પણ આપણે તો દેહદમનને તથા શરીરને કષ્ટ આપવાને ધર્મ સમજી બેઠા છીએ. કુદરતી રીતે ભેટમાં મળેલું આ અમૂલ્ય શરીર શું આપણું દુશ્મન છે કે તેને કષ્ટ જ આપ્યા કરવાનું? આત્માની વાતો કરીએ પણ શરીર વગરનો આત્મા શું કરી શકવાનો? દુર્બળ અને રોગી શરીરમાં આત્મા પણ દુર્બળ અને રોગી હશે. મોટા મહાત્માઓ કે મહાપુરુષોના દાખલા મળી શકે, પણ એ અપવાદો બધાને લાગુ ન પાડી શકાય. શરીરને મજબૂત, સ્વસ્થ અને નિરોગી રાખવું એ ધર્મકાર્યો માટે પણ જરૂરી છે.

આ એક વાત થઇ. બીજો પ્રશ્ન એ છે કે શું તપસ્યાનું એક જ સ્વરૂપ હોય – ભૂખ્યા રહેવું? અન્ય સ્વરૂપે તપસ્યા ન હોય? જરૂર હોય. સમાજમાં, ગૃહસ્થ જીવનમાં અવિરતપણે અનેક જાતની તપસ્યાઓ થતી રહી છે અને સતત થઈ રહી છે, જેની કોઈ જાહેરાતો નથી થતી.

સૌપ્રથમ સ્વેચ્છાએ સંતાનને જન્મ આપનાર માતા તથા વર્ષો સુધી તેનો ઉછેર અને લાલનપાલન કરનાર દંપતિ, એની વર્ષોની તપસ્યાનું શું મૂલ્ય આંકશું?

બીજી તરફ બીમાર, પથારીવશ કે લકવાગ્રસ્ત માતા-પિતા કે વડીલોને વર્ષો સુધી સાચવતા અને સેવા કરતા સંતાનોની તપસ્યા. આ લખનારની ૯ દાયકાની સફરમાં આવા અનેક દાખલાઓ જોયા છે, જ્યાં દીકરા-વહુઓએ આવા વડીલોને ૧-૨થી પાંચ-પાંચ વર્ષ સુધી સાચવ્યા છે અને સેવા કરી છે. આ બધી શું તપશ્ચર્યા નથી? આવા લાખો - કરોડો દંપતિઓ કે સેવા કરવાવાળા સંતાનોની જાહેરાતો નથી થતી એટલે એને તપસ્યા નહીં ગણવાની?

જૈન સમાજમાં અઠ્ઠાઈ તપ (૮ ઉપવાસ)નું મહત્ત્વ ઘણું છે. ભલે રહ્યું. અહીં આપણા સૌના જાણીતા માનીતા અને અનેક પુસ્તકોના લેખક પ.પૂ. રત્નસુંદરસૂરિશ્વરજી મહારાજે સૂચવેલી અઠ્ઠાઇનો ઉલ્લેખ કરવાની ઈચ્છા થાય છે. (આ અવતરણ મને એક દૈનિક વર્તમાનપત્રમાંથી મળેલ છે. કયા પુસ્તકમાં છે એની માહિતી નથી.) (૧) સત્ય બોલવું, (૨) મૌન રહેવું, (૩) ગમતી પરિસ્થિતિ કે વ્યક્તિની નજીક રહેવું. (૪) કાર્યને વફાદાર રહેવું. (૫) કોઈપણ વાત કે વ્યક્તિને સમજીને અનુસરવી. (૬) નાનામાં નાની વ્યક્તિનો પણ આદર કરવો. (૭) આપણી અને બીજાની શુભ શક્તિઓની આપ-લે કરવી. (૮) ઉદાસ કે નિરાશ થવું, પણ નાસીપાસ ન થવું.

કેવી લાગી આ અઠ્ઠાઈ? સહેલી કે અઘરી?

થોડું વિષયાંતર થયું. તપસ્યાઓના અન્ય પ્રકારો તરફ આગળ વધીએ.

આપણા ગુજરાતમાં જ એવી અનેક સંસ્થાઓ છે, જે સંસ્થાઓ અનેક જાતના માનવ રાહતના અને પશુ રાહતના સેવાકાર્યો કરે છે. જેની પાછળ તે સંસ્થાઓના સ્થાપકોએ અને વ્યવસ્થાપકોએ મોટાભાગના કિસ્સાઓમાં પોતાનું સમગ્ર જીવન અર્પણ કર્યું હોય છે. સંસ્થાઓ અને સેવકોના નામો આપીએ તો પાના ભરાય, પણ એ ઉદ્દેશ નથી, પણ લોકસેવાને પોતાનું જીવન અર્પણ કરનારાઓની જીવનભરની તપસ્યાનું સ્થાન ઊંચું છે એટલું તો જરૂર સ્વીકારવું પડે.

સંસ્થાઓની વાત કરીએ તો આપણા જ સાધુ ભગવંતો ચીલો ચાતરીને પણ સેવા સંસ્થાઓ સ્થાપીને વ્યવસ્થા સંભાળી રહ્યા છે. નજીકના ભૂતકાળમાં જૈન હસ્તપ્રતોના સંશોધન અને સંપાદનમાં સાધુ ભગવંતોએ સમગ્ર જીવન અર્પણ કર્યું છે. આ તપસ્યા પણ ઘણી ઉચ્ચકક્ષાની ગણાય.

છેલ્લે, આપણે આપણા સૈનિકોને પણ યાદ કરવા પડે. કારગિલ અને સીયાચીનની ૧૨થી ૧૫ હજાર ફીટની ઊંચાઈએ માઈનસ ૨૦ ડિગ્રી જેવા હવામાનમાં, જ્યાં શ્વાસ લેવામાં પણ તકલીફ પડે એવી જગ્યાઓએ, તો બીજી તરફ રાજસ્થાન અને કચ્છના રણમાં ૪૫ ડિગ્રી સુધીની ગરમીમાં સરહદોનું રક્ષણ કરતા જવાનોની તપસ્યાને કઈ ઉપમા આપીશું?

આ બધું કહેવામાં પારંપરિક તપસ્યાઓને ઉતારી પાડવાનો હેતુ જરાય નથી, પણ ઉપર જણાવેલી તપસ્યાઓ કેટલી આકરી છે એની રજૂઆત કરવાનો જ હેતુ છે.

છેલ્લે, નવા જમાનાની નવી પેઢી માટે નવી જાતની તપસ્યાઓ વિચારવી પડે. મોબાઇલ ઉપવાસ, ફેસબુક અઠ્ઠમ કે ઈન્ટરનેટ અઠ્ઠાઈ જેવી નવી તપસ્યાઓ આ પેઢીને વધારે આકરી લાગે એવું બની શકે?!!!

*મગનલાલ સંઘવી - અમદાવાદ*
*ફોન : (૦૭૯) ૨૬૮૭૧૯૨૫*

# આંજો કાગર

## 'મંગલ મંદિર' - સર્વાંગી પ્રતિભાવ... તંત્રી મંડળને અભિનંદન

શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદના માસિક મુખપત્ર 'મંગલ મંદિર' છેલ્લા ૪૩ વર્ષથી સાહિત્ય સેવામાં મગ્ન છે. તંત્રીમંડળ, વ્યવસ્થાપક મંડળ અનેકો પરિશ્રમ વેઠે છે. રાષ્ટ્રીય તહેવરોની તસવીરો મુખપૃષ્ઠ પર નિરખવા મળે છે. મુખ્યતંત્રી શ્રી પ્રતાપભાી નારાણજી દંડના તંત્રીલેખો સમયોચિત બની રહે છે. કચ્છની અનેક સમસ્યાઓમાંની જળ સમસ્યા નર્મદાના નીર વિશે શ્રીમાન અશોકભાઈ મહેતાના લેખો દિશાસૂઝ દાખવે છે. મંગલ મંદિર સામયિકના વ્યવસ્થાપક મંડળ - તંત્રીમંડળમાં રહીને નવોદિત લેખકોને ઉજાગર કરી રહેલા શ્રી દિનેશ રતિલાલ મહેતાના પ્રયત્નો અને સાહિત્ય ક્ષેત્રની સેવાઓ અભિનંદનીય છે. 'મંગલ મંદિર'માં છેલ્લા થોડા માસથી થયેલા ફેરફારો ખૂબ આકર્ષક અને પ્રશંસાપાત્ર છે.

તે સાથે મંગલ મંદિરમાં કેટલાક નિયમિત વિભાગો દિલચશ્પ છે. "બાલુડેંજી ગાલ્યું" સંકલનકર્તા **શ્રી ગુલાબચંદ ધારશી રાંભિયા,** "જાણવા જેવું" સંકલનકર્તા **શ્રી રજનીકાંત પારેખ,** "વલોવતન" સંકલન **શ્રી દિનેશચંદ્ર શાહ** આ સામયિકની શોભામાં અભિવૃધ્ધિ કરે છે.

આરોગ્ય વિભાગના લેખોમાં અગ્રસ્થાન ધરાવતા મનોચિકિત્સકો **ડૉ. શ્રી મણિલાલ ગડા** તથા મનોચિકિત્સક તથા બાળ મનોચિકિત્સક **ડૉ. દિપ્તીબેન શાહ (ગડા)** ના લેખો વાચકોને માર્ગદર્શન આપી રહ્યા છે. જીવન વૃત્તાંતો લખવામાં પાવરધા **ભાઈશ્રી ભરત'કુમાર' પ્રા. ઠાકર,** હાસ્ય લેખક **શ્રી ચિત્રસેનભાઈ શાહ,** શિક્ષણ જગત ક્ષેત્રે **ડૉ. શ્રી મિહિરભાઈ વોરા,** વિચાર મંચ ક્ષેત્રે **ડૉ. શ્રી યાસીન દલાલ, શ્રી મુરજી ગડા, શ્રી પાર્થ દવે, શ્રી જયંતિ ધોકાઈ, શ્રીમતી નજમા ગોલીબાર, શ્રી દામજી માણેક, શ્રીમતી સુનિતાબેન શાહ, શ્રી ભોલાભાઈ ગોલીબાર, શ્રીમતી ભાવનાબેન ઝવેરી**ની કલમનું વૈશિષ્ટ્ય છે, તો જમ્મુ-કાશ્મીર અને બંધારણીય પ્રશ્નો **શ્રી મિતેશ સોલંકી**એ સમજાવ્યા છે.

શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદની વિવિધ સમિતિઓ જેવી કે વયસ્ક સમિતિ, મહિલા ઉત્કર્ષ સમિતિ, યુવા વિકાસ સમિતિ, મેરેજ બ્યુરો સમિતિના કાર્યક્રમોના અહેવાલો પ્રત્યેક અંકમાં તાદશ થાય છે. ભારતના અગત્યના રાષ્ટ્રીય દિન તથા વિશ્વના અગત્યના દિનની માહિતી પણ અપાય છે.

ઉજવાઇ ગયેલા કાર્યક્રમોની તસવીરો તથા આગામી કાર્યક્રમોની ઝલક 'મંગલ મંદિર' આપતું રહે છે. પ્રત્યેક અંકમાં નામાંકિત કવિઓની રચના તાત્ત્વિક હોય છે. ગાંધીધામના **શ્રી હેમરાજ ગઢવી,** અમદાવાદના **શ્રી કૃષ્ણ દવે, શ્રી આર.સી. શાહ,** ગાંધીનગરના **શ્રી રણછોડ પરમાર,** ભુજ-કચ્છના **શ્રીમતી રમીલાબેન મહેતા, શ્રી નવીન ત્રિપાઠી 'અલ્પ', રવિ પેથાણી 'તિમિર' શ્રી દિલીપ આચાર્ય** આદિ. આ દરેક કામગીરી માટે મંગલ મંદિરના વ્યવસ્થાપક મંડળ તથા લેખકો - કવિઓને અંતરની શુભ કામનાઓ.

ગુજરાત રાજ્યની તલસ્પર્શી માહિતી મે-૨૦૧૯ના અંકમાં ભાઈશ્રી દિનેશ આર. મહેતાએ "ગુજરાત એક ઝલક" નામના લેખમાં આપી છે. આ અંકમાં "તવારીખે ગુજરાત" **શ્રી હીરાલાલ ઊનડોઠવાળા** એ રજૂ કરી છે. અમદાવાદના પ્રાચીન જિનાલયોની રસપ્રદ માહિતી કુલ છ લેખો દ્વારા **શ્રી ચંદ્રકાંત દામજી શાહે** પ્રસ્તુત કરી છે. મંગલ મંદિરે અમદાવાદમાં વસતા કચ્છના ઉદ્યોગકારોની ડિરેક્ટરી પણ પ્રગટ કરી કચ્છી સાહસિકોને બિરદાવ્યા છે. 'મંગલ મંદિર'ના તાજેતરના કેટલાક અંકોની લેખન સામગ્રીઓના માધ્યમથી શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદની કચ્છ પ્રત્યે ઊંડી લાગણીની તથા સામાજિક સેવા ક્ષેત્રની જ્યોત સર્વત્ર પ્રકાશમય બની છે. ફરીથી 'મંગલ મંદિર'ના તંત્રી મંડળને અભિનંદન.

***પ્રા. સૂર્યકાંત ભટ્ટ - ભુજ***
***મો. ૯૮૨૫૨ ૩૪૩૪૬***

★

## અસાંજો કાગળ! 'મંગલ મંદિર' — પ્રતિભાવ

'મંગલ મંદિર'ના દરેક અંકના આકર્ષક ફ્રન્ટ કવર તાજેતરમાં તેના કલેવરમાં થયેલા ખૂબીપૂર્ણ ફેરફાર, આખા અંકના પ્રશંસાપાત્ર એડિટિંગ, 'ફૂલપ્રૂફ' પ્રુફ રીડિંગ તેમજ સરસ પેપર ક્વોલિટી અને પ્રિન્ટીંગ એમ બધી જ રીતે સર્વાંગ સુંદર અંક હાથમાં આવે ત્યારે બીજા સત્તર કામ(!) પડતા મૂકીને તેને વાંચવા માટેનું 'અઢારમું' કામ પહેલાં લેવું પડે છે! આ માટે સમગ્ર તંત્રીમંડળ તેમજ તેને તૈયાર કરનારા સૌ અભિનંદનના અધિકારી છે.

વળી બીજી એક ધ્યાન ખેંચે તેવી વાત એ છે કે કોઈપણ લેખમાં વધારે ઈમ્પોર્ટન્ટ, ઈફેક્ટિવ અને રસપ્રદ વિગતો 'ડાર્ક લેટર્સ'માં અપાય છે. જે લેખ અંગે વાંચકના મન પર સારો પ્રભાવ પાડે છે. અલબત્ત સંપાદકે તે કાર્યમાં ખૂબ મહેનત કરવી પડતી હોય છે.

ચાલો, આ અંગે મે-૨૦૧૯ના અંકના બે-ત્રણ દાખલા જોઈએ :

- **શ્રી ભીમજીભાઈ નાકરાણી**ના લેખ 'હવે વક્તાઓ સામે એક મોટું ઘડિયાળ હોવું જરૂરી છે!' આ લેખના પ્રથમ પેરેગ્રાફમાં જણાવેલ હકીકત '**આ બેઠકમાં એક વડીલને બે મિનિટ આપેલી અને તેમણે ૧ કલાકનો સમય લીધો.** બધા ખૂબ અકળાયા. વિષય બહારની તેમની પોતાની જ વાતો કર્યે જતા હતા.' — આ લાઇનો ડાર્ક લેટર્સમાં લેવાથી તે વધારે પ્રભાવક બને છે.

  (આના રેફરન્સમાં આ લખનારને એક રમૂજ ઉમેરવાની ઈચ્છા થાય છે. મોટા ઘડિયાળની સાથે એક 'કેલેન્ડર' પણ મૂકવું જોઈએ. કારણકે ઘણીવાર રાતના સમયે યોજાયેલા કાર્યક્રમમાં આવે 'ફેવિકોલ' ટાઇપના વક્તાઓ પોતાના વક્તવ્ય દરમિયાન તારીખ પણ બદલી નાખતા હોય છે!)
- **શ્રી સૂર્યકાંતભાઈ ભટ્ટ**ના લેખ — 'ભારતમાં મહિલાઓના વિકાસાર્થે અવનવા આયોજનો'માં અલગ અલગ યોજનાઓ અંગે યોગ્ય રીતે જ ડાર્ક લાઇનમાં યોજનાના શીર્ષક મૂકાયા છે કે જેથી વાંચનમાં સરળતા રહે.
- આ લખનારના હાસ્યલેખ — ''હાસ્યના પ્રયોગો!''માં નીચે પ્રમાણેની લાઇનો 'ડાર્ક લેટર્સ'માં લેવાથી તેમાં વધારે 'હળવાશ' ઉમેરાય છે!

**'વાઇફ - કિચનવેર સ્ટોર' જૂની આપી નવી લઇ જાઓ!'**

જો કે અહીં તો ડાર્ક લાઇનને કારણે ઘણા પતિદેવોના મગજમાં 'ગેરસમજ' ઊભી થઈ હતી.

અમારી પાસે અન્ય ઘણા મેગેઝિનો આવે છે. પરંતુ મંગલ મંદિર તૈયાર કરવામાં તાજેતરમાં જે પરિશ્રમ ઉઠાવવામાં આવે છે તેવું અન્ય મેગેઝિનોમાં ભાગ્યે જ જોવા મળે છે.

ટૂંકમાં 'મંગલ મંદિર'ના તંત્રી મંડળને ખૂબ ખૂબ અભિનંદન.

*ચિત્રસેન આર. શાહ*
*નિવૃત્ત કાર્યપાલક ઇજનેર (જી.ઈ.બી.) - ગાંધીનગર*
*મો. ૯૪૦૯૫ ૪૧૫૫૧*

★

## 'મંગલ મંદિર' — શુભેચ્છા પ્રતિભાવ

'મંગલ મંદિર' માસિકના એપ્રિલ-૨૦૧૯ના અંકના પાના નં. ૪૨-૪૩ ઉપર ''પરિવર્તન'' શિર્ષક હેઠળ સુનિતાબેન શાહ દ્વારા લખાયેલ લેખ વાંચી મને મારા જીવનની એક મહત્ત્વની ચાવી મળી ગઈ.

સામાન્ય રીતે ૬૫/૭૦ વર્ષ વિતાવી ગયેલ આજના મા-બાપને તેમના દીકરા-દીકરી, પૌત્ર કે પૌત્રી સાથે મનમેળ બેસતો હોતો નથી. પરંતુ આપેલ લેખ દ્વારા, ક્યારે તે જ પુત્ર-પુત્રી, પૌત્ર કે પૌત્રી નવા યુગમાં તમને ઝડપથી ઉપયોગી થઈ પડે છે તેનાં બે દાખલા ખૂબ ખૂબીપૂર્વક જણાવેલ છે. જરૂર છે આપણને પરિવર્તન પામેલ સમાજની, સમયની.

માનનીય વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદી જે રીતે કામ કરી રહ્યા છે અને કર્યું છે અને તેમની નીચેના પ્રધાનોથી માંડી ઓફિસરો કે કાર્યકરો પાસે કામ લઈ રહ્યા છે તે જોઈ દંગ રહી જવાય છે.

અત્યારે ફક્ત ચાલવાનો, સાઇકલનો, સ્કૂટર કે બાઈક, ફિયાટ કે મારૂતિ કે એમ્બેસેડરનો જમાનો નથી. ફાસ્ટ યુગ છે. પરંતુ પુત્ર-પુત્રીએ પૌત્ર કે પૌત્રીએ સ્પીડમાં ક્યારે ક્યાં બ્રેક મારવી તે જાણવાની જરૂર છે. વડીલોએ માત્ર વૉચ ડોગની જેમ તેઓની પ્રવૃત્તિ ઉપર નજર રાખવાની અને જરૂર જણાય ત્યાં દિશાસૂચન કરતા રહેવાનું હોય છે. તો જ, વડીલો તેમને વહાલા લાગશે. અર્થ વગરનો અંકુશ તેમની ઉપર લગાવવાની જરૂર નથી.

પુત્ર-પુત્રી કે પૌત્ર-પૌત્રી વડીલોને તેમના જીવન દરમિયાન ક્યારે કેવા ઉપયોગી થઈ શક્યા છે તેના અસંખ્ય દાખલાઓ દરેક મા-બાપની પાસે છે જ.

''પરિચય મિલન બ્યુરો સમિતિ''ના સ્થાપક સ્વ. માનનીય શ્રી હીરજી પાસુભાઈ દેઢિયા (શાહ) મારા પડોશી. જેથી ઘણા વર્ષોથી 'મંગલ મંદિર'નો સભ્ય અને વાચક છું. લેખ દ્વારા મોટી સંખ્યામાં વડીલ લોકોને તથા યુવાવર્ગને તેમના પ્રશ્નોનો જવાબ - ઉકેલ મળી ગયો હશે જ. સુનિતાબેન શાહને તેમના ઉપરોક્ત લેખ બદલ ખૂબ ખૂબ અભિનંદન તથા આ પ્રકારની લેખન સામગ્રી મંગલ મંદિરમાં પ્રકાશિત કરવા માટે શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદ તથા મેગેઝિનના તંત્રી મંડળને ધન્યવાદ.

*જિતેન્દ્ર બી. શાહ (૭૨) વૈદ્યરાજ - અમદાવાદ*
*ભૂતપૂર્વ ઓફિસર, ધી ઓરિએન્ટલ ઇન્સ્યુરન્સ કંપની લિ.*
*મો. ૯૯૦૪૮ ૬૭૪૯૧*

★

## 'મંગલ મંદિર' : માસ જૂન-૨૦૧૯

'મંગલ મંદિર'ના જૂન માસના અંકના પાના નં.-૪૦ પરના 'હાસ્ય દરબાર : ચૂંટણી નિશાન — દીપડો' વાંચીને આ લખવા પ્રેરાયો છું.

હાસ્ય લેખમાં વાંચનારને સૂક્ષ્મ, સ્થૂળ, સહજ હાસ્ય સ્ફુરે એવું હોવું જોઈએ. આ લેખમાં મેગ્નિફાઈંગ ગ્લાસથી એ શોધવા વારંવાર પ્રયત્ન કરેલ, પણ સફળતા નથી મળી.

દીપડાને કચ્છીમાં ચિતરો તરીકે સંબોધવામાં આવે છે. આ ચિતરાને હાસ્યાસ્પદ રીતે ચિતરીને લેખકે કમાલ નથી કરી?!

દીપડામાંથી કથાનું પાત્ર પૂ. ગાંધીજીમાં રૂપાંતરિત કરવાની

મજાલ પણ દાદ માંગી લે છે.

ગુજરાતી સાહિત્યનાં પ્રબુદ્ધ લેખકો સર્વશ્રી જ્યોતિન્દ્ર દવે, વિનોદ ભટ્ટ, બકુલ ત્રિપાઠી, રતિલાલ બોરીસાગર, મધુસુદન પારેખ, અશોક દવે, ભદ્રંભદ્ર વગેરે લેખકશ્રીઓના સાહિત્યનું વાંચન - મનન કરવાથી ખરા હાસ્ય લેખ કેવા હોય તેનો ખ્યાલ આવે છે.

આશા છે, લેખકશ્રી ભવિષ્યમાં ખરા અર્થમાં સહજ - સૂક્ષ્મ કે સ્થૂળ હાસ્ય સ્ફુરે એવા લેખો આપવા સમર્થ રહેશે.

ક્ષમાયાચના સહ...

*કિશોરચંદ્ર જે. શાહ - ભુજ, કચ્છ*
*મો. ૯૮૭૯૨ ૦૫૧૦૦*

## અન્ય સંસ્થા સમાચાર

### ગાંધીનગર સ્થિત પ્રા. પૃથ્વીભાઈ શાહ દ્વારા વિદ્યાર્થિનીઓને સ્કૂલ ગણવેશની ભેટ અપાઇ

પ્રગિત મંડળ, વાવોલ સંચાલિત શ્રી એમ.બી. પટેલ સાર્વજનિક વિદ્યાલય ખાતે દાતા પ્રા. પૃથ્વીભાઈ શાહ દ્વારા તેમના માતુશ્રી ઈન્દિરાબા ના સ્મરણાર્થે સ્કૂલની વિદ્યાર્થિનીઓને ગણવેશનું વિતરણ કરવામાં આવ્યું હતું. આ પ્રસંગે સ્કૂલમાં આયોજિત સમારોહમાં અધ્યક્ષ સ્થાને પોપટભાઈ પટેલ જ્યારે મુખ્ય મહેમાન તરીકે અંબુસિંહ ગોલ તથા દાતાશ્રી પૃથ્વીભાઈ શાહ ઉપસ્થિત રહ્યા હતા.

## જ્ઞાનવૃધ્ધિ

- વિકલાંગ વ્યક્તિઓ માટે **દિવ્યાંગ** નવો શબ્દપ્રયોગ થાય છે.
- માથેરાન ગિરીમથક **મહારાષ્ટ્ર** રાજ્યમાં આવેલું છે.
- ગોવા રાજ્યમાં **કોંકણી** ભાષા બોલાય છે.
- ટિબીયા હાડકું વ્યક્તિના **પગમાં** હોય છે.
- પંચામૃતમાં **પાણી** પ્રવાહીનો સમાવેશ થતો નથી.
- **શરીરમાં લોહીની ઊણપ**ને ઇસ્કિમિયા કહેવામાં આવે છે.
- **હરસિદ્ધભાઈ દિવેટીયા** ગુજરાત યુનિ.ના પ્રથમ કુલપતિ હતા.
- **કન્યાકુમારી** ત્રણ સાગરોના સંગમે આવેલું છે.
- **નાગાલેન્ડ** ખ્રિસ્તી બહુમતીવાળું રાજ્ય છે.
- **મહા પ્રયાણ ઘાટ** ડૉ. રાજેન્દ્રપ્રસાદનું સમાધિ સ્થળ છે.
- **કથકલી** નૃત્યનો અર્થ 'વાર્તા ભજવવી' એવો થાય છે.
- દેશનું સૌથી મોટું સાહિત્ય સન્માન સરસ્વતી સન્માન - ૨૦૧૭ સિતાંશુ યશચંદ્રને તેમના **વખાર** પુસ્તક માટે એનાયત કરાયું હતું.
- બિરસા મુંડા સ્ટેડિયમ **રાંચી**માં આવેલું છે.
- મહારાષ્ટ્ર નિવાસી પ્રસિદ્ધ સમાજ સુધારક ગોપાલ હરિ દેશમુખ **લોકહિતવાદી**ના નામથી પ્રખ્યાત હતા.
- **શાલિમાર ગાર્ડન** શ્રીનગરમાં આવેલું છે.
- દીવ **ખંભાતની ખાડી**માં આવેલું છે.
- **ઊંટની** કરોડરજ્જુ એકદમ સીધી હોય છે.
- દુનિયામાં **૨૦૦૦** જાતના ચામાચીડિયા મળી આવે છે.
- **પેલિકન પક્ષી**ના મોંનું પાઉચ એટલું મોટું હોય છે કે તેમાં ત્રણ ગેલન પાણી અને ૩૦ પાઉન્ડ માછલી સમાઈ શકે છે.
- પાકિસ્તાનની સન ૧૬૭૧માં તૈયાર થયેલી **બાદશાહી મસ્જિદ** વિશ્વની સૌથી મોટી મસ્જિદ છે.
- એક મનુષ્યની ચામડીમાં **૪૫ માઈલ લાંબી** નસો હોય છે.

## પ્રસિધ્ધ વસ્તુ અને જગ્યાના નામ શોધો

૧. પટોળા માટે જાણીતું : પાટણ
૨. પ્રાચીન વિદ્યાપીઠ માટે પ્રસિધ્ધ.
૩. જૈન મંદિરો માટે પ્રસિધ્ધ.
૪. જ્યાં અરવિંદ આશ્રમ આવેલો છે.
૫. ગોળ ગુંબજ માટે પ્રસિધ્ધ.
૬. ઓરિસ્સાનું પાટનગર.
૭. શ્રીકૃષ્ણની જન્મભૂમિ.
૮. મીનાક્ષી મંદિર માટે પ્રસિધ્ધ.
૯. જ્યાં મરિના બીચ છે.
૧૦. ગેટ વે ઑફ ઇન્ડિયા આવેલું છે.
૧૧. જ્યાં બનારસ હિંદુ યુનિવર્સિટી આવેલી છે.
૧૨. મુસ્લિમોનું યાત્રાધામ.
૧૩. જ્યાં સીદી સૈયદની જાળી આવેલી છે.
૧૪. સુવર્ણ મંદિરનું શહેર.
૧૫. તાળા ઉદ્યોગનું શહેર.
૧૬. મુક્ત વ્યાપાર ઝોન.
૧૭. જ્યાં કોલસાની ખાણો આવેલી છે.
૧૮. જ્યાં હાવરા બ્રિજ આવેલો છે.
૧૯. સૂર્ય મંદિર માટે પ્રસિધ્ધ.
૨૦. ભારતના બે રાજ્યોની રાજધાની.
૨૧. વધુ વરસાદનું સ્થળ.
૨૨. મેવાડની રાજધાની.
૨૩. રથયાત્રાનું પ્રસિધ્ધ સ્થળ.
૨૪. ગાંધીજીની જન્મભૂમિ.
૨૫. સ્ટીલ ઉદ્યોગ માટે પ્રખ્યાત.

*(જવાબો આ જ અંકમાં અન્યત્ર આપેલા છે.)*

વૈવિધ્ય

# જ્ઞાન ગમ્મત



સંકલન : કિરણબેન પી. ઠક્કર

## ફિલ્મી ફંડા

**મિત્રો, આપેલ ચાવીઓની સહાયતાથી ચાર અક્ષરની યોગ્ય ફિલ્મનું નામ શોધી જવાબ લખો.**

**A** ◯◯◯◯

૧. પહેલા અક્ષરની પાછળ 'ક્ષા' મૂકીએ તો 'શ્રેણી' મળે.
૨. બીજા અક્ષરની આગળ 'ભા' મૂકીએ તો 'ભોજાઈ' મળે.
૩. ત્રીજા અક્ષરની આગળ 'પા' મૂકીએ તો 'પવિત્ર' મળે.
૪. ચોથા અક્ષરની પાછળ 'લ' મૂકીએ તો એક જાતિ મળે.

**B** ◯◯◯◯

૧. પહેલા અક્ષરની આગળ 'ટી' મૂકીએ તો 'નિંદા' મળે.
૨. બીજા અક્ષરની પાછળ 'હા' મૂકીએ 'મોટું' મળે.
૩. ત્રીજા અક્ષરની પાછળ 'ટ' મૂકીએ તો 'ઘા' મળે.
૪. ચોથા અક્ષરની આગળ 'વે' મૂકીએ તો 'શત્રુવટ' મળે.

**C** ◯◯◯◯

૧. પહેલા અક્ષરની પાછળ 'ન' મૂકીએ તો 'તાકાત' મળે.
૨. બીજા અક્ષરની આગળ 'ભા' મૂકીએ તો 'કિંમત' મળે.
૩. ત્રીજા અક્ષરની પાછળ 'રૂ' મૂકીએ તો 'શરાબ' મળે.
૪. ચોથા અક્ષરની આગળ 'મા' મૂકીએ તો 'મહિનો' મળે.

## કહેવતોની દુનિયામાં ડોકીયું

*નીચે આપેલ કહેવતોના દરેક અક્ષરોના કાનો-માતર, હસ્વઈ-દીર્ઘ ઈ અનુસ્વાર વગેરે શોધી યોગ્ય કહેવત બનાવો.*

| કહેવતો | જવાબો |
|---|---|
| **(૦૧)** ક વ મ હ ય ત હ વ ડ મ અ વ → | *કૂવામાં હોય તો હવાડામાં આવે* |
| **(૦૨)** ખ ટ રૂ પ ય વ ધ ર ચ ળ ક → | |
| **(૦૩)** ક જ ય ન મ ક ળ → | |
| **(૦૪)** ખ ડ ખ દ ત પ ડ → | |
| **(૦૫)** અ ક હ થ ત ળ ન પ ડ → | |
| **(૦૬)** ઘ ર ઘ ર મ ટ ન ચ લ → | |
| **(૦૭)** ક ળ જ ય ન ક હ ણ ર હ → | |
| **(૦૮)** ક ગ ન બ સ વ ન ડ ળ ન પ ડ વ → | |
| **(૦૯)** ગ ર જ સ ર અ ટ લ વ દ વ ર → | |
| **(૧૦)** ઘ ર ડ ગ ડ વ ળ → | |
| **(૧૧)** ચ ત ત ન ર સ દ સ ખ → | |

## આટલું આપ મને

કાજી બની કરું ન્યાય,
એ હક નથી મને;
પણ ખુદને સાચવું એટલી રજા આપ મને.

મેં માન્યા મહત્ત્વના,
જાતે ઘડેલા રીતિરિવાજોને;
જીવન રૂંધે તો તોડી નાખું એટલી સમજ આપ મને.

પ્રેમના નામે ભલે જિંદગી આખી
સૌએ વાપર્યો મને;
હવે મારા માટે ખર્ચાઇ જઉં એવી મજા આપ મને.

આપી અમૂલી જિંદગી તેં,
ખુદને ઓળખવાને;
બીજાને જાણવામાં ગુમાવી, તો એની સજા આપ મને.

★

## આ તો હૃદય

એમાં કાંઈ વીજળી ન પડે,
કે ન થાય પ્રલય;
આ તો હૃદયનું તૂટવું,
એનું મૂંઘું રૂદન.

ભૂલ સામેનાની નહીં,
તમારી છે;
નાદાનને સોંપ્યું;
સાચવીને પ્રેમે ન કર્યું જતન.

થોડું સંભાળી લો
એને પંપાળીને;
હળવેથી પ્રેમનો મલમ લગાવીને,
ફરી ઝળહળી ઊઠશે ધબકતું રતન.

*બીના પીયૂષ ભણશાલી - અમદાવાદ*

## હાઈકુ

કહેતી હતી
ચરણોમાં રહીશ
હવે રાખે છે.

સુખી હતો એ
જ્યાં સુધી એકલો
પરણી દુઃખી!

સુંદર વર
સમય વિતે પછી
શું એ સુવર?

એક દી એજ
કામનો હતો યાર
આજે નકામો!

*— ધીરૂભાઈ ભટ્ટ*

## જગત

જીવન મૃત્યુનું આ કાળચક્ર, રાત દિવસ ચાલ્યા કરે
મરજીવાઓ મોતીડા વીણવા સાગર તટે મહાલ્યા કરે

હાલક ડોલક નાવમાં વ્યતિત થાય આપણું જીવન
સુખ-દુઃખ નામી આ સઢમાં તો ઈશ્વર જ ભરે છે પવન

અહીં તો શ્વાસ નિશ્વાસના લેખાજોખા છે એમ સદા જ્ઞાનીઓ કહે
શ્રીહરિને ક્ષણભર સંભારતાં જ સુખની સરિતાઓ વહે

નથી મળતો માલ કોઈ દામ વિના, આ ફાની દુનિયામાં
જગત પિતાને સ્મરતાં જ તેઓની કૃપા મળે છે મફતમાં.

## પાપ - સંતાપ

ધ્રૂજતો કરગરતો કોઈ સહેતો સંતાપ
દ્વેષીઓ તેના કહે, આ તો ફૂટ્યા છે તેના પાપ

પાપ માપવાની ફુટપટ્ટી કે કોઈ રાખ્યો છે તમે માપ?
તમારા પુણ્યની પ્રશંસાઓને આગળ ધરતા આપ

પુણ્યાત્માઓએ પણ ભૂલો કરી જગતમાં ખાધી છે થાપ
શાને બગાડવો આ જન્મારો નાહક કરી વાર્તાલાપ.

*પ્રા. સૂર્યકાંત ભટ્ટ - ભુજ*

## માણસ

માણસને ક્યાં સમજે છે કે માણસ,
ફક્ત અહંકારમાં ફરે છે માણસ.

ખબર તો છે ખિસું નથી કફનમાં,
તોય કેટલું ભેગું કરે છે માણસ.

મળ્યો જ્યાં મોકો કરી લીધું હજમ,
ખાવાનું ન હોય ને ચરે છે માણસ.

મળે રોટી-કપડાં-મકાન તો ઘણું,
સંતોષને ક્યાં અનુસરે છે માણસ.

અંત આવશે એક દી દોડાદોડીનો,
"દર્દે દિલ" મોતથી ડરે છે માણસ.

*દિપકપુરી "દર્દે દિલ"*

## ...મળી જાય છે...

*મોંઘેરું ક્યારેક એમ ઈનામ મળી જાય છે,*
*રાવણને રામ ને મીરાંને શ્યામ મળી જાય છે.*
*છે મને શ્રધ્ધા એટલે દિવસે હું શોધતો નથી,*
*રાત્રિ પડે ને તારલાઓ તમામ મળી જાય છે.*

*અરવિંદ સોમૈયા - નખત્રાણા, કચ્છ (મો. ૯૯૧૩૪ ૦૭૦૪૪)*



# બાબુડેં જયું ગાલિયું

સંકલન : ગુલાબચંદ ધારશી રાંભિયા

## બચુડો

અધા : પુત્તર બચુડા?

બચુડો : કો અધા કુરો કમ આય?

અધા : બ ડીં પેલા પાંજે વિસ્તારમેં ચૂંટણી પ્રચારમેં કોંગ્રેસ મેંજા રાહુલ ગાંધી જી સભા વી... ને રાહુલ ગાંધીજે સ્વાગતમેં બેન્ડ વાજેવારા રખ્યાં વા. સે જડેં રાહુલ ગાંધી જો આગમન થ્યો તડેં થોડીવાર મેં જ પાંજે વિસ્તારજો ઉમેદવાર રાડરાડ કરે વધે ને ચે' ક બેન્ડવાજા બંધ કરાયો ને મડે બેન્ડવાજા વારે કે ભજાય લાયો... સે એડો કુરો થ્યો વો ક ઉમેદવાર બેન્ડવાજેવારે કે ભજાય ડેને?

બચુડો : (તપાસ કે ને ચેં) ગાલમેં કી માલ ન વો પણ બેન્ડ વાજેવારા જુકો ગીતજો સંગીત વજાયને ગીત ગાતા... અનજા શબ્દ ભરાભર ન વા... બેન્ડ વાજેવારા જેડો રાહુલ ગાંધીજો આગમન થ્યો તેર ગીત વજાયાં કી 'તુમ તો ઠહરે પરદેશી... સાથ ક્યા નિભાઓગે....?'

## ખિલજા મ ભલા

જગન : દોસ્ત, તું ગઈકાલે આટલો બધો દુઃખી કેમ હતો?

મગન : મારી પત્નીએ સાડી માટે મારી પાસેથી રૂા. ૨૦૦૦/- લીધા હતા.

જગન : પણ આજે તું આટલો બધો ખુશ કેમ છે?

મગન : મારી પત્ની, એ સાડી પહેરીને તારી પત્નીને મળવા ગઈ છે.

જગન : એટલે હવે તેં મારા ઘરમાં પણ વાટ લગાડી છે...?

☺ ☺ ☺ ☺ ☺

ધનિયો : યાર મનીયા, આ તારો કૂતરો મારી સામે આમ ઘૂરકિયા કેમ કરે છે?

મનીયો : જલ્દી નાસ્તો કરી લે. મારા કૂતરાને ખબર પડી ગઈ છે કે તું એની પ્લેટમાં નાસ્તો કરી રહ્યો છે.

☺ ☺ ☺ ☺ ☺

રીટા : તમે લગ્ન પહેલા મને કેમ ન કહ્યું કે તમારે રાણી નામની એક પત્ની પણ છે?

રાજુ : મેં તને કહ્યું જ હતું કે હું તને રાણીની જેમ જ રાખીશ.

☺ ☺ ☺ ☺ ☺

ગપ્પુ : અલ્યા પપ્પુ, ભેંસ પર બેસીને ફરી રહ્યો છે અને હેલ્મેટ પહેરી નથી. તને પોલીસ જરૂર પકડશે અને દંડ ભરવો પડશે.

પપ્પુ : બહુ ડંફાસ ના માર. જરા ધ્યાનથી જો. આ ટુ વ્હીલર નથી પણ ફોર વ્હીલર છે. એમાં હેલ્મેટની જરૂર નથી.

☺ ☺ ☺ ☺ ☺

હસુમતી : વહાલા હસમુખ, હું પીયરથી આવી ગઈ એટલે તેં આમ હસીને બારણું ખોલ્યું, ખરું ને...?

હસમુખ : ના, એવું નથી. મારા ગુરુજીએ કહ્યું છે આવનારી મુસીબતનો સામનો હસીને કરવાનો.

☺ ☺ ☺ ☺ ☺

અજબ : પત્ની શું છે?

ગજબ : એ એક મહાશક્તિ છે. તેની એક નજરમાં જ કારેલાના શાકમાં પનીરનો સ્વાદ આવી જાય છે.

☺ ☺ ☺ ☺ ☺

તાપસી : આ મોબાઇલનો મેનિયા પણ ગજબનો છે.

વાપસી : કેમ આમ બોલે છે?

તાપસી : હવે એવા દિવસો પણ આવશે કે જેમાં માતાઓ છોકરું ટોઈલેટ કરી લે એટલે ફોટો મૂકશે અને કેપ્શન લખશે : 'માય બબુ, ફિલિંગ રિલેક્સ...'

☺ ☺ ☺ ☺ ☺

મોન્ટુ : (ટીચરને) સાહેબ, શું એવા કામની સજા હોઈ શકે જે મેં કર્યું જ ન હોય?

ટીચર : ના.

મોન્ટુ : સર, આજે મેં તમે આપેલું લેસન કર્યું નથી તો પણ એના માટે તમે મને સજા ન કરી શકો. તમે જ મને એવું કહ્યું છે.

☺ ☺ ☺ ☺ ☺

ટ્યુશન ટીચર : (ધનિયાને) ગધેડા, તેં હોમવર્ક કેમ કર્યું નથી?

ધનિયો : સભ્યતાથી વાત કરો... કસ્ટમર સાથે આવી રીતે વાત કરાય?

☺ ☺ ☺ ☺ ☺

આદિત્ય : પપ્પા, મને બાઈક અપાવી દો.

પપ્પા : શર્માજીની પુત્રીને જો. એ આજે પણ બસમાં જ જાય છે.

આદિત્ય : એ જ તો નથી જોવાતું.

☺ ☺ ☺ ☺ ☺

ચીન્ટુ : વેકેશનનો કોઇ પ્લાન છે?

પીન્ટુ : હા, ગયા વર્ષ જેવો જ પ્લાન છે.

ચીન્ટુ : એમ, શું પ્લાન છે?

પીન્ટુ : ગયા વર્ષે અમે યુરોપ, અમેરિકા, કેનેડા નહોતા ગયા. એવો જ પ્લાન આ વર્ષે પણ કરીશું.

*૮/૨૬, ગંગામણિ ફ્લેટ્સ, વસંતનગર સોસાયટી, ગોપાલચોક, મણિનગર, અમદાવાદ-૩૮૦ ૦૦૮. ફોન : ૨૫૪૬૮૧૬૦*

# જાણવા જેવું

*સંકલન : રજનીકાંત પારેખ*

આ અંક આપના હાથમાં આવશે ત્યારે મેઘરાજાની સવારી આવી પહોંચી હશે. આકાશમાંથી અમી વરસી રહેલ હશે. માટીની સુગંધ મહેકતી હશે... ત્યારે આપણા કવિઓ દ્વારા વર્ષાઋતુ વિશે કરવામાં આવેલ રસાસ્વાદનો આનંદ માણીએ...

*પાન લીલું જોયું ને તમે યાદ આવ્યા,*
*જાણે મોસમનો પહેલો વરસાદ ઝીલ્યો રામ,*
*એક તરણું કોળ્યું ને તમે યાદ આવ્યા.*

★

*ચાલ વરસાદની મોસમ છે, વરસતા જઈએ;*
*ઝાંઝવા હો કે દરિયાવ, તરસતા જઈએ.*

*– હરિન્દ્ર દવે*

---

*વેર્યા મેં બીજ અહીં છુટ્ટે હાથે,*
*હવે વાદળ જાણે ને વસુંધરા.*

*– મકરંદ દવે*

---

*ઝરમર વરસાદ તને આછી આછી ભીંજવે ને ભીનું ભીનું મલકાય,*
*હોઠો પર આવીને અટકેલું નામ પછી કાગળના કાળજે લખાય.*

*– હિતેન આનંદપરા*

---

*આજ વાદળ એટલું વરસે તો બસ,*
*છ દસની ટ્રેન એ ચૂકે તો બસ.*

*– બાલુભાઈ પટેલ*

---

*પાણીના ટીપે ઘાસમાં જઈએ, ચાલ, કોઈ પ્રવાસમાં જઈએ*
*પહેલી વર્ષામાં એક થઈને પછી, માટીના ભીના શ્વાસમાં જઈએ.*

*– શોભિત દેસાઇ*

---

*બંધ હોઠમાં સોળ વરસની કન્યા આળસ મરડે*
*રે વરસાદ ભીંજવે;*
*અહીં આપણે બે અને વરસાદ ભીંજવે,*
*મને ભીંજવે તું, તને વરસાદ ભીંજવે.*

*– રમેશ પારેખ*

---

*આજે નથી જાવું કોઈને'ય કામ પર,*
*અલ્યા ધીંગા વરસાદ તારા નામ પર.*

*– વેણીભાઈ પુરોહિત*

---

*અમે ઝળહળ, તમે સરભર થયા વરસાદમાં,*
*અમે પળ પળ, તમે અવસર થયા વરસાદમાં.*

★

*તૂટી પડશે, ઓથાર છે,*
*બારે મેઘા તૈયાર છે.*

*હેલી આવી છે યાદની,*
*ને શ્રાવણ અનરાધાર છે.*

*– દિનેશ દેસાઇ*

---

*ખોતરે છે જન્મ ને જન્માંતરોની વેદના,*
*આ અષાઢી રાતનો વરસાદ પણ શું ચીજ છે.*

*– મનોજ ખંડેરિયા*

---

*મારો સાહ્યબો અષાઢીલો મેઘ છે સખી,*
*એને વરસતા લાગે છે વાર...*
*પણ, વરસે ત્યારે અનરાધાર...!*

*ઉપરથી લાગે છે કોરોધાકોર*
*એની ભીતર ઘેરાતું આકાશ,*
*આષાઢી અણસારો ઓળખતા આવડે તો*
*ચોમાસુ છલકે ચોપાસ.*

★

*વરસે છે વાદળોથી જે એ તારું વહાલ છે*
*નખશિખ ભીંજાય છે જે હૈયાનું ગામ છે.*

*– તુષાર શુક્લ*

---

*સળગતા સૂર્યના વેરાન રણની વચ્ચોવચ,*
*તને સ્મરું અને વરસાદ ધોધમાર પડે.*

*– આદિલ મન્સુરી*

## પાણીના જુદા જુદા નામ

- આકાશમાંથી પડે તો : વરસાદ
- આકાશ તરફ જાય તો : વરાળ
- જો જામી જઇને પડે તો : કરા
- અને પડીને જામી જાય તો : બરફ
- ફૂલ ઉપર પડે તો : ઝાકળ
- ફૂલમાંથી નીકળે તો : અત્તર
- પાણી એકઠું થાય તો : સરોવર, તળાવ
- વહેવા લાગે તો : નદી
- સીમાના બંધનમાં રહે તો : જીવન
- સીમાના બંધન તોડે તો : પ્રલય
- આંખમાંથી નીકળે તો : આંસુ
- શરીરમાંથી નીકળે તો : પરસેવો

*અને....*

- પ્રભુના ચરણોને પ્રક્ષાલીને આવે તો : ચરણામૃત

## NanoNine® શબ્દ રમત-૧૫૪

*સંકલન : રજનીકાંત પારેખ*

| | | | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|---|---|
| ૧ | ૨ | ૩ | ■ | ૪ | ૫ | | ■ | ૬ | ૭ | ૮ | |
| ૯ | | | ■ | ૧૦ | | ■ | ૧૧ | | ૧૧A | | ■ |
| ■ | ૧૨ | | ૧૩ | | ■ | ૧૪ | | ૧૫ | ■ | ૧૬ | |
| ૧૭ | | ■ | | ■ | ૧૮ | | ■ | ૧૯ | | | ■ |
| | ■ | ૨૦ | | ૨૧ | ■ | ૨૨ | ૨૩ | | ■ | ■ | ૨૪ |
| ૨૫ | ૨૫A | ■ | ૨૬ | | | ■ | | ■ | ૨૭ | | |
| ■ | | ■ | | | ■ | ૨૮ | | ૨૯ | ■ | ■ | ■ |
| ૩૦ | ૩૧ | ૩૨ | | ■ | ■ | ■ | ૩૩ | | | | |
| ૩૪ | | | | ૩૫ | ૩૬ | ૩૭ | ■ | | ■ | ૩૮ | |
| | ■ | ■ | ૩૯ | | | | ■ | ■ | ૪૦ | | ■ |
| ૪૧ | ૪૨ | | | ૪૩ | | ૪૪ | ૪૫ | ૪૬ | ■ | ૪૭ | ૪૮ |
| ■ | | ■ | ૪૯ | | ■ | ૫૦ | | | ■ | ■ | |

શબ્દ રમત ભરનારનું નામ : ______________________

સરનામું : ______________________

______________________ ફોન/મો. ______________________

*આપશ્રીના જવાબો તા. ૩૧-૭-૨૦૧૯ સુધીમાં શ્રી કચ્છી જૈન ભવન - પાલડીના સરનામે મોકલાવવા વિનંતી.*

### આડી ચાવીઓ

૧. વિદ્યાપીઠની પદવીવાળો, ગ્રેજ્યુએટ (૩)
૨. અવસર, અનુકૂળ વખત (૨)
૪. પંચાત, લાંબી દોઢ ડાહી વાત, ચકલું (૩)
૫. વડ, ટેક, પણ, આબરૂ, રોફ (૨)
૬. પડોશણ (૪)
૮. જે છોડના રેસામાંથી કંતાન બને (૨)
૯. અનુકરણ, કોપી (૩)
૧૦. ફરક, તફાવત, તમ્મર, ફરીથી (૨)
૧૧. લટકતું, ઝુલતું, કાનનું લટકતું ઘરેણું (૪)
૧૧એ. દાણો, ઘણો નાનો ભાગ, પરમાણુ (૨)
૧૨. મુસાફર, પથિક (૪)
૧૩. ગિરનારનો પ્રદેશ જ્યાં સિંહોની વસ્તી છે (૨)
૧૪. પવિત્ર, પુનિત, શુદ્ધ (૩)
૧૬. એક વાહન (૨)
૧૭. શત્રુતા, અદાવત, દુશ્મનાવટ (૨)
૧૮. લાફો, તમાચો, થપ્પડ, ____ ધપાટ (૨)
૧૯. અંબાજી પાસેનો ડુંગર, જબરું, શોલે ફિલ્મનો વિલન (૩)
૨૦. કાયદા પ્રમાણે કાચી ઉંમરનું (૩)
૨૨. માલ ભરવાની ગોદામ (૩)
૨૫. રીસાવું તે, રોષ, ગુસ્સો (૨)
૨૬. ચાર રસ્તા મળતું હોય તેવું નાકું (૩)
૨૭. આંતરો, પડદો (૩)
૨૮. આગ્રહભરી વિનંતી, અનુરોધ (ઈ) (૩)
૩૦. કાપડનો ધંધો કરનાર કે વેચનાર (૪)
૩૩. આનંદ, સુખ, આબાદી (૫)
૩૪. કતલ કરનારું, ઘાતક (૩)
૩૫. સારી વાસ, સુગંધ, સોડમ (૩)
૩૬. વસવાટ, ગંધ (૨)
૩૮. આનંદ, લહેર (૨)
૩૯. ભુજ પાસેનું કણબીનું ગામ (૪)
૪૦. કદાચ, કદાપિ (૨)
૪૧. નાનો વહેળો, નાળું (૩)
૪૩. ખૂબ ખેંચીને બાંધેલું (૫)
૪૭. માલ-મિલ્કત, દોલત (૨)
૪૯. ખારું, ખારાશવાળું (૨)
૫૦. જાગૃત, સાવધાન (૩)

### ઊભી ચાવીઓ

૧. નાહવું તે, નાવણ (૨)
૨. ઝઘડો, કજિયો, ટંટો (૪)
૩. કજિયો, કંકાસ, લડાઈ (૩)
૪. ચારેબાજુ (૩)
૫. વરરાજા, પતિ, ઉત્તમ (૨)
૬. રાજધાની, કેપિટલ (૫)
૭. ગળું, કોટ, ગરદન (૨)
૮. શૃંગાર, શરીરને શોભાવનાર વસ્ત્ર, આભૂષણ વગેરે (૪)
૧૦. ફરક, તફાવત, તમ્મર (૨)
૧૧. રામ-સીતાનો એક પુત્ર (૨)
૧૩. ખીચોખીચ, ભીડ, ગરદી થાય તેમ (૪)
૧૪. સાડીનો લટકતો છેડો, દામન (૩)
૧૫. શહેર, પૂર (૩)
૧૬. લીંપવા માટે બનાવેલો ગારો (૨)
૧૭. વેપાર કરનાર, ધંધાર્થી (૩)
૨૧. ગણિતના દાખલાની સંખ્યા (૩)
૨૩. વગર કારણે, અમથું (૪)
૨૪. આશા, ઉમેદ (૨)
૨૫એ. સભાનો અધ્યક્ષ, પ્રમુખ (૪)
૨૯. કપાળ, ભાલ, ____ના લેખ મિટે નહીં (૩)
૩૦. સફેદ શરીર એન પીળી કલગીવાળું કાગડા જેવું પક્ષી (૪)
૩૧. સ્વામી, કંથ, વર (૨)
૩૨. શરીર (૩)
૩૫. ચંદ્ર, સુધાંશુ (૪)
૩૬. પાછું, વળતું (૩)
૩૭. જનાવર કસરત વગેરેના ખેલનો તમાશો (૪)
૪૨. કરચલો, એક રાશિ (૨)
૪૩. હાથ, વેરો, જકાત (૨)
૪૪. કસોટીથી સોના રૂપાનો ભાવનો આંક, સાર, માલ (૨)
૪૫. શિક્ષા, દંડ, નસિયત (૨)
૪૬. ઊંચું, પર્વત, ટોચ, શિખર (૨)
૪૮. પિતા, બાપ, ખેડૂતને જગતનો ____ કહે છે (૨)

*ખરાબ સમયની પણ એક વાત સારી છે, જેવો શરૂ થાય એટલે વધારાના લોકો જીવનમાંથી ચાલ્યા જાય છે.*

## NanoNine® શબ્દ રમત-૧૫૩નો ઉકેલ

| | | | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|---|---|
| દે | વ | કી | | ક | વા | ય | ત | | અ | મી | |
| લ | | ચ | લ | મ | | કી | ટ | લી | | | ખો |
| વા | વ | ડ | | જો | જ | ન | | મ | ચ | કો | ડ |
| ડા | મ | | ક | ર | | | વા | ડો | | શ | |
| | ન | બી | રો | | ત | ર | સ | | કા | ન | ન |
| હ | | ક | ડ | લી | | સ | ણ | કો | | મ | ત |
| વે | વા | ણ | | લ | ગા | મ | | પ | ધ્રિ | ની | |
| લી | લ | | દા | વો | | | ભા | રે | | | ચા |
| | મ | લ | મ | | ધ | રા | ત | લ | | સ | મ |
| મી | | જા | ન | વ | ર | | | | શા | ર | ડી |
| ત | | મ | | ર | તી | ભા | ર | | ર | વ | |
| વા | વ | ણી | | સ | | ઇ | મા | ન | દા | ર | |

*માસ મે-૨૦૧૯ના અંકમાં છપાયેલ નેનો શબ્દ રમત-૧૫૧ના બધા સાચા ઉકેલ મોકલાવનારના નામ*

૧. સરલા શાહ – અમદાવાદ
૨. જસ્મીના ગાલા – અમદાવાદ
૩. જયસુખ સંઘવી – અમદાવાદ
૪. કાજલ સંઘવી – અમદાવાદ
૫. વિનય સંઘવી – અમદાવાદ
૬. સરોજ શાહ – અમદાવાદ
૭. ઈન્દુબેન એમ. પટેલ – અમદાવાદ
૮. તૃપ્તિ સાવલા – અમદાવાદ
૯. જયંતીલાલ મહેતા – અમદાવાદ
૧૦. દમયંતી દંડ – અમદાવાદ
૧૧. રાધિકા કાપડિયા – અમદાવાદ
૧૨. ચંદ્રા શાહ – અમદાવાદ
૧૩. સ્મિતા શાહ – અમદાવાદ
૧૪. વર્ષા પારેખ – અમદાવાદ
૧૫. શીત મહેતા – અમદાવાદ
૧૬. શ્રેયા છેડા – અમદાવાદ
૧૭. મુકેશ મૈશેરી – અમદાવાદ
૧૮. ઝરણા પારેખ – અમદાવાદ
૧૯. લક્ષ્મી ખત્રી – અમદાવાદ
૨૦. ડૉ. અતુલ ધરોડ – અમદાવાદ
૨૧. નરેન્દ્ર કોઠારી – અમદાવાદ
૨૨. રંજન શાહ – અમદાવાદ
૨૩. પ્રવીણ દંડ – અમદાવાદ
૨૪. કશિશ શાહ – અમદાવાદ
૨૫. દીપા પરીખ – અમદાવાદ
૨૬. વિનોદ મહેતા – અમદાવાદ
૨૭. ચેતના વોરા – અમદાવાદ
૨૮. પ્રિયંકા શાહ – અમદાવાદ
૨૯. મધુરી ડાઘા – અમદાવાદ
૩૦. અરવિંદ ભટ્ટ – અમદાવાદ
૩૧. સાવિત્રી જેસરાણી – મુંબઈ
૩૨. રસીલા ઝવેરી – અગાસી, વિરાર
૩૩. નગીન શાહ – નાગપુર
૩૪. રાજેશ જૈન – સતના
૩૫. નીપા મહેતા – ભુજ
૩૬. કંચન મોરબિયા – ભુજ
૩૭. સ્નેહલ શાહ – ભુજ
૩૮. સરોજ ચંદુરા – સુરત
૩૯. ગુણવંતી ખંડોર – મુંદ્રા
૪૦. પુષ્પા ભીંડે – અંજાર
૪૧. પ્રભા સાવલા – રાજકોટ
૪૨. ગુણવંતી મહેતા – ગાંધીધામ
૪૩. નિર્મલા વોરા – ગાંધીધામ
૪૪. પ્રતિમા ગિરીશ શાહ – અમદાવાદ

*ઉપર્યુક્ત સાચા જવાબ મોકલનારાઓમાંથી લક્કી ડ્રો કરતાં, ત્રણ વિજેતાઓનાં નામ નીચે પ્રમાણે છે. તેઓએ પોતાના ઈનામો સમાજના પાલડી ખાતેના કાર્યાલયમાંથી મોબાઈલ નંબર : ૯૮૯૮૦ ૫૩૫૨૧ (સમય : સવારે ૯ થી ૧૨, સાંજે ૪ થી ૫) પર જાણ કરી મેળવી લેવા વિનંતી છે. બહારગામના વિજેતાઓ સંપર્ક કરી સરનામું પૂરેપૂરું મોકલશે તો કુરિયરથી ઈનામ મોકલવામાં આવશે.*

**૧. રાધિકા કાપડિયા – અમદાવાદ**
**૨. મધુરી ડાઘા – અમદાવાદ**
**૩. પુષ્પા ભીંડે – અંજાર**

## NanoNine *Sudoku*

*મે-૨૦૧૯ના અંકમાં છપાયેલ સુડોકુ-૧૧૦૯ના બધા સાચા ઉકેલ મોકલનારના નામ*

૧. જસ્મીના ગાલા – અમદાવાદ
૨. વિનય સંઘવી – અમદાવાદ
૩. કાજલ સંઘવી – અમદાવાદ
૪. જયસુખ સંઘવી – અમદાવાદ
૫. નીના ગોરજી – અમદાવાદ
૬. ઈંદુબેન પટેલ – અમદાવાદ
૭. રાજુ અધ્વર્યુ – અમદાવાદ
૮. જયંતીલાલ મહેતા – અમદાવાદ
૯. સરોજ શાહ – અમદાવાદ
૧૦. નયના કારાણી – અમદાવાદ
૧૧. અવંતી દંડ – અમદાવાદ
૧૨. સ્મિતા શાહ – અમદાવાદ
૧૩. ચંદ્રા શાહ – અમદાવાદ
૧૪. ઉષ્મા શાહ – અમદાવાદ
૧૫. બીનોય ગોગરી – અમદાવાદ
૧૬. જય ગોગરી – અમદાવાદ
૧૭. પ્રીત છેડા – અમદાવાદ
૧૮. ડૉ. અતુલ ધરોડ – અમદાવાદ
૧૯. વિનોદ મહેતા – અમદાવાદ
૨૦. દીપા પરીખ – અમદાવાદ
૨૧. કશિશ શાહ – અમદાવાદ
૨૨. ખુશી વોરા – અમદાવાદ
૨૩. ધરા વોરા – અમદાવાદ
૨૪. પ્રિયંકા શાહ – અમદાવાદ
૨૫. અરવિંદ ભટ્ટ – અમદાવાદ
૨૬. રસીલા ઝવેરી – અગાસી - વિરાર
૨૭. મોક્ષા જૈન – મુંદ્રા
૨૮. પ્રવીણ ખંડોર – મુંદ્રા
૨૯. સરોજ ચંદુરા – સુરત
૩૦. પુષ્પા ભીંડે – અંજાર
૩૧. હર્ષા મહેતા – ગાંધીધામ
૩૨. હસ્તી ઠાકોર – ભુજ
૩૩. પ્રતિમા ગિરીશ શાહ – અમદાવાદ

*ઉપર્યુક્ત સાચા જવાબ મોકલાવનારાઓમાંથી લક્કી ડ્રો અનુસાર ત્રણ વિજેતાઓ નીચે પ્રમાણે છે. તેઓએ પોતાના ઈનામો પાલડી ભવન ખાતેના કાર્યાલયમાંથી મોબાઈલ નંબર : ૯૮૯૮૦ ૫૩૫૨૧ (સમય : સવારે ૯થી ૧૨, સાંજે ૪ થી ૫) ફોન પર જાણ કરી મેળવી લેવા વિનંતી. બહારગામના વિજેતાઓ સંપર્ક કરી પૂરેપૂરું સરનામું મોકલશે તો કુરિયરથી ઈનામ મોકલવામાં આવશે.*

**વિજેતાઓ :**

(૧) રાજુ અધ્વર્યુ – અમદાવાદ
(૨) નયના કારાણી – અમદાવાદ
(૩) હસ્તી ઠાકોર – ભુજ

## NanoNine® Sudoku

**મે-૨૦૧૯ના અંકમાં છપાયેલ સુડોકુ-૧૧૦૯ના બધા સાચા ઉકેલ મોકલનારના નામ તથા વિજેતાઓના નામ માટે**

**જુઓ : પાના નંબર-૬૮**

★ દુઃખના સમયમાં તમે મહેનત કરેલી, બુદ્ધિ ચલાવેલી અને મગજને સદા સતેજ રાખ્યું હતું. હવે સુખ આવ્યું એટલે એમ ન માની બેસતા કે મહેનત કરવાની જરૂર નથી, મગજનું કંઈ કામ નથી. સિધ્ધિ પ્રાપ્ત થયા પછી બુદ્ધિની ધારને સદા સતેજ રાખવી પડે છે, કારણકે સિદ્ધિ પ્રાપ્ત થયા પછી એને ધૂળધાણી કરી નાખવા માટે અનેક જાતના દુશ્મનો નવા નવા સ્વાંગમાં હાજર થાય છે. પછી આ સિદ્ધિ આધ્યાત્મિક હોય કે પાર્થિવ. સુખના સમયમાં જેની વિવેકબુદ્ધિ ટકી રહે છે તે જ જીવનના અંત સુધી સુગંધ માણી શકે છે.

★ જીવનમાંથી જેને શુભ તત્ત્વો મેળવવાં છે અને પરમ આનંદની ઝાંખી કરવી છે એવો અભ્યાસી પુરુષ દુશ્મનોની સાથે પણ સદા પ્રેમથી વર્તે છે. એ કદી જેમ તેમ બોલી નાખતો નથી. એના શબ્દો તોળાઈને આવે છે અને સામી વ્યક્તિને જરા પણ નુકસાન ન થાય એવી એ મૃદુ ભાષા વાપરે છે.

## NanoNine® Sudoku

રજનીકાંત પારેખ (૯૮૯૮૦ ૫૩૫૨૧)

સુડોકુ ક્રમાંક-૧૧૧૧ અત્રે રજૂ કરવામાં આવેલ છે. તેના ચારે ભાગ ભરીને 'મંગલ મંદિર' કાર્યાલય પર તા. ૩૧-૭-૨૦૧૯સુધીમાં મોકલી આપવા વિનંતી. તદ્દન ખરા જવાબો મોકલનારનાં નામ સપ્ટેમ્બર-૨૦૧૯ના અંકમાં પ્રસારિત કરવામાં આવશે.

સુડોકુ ભરનારનું નામ : ______________________

સરનામું : ______________________

______________________ ફોન/મોબાઈલ : ______________________

### ક્રમાંક - ૧૧૧૧

**A**

| | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|
| | 1 | | 7 | 6 | | | | 8 |
| 9 | | | | | 8 | 2 | | |
| | | 7 | | | | 3 | 4 | |
| | 7 | | 2 | | | | 3 | |
| | | 1 | 6 | 7 | 3 | 4 | | |
| | 9 | | | | 5 | | 1 | |
| | 3 | 4 | | | | 5 | | |
| | | 6 | 4 | | | | | 3 |
| 2 | | | | 1 | 7 | | 6 | |

**B**

| | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|
| 8 | 7 | | 6 | | 2 | | | |
| 3 | | 4 | | 7 | | 1 | | |
| | 5 | | | | 1 | 8 | | |
| | 4 | | 2 | | 3 | 5 | | |
| 1 | | | | 8 | | | | 2 |
| | | 2 | 5 | | 9 | | 4 | |
| | | 7 | 4 | | | | 9 | |
| | | 9 | | 5 | | 3 | | 4 |
| | | | 9 | | 8 | | 6 | 5 |

**C**

| | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|
| | | 3 | | 9 | | | | 6 |
| | | 6 | | | 7 | 5 | 2 | |
| 5 | 7 | | | 1 | 6 | | | 8 |
| 8 | 3 | 5 | | | 4 | | | |
| 9 | | | | 8 | | | | 3 |
| | | | 9 | | | 8 | 5 | 2 |
| 7 | | | 3 | 4 | | | 1 | 9 |
| | 2 | 1 | 6 | | | 4 | | |
| 6 | | | | 7 | | 2 | | |

**D**

| | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|
| | 3 | 2 | | | | | | 8 |
| 6 | 7 | | | 4 | | | 9 | |
| | | | 3 | | 5 | 4 | 6 | 7 |
| | | 8 | 2 | | | 7 | | 5 |
| 1 | | | 4 | | 6 | | | 9 |
| 9 | 4 | | | | 3 | 6 | | |
| 5 | 8 | 3 | 6 | | 1 | | | |
| | 1 | | | 9 | | | 7 | 3 |
| 7 | | | | | | 5 | 1 | |

### ઉકેલ : ક્રમાંક - ૧૧૧૦

**A**

| | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|
| 7 | 9 | 1 | 8 | 4 | 3 | 6 | 5 | 2 |
| 5 | 8 | 3 | 9 | 6 | 2 | 4 | 7 | 1 |
| 6 | 2 | 4 | 1 | 5 | 7 | 9 | 3 | 8 |
| 4 | 7 | 9 | 5 | 2 | 8 | 1 | 6 | 3 |
| 3 | 6 | 5 | 7 | 1 | 9 | 2 | 8 | 4 |
| 8 | 1 | 2 | 4 | 3 | 6 | 7 | 9 | 5 |
| 9 | 3 | 8 | 2 | 7 | 4 | 5 | 1 | 6 |
| 1 | 4 | 6 | 3 | 9 | 5 | 8 | 2 | 7 |
| 2 | 5 | 7 | 6 | 8 | 1 | 3 | 4 | 9 |

**B**

| | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|
| 1 | 5 | 2 | 8 | 6 | 4 | 3 | 7 | 9 |
| 3 | 9 | 6 | 2 | 1 | 7 | 8 | 4 | 5 |
| 7 | 8 | 4 | 5 | 9 | 3 | 6 | 2 | 1 |
| 4 | 1 | 7 | 9 | 8 | 6 | 2 | 5 | 3 |
| 9 | 6 | 8 | 3 | 5 | 2 | 7 | 1 | 4 |
| 2 | 3 | 5 | 4 | 7 | 1 | 9 | 8 | 6 |
| 6 | 4 | 1 | 7 | 2 | 9 | 5 | 3 | 8 |
| 8 | 2 | 3 | 6 | 4 | 5 | 1 | 9 | 7 |
| 5 | 7 | 9 | 1 | 3 | 8 | 4 | 6 | 2 |

**C**

| | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|
| 6 | 3 | 5 | 9 | 7 | 1 | 8 | 4 | 2 |
| 9 | 8 | 4 | 2 | 5 | 6 | 1 | 3 | 7 |
| 2 | 1 | 7 | 4 | 8 | 3 | 9 | 5 | 6 |
| 3 | 9 | 8 | 7 | 1 | 4 | 6 | 2 | 5 |
| 7 | 6 | 1 | 5 | 2 | 8 | 4 | 9 | 3 |
| 5 | 4 | 2 | 6 | 3 | 9 | 7 | 8 | 1 |
| 8 | 2 | 3 | 1 | 4 | 7 | 5 | 6 | 9 |
| 4 | 7 | 9 | 3 | 6 | 5 | 2 | 1 | 8 |
| 1 | 5 | 6 | 8 | 9 | 2 | 3 | 7 | 4 |

**D**

| | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|
| 2 | 5 | 4 | 9 | 8 | 3 | 6 | 1 | 7 |
| 6 | 9 | 3 | 1 | 4 | 7 | 2 | 8 | 5 |
| 1 | 8 | 7 | 6 | 5 | 2 | 3 | 4 | 9 |
| 5 | 7 | 8 | 2 | 3 | 4 | 9 | 6 | 1 |
| 4 | 1 | 6 | 5 | 7 | 9 | 8 | 2 | 3 |
| 9 | 3 | 2 | 8 | 1 | 6 | 5 | 7 | 4 |
| 8 | 6 | 1 | 4 | 9 | 5 | 7 | 3 | 2 |
| 3 | 2 | 5 | 7 | 6 | 1 | 4 | 9 | 8 |
| 7 | 4 | 9 | 3 | 2 | 8 | 1 | 5 | 6 |

# ઘરાંગણ

સંકલન : દિનેશચંદ્ર જગજીવન શાહ

★ **નર્મદા નીરનો વેડફાટ - ભચાઉ તાલુકામાં પાણીની ચોરી :** દુષ્કાળગ્રસ્ત કચ્છમાં પીવાના પાણીની મોટી સમસ્યા સર્જાઇ છે. રવાપર - માળિયા સુધીની ગુજરાત વોટર ઇન્ફ્રાસ્ટ્રક્ચરની લાઇન દ્વારા ભચાઉ તાલુકાના હાઈવે પર આવેલ હોટલો અને ઉદ્યોગ ગૃહો દ્વારા દરરોજ ૨ કરોડ ૨૦ લાખ લિટર પાણી ચોરાય છે. તેની તપાસની માંગ ઊઠી છે. જ્યારે બીજી બાજુ સરહદી વિસ્તારના ગામો પીવાના પાણીની અપાર મુશ્કેલી અનુભવે છે.

★ **બ્લડ બેંક માટે રૂા. ૫૧ લાખનું દાન :** નૈરોબી સ્થિત કચ્છી દાતા, જાણીતા ઍડવોકેટ દાનવીર લક્ષ્મણભાઈ રાઘવાણીએ કચ્છ જિલ્લામાં ઇન્ડિયન રેડક્રોસ સોસાયટી દ્વારા નિર્માણ થઈ રહેલ બ્લડ બેંકને રૂા. ૫૧ લાખનું માતબર દાન આપીને સેવાનું ઉત્તમ ઉદાહરણ પૂરું પાડ્યું છે.

★ **નૃત્યાંગનાઓએ આઠ રાષ્ટ્રીય એવોર્ડ મેળવી કચ્છને ગૌરવ અપાવ્યું :** તાજેતરમાં પૂના મધ્યે અખિલ લોકકલા કલ્ચરલ ઓર્ગેનાઇઝેશન ઓલ ઇન્ડિયા ડાન્સ કોમ્પિટીશનમાં ૨૨ રાજ્યોમાંથી ૧૬૦૦ જેટલા સ્પર્ધકોએ ભાગ લીધો હતો. જેમાં માધાપર (ભુજ) કચ્છની નટરાજ ડાન્સ એકેડેમિની છાત્રાઓએ આ સ્પર્ધામાં ભાગ લઈ આઠ રાષ્ટ્રીય પુરસ્કારો મેળવી હીર ઝળકાવતા કચ્છને ગૌરવ અપાવ્યું છે. નટરાજ ડાન્સ એકેડેમિના સંચાલક ૨૨ વર્ષીય રાધિકા ટાંકને ગુરુમણિ ઍવોર્ડથી સન્માનિત કરાયા હતા. ભારતમાંથી ત્રણ વ્યક્તિની આ ઍવોર્ડ માટે પસંદગી કરવામાં આવી હતી, તેમાંના એક રાધિકા ટાંક છે.

★ **૬૦૦ કરોડનું ડ્રગ્સ પકડાયું :** કચ્છના જખૌ પાસેની જળસીમાથી નાપાક ઇરાદા સાથે ભારતમાં નશીલા દ્રવ્યને ઘુસાડવાના પ્રયાસોને ભારતીય તટરક્ષક દળે નિષ્ફળ બનાવી નજીકની આંતરરાષ્ટ્રીય જળ સીમા પાસેથી પાકિસ્તાની માછીમારી નૌકાને ઝડપી, અંદાજિત ૫૦૦થી ૬૦૦ કરોડની કિંમતના ૧૯૪ પેકેટ હેરોઇનનો જથ્થો કબજે કર્યો હતો. સાથે ૬ પાકિસ્તાનીઓને પણ અટકમાં લીધા હતા.

★ **કચ્છનું દસમા ધોરણનું પરિણામ ૬૫.૪૬ ટકા :** ગુજરાત રાજ્યના શિક્ષણ બોર્ડ દ્વારા લેવાયેલી ધોરણ-૧૦ની કચ્છના પરીક્ષાર્થીઓનું પરિણામ ૬૫.૪૬ ટકા આવેલ છે, જે ગત વર્ષની તુલનાએ ૨.૮૪ ટકા ઓછું છે. એ-વન ગ્રેડમાં ૭૭ છાત્રોએ સ્થાન મેળવ્યું છે. ગયા વર્ષે ૮૩ છાત્રો હતા.

★ **અંજારના યુવકની બેનમૂન કામગીરી :** અમદાવાદની સીદી સૈયદ મસ્જિદની બેનમૂન જાળી જેવો નમૂનો અંજાર સ્થિત મડવર્કના કારીગર તથા પેઇન્ટર કુંભાર શબ્બીર કાસમ દ્વારા અંજારના એક મકાન માટે ૭ X ૪ ફૂટનો માટીનો નમૂનો બનાવ્યો છે. તેને રંગો વડે સુંદર રીતે સજાવ્યો છે. કારીગરે સાત વર્ષની ઉંમરથી જ પોતાનું જીવન કલા પ્રત્યે સમર્પિત કરેલ છે.

★ **કચ્છના મહારાવને જન્મદિનની શુભેચ્છા :** કચ્છના મહારાવશ્રી પ્રાગમલજી ત્રીજાના ૮૪મા જન્મ દિને વિવિધ ક્ષેત્રના અગ્રણીઓ, પ્રજાજનો, અધિકારીઓ અને રાજકીય આગેવાનો વગેરેએ તેમના પર શુભેચ્છા વરસાવી હતી. આ પ્રસંગે કચ્છની અને કચ્છના લોકોની સુખાકારી માટે તેમણે અલગ કચ્છની હિમાયત કરી હતી. ભુજના કૉલેજ રોડ સ્થિત રણજિત વિલાસ પેલેસ ખાતે સાદગીભર્યા કાર્યક્રમમાં અનેક નામાંકિત લોકો હાજર રહ્યા હતા.

★ **ધોરણ-૧૨ સામાન્ય પ્રવાહનું પરિણામ :** કચ્છના વિદ્યાર્થીઓએ આ વખતે કચ્છનું છેલ્લા પાંચ વર્ષમાં સૌથી ઊંચું પરિણામ ૮૧.૩૩ ટકા લાવીને ડંકો વગાડી દીધો છે. ગત વર્ષની તુલનાએ પરિણામ ૧૨.૯૪ ટકા વધ્યું છે. ગુજરાતના ૭૩.૨૭ ટકા પરિણામ સામે કચ્છની સફળતાનો આંક ૮.૦૬ ટકા ઊંચો આવ્યો છે. એ-વન ગ્રેડમાં કચ્છના ૯ છાત્રો સામેલ છે.

★ **મેડિકલ ક્ષેત્રે કચ્છી યુવતીની ઝળહળતી સિદ્ધિ :** ભુજના મધ્યમ વર્ગ પરિવાર રઝાકભાઈની પુત્રી ડૉ. અક્સાએ સ્ત્રીરોગ નિષ્ણાત તબીબ તરીકે એમ.એસ. ગાયનેકમાં યુનિવર્સિટીમાં બીજો નંબર મેળવી કચ્છનું નામ રોશન કર્યું છે. અત્યારે શેલલ કૉલેજ ઓફ ગાયનેકોલોજી - યુ.કે. (લંડન) દ્વારા લેવાતી એફ.આર.સી.ઓ.જી.ની ત્રણ ડિગ્રી પરીક્ષા આપી રહી છે. આ પરીક્ષા પાસ કરનાર ડૉક્ટર દુનિયામાં કોઈ પણ જગ્યાએ પ્રેક્ટિસ કરી શકે છે.

★ **ભ્રષ્ટાચાર બોલે છે! :** સમાઘોઘા - ભુજપુર વચ્ચે ૬૦' X ૬૦' અને ૧૨' ઊંડાઈ સાથેનો નિર્માણ પામેલો પીવાના પાણીનો ટાંકો ઉદ્ઘાટન થાય તે પહેલા જ ધબાય નમઃ થઇ ગયો છે. લાખોના ખર્ચે ટાંકામાં પ્રથમ જ વખત

પાણી ભરવામાં આવ્યું અને એ સાથે જ ભ્રષ્ટાચારે પોત પ્રકાશ્યું હતું.

★ **કચ્છ યુનિ. ભૂસ્તર વિભાગના બે છાત્રો જર્મની તાલીમ લેવા જશે :** કચ્છ યુનિ.માં અર્થ એન્ડ એન્વાયરનમેન્ટ વિભાગના સંશોધક બે વિદ્યાર્થીઓ કેતન ચાસ્કર અને સૂરજ ભોંસલે રાજસ્થાન યુનિ.ના પૂર્વ પ્રાધ્યાપક અને ભૂસ્તરશાસ્ત્ર ડિપાર્ટમેન્ટના યુ.જી.સી. માન્ય 'એડજન્ક્ટ' પ્રોફેસર ડૉ. પાંડેના વડપણ હેઠળ જર્મનીની આર્લાન્ગન યુનિવર્સિટીમાં પીએચ.ડી. માટે જશે.

★ **કચ્છનો પાણી પ્રશ્ન ઉકેલવા ત્વરીતતા લાવો :** ભુજ ખાતે તા. ૨-૬ના રોજે જિલ્લા અછત સમિતિની બેઠકમાં કચ્છના પાણીના પ્રશ્નો ઉકેલવા મડકુબા કેનાલનું કામમાં ઝડપ લાવવા તથા ૧૦થી ૧૫ જેટલા જમીન સંપાદન પડતર કાર્યોનો નીવેડો લાવવા પૂર્વ રાજ્યમંત્રી તારાચંદ છેડાએ આ સમિતિમાં રજૂઆત કરી હતી. તેમજ ઢોરવાડા - પાંજરાપોળોને સબસિડીનું તાત્કાલિક ચૂકવણું થાય તથા ભુજની પાણીની સમસ્યા અંગે ભારાપર યોજનાના બે બોરનું કામ ચાલુ કરવાનું સૂચન કર્યું હતું.

★ **રૂા. ૧.૩૬ કરોડના ખર્ચે ડેમ સુધારણા કાર્ય :** ભુજ તાલુકાના મેઘપર સીમમાં આવેલ એડમન્ડ સિંચાઇ ડેમમાં ધારાસભ્ય નીમાબેન આચાર્યના પ્રયાસોથી સુધારણાનું કાર્ય આરંભાયું છે. ડેમમાં ખાણેત્રાના કાર્ય દ્વારા ચાર લાખ ઘનમીટર માટી બહાર કઢાશે. જેથી ડેમની હાલની જળસંગ્રહ સપાટી ૩૧ ફૂટની છે, તે વધીને ૩૪ ફૂટની થશે. ડેમનો ઘેરાવો વધુ હોવાથી જળસંગ્રહ ક્ષમતા બમણી થશે.

★ **પચ્છમની અશ્વ ઉછેરને દુકાળનો માર :** સારા નસલની સંધી જાતની અશ્વ ઉછેરની અનોખી પરંપરા છેલ્લા સાડા સાતસો વરસથી ટકાવવાનું શ્રેય પચ્છમના ફાળે જાય છે. પરંતુ હાલમાં દુષ્કાળના કારણે તેને ગ્રહણ લાગ્યું છે. ભૂખમરાને લીધે ૧૨થી ૧૪ જાતવાન ઘોડાઓના મોત થયાના અહેવાલો સાંપડી રહ્યા છે. ૧૫૦થી વધુ અશ્વો આ પંથકની શોભા છે. મોંઘવારી તેમજ આર્થિક મુશ્કેલીના કારણે અશ્વમાલિકો પોતાનો તથા અશ્વોનો પેટનો ખાડો પૂરવા તકલીફ વેઠે છે.

★ **એરોનોટિક્સ એન્જિનીયરિંગમાં મુંબઈનો કચ્છી છાત્ર અવ્વલ :** કચ્છી વાગડના વિશાલ દિનેશ વીસરિયા બી.એસસી. એરોનોટિકલ મિકેનિકલ એન્ડ એરક્રાફ્ટ મેઈન્ટેનન્સ એન્જિનીયરિંગમાં મુંબઈ યુનિવર્સિટીમાં પ્રથમ રેન્કમાં ઉત્તીર્ણ થઈ કચ્છ વાગડના સમાજનું નામ રોશન કર્યું છે. આ સિધ્ધિ બદલ તેને એરોનોટિકલ સોસાયટી ફોર ઇન્ડિયા તરફથી સર્ટિફિકેટ અને ટ્રોફી પ્રાપ્ત થયા છે.

★ **રેલવે :** તા. ૬-૬ના પર્યાવરણના દિને પશ્ચિમ રેલવે અમદવાદ ડિવિઝને અમદાવાદથી ભુજ આવતી દાદર-ભુજ સુપરફાસ્ટ એક્સપ્રેસના એન્જિનમાં પાંચ ટકા બાયો ડીઝલ વાપરવાનો સરળ પ્રયોગ કર્યો હતો. આ પ્રયોગ પર્યાવરણમાં થતા પ્રદૂષણના ઘટાડા માટે તેમજ ડીઝલમાં થતા ખર્ચમાં ઘટાડા માટે હતો.

★ **નીટની પરીક્ષામાં કચ્છના ત્રણ છાત્રો અવ્વલ :** ધોરણ-૧૨ પછી મેડિકલમાં પ્રવેશ મેળવવા માટે નીટની પરીક્ષા પાસ કરવી પડે છે. આ વરસે કચ્છના ત્રણ છાત્રોએ આ નીટની પરીક્ષા સારા માર્કે પાસ કરી કચ્છમાં પ્રથમ ત્રણ નંબરમાં સ્થાન મેળવ્યું છે. જેમાં ભુજના મેહુલ રૂપારેલે જિલ્લામાં પ્રથમ સ્થાન મેળવ્યું છે. જ્યારે ભુજના જાણીતા બાળરોગ નિષ્ણાત ડૉ. જિજ્ઞેશ ગોરના પુત્રએ બીજું સ્થાન તેમજ બી.એસ.એન.એલ.ના એન્જિનીયર અધિકારી અસિતભાઈ અંજારિયાના પુત્ર રોહને ત્રીજું સ્થાન પ્રાપ્ત કર્યું છે.

★ **કચ્છ શક્તિ એવોર્ડ વિજેતા જાહેર :** કચ્છ શક્તિ છેલ્લા ૩૮ વર્ષથી અષાઢી બીજે સિધ્ધિ વરેલા કચ્છીઓને 'કચ્છ શક્તિ ઍવોર્ડ' આપી નવાજે છે. આ વર્ષે કચ્છરત્ન ઍવોર્ડ મૂળ ભુજના અને હાલે આંધ્રપ્રદેશના કર્નુલમાં વસતા સેવાભાવી કાંતિલાલ હેમચંદ દેવચંદ શાહને જાહેર કરવામાં આવેલ છે. સમાજ રત્ન ઍવોર્ડ હાલે નાંદેડ વસતા કચ્છી કેતન કે. નાગડાને અને સમાજસેવા ઍવોર્ડ પંકજ કેશવજી ધરમશીને તા. ૪થી જુલાઈના રોજ મુંબઈ ખાતે આયોજિત કાર્યક્રમ દરમિયાન અર્પણ થશે.

★ **એન્કરવાલા અહિંસાધામે રામકથા :** નંદી સરોવર તા. મુંદ્રા ખાતે પશુરક્ષા કેન્દ્ર સંચાલિત એન્કરવાલા અહિંસા ધામે રાષ્ટ્રસંત પૂ. મોરારિબાપુએ ૮૨૯મી તથા કચ્છમાં ૩૦મી જય સીયારામના જયઘોષ સાથે રવિવારના આરંભ કરી હતી. આ ૮૨૯મી કથાને પૂ. બાપુએ 'માનસ અહિંસા' કથા નામ આપ્યું હતું. આ કથા પશુ રક્ષા કેન્દ્ર ખાતે પશુઓ માટે આઈ.સી. યુનિટનું ઉદ્‌ઘાટન કરવા તેમજ ગૌરક્ષાનો ફાળો એકત્ર કરવા અંગે આયોજિત કરવામાં આવી હતી.

★ **કચ્છમાં ખનિજ ચોરી — રૂા. ૫૨.૩૧ કરોડનો દંડ :** કચ્છમાં વિપુલ માત્રામાં જુદા જુદા પ્રકારની ખનિજ સંપત્તિના ભંડારો આવેલા છે. સરકારના ખાણ - ખનિજ વિભાગ દ્વારા નોંધાયેલ લીઝ ધારકો દ્વારા અવારનવાર ખનિજ ચોરીની ઘટના સામે આવતાં જણાયું કે સરકારને ખનિજ દ્વારા મળતી રોયલ્ટી કરતાં વધારે કમાણી ગેરકાયદે થતી ખનિજ ચોરીમાં

થાય છે. આ બાબતે છેલ્લા એક દાયકાથી ખનિજ ચોરો સક્રિય બન્યા હોવાથી તેમને નોટિસ ફટકારી રૂા. ૫૨.૩૧ કરોડની જંગી રકમના દંડની વસુલાત કરી છે.

★ **સાહિત્ય અકાદમીનો પુરસ્કાર અંજારના અજય સોનીને :** કેન્દ્રીય સાહિત્ય અકાદમીએ વર્ષ ૨૦૧૯નો ગુજરાતી ભાષા માટેનો પુરસ્કાર અંજારના યુવા લેખક અજય સોનીને તેમની શ્રેષ્ઠ વાર્તા સંગ્રહ 'રેતીનો માણસ' માટે જાહેર કર્યો છે.

★ **'વાયુ' વાવાઝોડાને યાદ આવ્યું કચ્છ :** ગુજરાતને ધમરોળવા ૧૫૦થી ૨૦૦ કિ.મી.ની ઝડપે આવેલ વાવાઝોડું ગુજરાતને હાથતાળી આપી ઉત્તર પશ્ચિમ દિશામાં ફંટાઈ ગયું. જેના કારણે પોરબંદર, વેરાવળ, કચ્છનો બચાવ થયો. પરંતુ આગળ જતાં 'વાયુ' વાવાઝોડાને અમિતાભ બચ્ચનનું વાક્ય યાદ આવ્યું કે 'કચ્છ નહીં દેખા તો કુછ નહીં દેખા...' એના કારણે આગળ વધતા 'વાયુ'એ યુ-ટર્ન લેતાં, કચ્છ ઉપર તા. ૧૭-૧૮ જૂનના વાયુ વાવાઝોડાની ભયાનકતા ત્રાટકશે તેવું હવામાન વિભાગે જણાવ્યું હતું.

★ **વાગડનો વગડાઉ મીઠો માવો – 'પીલુ' :** એક કહેવત છે કે 'વાગડ જાઉં ને પીલુ ખાઉં'. આ કહેવત એટલે પડી કે કચ્છનું દેશી ફળ 'પીલુ' કચ્છના વાગડ વિસ્તારમાં મોટા પાયે ઉગે છે. આજે કચ્છની આ દેશી તળપદી વનસ્પતિનો પરદેશી બાવળમાંથી બનાવાતા કોલસાની લાયમાં સોથ વળી રહ્યો છે. મીઠાવાળા ખારા ડુંગરાળ પટમાં ઉછરતું આ ઝાડ જમીન ઉપર સેઢા પાળા કાઢવામાં આવે ત્યારે તેનો નાશ કરવામાં આવતું હોવાની વાત સંભળાય છે. આ વગડાઉ વનસ્પતિ વૈયા, કોયલ, સિપાઇ, બુલબુલ વગેરે પક્ષીઓનું ભાવતું ભોજન છે. ઉપરાંત તેના બીયામાંથી ઉત્પન્ન થતું અખાદ્ય તેલ કુટિર ઉદ્યોગમાં સાબુના ગુણકારી હોવાનું જાણવા મળ્યું છે. સાતસો વર્ષો પૂર્વે બાબુલિયા સંસ્કૃતિમાં જેનો ઉલ્લેખ જોવા મળે છે એ પીલુ (થર) રોમન સામ્રાજ્ય, પ્રાચીન મિસર સમેત ઉપયોગી જાણવા મળ્યું છે. આ વૃક્ષનું બોટનિકલ નામ 'સાલ્વાડોરા' છે અને તેની સામાન્ય ઓળખ ટુથ બ્રશ ટ્રી છે. હિંદીમાં મેસ્વાક, મરાઠીમાં ખાકન, સંસ્કૃતમાં ગુંદારૂલા અને ગુજરાતીમાં પીલુ કે પીલુડી તરીકે ઓળખાય છે. રેગિસ્તાન પ્રદેશમાં ભયંકર ગરમીમાં પણ પીલુનું ઝાડ હર્યુંભર્યું રહે છે. પીલુના ઝાડની ખાસિયત એ છે કે જેમ તાપમાન વધે તેમ એની હરિયાળી ઉભરવા માંડે. ભારત, આફ્રિકા, મધ્ય પૂર્વના દેશો, દક્ષિણ અમેરિકા, પશ્ચિમ એશિયા, બલુચિસ્તાન, સીલોન, મિસરના સૂકા પ્રદેશો તેમજ ભારતમાં પંજાબ, રાજસ્થાન, ઉત્તરપૂર્વના પ્રદેશો, મહારાષ્ટ્રમાં રાયગઢ વિસ્તાર, ગુજરાતમાં કચ્છ, જામનગર, પાટણ, સુરેન્દ્રનગર જેવા ખારા ડુંગરાળ પટમાં પીલુ વનસ્પતિનું નિવાસ હોવાનું વન વિભાગના જાણકારો જણાવે છે. કચ્છમાં વાગડ, પાવરપટ્ટી, રણપંથક, ડુંગરાળ અને દરિયાઇ ખારા પટમાં પીલુના ઝાડ વધારે જોવા મળે છે. પીલુના બે પ્રકાર છે : ખારી જાત અને મીઠી જાત. જાન્યુઆરી - ફેબ્રુઆરીમાં ફાલ આવે તે પીલુના ફળમાં બી નથી હોતા. જ્યારે માર્ચ - એપ્રિલ પછી બીવાળા મીઠા પીલુનો ફાલ આવે છે. પીલુડીના પાંદડા ચીકણા, મોટેભાગે અંડાકાર, તીવ્ર યા ગોળાકાર હોય છે. ખારા પીલુના પર્ણો લંબગોળ જ્યારે મીઠા પીલુના પર્ણો લાંબા હોય છે. રંગે લાલ અને ફળ પાકે ત્યારે પીળા, પડે ત્યારે જાંબલી. તેના પર્ણોનો રસ 'સ્કર્વી'ના દર્દના ઉપચારમાં કામે લાગે. સંધિવાના રોગમાં પણ ઉપાચારાત્મક રહ્યા છે. પીલુનું ફળ મૂત્રવર્ધક હોવાનું જાણકારો કહે છે. તેના બી માં ચાલીસ ટકા તેલ હોઇ તે કેટલીક જગ્યાએ ત્વચામાં લગાડવામાં આવે છે. આ તળપદી વનસ્પતિમાં ઝાડદીઠ બે થી ત્રણ કિ.ગ્રામ મીઠા ફળનો ફાલ ઉતરે છે. વન ખાતાના જાણકાર શ્રી છેડા જણાવે છે કે હવે લગભગ ૧૫૦૦ જેટલા જ ઝાડ આ પંથકમાં બચ્યા છે. પીલુડીનું સ્વર માધુર્ય લોકગીતોમાં માણિગરોને શીતળતા આપે છે. ઉનાળાના પ્રખર તાપમાં લીલુંછમ રહેતું આ ઝાડ વટેમાર્ગુઓ માટે આશ્રય સ્થાન બની રહે છે. ■

---

## કહેવતોની દુનિયામાં ડોકિયું

(૧) કૂવામાં હોય તો હવાડામાં આવે, (૨) ખોટો રૂપિયો વધારે ચળકે, (૩) કજીયાનું મોં કાળુ, (૪) ખાડો ખોદે તે પડે, (૫) એક હાથે તાળી ન પડે, (૬) ઘેર ઘેર માટીના ચુલા, (૭) કાળ જાય પણ કહેણ રહે, (૮) કાગનું બેસવું ને ડાળનું પડવું, (૯) ગરજ સરે એટલે વૈધ વેરી, (૧૦) ઘરડા ગાડા વાળે, (૧૧) ચેતતો નર સદા સુખી.

## ફિલ્મી ફંડા

(A) કભીકભી, (B) કામચોર, (C) દેવદાસ,

---

## 'પ્રસિધ્ધ વસ્તુ અને જગ્યાના નામ શોધો'ના જવાબો

(૧) પાટણ, (૨) તક્ષશીલા - નાલંદા, (૩) પાલિતાણા, (૪) પોંડિચેરી, (૫) બીજાપુર, (૬) ભુવનેશ્વર, (૭) ગોકુળ, (૮) મદુરાઇ, (૯) ચેન્નાઇ, (૧૦) મુંબઈ, (૧૧) વારાણસી, (૧૨) કરબલા, (૧૩) અમદાવાદ, (૧૪) અમૃતસર, (૧૫) જમશેદપુર, (૧૬) કંડલા, (૧૭) ધનબાદ - રાણીગંજ, (૧૮) કલકત્તા, (૧૯) કોણાર્ક, મોઢેરા, (૨૦) ચંદીગઢ, (૨૧) ચેરાપુંજી, (૨૨) ચિત્તોડ, (૨૩) જગન્નાથપુરી, (૨૪) પોરબંદર, (૨૫) જમશેદપુર.

# શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદ

## શ્રી કચ્છી વિશ્રામગૃહ - શાહીબાગ ખાતે સાર્વજનિક ધોરણે – જનહિતાર્થે નવી ડિસ્પેનસરિ – દવાખાનું ખુલ્લું મૂકવામાં આવ્યું...

શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદ દ્વારા નિયમન થતા શાહીબાગ સ્થિત શ્રી કચ્છી વિશ્રામ ગૃહ ખાતે સાર્વજનિક ધોરણે તબીબી સારવાર અર્થેની એક ડિસ્પેનસરિ – દવાખાનું શરૂ કરવામાં આવ્યું છે.

જેમાં હાલના તબક્કે નીચે જણાવેલ વિભાગોમાં વ્યાજબી દરે તબીબી તપાસ અને સારવારની સગવડ ઉપલબ્ધ રહેશે.

| | | | | | | |
|---|---|---|---|---|---|---|
| ● | *નેફ્રોલોજી વિભાગ* | *ડૉ. જય શાહ* | *ગુરુવાર* | *સમય* | *૧૨.૦૦થી ૧.૦૦* | *કિડનીના રોગો અંગે* |
| ● | *જનરલ - સામાન્ય તબીબી વિભાગ* | *ડૉ. દિલીપ રાણાવત* | *સોમવારથી શનિવાર* | | *૦૯.૩૦ થી ૧.૦૦*<br>*૦૩.૦૦ થી ૫.૦૦* | *શરદી, ખાંસી, તાવ, એસીડિટી, પેટદર્દ જેવી તકલીફો માટે આ વિભાગમાં દર્દીને તપાસીને દવા પણ આપવામાં આવશે.* |

શાહીબાગ તથા અન્ય વિસ્તારની આમ જનતા કોઈપણ જ્ઞાતિ અથવા ધર્મના ભેદભાવ વિના સાર્વજનિક ધોરણે ઉપરોક્ત દવાખાનાનો લાભ લઈ શકે છે.

***નોંધ*** :

★ ઉપરોક્ત સ્થળે સમાજ દ્વારા ડાયાલિસીસ સેન્ટર લાંબા સમયથી કાર્યરત છે.

★ તે સિવાય, સમાજ દ્વારા શ્રી કચ્છી જૈન ભવન - પાલડી ખાતે વિભિન્ન સ્વરૂપની ૩૨ ઓ.પી.ડી. પણ સાર્વજનિક ધોરણે ચાલે છે. જેમાં પ્રતિદિન અંદાજે ૪૦૦ દર્દીઓ લાભ લઈ રહ્યા છે. જાહેર જનતાને તેનો લાભ લેવા અનુરોધ છે.

★

શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદ દ્વારા શ્રી કચ્છી વિશ્રામ ગૃહ - શાહીબાગ ખાતે ઉપરોક્ત જનરલ તબીબી પ્રેકટિસનું દવાખાનું તા. ૨૩-૬-૨૦૧૯ના રોજ સમાજ દ્વારા શ્રી કચ્છી જૈન ભવન - પાલડી ખાતે કાર્યરત મેડિકલ સેન્ટરમાં માનદ્ સેવાનું પ્રદાન કરનાર યુરોલોજિસ્ટ ડૉ. હિમાંશુ શાહના વરદ્ હસ્તે ખુલ્લું મૂકવામાં આવ્યું હતું. તે અગાઉ મેડિકલ સમિતિના કન્વીનર શ્રી અશ્વિન સાવલા અને ડૉ. હિતેન્દ્ર શાહ દ્વારા પુષ્પગુચ્છથી તેમનું ઔપચારિક સન્માન કરવામાં આવ્યું હતું. તે સાથે નવા દવાખાનામાં તબીબી સેવા આપનાર બંને ડૉક્ટરશ્રીઓનો ટૂંક પરિચય આપવામાં આવ્યો હતો.



આ અવસરે ઉપસ્થિત સમાજ કાર્યકર્તાઓ તથા સમાજ પરિવારજનોને સંબોધતા સમાજના મેનેજિંગ ટ્રસ્ટી અને પ્રમુખ શ્રી પ્રતાપભાઈ દંડે શરૂ થયેલ નવા દવાખાના વિશે તેમજ તે સ્થળે કાર્યરત ડાયાલિસિસ સેન્ટર અંગે ટૂંક માહિતી આપી હતી. વધુમાં તેમણે જણાવ્યું હતું કે, આ દવાખાનું શાહીબાગ વિસ્તારના પ્રજાજનોને તબીબી તપાસ માટે ખૂબ જ અનુકૂળ થશે. તેઓશ્રીએ શ્રી કચ્છી જૈન ભવન - પાલડી ખાતે હાલે કાર્યરત મેડિકલ સેન્ટરનો ઉલ્લેખ કરીને જણાવ્યું કે, તે સેન્ટર જેવી જ ઓ.પી.ડી. સાથેનું વિશેષ મેડિકલ સેન્ટર અમદાવાદ મધ્યે બોપલ વિસ્તારમાં સમાજ દ્વારા ટૂંક સમયમાં શરૂ કરવામાં આવશે. તેમણે કહ્યું, આ સમાજે સામાજિક સેવા ક્ષેત્રે અમદાવાદમાં પોતાનું નામ રોશન કરેલ છે અને તે કારણે સર્વત્ર તેની કાર્યપ્રણાલીની પ્રશંસા થઈ રહી છે. આ પ્રકારની ઉચ્ચ પ્રણાલી જાળવી રાખવા તેમણે સમાજ પરિવારજનોને અનુરોધ કર્યો હતો. ઉપસ્થિત સર્વે પરિવારજનોએ નવા દવાખાનાની મુલાકાત લીધી હતી.





## પ્રા. પૃથ્વીભાઈ શાહ તરફથી દાનની રકમ જાહેર થઇ

ગાંધીનગર સ્થિત સમાજના હિતેચ્છુ - સભ્ય તથા દાતાશ્રી **પ્રા. પૃથ્વીભાઈ શાહ** દ્વારા ઉપરોક્ત નવા દવાખાનાને રૂા. ૧૧,૦૦૦/-નું દાન જાહેર કરવામાં આવ્યું છે.

**ખૂબ ખૂબ આભાર.**

*ન બોલે તેને બોલાવજો,*
*ન આવે તેને ઘેર જજો*
*રીસાય તેને રીઝવજો*
*અને આ બધું તેમના ભલા માટે નહીં*
*પણ તમારા ભલાને સારું કરજો.*
*જગત લેણદાર છે, આપણે તેના કરજદાર છીએ.*

## વર્ષી તપ / ૯૯ યાત્રા



**ગીતા નિમેષ સંઘવી**

અમદાવાદ નિવાસી હસુમતી ધીરજલાલ કરશનજી સંઘવીની પુત્રવધૂ અ.સૌ. ગીતા નિમેષ સંઘવીએ વર્ષીતપ સાથે ૯૯ યાત્રા તથા ચિ. નિમેષ ધીરજલાલ સંઘવીએ શત્રુંજય તીર્થની ૯૯ યાત્રા પૂર્ણ કરેલ છે. અ.સૌ. ગીતાએ વર્ષીતપનું પારણું ૭મી મે એ પાલિતાણા મુકામે કરેલ. તેમણે હાલ સાતા સાથે બીજું વર્ષીતપ ચાલુ રાખેલ છે.

*કોઈના માટે અત્યંત વેધક કે કટાક્ષયુક્ત ટીકા કરવાનું મન થાય ત્યારે યાદ કરો કે વધારે પડતા મરીમસાલા ખોરાકને બેસ્વાદ બનાવે છે. અવિચારી શબ્દોએ ઘણા મૂલ્યવાન સંબંધોને ખંડિત કર્યા છે. જ્યારે સદ્ વ્યવહારથી કોઈએ ક્યારેય કંઈ ગુમાવ્યું નથી. અન્યોને પોતાની રીતે વિકસવાની સ્વતંત્રતા આપો.*

## સાભાર સ્વીકાર

★ રૂા. ૧૧,૦૦૧/- : **પ્રા. પૃથ્વીભાઈ શાહ - ગાંધીનગર** દ્વારા શ્રી કચ્છી વિશ્રામ ગૃહ - શાહીબાગ ખાતે જનહિતાર્થે ખુલ્લું મૂકવામાં આવેલ નવી ડિસ્પેન્સરિ — દવાખાનાનેય

★ રૂા. ૫૦૧/- : નરશી મોનજી ઇન્સ્ટીટ્યુટ ઑફ મેનેજમેન્ટ સ્ટડીઝ (NMIMS) - મુંબઈ માંથી **ચિ. નિસર્ગ** ચંદ્રિકા-કમલેશ મનુભાઈ શાહને MBA થવા બદલ તથા ડાયરેક્ટ કેમ્પસ પ્લેસમેન્ટ થ્રુ કોટક મહિન્દ્રા બેંકમાં જોબ મળવા બદલ **શ્રીમતી ચંદ્રિકા કમલેશ મનુભાઈ શાહ** તરફથી રૂા. ૫૦૧/- 'મંગલ મંદિર ભેટ' ખાતે સાભાર મળ્યા છે.

*સંસ્થા ઉપરોક્ત તમામ દાતાશ્રીઓનો ખૂબ ખૂબ આભાર માને છે.*

*નથી બીજું કમાયા કૈં જીવનની એક કમાઈ છે,*
*અમારે મન મૂડી અમારી માણસાઈ છે.*

## શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદ

**સંચાલિત**

**નવનીત મેડિકલ સેન્ટર**

**શ્રીમતી પ્રભાબહેન કાંતિલાલ વેલજી સાવલા મેડિકલ ચેક-અપ સેન્ટર**

## કિડની રોગ નિદાન કેમ્પ

મેડિકલ સેન્ટર દ્વારા કિડની રોગ નિદાન કેમ્પનું આયોજન નીચે મુજબ કરવામાં આવેલ છે.

**કિડનીની તપાસ કોણે કરાવવી જોઈએ? / આ કેમ્પનો લાભ કોણે લેવો જોઈએ?**

(૧) ડાયાબિટીસની બીમારી હોય. (૨) બ્લડ પ્રેશર લાંબા સમયથી હોય / બ્લડ પ્રેશર કાબૂમાં ના રહેતું હોય / નાની ઉંમરે બ્લડ પ્રેશરની બીમારી આવી હોય. (૩) લાંબા સમય સુધી દુઃખાવાની દવા લીધી હોય.(૪) કુટુંબમાં વારસાગત કિડનીના રોગ હોય. (૫) મૂત્રમાર્ગમાં જન્મજાત ખોડ-ખાંપણ હોય. (૬) વારંવાર પેશાબમાં ઈન્ફેક્શન થાય / કિડનીની પથરીની તકલીફ હોય / પ્રોસ્ટેટની તકલીફ હોય. (૭) શરીર પર સોજા, નબળાઈ, શ્વાસની તકલીફ, પેશાબની તકલીફ, ભૂખ ઓછી લાગવી, ઉલટી-ઉબકા આવવા વગેરે તકલીફો હોય. (૮) હૃદયના રોગો, Liver Cirrhosis, Rheumatological Problems હોય તેવા દર્દીઓએ પણ કિડનીની તપાસ કરાવવી જોઈએ.

***ઉપર જણાવેલ તકલીફો હોય તો... કિડનીના રિપોર્ટ અવશ્ય કરાવવા જોઈએ અને કેમ્પનો લાભ લેવો જોઈએ.***

**કેમ્પમાં નીચે મુજબની સવલતો રાહત દરે થશે.**

**~~રૂા. ૨૦૦૦/-~~ રૂા. ૭૦૦/-**

૧. નેફ્રોલોજી કન્સલ્ટેશન : **ફ્રી**

**Dr. Jay H. Shah, MD DM (Nephrology)**

૨. કિડનીને લગતા રિપોર્ટ

★ S. Creatinine & EGFR ★ Urine Routine Micro ★ Spot Urine Albumin - Creatin Ratio ★ RBS ★ USG Abdomen

**તા. ૧૭-૭-૨૦૧૯થી તા. ૨૩-૭-૨૦૧૯ સુધીમાં રિપોર્ટ કરાવનારને જ રાહત દરનો લાભ મળશે.**

**કન્સલ્ટેશનની તારીખ : તા. ૨૪-૭-૨૦૧૯**
**સમય : સવારે ૯.૦૦થી ૧૧.૦૦**

**● રજિસ્ટ્રેશન માટે સંપર્ક ●**

રૂમ નં. ૩૧૦, શ્રી કચ્છી જૈન ભવન, નવનીત મેડિકલ સેન્ટર, પાલડી, અમદાવાદ-૬. ફોન : (૦૭૯) ૪૮૯૦ ૬૦૦૧, ૪૮૯૦ ૬૦૦૬

*કન્વીનર - મેડિકલ સમિતિ*

## શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદ

## યુવા વિકાસ સમિતિ

**● આગામી કાર્યક્રમ : એજ્યુકેશનલ ટુર ●**

યુવા વિકાસ સમિતિ દ્વારા એક એજ્યુકેશનલ ટુરનું આયોજન કરવામાં આવ્યું છે. જેમાં કંડલા પોર્ટની મુલાકાત, જેટી ઉપર લોડિંગ - અનલોડિંગ ઑફ કાર્ગો શિપ અને એન્જિન રૂમની વિઝિટ અને તે સાથે ભચાઉ ખાતે ૧૨૫ એકર ઓર્ગેનિક ફાર્મની મુલાકાતનો સમાવેશ થાય છે.

ટુરનું બે દિવસનું આયોજન છે.

જેમાં આવવા - જવાના, રહેવાના, ખાવા-પીવાના ખર્ચની જાણકારી મેળવવા નીચે જણાવેલ સભ્યોનો સંપર્ક કરવા વિનંતી.

*રોહિત સંઘવી : ૯૮૨૪૦ ૦૬૬૪૮*

*ડૉ. કેતન શાહ : ૯૮૨૫૬ ૮૭૭૪૧*

ઉપરોક્ત ટુરનું આયોજન ઓગસ્ટ માસના પ્રથમ / દ્વિતીય સપ્તાહમાં થશે. આ કાર્યક્રમમાં માત્ર એક બસ જેટલા જ સભ્યોને લઈ જવામાં આવશે.

*ડો. કેતન શાહ, કન્વીનર - યુવા વિકાસ સમિતિ*

## શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદ

## લાઇબ્રેરી સમિતિ

શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદ સંચાલિત પુસ્તક લાઈબ્રેરી મે-૨૦૧૯થી ખૂબ સારી રીતે સક્રિય થઈ ગયેલ છે. આ લાઈબ્રેરીમાં ૨૫૦૦ જેટલા વિવિધ પ્રકારના પુસ્તકો વસાવવામાં આવ્યા છે. તે ઉપરાંત તજજ્ઞ લેખકશ્રીઓના કેટલાક નૂતન પુસ્તકો પણ તેમાં સામેલ કરવામાં આવ્યા છે. જેમાં નવલ કથા, નવલિકા, લઘુકથા, સામાજિક - ધાર્મિક, પ્રવાસ, જીવન ચરિત્ર, સંદર્ભ ગ્રંથ, English Books તેમજ યુવા વર્ગ તથા બાળ વર્ગને વાંચવાલાયક અનેક પુસ્તકો છે. જેનું લિસ્ટ વાચક વર્ગને મળે એવી વ્યવસ્થા કરવામાં આવી છે. પુસ્તક વાંચનમાં રસ ધરાવતા દરેક સભ્યોએ લાઈબ્રેરીની એક વખત મુલાકાત લેવા વિનંતી.

*વધુ વિગત માટે સંપર્ક :*

*પરાગ સોની : (૦૭૯) ૨૬૫૭૮૮૯૨, ૪૮૯૦ ૬૦૦૨*

*રોહિતભાઈ સંઘવી : ૯૮૨૪૦ ૦૬૬૪૮*

*અમી નીતિન શાહ : ૯૯૭૯૬ ૫૧૯૨૯*

***નોંધ*** : અગાઉ જે વાંચકો અત્રેની લાઈબ્રેરીમાંથી પુસ્તકો લઈ ગયેલ હોય, તેઓએ તે પુસ્તકો સમયસર પરત કરવા વિનંતી.

*રોહિત સંઘવી, કન્વીનર - લાઇબ્રેરી સમિતિ*

## શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદ

# વયસ્ક સમિતિ

સમિતિ દ્વારા તેના સભ્યો માટે તા. ૬ જૂન, ૨૦૧૯ના રોજ ખૂબ જ અદ્યતન તબીબી સાધનો અને સગવડ ધરાવતી તથા કોર્પોરેટ ઑફિસ લુક જેવી OCCURA આઇ કેર સેન્ટરની મુલાકાત યોજવામાં આવી હતી. તે સ્થળે આઈ કેર સંબંધી વિવિધ વિભાગોની મુલાકાત લઈને સભ્યોએ જરૂરી માહિતી પ્રાપ્ત કરી હતી.

સેન્ટરના ડૉ. સ્મિતા ધીરે આંખ અંગેના રોગો, તેની સારવાર અને સામાન્ય સંભાળ વિશે ખૂબ જ ઉપયોગી માહિતી આપી હતી.



*ડૉ. સ્મિતા ધીરનું બહુમાન કરતાં સમાજની બહેનો*

સેન્ટર દ્વારા મુલાકાત લેનાર દરેક વડીલની આંખોની સંપૂર્ણ તપાસ કરી યોગ્ય માર્ગદર્શન અને એક સ્માર્ટ કાર્ડ આપવામાં આવેલ હતા. આ સ્માર્ટ કાર્ડનો ઉપયોગ કરી જે તે સભ્ય અને તેના પરિવારની અન્ય ચાર વ્યક્તિ એક વરસ માટે ફ્રી કન્સલ્ટેશનનો લાભ લઈ શકશે. સેન્ટરની મુલાકાતથી દરેક સભ્યોને ખૂબ સંતોષ થયો હતો.

★

સમિતિ તરફથી બીજો કાર્યક્રમ તા. ૧૮-૬-૨૦૧૯ના રોજ શ્રી કચ્છી જૈન ભવન - પાલડી ખાતે યોજવામાં આવેલ હતો.

કાર્યક્રમની શરૂઆતમાં સમિતિ દ્વારા આયોજિત થયેલ સ્ટેચ્યુ ઑફ યુનિટી અને રો-રો ફેરીના પ્રવાસની વીડિયો ઝલક બતાવવામાં આવી હતી.

ત્યારબાદ આયર્લેન્ડના વિશ્વવિખ્યાત કેન્દ્રોમાં ઓર્થોસ્કોપી ની (કી હોલ) સર્જરી કરવામાં કુશળતા મેળવનાર ડૉ. સતીષ પટેલે શરીરમાં થતા જુદા જુદા સાંધાના વા અને ઘસારા વિશે વિસ્તૃત માહિતી આપી હતી.

કાર્યક્રમ દરમિયાન ડૉ. સતીષ પટેલનું સમાજના પ્રમુખ શ્રી પ્રતાપભાઈ દંડ અને ઉપપ્રમુખ શ્રી શાંતિલાલ સાવલાએ બહુમાન કર્યું હતું. આજના કાર્યક્રમના સ્પોન્સર શ્રી સેવંતીલાલ સંઘવીની પૌત્રી સંયમી સંજયભાઈ, શ્રીમતી ગીતા નિમેષ અને નિમેષ ધીરજલાલ સંઘવી, શ્રીમતી ભારતીબેન દિનેશ શાહ અને શ્રી રોહિત ડી. શાહનું પણ બહુમાન કરવામાં આવ્યું હતું.



*ડૉ. સતીષ પટેલનું બહુમાન કરતાં*
*સમાજના પ્રમુખ શ્રી પ્રતાપભાઈ દંડ અને ઉપપ્રમુખ શ્રી શાંતિલાલભાઈ સાવલા*

ત્યારબાદ સૌએ હાઉસીની રમતનો આનંદ માણ્યો હતો. અંતમાં ભાવતું ભોજન કરીને સૌ સભ્યો છૂટા પડ્યા હતા.

### ● આગામી કાર્યક્રમ ●

વયસ્ક સમિતિ દ્વારા શનિવાર, તા. ૧૩ જુલાઈ, ૨૦૧૯ના રોજ એક અદ્‌ભુત કાર્યક્રમનું આયોજન પાલડી ભવન ખાતે સાંજે ૪ વાગે કરવામાં આવ્યું છે.

કાર્યક્રમમાં કાંકરિયા કાર્નિવલ અને ઇન્ડિયા ટેલેન્ટમાં ભાગ લેનાર કલાકારો પોતાનું પરફોર્મન્સ કરશે. વહેલા આવનાર માટે લક્કી ડ્રોના કૂપનનું મર્યાદિત સંખ્યામાં વિતરણ કરવામાં આવશે. કાર્યક્રમના અંતે ભોજનની વ્યવસ્થા કરવામાં આવી છે.

**કન્વીનર, વયસ્ક સમિતિ**

# સમાજના સભ્યો જોગ : મેડિકલ કાર્ડ બાબત

***સમાજના સભ્ય પરિવારોને સૂચિત કરવામાં આવે છે કે પોતાના પરિવારમાં જેમની દીકરીના લગ્ન થઈ ગયા હોય તેવા પરિવારોએ પોતાની દીકરીનું નામ મેડિકલ કાર્ડમાંથી કમી કરાવી લેવું. જો પાછળથી ખ્યાલ આવશે તો આખા પરિવારનું કાર્ડ રદ કરવાની ફરજ પાડવામાં આવશે.***

***— કન્વીનર, સભ્યપદ તથા મેડિકલ કાર્ડ સમિતિ***

# મહિલા ઉત્કર્ષ સમિતિ

## કાર્યક્રમ : જીવન જીવવાની કળાનો અહેવાલ

વિશ્વ યોગ દિવસની ઉજવણી નિમિત્તે "ચાલો, જીવન જીવવાની કળા શીખીએ" કાર્યક્રમ શ્રી કચ્છી જૈન ભવન - પાલડી ખાતે તા. ૨૩-૬-૨૦૧૯ના રોજ યોજાયો હતો. જેમાં બહેનો સાથે ભાઈઓએ પણ ઉત્સાહભેર ભાગ લીધો હતો.

Art of Living ના પ્રણેતા, જેમણે સુદર્શન ક્રિયા સમગ્ર વિશ્વને માનસિક શાંતિ પ્રદાન કરવા ભેટ આપી છે, તેવા શ્રીશ્રી રવિશંકરજીની સંસ્થા - વ્યક્તિ વિકાસ કેન્દ્ર - ઇન્ડિયાના સ્વયંસેવકો તેમની વિચારધારાનો પ્રચાર અને પ્રસાર કરવાના ઉદ્દેસથી કાર્યક્રમમાં વક્તા તરીકે ઉપસ્થિત રહ્યા હતા.

(૧) શ્રી ચિંતન વ્યાસ અને (૨) શ્રી અમિષ સોની – આ બંને સ્વયંસેવકોએ રવિશંકરજીએ તૈયાર કરેલા ઘણા બધા કાર્યક્રમોમાંના એક Happiness Programme વિશે વિસ્તૃત માહિતી સહજતાથી પૂરી પાડી હતી. તેઓએ "તણાવમુક્ત મન અને રોગમુક્ત શરીર" વિષય પર ઉંડી સમજ આપી હતી. તણાવ (Stress), તેની આડઅસર, શારીરિક અને માનસિક અને તેનું કુદરતી રીતે નિવારણ પર સમજણ આપી હતી. તેમણે જણાવ્યું હતું કે સુદર્શન ક્રિયાથી ૧૭૩ જેટલા Psychsomatic Diseases મટાડી શકાય છે, તેવું WHO સંસ્થાએ પ્રમાણિત કરેલ છે.

ત્યારબાદ ખુરશી પર બેસીને થઈ શકે તેવા સૂક્ષ્મ યોગ, ભસ્ત્રિકા પ્રાણાયામ અને છેલ્લે મેડિટેશન પણ કરાવ્યું હતું.

સૌથી વરીષ્ઠ ટ્રસ્ટી શ્રી મગનલાલ સંઘવીના હસ્તે શ્રી ચિંતનભાઈનું બહુમાન કરાયું હતું. શ્રીમતી પ્રભાબેન કાંતિલાલ સાવલાના હસ્તે શ્રી અમિષ સોનીનું બહુમાન કરાયું હતું. સમયસર અવનાર વ્યક્તિઓને લક્કી ડ્રો દ્વારા ઇનામો અપાયા હતા. કાર્યક્રમમાં સંસ્થાના હોદ્દેદારો શ્રી રમણિકલાલ ગોસર, શ્રી મગનલાલ સંઘવી, શ્રી કે.આર. શાહ અને શ્રી લક્ષ્મીચંદ વીરાની હાજરીને સમિતિએ આવકારી હતી.

*કન્વીનર - મહિલા ઉત્કર્ષ સમિતિ*

*બોલતા પહેલાં સાંભળો, લખતાં પહેલાં વિચારો.*
*ખર્ચતા પહેલાં કમાઓ.*
*મૂડીરોકાણ કરતા પહેલાં તપાસ કરો.*
*પ્રાર્થના કરતાં પહેલાં માફી આપો.*
*છોડી દેતાં પહેલાં કોશિશ કરો.*
*નિવૃત્ત થતાં પહેલાં બચત કરો.*
*મૃત્યુ પામતાં પહેલાં વહેંચો.*



*શ્રી ચિંતન વ્યાસ અને શ્રી અમિષ સોની સાથે સમિતિના સભ્યો*



*CA શ્રી ચિંતન વ્યાસ (**GSPC Gas Company** માં મેનેજર)નું બહુમાન કરતા વરિષ્ઠ ટ્રસ્ટી શ્રી મગનલાલ સંઘવી*



*શ્રી અમિષ સોની, MCA (**L.J. Group of Institutes** માં **Training & Placement Officer**)નું બહુમાન કરતા શ્રીમતી પ્રભાબેન કાંતિલાલ સાવલા*



## શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદ

# સાંસ્કૃતિક કાર્યક્રમ સમિતિ

**● આગામી કાર્યક્રમ ●**

સમાજ તરફથી તા. ૧૫-૯-૨૦૧૯ના રોજ આયોજિત સ્નેહ મિલન અને સ્વામિવાત્સલ્યના પ્રોગ્રામમાં સાંસ્કૃતિક કાર્યક્રમ સમિતિ દ્વારા એક રંગારંગ કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું છે. જેમાં સમાજના દરેક વયના સભ્યોને ભાગ લેવા વિનંતી છે.

જે સભ્ય પોતાની કલા, કૌશલ્યસભર નૃત્ય, ગાયન અને નાટકમાં ભાગ લેવા ઈચ્છુક હોય અથવા કોઈ વિશેષ કલાની રજૂઆત કરવાની ઈચ્છા હોય તે પોતાના નામ, વય અને ફોન નંબર સાથે નીચે આપેલ સમિતિના સભ્ય પાસે નોંધાવી શકે છે.

*નેહા શાહ : ૯૪૨૮૧ ૦૪૮૪૪*
*રચના પારેખ : ૯૨૨૭૨ ૫૬૫૬૮*

*કાર્યક્રમનું સ્થળ : ઠાકોરભાઈ દેસાઈ હોલ, લૉ ગાર્ડન, અમદાવાદ.*
*તારીખ : રવિવાર, તા. ૧૫-૯-૨૦૧૯*
*સમય : સવારે ૧૦.૩૦ કલાકથી*

ઉપરોક્ત કાર્યક્રમની પ્રેકટિસ માટેનું સ્થળ શ્રી કચ્છી જૈન ભવન - પાલડી રહેશે.

***નેહા મનીષ ખોના, કન્વીનર - સાંસ્કૃતિક કાર્યક્રમ સમિતિ***

## શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદ

# મેરેજ બ્યુરો સમિતિ

શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદની ઉપરોક્ત સમિતિ, શ્રી કચ્છી જૈન ભવન - પાલડી ખાતે સમસ્ત જૈન પરિવારોના લગ્નોત્સુક ઉમેદવારો માટે કાર્યરત છે.

આજની આધુનિક ટેકનોલોજીના યુગમાં યુવા વર્ગની માંગને અનુલક્ષીને આ સમિતિએ Hellokutchis.com વેબસાઈટ અંતર્ગત લગ્નોત્સુક ઉમેદવારોની માહિતી માટે **Vivah.hellokutchis.com** નામનું એક નવું પોર્ટલ શરૂ કરેલ છે.

આ પ્રકારની અતિ ઉપયોગી વેબસાઈટનો લાભ લેવા માટે લગ્નોત્સુક યુવક-યુવતીઓએ પોતાના નામનું રજિસ્ટ્રેશન આ સમિતિ સમક્ષ કરાવવાનું જરૂરી છે. ત્યારબાદ ઉમેદવાર પોતાની પસંદગીના પાત્રની વિગત ઓનલાઈન મેળવી શકશે.

તે સિવાય, રજિસ્ટર્ડ થયેલ ઉમેદવાર તથા તેમના પરિવારના સભ્ય દર શનિવારે બપોરે ૩.૩૦થી ૫.૩૦ દરમિયાન શ્રી કચ્છી જૈન ભવન - પાલડી ખાતે મેરેજ બ્યુરો સમિતિના સભ્યોની રૂબરૂ મુલાકાત કરીને ડેટા બેંકનો લાભ પણ લઈ શકે છે.

*વધુ વિગત માટે સંપર્ક :*

*અમી નીતિન શાહ - કન્વીનર : મો. ૯૯૭૯૬ ૫૧૯૨૯*
*ગિરીશભાઈ દેઢિયા : મો. ૯૩૨૦૩ ૧૬૮૬૮*

***અમી નીતિન શાહ, કન્વીનર - મેરેજ બ્યુરો સમિતિ***

## આપની તસવીર સાથે મૌલિક લેખ / કૃતિ આવકારપાત્ર

***'મંગલ મંદિર'ને અનુરુપ તથા તેના નીતિ-નિયમોને આધીન મૌલિક લેખ / કૃતિ વગેરે પ્રકાશિત કરવા અર્થે મોકલાવવા તજજ્ઞ લેખકશ્રીઓ તથા સમાજના પરિવારજનોને આહ્વાન આપીએ છીએ. આપશ્રીની કોઈપણ પ્રકારની કૃતિ મોકલાવો ત્યારે તેની સાથે આપની એક તસવીર જરૂર મોકલાવશો.***

## શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદ *સંચાલિત* સરસ્વતી સન્માન

શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદ, અમદાવાદ અને ગાંધીનગરમાં ભણતા વિદ્યાર્થીઓને સમાજના નિયમાનુસાર પ્રતિવર્ષ પુરસ્કૃત કરે છે તેમજ તેજસ્વી વિદ્યાર્થીઓનું વિશિષ્ટ બહુમાન પણ કરે છે. આ વર્ષ માટેના પુરસ્કાર વિતરણ ફોર્મ 'મંગલ મંદિર'ના મે-૨૦૧૯ના અંકમાં છાપવામાં આવેલ છે. જે ભરીને સમાજના કાર્યાલય પર પહોંચાડવાના રહેશે.

ધોરણ બાળવર્ગ (કે.જી.) થી ધોરણ-૯ સુધી વિદ્યાર્થીઓનું "A" ફોર્મ છે અને ધોરણ-૧૦ અને તેનાથી ઉપરના વર્ગ માટે "B" ફોર્મ છે. જે તે ધોરણમાં ઉત્તીર્ણ થયેલ વિદ્યાર્થીઓએ ઉપર જણાવ્યા મુજબ ફોર્મ ભરવાના રહેશે. જ્યાં માર્કશીટની અધિકૃત નકલ બીડવાની હોય ત્યાં માર્કશીટ અવશ્ય બીડવાની રહેશે. ફોર્મની પાછળ આપેલા નિયમો જરૂર વાંચશો અને તેને અનુલક્ષીને ફોર્મ તથા બિડાણ મોકલાવી આપશો. વિતરણના દિવસે જ પોતપોતાના પુરસ્કાર મેળવી લેવા. પછીથી ક્ષમા.

***પંકજ મેઘજી ગોગરી - કન્વીનર, સરસ્વતી સન્માન સમિતિ***

## શિક્ષણ તથા સર્વાંગી વિકાસ સમિતિ શરૂ કરે છે

**• વિદ્યાર્થી ઉપયોગી એક નવું કદમ •**

# કરિયર કાઉન્સેલિંગ

**કરિયર કાઉન્સેલર : પ્રોફેસર જયરાજ પંડ્યા**

**સમય : દર મહિનાના બીજા રવિવારે સવારે ૯ થી ૧૨ • સ્થળ : શ્રી કચ્છી જૈન ભવન, પાલડી.**

**જરૂરિયાત :**

આજના સમયમાં કારકિર્દીના ઘણા બધા વિકલ્પ છે, પણ એમાં કયો વિકલ્પ પસંદ કરવો તે બહુ અગત્યનો સવાલ છે. ત્યારે કોઈ પણ વાલી કે વિદ્યાર્થીને યોગ્ય માર્ગદર્શન મળે તે ખૂબ જરૂરી છે. આ ઉપરાંત કેટલીક વખત વાલી વિદ્યાર્થી થોડી દ્વિધામાં પણ જોવા મળે છે, કે તેમને ગમતા બે વિકલ્પમાંથી કયો વિકલ્પ પસંદ કરવો. તેવા સંજોગોમાં કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદ દ્વારા વિદ્યાર્થી અને વાલીને કારકિર્દી અંગે વ્યવસ્થિત જાણકારી, યોગ્ય સમજ અને સલાહ આપવા માટે કરિયર કાઉન્સેલિંગનું કામ શરૂ કરવામાં આવ્યું છે, જે આપને વાલી તરીકે કે આપના સંતાનને કારકિર્દીમાં ઉપયોગી બની શકે એમ છે.

**મુખ્ય હેતુ :**

આ કરિયર કાઉન્સેલિંગના મિશનના મુખ્ય હેતુ આ પ્રમાણે છે :

★ વિદ્યાર્થી - વાલીને જરૂરી માહિતી આપવી.

★ અમુક ચોક્કસ પ્રકારની કારકિર્દી અંગે માર્ગદર્શન આપવું.

★ જ્યાં વાલી કે વિદ્યાર્થીને નિર્ણય લેવામાં મુશ્કેલી અનુભવાય ત્યાં જરૂરી સમજ આપવી.

★ વિદ્યાર્થી અને વાલી વચ્ચે અભિપ્રાય અને વિચારો જુદા પડે, તેવા સંજોગોમાં મદદરૂપ બનવું.

★ આ ઉપરાંત અભ્યાસ કરવાની આદત અંગે જરૂરી સમજ આપવી.

આવા વિવિધ હેતુને ધ્યાનમાં રાખી આ કારકિર્દી કાઉન્સેલિંગ કરવામાં આવશે.

**ખાસ સુચના :** આવનાર વાલી - વિદ્યાર્થીએ અગાઉથી સમય લઈને આવવાનું રહેશે અને પોતાનો સવાલ એક અઠવાડિયા પહેલા અહીં આપેલ ઈ-મેઈલ આઈ.ડી. – edc.kjss@gmail.com પર મોકલી આપવાનો રહેશે. એપોઈન્ટમેન્ટ લેવા માટેનો નંબર : ૯૮૨૫૦ ૬૧૧૬૦ અને સમય : સોમથી શનિ : સવારે ૧૧થી ૫.

(એક સિટિંગમાં ૩૦ મિનિટનો સમય ફાળવવામાં આવશે અને વિદ્યાર્થી સાથે બે વ્યક્તિ વાલી તરીકે આવે તે વધુ યોગ્ય રહેશે.)

## WHO IS A PSYCHOLOGIST?

A psychologist is an expert in the study of human behaviour. A child psychologist specialises in understanding the thought process and actions of children. They help children in dealing with learning issues, disabilities and other psychological disorders such as anxiety or depression. In addition to this, a psychologist also performs the following duties :

★ Address a student's academic, behavioural, emotional and social needs.

★ Help deal with various stressors in life. e.g. Exam stress, peer pressure, bullying etc.

★ Guidance to parents and all those related to the child to understand the child's psyche.

★ Guide students to discover and polish their competencies to excel in life.

★ Help children deal with adolescent issues.

★ Help children and adolescents dealing with family - related issues, such loss, illness or divorce.

Shri Kutchi Jain Seva Samaj, Education and Overall Development wing, bring forth a new service : Guidance and Counselling especially for children, students and parents. Starting from February 2017, Psychologist Disha Chhadva will be available at the Bhavan on every 3rd Sunday of the month from 10 a.m. to 1 p.m.

***Date*** : 2nd Sunday of every month.
***Venue*** : Shri Kutchi Jain Seva Samaj, Paldi.
***Time*** : 10 a.m. to 1 p.m.
***Contact*** : 98250 61160

***"We know what we are, but we don't know what we can become!"***

## ઊડતી નજરે....

**માસ મે-૨૦૧૯ દરમ્યાન શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદની વિવિધ સેવાઓનો લાભ લેનાર વ્યક્તિઓ**

| ક્રમ | | સેવાઓ | લાભ લેનાર વ્યક્તિઓ |
|---|---|---|---|
| ૧. | | **માતુશ્રી સાકરબેન રવજી મોરારજી લાલન (કોડાય - સુપ્રીમવાલા) શ્રી કચ્છી જૈન ભવન, પાલડી, અમદાવાદ** ............ | |
| | (અ) | **શ્રી નવનીત મેડિકલ સેન્ટર તથા શ્રીમતી પ્રભાવતીબહેન કાંતિલાલ વેલજી સાવલા મેડિકલ ચેક-અપ સેન્ટર, પાલડી, અમદાવાદ.** | |
| | ● | કુલ લાભ લેનાર વ્યક્તિઓ ............ | **૧૨,૨૪૯** |
| | | જેમાંથી – | |
| | ● | શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદની વ્યક્તિઓ ............ **૫૪૯** | |
| | ● | સાધુ-સાધ્વીજી મહારાજ સાહેબો ............ **૪૩** | |
| | ● | મોતિયા - આંખનાં ઑપરેશન (સાપ્તાહિક બે દિવસ) ............ **૪** | |
| | ● | સોનોગ્રાફી ............ **૧,૩૭૮** | |
| | ● | ટી.એમ.ટી. (માત્ર ડૉક્ટર દ્વારા ભલામણથી) ............ **૯૧** | |
| | ● | બોડી ચેક-અપ ............ **૪૯૪** | |
| | ● | અન્ય ............ **૯,૬૯૦** | |
| | (બ) | **માતુશ્રી કંકુબેન કાનજીભાઈ રવજી (નાની ખાખરવાલા) સેવા ભવન, પાલડી, અમદાવાદ** | |
| | | કુલ લાભ લેનાર વ્યક્તિઓ ............ | **૬૨૫** |
| ૨. | | **જી.એમ.ડી.સી. પ્રાયોજિત શ્રી કચ્છી વિશ્રામ ગૃહ - શાહીબાગ, અમદાવાદ** | |
| | ● | શ્રી કચ્છી વિશ્રામ ગૃહમાં લાભ લેનાર કુલ વ્યક્તિઓ ............ **૧,૭૫૦** | |
| | ● | શ્રી જલારામ અન્નક્ષેત્રમાં લાભ લેનાર કુલ વ્યક્તિઓ ............ **૪૬૩** | |
| | ● | શ્રી ધીરજલાલ ટોકરશી કાપડિયા ડાયાલિસિસ સેન્ટરમાં લાભ લેનાર કુલ વ્યક્તિઓ ...... **૫૦૩** | **૨,૭૧૬** |
| ૩. | | **માતુશ્રી કંકુબહેન કાનજીભાઈ રવજી (નાની ખાખરવાલા) સેવા ભવન, ગીતા મંદિર, અમદાવાદ** | |
| | | લાભ લેનાર કુલ વ્યક્તિઓ ............ | **૪૧૮** |
| | | ***માસ મે-૨૦૧૯ દરમિયાન વિવિધ પ્રકારની સેવાઓનો લાભ લેનાર કુલ વ્યક્તિ ............*** | **૧૬,૦૦૮** |

## તબીબી સાધનો વપરાશ માટે આપવાની યોજના

**શ્રી કચ્છી જૈન ભવન - પાલડી પર નીચે મુજબના તબીબી સાધનો દૈનિક ભાડાના ધોરણે મળી શકશે. જેઓને આ સાધનોની જરૂરિયાત હોય તેઓ શ્રી કચ્છી જૈન ભવન - પાલડી પર ફોન : ૨૬૫૭૮૮૯૨ / ૨૬૫૮૧૫૦૧ પર સંપર્ક સાધી શકશે.**

| | | | | | |
|---|---|---|---|---|---|
| ૧. એર બેડ | રૂ.૧૦/- | ૫. વૉકર | રૂ. ૨/- | ૯. બેડ પાન | રૂ. ૨/- |
| ૨. વ્હીલ ચેર | રૂ. ૩/- | ૬. વૉકિંગ સ્ટીક | રૂ. ૧/- | ૧૦. ફાઉલર બેડ | રૂ.૧૦/- |
| ૩. ઑક્સિજન સિલિન્ડર (નાનો) | રૂ. ૫/- | ૭. કમોડ ચેર | રૂ. ૩/- | ૧૧. ટેબલ ટૉપ (ફાઉલર બેડ માટે) | રૂ. ૨/- |
| ૪. નેબ્યુલાઈઝર | રૂ. ૫/- | ૮. સેલાઈન સ્ટેન્ડ | રૂ. ૨/- | ૧૨. ઈલેક્ટ્રિક ઑક્સિજન મશીન | રૂ.૫૦/- |

નોંધ : **(૧)** સ્ટોકમાં હશે ત્યાં સુધી આ સાધનો ડીપોઝિટ આપીને ભાડેથી મેળવી શકાશે. **(૨)** સાધનો પાલડી ભવન પરથી લઈને ત્યાં જ પરત કરવાના રહેશે.

*હસમુખ બાબુભાઈ શાહ - માનદ્ મંત્રી, શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદ*

# શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદ



શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદ સંચાલિત
માતુશ્રી કંકુબેન કાનજીભાઇ રવજી (નાની ખાખરવાલા))
**શ્રી કચ્છી જૈન સેવા ભવન**
એસ.ટી. સ્ટેન્ડ પાસે, અમદાવાદ.



શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદ સંચાલિત
માતુશ્રી સાકરબહેન રવજી મોરારજી લાલન (કોડાય - સુથ્રીમવાલા)
**શ્રી કચ્છી જૈન ભવન**
પાલડી, અમદાવાદ.



શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદ સંચાલિત
**શ્રી કચ્છી વિશ્રામ ગૃહ**
શાહીબાગ, અમદાવાદ.




શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદ સંચાલિત
**શ્રી નવનીત ભવન (આવાસ યોજના)**
બહેરામપુરા, અમદાવાદ.


વર્ષ ૧૯૫૮થી આખા ભારતમાં
લોજીસ્ટીક સોલ્યુશન આપતી કંપની
800+ MODERN VEHICLES
22 STATES+ 4 UTs
650+ BRANCHES
અમારી વિશેષતાઓ – સિંગલ વિન્ડો પ્લેટફોર્મ
VT/VX ની ૬૫૦+ શાખાઓ
ISO 9001:2015 પ્રમાણિત કંપની
Robust Systems & Processes પર કાર્યરત
Trace & Track Facility સાથે સંપૂર્ણ કોમ્પ્યુટરાઈઝ્ડ નેટવર્ક
બુકિંગ થી ડિલીવરી સુધી સામાનને Complete Insurance Cover
૧૦ કિલોથી ફુલ ટ્રક લોડ સુધીના પાર્સલ સ્વીકારીએ છીએ
૧૦૦૦૦૦+ સંતુષ્ટ ગ્રાહકો
Hard Freight Surface Transportation માં ૬ દાયકાનો અનુભવ
રોડ, એર અને રેલ્વે દ્વારા Door to Door Express Cargo
વિસ્તૃત થઈ શકતી Sypply Chain & Inventory Management
V-TRANS
Driving Excellence
Our other Divisions
V-Xpress
V-Logis
Unit 6, Corporate Park, VN Purav Marg, Chembur, Mumbai, Maharashtra - 400071
Toll Free: 1800 220 180 / Website: vtransgroup.com / Email: info@vtransgroup.com
Download: V-Trans APP from Google/IOS

દરેક દર્દીને "ની રીપ્લેસમેન્ટ" ની જરૂર નથી

# માઈક્રોપ્લાસ્ટી



આધુનિક અભિગમ

- ઓછી પીડા - ઓછો હોસ્પિટલ સ્ટે - ઓછો રક્તસ્રાવ - ઓછી ફીઝીયોથેરાપી - ઓછો ખર્ચ
- વધુ કુદરતી અનુભવ - વધુ સલામત - વધુ સંતોષ - વધુ ફ્લેક્સીબીલીટી - વધુ સ્ટેબીલીટી



## ડૉ. હેમાંગ બી. અંબાણી

M.B.M.S

જોઈન્ટ રીપ્લેસમેન્ટ સર્જન

નિષ્ણાંત, માઈક્રોપ્લાસ્ટી, પ્રાઈમરી એન્ડ રીવીઝન ની રીપ્લેસમેન્ટ સર્જરી

ફેલો એટલાન્ટા એન્ડ ઈન્ડીયાનાપોલીસ યુ.એસ.એ., વુઝબર્ગ જર્મની, બેશીયા ઈટાલી

**ડૉ. અમીર સંઘવી**
જોઈન્ટ રીપ્લેસમેન્ટ
ફેલો ઓસ્ટ્રેલીયા, યુ.એસ.એ. યુ.કે.

**ડૉ. ચિરાગ પટેલ**
જોઈન્ટ રીપ્લેસમેન્ટ
ફેલો ઓસ્ટ્રેલીયા સીડની

**ડૉ. અતીત શર્મા**
જોઈન્ટ રીપ્લેસમેન્ટ
ફેલો બેલ્જીયમ, સીંગપુર, જર્મની. યુ.એસ.એ

Shivam
Orthopaedic Hospital
& Joint Replacement Centre

Shree
Orthocare

KD Hospital

E-mail : h_amani@hotmail.com
Website : www.hemangambani.com I www.shivamhospitalinfo.co I www.shreeorthocare.com
એપોઈન્ટમેન્ટ : ૦૭૯-૨૬૩૦૧૯૮૬, ૨૬૩૦૮૯૭૬, ૦૯૪૨૮૫૯૫૩૦૨, ૯૮૨૪૦૩૩૩૬૦

"Mangal Mandir" - Regd. under Postal Registration No. GAMC-315/2018-2020 Valid upto 31st December, 2020 issued by the SSPO's Ahmedabad City Division, permitted to post at Ahmedabad PSO on 5th of Every Month.
R.N.I. No. of RNP is 33266/1978 • Published on 1st of Every Month

